

પુષ્ટિ-પ્રવાહ-મર્યાદાભેદઃ

વ્યાખ્યાતા : ગોસ્વામી શ્રીશ્યામ મનોહરજી


પુષ્ટિ-પ્રવાહ-મર્યાદાભેદઃ
વ્યાખ્યાતા : ગોસ્વામી શ્રીશ્યામ મનોહરજી

મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્ય વિરચિત

પુષ્ટિપ્રવાહમર્યાદાભેદ

વ્યાખ્યાતા : ગોસ્વામી શ્રીશ્યામ મનોહરજી (કિશનગઢ-પાર્લા)

પ્રકાશક :
શ્રીવલ્લભાચાર્ય ટ્રસ્ટ, માંડવી-કચ્છ

પ્રકાશક:
શ્રીવલ્લભાચાર્ય ટ્રસ્ટ,
કંસારા બજાર, માંડવી-કચ્છ,
ગુજરાત, 370 465

સમ્પાદક : શરદ્ ગોસ્વામી

પ્રકાશનવર્ષ :
શ્રીવલ્લભાબ્દ 533, વિ.સં. 2067

દ્વિતીય સંસ્કરણ પ્રતિ : 2,000

નિ:શુલ્કવિતરણાર્થ

મુખપૃષ્ઠ : લિપ્સા-દીપ્તિ, માંડવી

સમ્પાદકીય

મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્ય વિરચિત 'પુષ્ટિપ્રવાહમર્યાદાભેદ' ગ્રન્થ પર ગુજરાતી વિવેચન સહિતનું પ્રસ્તુત પુસ્તક પુષ્ટિસિદ્ધિન્ત જિજ્ઞાસુ જનોમાટે પ્રકટ કરતાં હાર્દિક પ્રસન્નતાનો અનુભવ થાય છે. દશ વર્ષ પૂર્વે અર્થાત્ ઇ.સ. 1994 માં જૂન 30 થી જુલાઈ 04 પર્યન્ત હાલોલ મુકામે ગોસ્વામી શ્રીશ્યામમનોહરજી (કિશનગઢ-પાર્લા) એ પુષ્ટિપ્રવાહમર્યાદાભેદ ગ્રન્થનું અધ્યાપન કરેલ. પ્રસ્તુત ગુજરાતી વિવેચન તે જ અધ્યાપનની ધ્વનિમુદ્રિત ઓડિયો કેસેટ્સ્ના આધારે લિપિબદ્ધ કરવામાં આવ્યું છે. આપશ્રીએ આ પુસ્તકના સમ્પૂર્ણ લખાણનું અક્ષરશ: અવલોકન કરીને તેનું પ્રકાશન કરવાની સમ્મતિ આપી સિદ્ધાન્તજિજ્ઞાસુ જનોપર મહાન્ ઉપકાર કર્યો છે.

દરેક વ્યક્તિની પોતાના વિચારોને વ્યક્ત કરવાની પોતાની આગવી પદ્ધતિ હોય છે. આ પદ્ધતિ લેખનમાં એક અને વ્યાખ્યાનમાં બીજી પણ હોઈ શકે છે. વ્યક્તિની આવી પદ્ધતિનો પરિચય તેના લખાણ-વ્યાખ્યાનને સમજવામાં ઉપકારક થતો હોય છે.

મારા અનુભવ પ્રમાણે, ગોસ્વામી શ્રીશ્યામમનોહરજીની વ્યાખ્યાનપદ્ધતિની તુલના, આપશ્રીનાજ કહ્યા મુજબ, શાસ્ત્રીય સઙ્ગીતની પ્રસ્તુતિની પદ્ધતિ સાથે કરી શકાય. શાસ્ત્રીય સઙ્ગીતમાં પ્રથમ વિલમ્બિત આલાપ પછી મધ્યલય અને છેલ્લે દ્રુત-ચલતી હોય છે. આલાપના સમયથી લગભગ અડધો સમય મધ્યલયનો અને તેનાથી અડધો સમય દ્રુત લયને ફાળવવામાં આવતો હોય છે. રાગ તો આલાપ, મધ્યલય અને દ્રુત ત્રણેય વખતે એ જ રહેતો હોય છે પરન્તુ આલાપમાં રાગના સ્વર/સ્વરોનો ટુકડે-ટુકડે વિવિધ પ્રકારે વિસ્તાર કરવામાં આવતો હોય છે જ્યારે કે મધ્ય તેમજ દ્રુત લયમાં રાગના બધા સ્વરોનો વધતી જતી ગતિની સાથે વિસ્તાર કરવામાં આવતો હોય છે. તદનુસાર, આપશ્રીના પ્રવચનોમાં પણ, આલાપની માફક, વિવેચ્ય વિષયની વિસ્તૃત ભૂમિકા હોય છે. સાત દિવસના પ્રવચનમાં, એવું સમ્ભવી શકે કે, ભૂમિકા ચાર-પાંચ દિવસ સુધી ચાલે અને ત્યાર બાદ મધ્ય તથા દ્રુત લયની રીતે બાકીના સમયમાં મૂળ ગ્રન્થના શબ્દાદિનું વિવેચન કરવામાં આવે. શાસ્ત્રીય સઙ્ગીતના જાણકાર તેમજ બહુશ્રુત શ્રોતાઓ આલાપની પહેલીજ તાનથી રાગના સ્વરૂપ તેમજ આગળ થનારા સ્વરવિસ્તાર, તાન વગેરેનું અનુમાન-પ્રત્યનુમાનાદિ કરીને સઙ્ગીતનો આનન્દ ઉઠાવી શકતાં હોય છે તેમ આપશ્રીની વ્યાખ્યાન પદ્ધતિને જાણીને આ તેમજ અન્ય પણ આપના લેખો-ગ્રન્થો-પ્રવચનોનો જિજ્ઞાસુ લોકોએ જ્ઞાનાનન્દ માણવો જોઈએ.

પાઠકોને વિષયનો બોધ સુગમતાથી થઈ શકે તે હેતુથી યત્ર-તત્ર પેરાગ્રાફિંગ્-ટાઇટલિંગ્ આદિ કરવાનો પ્રયત્ન કર્યો છે. આપશ્રીની ભાષા, વિશિષ્ટ શબ્દપ્રયોગો આદિને પ્રાય: યથાવત્ રાખ્યા છે.

અધ્યાપન દરમ્યાન વિદ્યાર્થિઓના પ્રશ્નના સમાધાનાર્થ વિષયનું પુનરાવર્તન થતું હોય છે. તે જ રીતે બીજા દિવસના અધ્યાપન પૂર્વે વિષયનો પૂર્વાપર સમ્બન્ધ સમજાવવા અથવા વિષયોપક્રમ કરવા માટે થતા સિંહાવલોકનમાં પણ વિષયનું પુનરાવર્તન થતું હોય છે. અધ્યાપન કાલમાં સહજ લાગતા આવા પુનરાવર્તનો ગ્રન્થાકારમાં પ્રસ્તુત કરવા જતાં અસહજ જણાતા હોય છે. આવા પુનરાવર્તિત અંશોને તેથી જ ગ્રન્થમાં સમાવિષ્ટ નથી કર્યા. આમ છતાં જ્યાં કોઈ વિશિષ્ટ બાબતનું નિરૂપણ કરવામાં આવ્યું છે તો તેને ગ્રન્થમાં વિષયાનુરૂપ સ્થાને યોજિત કરી દેવામાં આવી છે.

અન્તમાં, પુસ્તકના લખાણની ભાષાશુદ્ધિ કરવામાં તત્પરતા પૂર્વક સહયોગી બનનાર શ્રીમતી કુસુમબહેન સોની (ભુજ-કચ્છ) તેમજ પ્રો. બિહારીભાઈ શાહ (માંડવી-કચ્છ) નો સહયોગ વસ્તુત: ધન્યવાદાર્હ છે.

શ્રીવલ્લભાચાર્ય ટ્રસ્ટ, માંડવી-કચ્છ દ્વારા
ગોસ્વામી શરદ્

॥પુષ્ટિપ્રવાહમર્યાદાભેદ:॥

(પુષ્ટિક પ્રવાહખ અને મર્યાદાગ ના માર્ગ1 સર્ગ2 ફલ3 ના પાર્થક્યનું નિરૂપણ)

પુષ્ટિક/1-પ્રવાહખ/1-મર્યાદાગ/1 વિશેષેણ પૃથક્-પૃથક્॥
જીવ2/ય-દેહ2/ર-ક્રિયા2/લભેદૈ: પ્રવાહેણ2 ફલેન3 ચ॥1॥
વક્ષ્યામિ સર્વ-સન્દેહા ન ભવિષ્યન્તિ યચ્છ્રુતે: ॥

(ત્રણેય માર્ગોના ભેદને સિદ્ધ કરનારા પ્રમાણોનું સંકલન)

ભક્તિમાર્ગસ્ય કથનાત્ક/1 પુષ્ટિ: અસ્તીતિ નિશ્ચય: ॥2॥
"દ્વૌ ભૂતસર્ગાવિ" પ્રવાહોડપિ વ્યવસ્થિત: ॥
વેદસ્ય વિદ્યમાનત્વાત્ગ/1 મર્યાદાપિ વ્યવસ્થિતા॥3॥

(પુષ્ટિમાર્ગક/1 એક જુદો માર્ગ હોવા બાબત વિશેષ પ્રમાણ)

કશ્ચિદેવ હિ ભક્તો હિ "યો મદ્ભક્ત" ઇતીરણાત્॥
સર્વત્રોત્કર્ષકથનાત્ પુષ્ટિ: અસ્તીતિ નિશ્ચય: ॥4॥
ન સર્વોડત: પ્રવાહાદ્ધિ ભિન્નો વેદાચ્ચ ભેદત: ॥
"યદા યસ્યે" વચનાત્ "નાહં વેદૈ:" ઇતીરણાત્॥5॥
માર્ગૈકત્વેડપિ ચેદન્ત્યૌ તનૂ ભક્ત્યાગમૌ મતૌ॥
ન તદ્ યુક્તં સૂત્રતો હિ ભિન્નો યુક્ત્યા હિ વૈદિક: ॥6॥
જીવ-દેહ-કૃતીનાં ચ ભિન્નત્વં નિત્યતા-શ્રુતે: ॥
યથા તદ્વત્ પુષ્ટિમાર્ગે દ્વયોરપિ નિષેધત: ॥7॥
પ્રમાણ-ભેદાદ્ ભિન્નો હિ પુષ્ટિમાર્ગોક/1 નિરૂપિત: ॥

(પુષ્ટિ-પ્રવાહ-મર્યાદાના સર્ગો2 ભિન્ન હોવાના હેતુ)

સર્ગભેદં2 પ્રવક્ષ્યામિ સ્વરૂપાયડઙ્કર-ક્રિયાલયુતમ્॥8॥
ઇચ્છામાત્રેણખ/2 મનસા પ્રવાહં સૃષ્ટવાન્ હરિ: ॥
વચસાગ/2 વેદમાર્ગં હિ પુષ્ટિં કાયેનક/2 નિશ્ચય: ॥9॥

(ત્રણેય માર્ગોના જુદા-જુદા ફલો હોવા પાછળના હેતુઓ)

મૂલેચ્છાત:ખ/3 ફલં લોકે, વેદોક્તંગ/3 વૈદિકેડપિ ચ॥
કાયેનક/3તુ ફલં પુષ્ટૌ ભિન્નેચ્છાતોડપિ નૈકધા॥10॥

(જીવોના ત્રિવિધ સર્ગકખગ-2)

"તાન્ અહં દ્વિષતો" વાક્યાદ્ ભિન્ના જીવા: પ્રવાહિણ:ખ॥
અત એવેતરૌકગ ભિન્નૌ સાન્તૌ મોક્ષ-પ્રવેશત: ॥11॥

(પુષ્ટિસર્ગમાં જીવ2/ય દેહ2/ર ક્રિયા2/લ ઓના વિશેષ ઉપભેદો)

તસ્માજ્ જીવા: પુષ્ટિમાર્ગે ભિન્નાએવ ન સંશય: ॥
ભગવદ્-રૂપ-સેવાર્થં તત્સૃષ્ટિ: નાન્યથા ભવેત્ક/2/ય॥12॥
સ્વરૂપેણાવતારેણ લિઙ્ગેન ચ ગુણેન ચ॥
તારતમ્યં ન સ્વરૂપે દેહે વા તત્ક્રિયાસુ વા॥13॥
તથાપિ યાવતા કાર્યં તાવત્ તસ્ય કરોતિ હિકઇક/2/રકઅ॥
તે હિ દ્વિધા શુદ્ધ-મિશ્ર-ભેદાન્ મિશ્રા: ત્રિધા પુન: ॥14॥
પ્રવાહાદિ-વિભેદેન ભગવત્-કાર્ય-સિદ્ધયે॥
પુષ્ટ્યા વિમિશ્રા: સર્વજ્ઞા: પ્રવાહેણ ક્રિયારતા: ॥15॥
મર્યાદયા ગુણજ્ઞાસ્તે શુદ્ધા: પ્રેમ્ણાડતિ-દુર્લભા:ક/2/લ॥
એવં સર્ગસ્તુ તેષાં હિ..... ॥

(પુષ્ટિમાર્ગીયક/3 ફલનું સવિશેષ નિરૂપણ)

.....ફલં ત્વત્ર નિરૂપ્યતે॥16॥
ભગવાનેવ હિ ફલં સ યથાવિર્ભવેદ્ ભુવિ॥
ગુણ-સ્વરૂપ-ભેદેન તથા તેષાં ફલં ભવેત્॥17॥
આસક્તૌ ભગવાન્ એવ શાપં દાપયતિ ક્વચિત્॥
અહંકારેડથવા લોકે તન્માર્ગ-સ્થાપનાય હિ॥18॥
ન તે પાષણ્ડતાં યાન્તિ ન ચ રોગાદ્યુપદ્રવ: ॥
મહાનુભાવા: પ્રાયેણ શાસ્ત્રં શુદ્ધત્વ-હેતવે॥19॥
ભગવત્-તારતમ્યેન તારતમ્યં ભજન્તિ હિ॥
લૌકિકત્વં વૈદિકત્વં કાપટ્યાત્ તેષુ નાન્યથા॥20॥
વૈષ્ણવત્વં હિ સહજં ततોડન્યત્ર વિપર્યય: ॥

(કર્મોની ગહન ગતિને કારણે સદા પરિભ્રમણ કરતા પુષ્ટિ-પ્રવાહ- મર્યાદારૂપ ત્રણમાંથી કોઈ એક માર્ગમાં આવી ચઢેલા તન્માર્ગીય ન હોવા છતાંય તન્માર્ગીય હોવાનો આભાસ પ્રકટ કરનારા ચર્ષણી જીવો)

સમ્બન્ધિનસ્તુ યે જીવા: પ્રવાહસ્થા: તથા પરે॥21॥
'ચર્ષણી'શબ્દવાચ્યાસ્ તે તે સર્વે સર્વવર્ત્મસુ॥
ક્ષણાત્ સર્વત્વમ્ આયાન્તિ રુચિસ્ તેષાં ન કુત્રચિત્॥22॥
તેષાં ક્રિયાનુસારેણ સર્વત્ર સકલં ફલમ્॥

(ચર્ષણી જેવા પ્રવાહમાર્ગીય જીવોખ/2/યના બે ઉપભેદ)

પ્રવાહસ્થાન્ પ્રવક્ષ્યામિ

સ્વરૂપાખ/2/યડઙ્ગખ/2/રક્રિયાખ/2/લયુતાન્॥23॥
જીવાસ્ તે હ્યાસુરા:ખ/2/ય સર્વે "પ્રવૃત્તિશ્ચે" વર્ણિતા:॥
તે ચ દ્વિધા પ્રકીર્ત્યન્તે હ્યજ્ઞ-દુર્જ્ઞ-વિભેદત:॥24॥
દુર્જ્ઞાસ્ તે ભગવત્પ્રોક્તા હ્યજ્ઞાસ્ તાન્ અનુ યે પુન:॥
પ્રવાહેડપિ સમાગત્ય પુષ્ટિસ્થસ્ તૈર્ ન યુજ્યતે॥25॥
સોડપિ તૈસ્ તત્કુલે જાત: કર્મણા જાયતે યત:॥
.....॥

(આથી આગળ ગ્રન્થના ‘ખ’ભાગમાં ‘2/ર+2/લ’ તથા ‘3’ અંશો; તેમજ ‘ગ’ભાગમાં ‘2/ય+2/ર+2/લ’+‘3’ અંશો પણ ત્રુટિત દેખાય છે)

॥ઇતિ શ્રીવલ્લભાચાર્યવિરચિત: પુષ્ટિપ્રવાહમર્યાદાભેદ: સમ્પૂર્ણ:॥

॥श्रीकृष्णाय नमः॥
॥श्रीमदाचार्यचरणकमलेभ्यो नमः॥

पुष्टि-प्रवाह-मर्यादाभेदः

ग्रन्थपरिचय

गो. श्रीश्याम मनोहरजी (किशनगढ़-पार्ला)

कुछ विद्वानोंकी धारणा है कि प्रारम्भमें श्रीमहाप्रभु दैवी तथा आसुरी जीवोंके भिन्न-भिन्न होनेके गीताप्रतिपादित सिद्धान्तको तो मान्य करते थे पर दैवी जीवोंके अवान्तर भेद—पुष्टिजीव और मर्यादाजीवके भिन्न-भिन्न होनेका सिद्धान्त श्रीमहाप्रभुने अपनी वयके उत्तरार्धमें स्थापित किया था. अतएव पुष्टिप्रवाहमर्यादा ग्रन्थका रचनाकाल श्रीमहाप्रभुके अडैलमें स्थिर निवासके समयके आसपास निर्धारित किया जाता है.

इस विषयमें यह दृष्टव्य है कि निबन्धका शास्त्रार्थप्रकरण श्रीमहाप्रभुकी प्रथम रचना है यह तो प्रायः सर्वमान्य है. इस ग्रन्थकी कारिका 45-52का अवलोकन करनेसे यह स्पष्ट हो जाता है कि निबन्धके रचनाकालमें भी पुष्टिजीव, मर्यादाजीव और प्रवाहजीवों के भिन्न-भिन्न होनेकी धारणा श्रीमहाप्रभुकी दार्शनिक मान्यताओंमे स्थान ले चुकी थी. एतदर्थ कुछ शब्दप्रयोगोंपर लक्ष्यपात अपेक्षित है. यथा:

1.तत्वसृष्टिप्रवृत्तानां दैवानां मुक्तियोग्यता. (का. 46)
2.ब्रह्मानन्दे प्रविष्टानाम् आत्मनैव सुखप्रमा,
सङ्घातस्य विलीनत्वाद् भक्तानां तु विशेषतः,
सर्वेन्द्रियैस्तथाचान्तःकरणैरात्मनापि हि,
ब्रह्मभावात्तु भक्तानां गृहएव विशिष्यते. (का. 50-51)
3.तीर्थादावपि या मुक्तिः कदाचित् कस्यचिद् भवेत्,
कृष्णप्रसादयुक्तस्य नान्यस्येति विनिश्चयः. (का. 47)

यहां स्पष्टतया मुक्तियोग्य जीवोंमेसे किसीको ब्रह्मानन्द और किसीको भजनानन्द मिलता है यह निश्चित हुवा है. मर्यादाविधिके अनुसार तीर्थ आदिद्वारा जिन्हें मुक्ति मिलती है वह भी कृष्णकी मुक्तिदानकी इच्छापर अवलम्बित है यह भी कहा गया है. इन कारिकाओंपर लिखे गये प्रकाशके अध्ययन करनेपर भी मर्यादाजीवों और पुष्टिजीवों के प्रभेदकी धारणा स्फुट हो जाती है. यथा

“ये सात्विका: दैव्यां सम्पदि जाता: विध्युपजीविनः सर्वदा तेषां मुक्ति: भविष्यति” (प्रका. 46) तथा

“स्वतन्त्रभक्तानां तु गोपिकादितुल्यानां सर्वेन्द्रियै: तथा अन्तःकरणैः स्वरूपेण च आनन्दानुभवः, अत: भक्तानां जीवन्मुक्त्यपेक्षया भगवत्कृपासहितगृहाश्रमएव विशिष्यते” (प्रका. 50-51).

इन उद्धरणोंसे यह सिद्ध हो जाता है कि दैवीजीव तथा आसुरीजीव का भेद और इसी तरह विध्युपजीवी मर्यादाजीव तथा स्वतन्त्र पुष्टिजीवका अवान्तर प्रभेद भी श्रीमहाप्रभुको निबन्धमें भी विवक्षित है ही. ऐसी स्थितिमें इस पूर्वोक्त आधारपर ग्रन्थका रचनाकाल निर्णीत कर पाना कठिन है. यह ग्रन्थ किस अवसरपर तथा किस अनुयायीकेलिये लिखा गया था यह पता नहीं चलता. इसके अलावा यह ग्रन्थ पूर्णतया उपलब्ध नहीं होता है यह ग्रन्थके प्रारम्भमें की गयी प्रतिज्ञासे स्पष्ट हो जाता है. विभिन्न व्याख्याकार भी इस बातका उल्लेख करते हैं.

सर्गभेद-कारणभेद, फलभेद, मार्ग या साधनभेद तथा जीवोंके स्वरूपादिभेदके आधारपर पुष्टिमार्ग मर्यादामार्ग तथा प्रवाहमार्ग परस्पर भिन्न-भिन्न हैं यह श्रीमहाप्रभु इस ग्रन्थके द्वारा हमें समझाना चाहते हैं. उपलब्ध ग्रन्थके पूर्ण न होनेके कारण यह कह पाना अब कठिन है कि इदमित्थन्तया श्रीमहाप्रभुने किस प्रकारसे पूर्वोक्त मार्गोंका पृथक्करण विश्लेषण एवम् वर्गीकरण किया था. उपलब्ध अंशके अध्ययनसे तीन तरहकी सम्भावनायें प्रकट होती हैं. यह सब समानन्यायकी सामान्य युक्तिपर की गयी सम्भावनायें हैं, जिनका तुलनात्मक प्रामाण्य अन्य ग्रन्थोमें श्रीमहाप्रभुके द्वारा इस विषयके बारेमें किये गये विधानोंके साथ संवादपर अवलम्बित है.

1. प्रथम सम्भावित वर्गीकरण:
जीव

दैवी

आसुरी

मार्गाधिकृत 1.चर्षणी चर्षणी मार्गाधिकृत
पुष्टि मर्यादा 2.अज्ञ 3.दुर्ज्ञ
4.शुद्ध मिश्र 5.पुष्टि 6.प्रवाह 7.मर्यादा
1.पुष्टि 9.प्रवाह 10.मर्यादा
कुल: 10

2. द्वितीय सम्भावित वर्गीकरण:
जीव

पुष्टि मर्यादा

प्रवाह

1.शुद्ध मिश्र

पुष्टि प्रवाह मर्यादा पुष्टि प्रावह मर्यादा

पुष्टि प्रावह मर्यादा

2 3 4 5 6
7 8 9 10

कुल: 10

3. तृतीय सम्भावित वर्गीकरण:
जीव
पुष्टि मर्यादा प्रवाह

1.शुद्ध मिश्र 2.शुद्ध
मिश्र 3.शुद्ध मिश्र
पुष्टि प्रवाह मर्यादा पुष्टि प्रावह मर्यादा
पुष्टि प्रावह मर्यादा
2 3 4 5 6
7 8 9 10

कुल: 12

इनमें श्रीमहाप्रभुको अभिप्रेत वर्गीकरण कौनसा है यह केवल पुष्टिप्रवाहमर्यादा ग्रन्थके आधारपर निर्विवाद निर्णीत नहीं हो पाता.

जीवोंके उपर्युक्त वर्गीकरणके अलावा मार्गभेद सर्गभेद एवम् फलभेदके आधारपर अन्य विशेषताओंका भी निरूपण यहां श्रीमहाप्रभुको अभिप्रेत है.

1.मार्गभेद:

पुष्टि-प्रवाह-मर्यादा विशेषेण पृथक्-पृथक्॥
जीव-देह-क्रिया-भेदै: प्रवाहेण फलेन च॥1॥
वक्ष्यामि सर्वसन्देहा न भविष्यन्ति यच्छ्रुते:॥

पुष्टिमार्ग मर्यादामार्ग तथा प्रवाहमार्ग इन तीनों मार्गोंकी कुछ अपनी-अपनी विशेषतायें हैं. तदनुसार ये तीनों मार्ग परस्पर भिन्न-भिन्न हैं. तत्तत् मार्गोमें जीवोंके स्वरूप, उनके देह, उनकी रुचि, उनके व्यवहार तथा अन्तमें उन्हें मिलनेवाले फलके तारतम्यको दृष्टिगत करने पर मार्गभेदको भलीभांति समझा जा सकता है.

भक्तिमार्गस्य कथनात् पुष्टिरस्तीति निश्चय:॥2॥
"द्वौ भूतसर्गा"वित्युक्ते: प्रवाहोपि व्यवस्थित:॥
वेदस्य विद्यमानत्वात् मर्यादापि व्यवस्थिता॥3॥
"कश्चिदेवहि भक्तोहि यो मद्भक्त" इतीरणात्॥
सर्वत्रोत्कर्षकथनात् पुष्टिरस्तीति निश्चय:॥4॥
न सर्वोऽत: प्रवाहाद्धि भिन्नो वेदाच्च भेदत:॥
'यदा यस्ये"ति वचनात् "नाहं वैदै:" इतीरणात्॥5॥

यह मार्गभेदकी धारणा शास्त्रीय प्रमाणोंपर अवलम्बित है. शास्त्रके अनुसार सारे लौकिक कर्मोंका उत्स कर्मकर्ता जीवके प्राकृत स्वभावमें तथा लौकिक प्रयोजनोंकी पूर्तिके प्रयासमें निहित रहता है. वैदिक कर्मोंका अनुष्ठान स्वभावसे प्राप्त नहीं होता. किन्तु शास्त्रीय आज्ञाओंके अनुसरण करनेकी मनोवृत्तीसे प्राप्त होता है. फिर भी शास्त्रीय आज्ञायें स्त्री-

पुरुष बालक-वृद्ध या ब्राह्मण-शूद्र आदिके देह और उनसे सम्बधित विविध अभिमानोंको लक्ष्यमें रख दी गयी हैं. अतएव "त्रैगुण्यविषयाः वेदाः" कहा जाता है.

इन लौकिक तथा वैदिक कर्मोंसे ऊपर उठनेकी ज्ञानमार्गमें जैसी सन्न्यासकी एक शास्त्रीय प्रक्रिया है, वैसी ही निर्गुण भक्तिमार्गीय सर्वसमर्पणकी भी एक शास्त्रवर्णित प्रक्रिया है. इसी अलौकिक निर्गुणा भक्तिके प्रकारको 'पुष्टिमार्ग' कहा जाता है. गीतामें दैवी सृष्टिसे भिन्न एक आसुरी सृष्टि दिखलायी गयी है वह प्रवाहमार्ग है. वेदोंमे वैदिक धर्मकी विभिन्न मर्यादाओंके निरूपण मिलते ही हैं और वह मर्यादामार्ग है.

इससे सिद्ध होता है कि जैसे प्रवाहमार्ग और मर्यादामार्ग परस्पर भिन्न हैं, वैसे ही इन दोनोंसे पुष्टिमार्ग भी एक भिन्न मार्ग ही है. सभी जीव अतः पुष्टि मार्गीय नहीं माने जा सकते हैं. लौकिक या वैदिक सभी तरहकी कामनाओं और प्रयोजनोंसे ऊपर उठकर जो जीवात्मा केवल भगवानकी ही भक्तिमें परायण हो जाती हैं उन्हें प्रवाहमार्गीय या मर्यादामार्गीय नहीं गिना जा सकता है.

"आत्मभावित भगवान् जिस जीवपर अनुग्रह करते हैं वही जीव लोकवेदोंमे अपनी परिनिष्ठत बुद्धिसे छुटकारा पा सकता है" (भागवत) तथा

"वेद, तप, दान, याग आदि किसी भी साधनसे मेरा दर्शन इस तरह कर पाना शक्य नहीं है, जैसा तुमने पाया है. अर्जुन यह तो केवल अनन्य भक्तिके कारण ही मुझे इस तरह जाना जा सकता है, तत्वतः देखा जा सकता है और अन्तमें मुझमें प्रवेश भी पाया जा सकता है" (गीता)

—इन दो वचनोंसे क्रमशः विशेष अनुग्रह और तज्जन्य भक्तिका सुस्पष्ट निरूपण हमें मिलता है. इस तरह अन्यत्र भी ऐसी उत्कृष्ट भक्तिके निरूपणके बलपर उसके कारणभूत अनुग्रह या पुष्टिमार्गका अनुमान किया जा सकता है.

मार्गैकत्वेऽपि चेदन्त्यौ तनू भक्त्यागमौ मतौ॥
न तद् युक्तं सूत्रतो हि भिन्नो युक्त्या हि वैदिक:॥6॥

यहां यह शङ्का उठ सकती है कि मार्ग भिन्न-भिन्न नहीं मानने चाहिये किन्तु इनमें उत्तरोत्तर उत्कृष्ट होनेके सोपानोंका सा सम्बन्ध मानना चाहिये. प्रवाहके सोपानसे उत्कृष्ट मर्यादाका सोपान है तथा सर्वोत्कृष्ट सोपान निर्गुणावस्थाका है. यह शङ्का उचित नहीं है. क्योंकि श्रौत युक्ति तथा ब्रह्मसूत्र दोनोंसे उक्त धारणा विपरीत है.

जीव-देह-कृतीनां च भिन्नत्वं नित्यता श्रुते:॥
यथा तद्वत् पुष्टिमार्गेद्वयोरपि निषेधत:॥7॥
प्रमाणभेदाद् भिन्नो हि पुष्टिमार्गोनिरूपित:॥

जैसे आसुरी जीव तथा दैवी जीवोंका नित्यभेद श्रुतिसिद्ध है. उनके देह तथा कर्मों की भिन्नता भी श्रुतियोंमे वर्णित है. इसी तरहसे दैवी जीवोंके अन्तर्गत पुष्टिजीव और मर्यादाजीवों के स्वरूप देह तथा कर्मों में भी परस्पर भिन्नता स्वीकारनी चाहिये. अतः पुष्टिमार्ग, मर्यादामार्ग तथा प्रवाहमार्ग का भेद प्रमाणसिद्ध ही है.

2.सर्गभेद:

सर्गभेदं प्रवक्ष्यामि स्वरूपाङ्ग-क्रियायुतम्॥8॥
इच्छामात्रेण मनसा प्रवाहं सृष्टवान् हरि:॥
वचसा वेदमार्गं हि पुष्टिं कायेन निश्चय:॥9॥
पुष्टिमार्ग, मर्यादामार्ग तथा प्रवाहमार्ग के प्रमाणसिद्ध भेदके विचारके बाद अब इन मार्गोंकी सृजनप्रक्रियाके भेदको भी समझ लेना चाहिये.

भगवान् स्वयम्के मनके द्वारा प्रवाहमार्गका सृजन प्रवर्तन तथा नियमन करते हैं. अत: प्रवाहमार्गीय जीवोंके विशिष्ट स्वरूप देह तथा व्यवहार की नियति केवल ब्रह्मकी इच्छापर ही निर्भर है. वैदिक मर्यादामार्गीय जीवोंके विशिष्ट स्वरूप देह तथा व्यवहार का भगवान् वेदरूपा वाणीके द्वारा सृजन प्रवर्तन तथा नियमन करते हैं. पुष्टिमार्गीय जीवोंके विशिष्ट स्वरूप देह तथा व्यवहार का सृजन प्रवर्तन तथा नियमन श्रीकृष्ण अपने प्रकट आधिदैविक स्वरूपके द्वारा करते हैं.

इस तरह इन मार्गोंमे सर्गभेद अथवा सृजनकी प्रक्रियामेंभीभेद हैं.

3.फलभेद:

मूलेच्छात: फलं लोके वेदोक्तं वैदिकेपि च॥
कायेन तु फलं पुष्टौ भिन्नेच्छातोऽपि नैकता॥10॥
प्रवाहमार्गीय जीवोंकी कामना एवम् आचरणके अनुकूल या प्रतिकूल फल प्रभु स्वयम् अपनी इच्छानुसार निर्धारित करते हैं तथा उन्हें प्रदान करते हैं. मर्यादामार्गीय जीवोंके वेदविहित धर्मार्थकामरूप पुरुषार्थोंके अनुष्ठानका फल वेदादि शास्त्रोंमे निरूपित विविध मोक्षोंके रूपमें प्रभु देते हैं. पुष्टिमार्गीय जीवोंके भजनानन्द सम्बन्धी मनोरथोंकी पूर्ति श्रीकृष्ण अपने आधिदैविक स्वरूपके द्वारा करते हैं.

“तानहं द्विषतो” वाक्याद् भिन्ना जीवा: प्रवाहिण:॥
अतएवेतरौ भिन्नौ सान्तौ मोक्षप्रवेशत:॥11॥
“मैं उन आसुरी जीवोंको निरन्तर अशुभ योनिमें डालता रहता हूं” (गीता) —इस वचनके आधारपर निरन्तर अशुभ भवप्रवाहमें बहनेवाले प्रवाही जीवोंसे मर्यादामार्गीय तथा पुष्टिमार्गीय जीवोंके फलको भिन्न मानना पड़ता है. क्योंकि इन्हें भवप्रवाहसे छुडाया जाता है तथा मोक्ष प्रदान किया जाता है.

(क-1)पुष्टिमार्ग:

तस्माज् जीवा: पुष्टिमार्गेभिन्नाएव न संशय:॥
इस तरह मार्गभेद सर्गभेद एवम् फलभेद के आधारपर पुष्टिमार्गीय जीवोंको अन्य जीवोंसे भिन्न मानना ही चाहिये.

भगवद्रूपसेवार्थं तत्सृष्टि: नान्यथा भवेत्॥12॥
स्वरूपेणावतारेण लिङ्गेन च गुणेन च॥
तारतम्यं न स्वरूपे देहे वा तत्क्रियासु वा॥13॥
तथापि यावता कार्यं तावत् तस्य करोति हि॥
यह पुष्टिसृष्टि भगवान्के आधिदैविक स्वरूपकी सेवाकेलिए ही प्रकट की गयी है. अतः भगवत्सेवाके अतिरिक्त अन्यत्र किसी कर्म या प्रयोजनमें पुष्टिसृष्टिके जीवोंका तत्पर होना भगवानको अभिप्रेत नहीं है. बाह्य दृष्टिसे पुष्टिमार्गीय जीवोंके स्वरूप देह स्वभाव एवम् व्यवहार तो सभी जीवोंके समान ही प्रतीत होते हैं. परन्तु अन्ततः आधिदैविक स्वरूपके भजनानन्दमें ही इन पुष्टिजीवोंको आकर्षण और सन्तोषका अनुभव होगा. क्योंकि इनसे यही काम प्रभु लेना चाहते हैं.

(क-2)पुष्टिसर्ग:
ते हि द्विधा शुद्ध-मिश्र—भेदान् मिश्रास्त्रिधा पुन:॥14॥
प्रवाहादिविभेदेन भगवत्कार्यसिद्धये॥
पुष्ट्या विमिश्रा: सर्वज्ञा: प्रवाहेण क्रियारता:॥15॥
मर्यादया गुणज्ञास्ते शुद्धा: प्रेम्णातिदुर्लभा:॥
इस पुष्टिसृष्टिके पुनः दो अवान्तर भेद होते है:
1.शुद्ध पुष्टिसृष्टि
2.मिश्र पुष्टिसृष्टि

मिश्र पुष्टिसृष्टिके तीन अवान्तर भेद होते हैं. यथा:
1.पुष्टि-पुष्टिसृष्टि
2.मर्यादा-पुष्टिसृष्टि
3.प्रवाह-पुष्टिसृष्टि
1.पुष्टि-पुष्टिसृष्टिके जीव सर्वविध माहात्म्यज्ञानयुक्त तथा सुदृढ़ सर्वतोधिक स्नेहपूर्वक कृष्णसेवामें परायण होते हैं.
2.मर्यादा-पुष्टिसृष्टिके जीव भगवान् श्रीकृष्णकी लीला-कथाओंके द्वारा भगवानके गुणोंके प्रेमपूर्वक चिन्तन (श्रवण-स्मरण-कीर्तन) में परायण हो जाते हैं.
3.प्रवाह-पुष्टिसृष्टिके जीवोंमे न तो भलीभांति माहात्म्यज्ञान ही होता है और न उत्कट स्नेह ही. फिर भी कृष्णभजनके क्रियात्मक बाह्यरूपमें इनकी रुचि एवम् तत्परता होती है.

मिश्र पुष्टिसृष्टिके इन तीनों प्रकारोंसे विलक्षण शुद्ध पुष्टिसृष्टिके जीव होते हैं. इन्हें भगवान्के प्रति स्नेह किसी प्रमाणबलके आधारपर नहीं होता किन्तु भगवान् इनके समक्ष स्वयम् प्रकट होकर अपने आधिदैविक स्वरूपके प्रमेयबलसे इन्हें अपनी ओर आकृष्ट कर लेते हैं. इनका भगवानके प्रति स्नेह उत्कृष्ट सहज एवम् शुद्ध अर्थात् अन्य किसीभी भाव या प्रयोजनसे अमिश्रित रहता है. यह अतिदुर्लभ प्रकारकी पुष्टिसृष्टि है.

(क-3)पुष्टिफल:

एवं सर्गस्तु तेषां हि फलं त्वत्र निरूप्यते॥16॥
भगवानेव हि फलं स यथाविर्भवेद्भुवि॥
गुणस्वरूपभेदेन तथा तेषां फलं भवेत्॥17॥

पुष्टिमार्गीय जीवोंका साधन जैसे भगवानकी पुष्टि या अनुग्रह है वैसे ही फल एकमात्र स्वयम् भगवान् ही हैं.

तत्तद् भक्तोंकेलिए गुण और स्वरूपके भेदोंके अनुसार जैसे-जैसे रूपधारण कर भगवान् प्रकट होते हैं, उन-उन निजी भगवद्रूपोंके साथ पुष्टिसृष्टिके विभिन्न जीवोंकी फलानुभूति सम्पन्न होती है.

आसक्तौ भगवानेव शापं दापयति क्वचित्॥
अहङ्कारेऽथवा लोके तन्मार्गस्थापनाय हि॥18॥
न ते पाषण्डतां यान्ति न च रोगाद्युपद्रव:॥
महानुभावा: प्रायेण शास्त्रं शुद्धत्वहेतवे॥19॥

इन निजी भगवद्रूपोंसे अतिरिक्त अन्यत्र कहीं भी पुष्टिमार्गीय जीवकी आसक्ति जब भगवान् देखते हैं तो शाप भी दिलवाते हैं. कभी-कभी इन्हें साहङ्कार देखकर भी भगवान् शाप दिलवाते हैं. और तब ये पुष्टिजीव भूतलपर प्रकट होते हैं. कभी-कभी भूतलपर पुष्टिमार्गको प्रकट करनेकेलिए भी पुष्टिजीवोंको भूतलपर प्रकट किया जाता है. लोकमें आनेपर भी ये दैहिक रोगादिके उपद्रव अथवा मानसिक पाषण्डता आदिके उपद्रवसे ग्रस्त नहीं हो जाते. इन महानुभावोंका भूतलपर प्राकट्य, चाहे शापवश भी क्यों न हो, होता है प्रायः शुद्धताकेलिए ही.

भगवत्तारतम्येन तारतम्यं भजन्ति हि॥
लौकिकत्वं वैदिकत्वं कापट्यात् तेषु नान्यथा॥20॥
वैष्णवत्वं हि सहजं ततोऽन्यत्र विपर्यय:॥

भगवान् इन जीवोंकेलिए अपने स्वरूप तथा अपनी लीलामें जैसा तारतम्य प्रकट करते हैं तदनुसार इन भक्तोमें भी तारतम्य घटित हो जाता है. लौकिक व्यवहारका निर्वाह तथा वैदिक कर्तव्योंका पालन ये महानुभाव लोकमें बुद्धिभेद न पैदा हो जाये एतदर्थ अर्थात्

लोकसङ्ग्रहार्थ ही करते हैं. इनकी सहज तथा उत्कट रूचि तो अपनी वैष्णवताके निर्वाहमें ही होती है —लौकिकता या वैदिकता के निर्वाहमें नहीं.

इस तरह पुष्टिजीवोंके मार्ग सर्ग एवं फलका निरूपण सम्पूर्णहुआ.

कभी-कभी इन पुष्टिमार्गीय जीवोंके साथ सदा-सर्वदा भटकते रहनेवाले चर्षणी जीव भी सम्मिलित हो जाते हैं. अतः उनके स्वरूपका भी थोड़ा-बहुत निरूपण यहां अप्रसङ्गोपात न होगा.

चर्षणीजीव:

सम्बन्धिनस्तु ये जीवा: प्रवाहस्था: तथाऽपरे॥21॥
'चर्षणी'शब्दवाच्यास्ते ते सर्वेसर्ववर्त्मसु॥
क्षणात् सर्वत्वम् आयान्ति रुचिस्तेषां न कुत्रचित्॥22॥
तेषां क्रियानुसारेण सर्वत्र सकलं फलम्॥

दैवी जीवोंके सङ्गके कारण कुछ अदैवी जीवोमें भी कभी-कभी तात्कालिक रूपमें दैवी लक्षण दिखलायी देने लगते हैं. पर ये लक्षण उन जीवोमें चिरस्थायी नहीं होते. ऐसे जीवोंको 'चर्षणी जीव' कहा जाता है. चर्षणी प्रतिदिन नये-नये मार्गोंपर भटकते रहते हैं—नये-नये रङ्ग बदलते रहते है. इनका अपना कोई स्थायी रङ्ग अथवा स्वभाव नहीं होता. जिनके साथ सम्मिलित हो जाते हैं, उतने समयकेलिए उनके गुण-धर्मोंको अपना लेते हैं. अपने नित्य-नूतन बदलते हुए रङ्गोमें कुछ न कुछ तात्कालिक फल अथवा अनुभूतियां इन्हें होती रहती हैं. दैवी जीवोंका सङ्ग पाकर दैवी शील प्रकट करते हैं तथा आसुरी जीवोंका सङ्ग पाकर ये आसुरी शील प्रकट करते हैं. स्थिर ये कहीं भी नहीं हो पाते.

(ख-1)प्रवाहमार्ग:

प्रवाहस्थान् प्रवक्ष्यामि स्वरूपाङ्गक्रियायुतान्॥23॥
जीवास्ते ह्यासुरा: सर्वे"प्रवृत्तिं चे"ति वर्णिता:॥
ते च द्विधा प्रकीर्त्यन्ते ह्यज्ञ-दुर्ज्ञविभेदत:॥24॥
दुर्ज्ञास्ते भगवत्प्रोक्ता ह्यज्ञास्तान् अनु ये पुन:॥

प्रवाहमार्गीय जीवोंके स्वरूप देह एवम् व्यवहार का अब निरूपण किया जाता है.

सभी आसुरी सृष्टिके जीवोंको प्रवाहमार्गीय समझना चाहिये. गीतामें इनका निरूपण "इन्हें न उचित प्रवृत्तिका और न उचित निवृत्तिका ही बोध होता है" कहकर किया गया है. प्रवाही जीवोंके दो अवान्तर भेद होते हैं. यथा:

1.अज्ञ प्रवाही जीव
2.दुर्ज्ञ प्रवाही जीव

1.आसुरी सृष्टिके जिन जीवोंका वर्णन भगवानने गीतामें किया है उन्हें दुर्ज्ञ प्रवाही जीव समझना चाहिये.
2.इन दुर्ज्ञ प्रवाही जीवोंके सङ्गवशात् प्रवाही स्वभाव या लक्षण प्रकट करनेवाले जीवोंको 'अज्ञ प्रवाही जीव' कहा जाता है.

प्रवाहेऽपि समागत्य पुष्टिस्थ: तैर्न युज्यते॥25॥

सोऽपि तैस्तत्कुले जात: कर्मणा जायते यत:॥
पुष्टि जीव जैसे प्रवाहमार्गीय कुलमें जन्मग्रहण करनेपर भी प्रवाहमार्गीय वातावरणमें अपना ताल-मेल नहीं बैठा पाता, ठीक उसी तरह प्रवाहमार्गीय जीव पुष्टिमार्गीय कुलमें भी जन्मग्रहण कर ले परन्तु पुष्टिमार्गीय वातावरणके साथ वह अपना ताल-मेल नहीं बैठा पायेगा ... (यहांसे ग्रन्थ त्रुटित हो जाता है.)

ग्रन्थके प्रारूपके अनुसार अधोलिखित विषयोंपर प्रकाश अपेक्षित है.

(ख-1) प्रवाहमार्गीय जीवोंके देह एवं व्यवहारका निरूपण.
(ख-2) प्रवाहसर्ग
(ख-3) प्रवाहफल
(ग-1) मर्यादामार्ग
(ग-2) मर्यादासर्ग
(ग-3) मर्यादाफल तथा
(घ) उपसंहार

॥ પુષ્ટિ-પ્રવાહ-મર્યાદાભેદ: ॥

વ્યાખ્યાતા
ગોસ્વામી શ્રીશ્યામમનોહરજી (કિશનગઢ-મુંબઈ)

ઉપક્રમ:

ષોડશગ્રન્થો એ પ્રકરણ ગ્રન્થો છે. પ્રકરણગ્રન્થ તેને કહેવામાં આવે છે કે જેમાં વિષયને વહેંચીને, તેના ભાગ કરીને, પ્રકરણ પાડીને ગ્રન્થરૂપે ઉપદેશ આપવામાં આવતો હોય. ષોડશગ્રન્થોમાં આવેલાં બધા જ પ્રકરણોની પ્રક્રિયા જો ક્યાંક સમજાવવામાં આવી હોય તો તે આ 'પુષ્ટિપ્રવાહમર્યાદાભેદ' ગ્રન્થમાં. બીજા શબ્દોમાં કહીએ તો આ ગ્રન્થને ષોડશગ્રન્થોમાંના પંદર ગ્રન્થોને સમજવામાટેની એક ગાઇડબુક કહી શકાય. તેથી આ ગ્રન્થને જોઈ-સમજીને બીજા બધા ગ્રન્થોને જો ભણવામાં આવે તો જ સરખી રીતે ષોડશગ્રન્થ સમજમાં આવી શકે. બાકી જો કોઈ પણ એક ષોડશગ્રન્થનો ઝંડો લઈને દોડવા માંડીએ અને 'પુષ્ટિપ્રવાહમર્યાદાભેદ'ગ્રન્થદ્વારા જો પુષ્ટિમાર્ગની પ્રક્રિયા સમજેલી ન હોય તો ઠોકર ખાઈને પડવાનું નિશ્ચિત સમજવું પછી તે વ્યક્તિ ભલે કેટલોય બુદ્ધિમાન કેમ ન હોય. આટલો મહત્વપૂર્ણ ગ્રન્થ શ્રીમહાપ્રભુજીએ આપણને આપ્યો છે આ વાત આપણે દરેકે સરખીરીતે સમજવી જોઈએ.

આપણું એ દુર્ભાગ્ય છે કે આ ગ્રન્થ સમ્પૂર્ણ પ્રાપ્ત થતો નથી. આના ઘણા હિસ્સાઓ ખોવાઈ ગયાં છે. આ ગ્રન્થની સમગ્રતાના ખણ્ડિત થવામાં જે કાંઈ પણ હાનિ આપણને થઈ હોય, પણ તે હાનિ ઉપરાન્ત આપણું એ મહાન સૌભાગ્ય છે કે પુષ્ટિજીવ અને પુષ્ટિમાર્ગ નું વર્ણન તો આ ગ્રન્થમાં ઇન્ટેક્ટ્ મળી રહે છે. જે ખોવાયું છે એ થોડાક પ્રવાહીજીવની બાબતના અને મોટા ભાગના મર્યાદાજીવની બાબતના ઉપદેશોનો ભાગ છે. પ્રવાહિપણાનું તો આજે પુષ્ટિમાર્ગમાં પ્રાધાન્ય વધ્યું છે બાકી સિદ્ધાન્તગ્રન્થોમાં તો પ્રાધાન્ય ક્યારેય હતું જ નહિ. તેથી તે બાબતના વિવરણના છૂટી જવાથી પુષ્ટિમાર્ગને જો કંઈ નુક્શાન થયું હોય તો તે એટલું જ કે આ ગ્રન્થના આધારે પ્રવાહ અને મર્યાદા માર્ગો સાથે પુષ્ટિમાર્ગનો કોન્ટ્રાસ્ટ (વિરોધ) આપણને સમજવા નહિ મળે. એટલે કે પુષ્ટિજીવ આને કહેવાયકપુષ્ટિમાર્ગ આને કહેવાય એ તો સમજવા મળશે પણ પુષ્ટિજીવ કેવા ન હોયકપુષ્ટિમાર્ગ કેવો ન હોય તે સમજવા માટે જો પ્રવાહ અને મર્યાદા નું વર્ણન હોત તો આપણે ફટા-ફટ નક્કી કરી શક્યા હોત કે ક્યા જીવો કેવા હોય અને કયો માર્ગ કેવો હોય.

ષોડશગ્રન્થો માત્ર પુષ્ટિમાર્ગીઓ માટેજ છે:

ષોડશગ્રન્થને ભણતા પહેલાં દરેકે એક વાત લક્ષ્યમાં લેવી જોઈએ કે પ્રવાહીજીવ કે મર્યાદાજીવ ને અહીં ષોડશગ્રન્થમાં શ્રીમહાપ્રભુજી કોઈ પણ જાતનો ઉપદેશ આપવા માંગતા હોય એવો આપનો અભિગમ દેખાતો નથી. જો કે અમુક ટીકાકારો અમુક વચનોના એવા (મર્યાદા-પ્રવાહમાગી જીવ પરક) અર્થઘટનો કરે છે. તે ટીકાકારો જેવી રીતે અર્થસઙ્ગતિ બેસાડે છે એ તે ટીકાકારોનો વિષય છે. પરન્તુ, મારા મતે, જો આપણે એમ સમજીને ચાલીશું કે ષોડશગ્રન્થોમાં શ્રીમહાપ્રભુજી કોઈ પણ બિનપુષ્ટિમાર્ગીને કોઈ ઉપદેશ આપવા માંગતા નથી તો વધુ સઙ્ગતિ જળવાશે. તેથી ષોડશગ્રન્થોમાંનો દરેક ગ્રન્થ બેઝિકલી પુષ્ટિમાર્ગીમાટે આપેલો ઉપદેશ છે. પુષ્ટિમાર્ગને સમજવામાં કે આચરવામાં કોઈક પુષ્ટિજીવને તકલીફ જણાતાં તેનું નિરાકરણ આપે ગ્રન્થના ઉપદેશદ્વારા કર્યું છે.

ષોડશગ્રન્થનો પાયો:

આમાંના મોટા ભાગના ઉપદેશો કોનામાટે આપવામાં આવ્યા હતાં તેનો વાર્તાસાહિત્યના આધારે ઉલ્લેખ મેં ષોડશગ્રન્થોની ભૂમિકામાં કર્યો છે. (ષોડશગ્રન્થોની મૂળ હિન્દીભાષામાં લખાયેલી ભૂમિકાઓનું ગુજરાતીભાષાન્તર સાથેનું પુસ્તક "ષોડશગ્રન્થ પરિચય" નામથી હવે અલગથી પણ ઉપલબ્ધ છે) વાર્તા-ઇતિહાસમાં પણ અમુક ગ્રન્થો કોના માટે રચવામાં આવ્યા છે તેનો ઉલ્લેખ મળતો નથી. આ ગ્રન્થની બાબતમાં પણ એવું જ છે. કયા પુષ્ટિમાર્ગીમાટે આ ગ્રન્થ રચાયો તેનો ઉલ્લેખ ન મળવાથી આ ગ્રન્થની પુષ્ટિમાર્ગિતામાં કાંઈ ફરક પડતો નથી. કેમકે બીજા ગ્રન્થો તો પ્રકરણોપદેશ છે, આ ગ્રન્થમાં તો પ્રક્રિયોપદેશ છે. એટલે આપણે એમ કહી શકીએ કે સિદ્ધાન્તરહસ્ય, નવરત્ન કે સિદ્ધાન્તમુક્તાવલી ગ્રન્થો ભલે શ્રીમહાપ્રભુજીએ કોઈ ને કોઈ પુષ્ટિજીવને સમજાવવામાટે રચ્યા હોય પરન્તુ તેની ભૂમિકારૂપે તો પુષ્ટિપ્રવાહમર્યાદાભેદ ગ્રન્થને જ સમજવો પડશે. કારણ કે પુષ્ટિભક્તિમાર્ગની આખી પ્રક્રિયા તો આ ગ્રન્થમાં જ રહેલી છે. એટલે ષોડશગ્રન્થોના ઉપદેશનું ફાઉન્ડેશન જો કંઈ હોય તો તે આ ગ્રન્થ છે. ઉપદેશના ભવનનું ચણતર આના ઉપર જ થઈ શકે છે. આટલો બધો મહત્વપૂર્ણ ગ્રન્થ આ છે.

નિરૂપ્ય વિષય:

આ ગ્રન્થમાં આચાર્યચરણે પુષ્ટિ, પ્રવાહ અને મર્યાદા ના જીવભેદ, દેહભેદ, ક્રિયાભેદ, પ્રવાહભેદ, ફલભેદ વગેરેનું નિરૂપણ કર્યું છે. એટલે એકધદરે પુષ્ટિમાર્ગ શું, પ્રવાહમાર્ગ શું, મર્યાદામાર્ગ શું, પુષ્ટિસર્ગ કેવો, પ્રવાહસર્ગ કેવો, મર્યાદાસર્ગ કેવો, તે-તે સર્ગોમાં જન્મેલા જીવોની સાધનાનો પ્રકાર કેવો, ફલાનુભૂતિનો પ્રકાર કેવો, ફલાવસ્થાનો પ્રકાર કેવો વગેરે બાબતોને આવરી લીધી છે. જો કે, જેમ મેં પહેલા પણ કહ્યું, પૂર્ણ ગ્રન્થ આજની તારીખમાં આપણને મળતો નથી.

સિનોપ્સિસ્ :

પુષ્ટિપ્રવાહમર્યાદા ગ્રન્થની સિનોપ્સિસ્ (=ગ્રન્થનું માળખું) માં આપણે બે મુખ્ય વાત જોઈ. તે પૈકી એક તો પુષ્ટિ-પ્રવાહ-મર્યાદા એ ત્રણેય માર્ગોનું એકી સાથે નિરૂપણ અને બીજા ક્રમમાં તે-તે માર્ગોની વિશેષતાઓ સાથે પૃથક્-પૃથક્ નિરૂપણ કરવું. પૃથક્-પૃથક્ નિરૂપણ એટલે કે માર્ગ, સર્ગ અને ફલ કેવી રીતે પૃથક્ છે તે. સર્ગમાં પણ પાછા ત્રણ ભેદ છે : જીવ કેવી રીતે પૃથક્ છે, દેહ કેવી રીતે પૃથક્ છે અને એનો વ્યવહાર કેવી રીતે પૃથક્ છે. આ બેઝિક સિનોપ્સિસ્ છે.

અહીં પછી એક બીજી સિનોપ્સિસ્ શ્રીમહાપ્રભુજીએ ઉપદેશ, લક્ષણ અને પરીક્ષા ની પણ ઇન્ટ્રડ્યૂસ કરી છે.

સિનોપ્સિસ્ એટલે કોઈ ગ્રન્થ કે ચોપડી લખવી હોય તો સૌ પ્રથમ તેના ચેપ્ટર્સ નક્કી કરવામાં આવે. દા.ત. દસ પ્રકરણો. તેના શીર્ષક આપી દેવામાં આવે. પછી તે પ્રકરણોમાં જે મુદ્દાઓ લેવાના હોય તે લખી લેવામાં આવે. પછી તેનો વિસ્તાર કરવામાં આવે.

દા. ત. ષોડશગ્રન્થો ઉપર કંઈક લખવું છે તો સૌથી પહેલું પ્રકરણ આપણે શ્રીમહાપ્રભુજીનું લખીશું. આ પ્રકરણમાં શ્રીમહાપ્રભુજીનો પરિચય, શ્રીમહાપ્રભુજીનું આપણા ધર્મ અને દર્શનમાં મહત્વ, આપનો પ્રાદુર્ભાવ, આપનો સમ્પ્રદાય, એમની ગ્રન્થરચનાઓ વગેરે. આ ઇન્ટ્રડક્ટરી ચેપ્ટર્ હશે. બીજું પ્રકરણ ષોડશગ્રન્થનું હશે. તેમાં આપણે ષોડશગ્રન્થની વિષયવસ્તુ બાબત લખીશું. આમ આ બાબતનો ગ્રન્થ લખાશે.

શ્રીયમુનાષ્ટકની સિનોપ્સિસ્ છે:શ્રીયમુનાજીના આઠ ગુણોનું વર્ણન.

ચતુ:શ્લોકીની સિનોપ્સિસ્ છે : પુષ્ટિમાર્ગીય ધર્માર્થ-કામ-મોક્ષનું નિરૂપણ.

આવી રીતે કોઈ પણ ગ્રન્થની સિનોપ્સિસ્ સમજીએ તો ગ્રન્થને સમજવો સરળ પડે. જેમ આખું ગામ આપણે ફરીને જોઈ લઈએ પછી કોઈ ટેકરી ઉપર ચઢીને ગામને જોઈએ તો નગરરચના બહુ સારી રીતે સમજી શકાય. આને બર્ડસ્ વ્યૂ કહેવાય.

પુષ્ટિપ્રવાહમર્યાદાભેદ ગ્રન્થની મારી ભૂમિકા વાંચશો તો આ ગ્રન્થની સિનોપ્સિસ્ સમજાઈ જશે. માર્ગભેદ, સર્ગભેદ અને ફલભેદ આ મુખ્ય પ્રકરણો છે. માર્ગભેદમાં પાછો પુષ્ટિમાર્ગ છે. પુષ્ટિમાર્ગમાં પાછો પુષ્ટિસર્ગ અને પુષ્ટિફલ છે. તે પછી પ્રવાહમાર્ગ છે. તેમાં પ્રવાહસર્ગ અને પ્રવાહ ફલ છે. તે પછી મર્યાદામાર્ગ. તેમાં મર્યાદાસર્ગ અને મર્યાદાફલ. આ સિનોપ્સિસ્ છે. આ ટોપિકની સિનોપ્સિસ્ થઈ. આની સાથે શ્રીમહાપ્રભુજીએ ગ્રન્થની સ્ટાઈલ તરીકે ઉદ્દેશ્ય, લક્ષણ અને પરીક્ષા ને ઇન્ટ્રડ્યૂસ્ કરી. તે આપણે પહેલા જોઈ ગયા છીએ કે ક્યા ભાગમાં ઉદ્દેશ્ય, ક્યા હિસ્સામાં લક્ષણ અને ક્યા હિસ્સામાં એની પરીક્ષા કરવામાં આવી છે.

વિદ્યાર્થી: ઉપક્રમ-ઉપસંહાર બાબત સમજાશો?

ગો.શ્રીશ્યામમનોહરજી : ટ્રેનના સ્ટેશનોને ધ્યાનમાં લો. કેટલાક સ્ટેશનોને ટર્મિનસ કહેવાય છે. જ્યાંથી ટ્રેન ઉપડે અને જ્યાં ગયા પછી ટ્રેન આગળ ન ચાલે તે બે સ્ટેશનને ટર્મિનસ્ કહેવાય. જેમ કે પશ્ચિમ એક્સ્પ્રેસ્ ટ્રેન મુંબઈથી ઉપડે અને અમૃતસર સુધી જાય તો આ બે સ્ટેશનો તેના ટર્મિનસ્ કહેવાય. આ બે સ્ટેશનો વચ્ચે ઘણા બધા જંક્શનો આવે. દા.ત. વડોદરા, રતલામ વગેરે. જો તમે વડોદરા ઉતરી જાઓ તો અમદાવાદ પણ જઈ શકો. આ સિવાય બીજા ઘણા બધા નાના-મોટા સ્ટેશનો આવે. ક્યાંક ટ્રેન રોકાય ક્યાંકથી ટ્રેન માત્ર પસાર થાય, રોકાય નહિ. આ દાખલાના આધારે તમે ગ્રન્થની સિનોપ્સિસ્ સમજવાનો પ્રયાસ કરો.

ગ્રન્થના પણ બે ટર્મિનસ્ હોય છે : એક ઉપક્રમ અને બીજો ઉપસંહાર. જેમ "નત્વા હરિં સદાનન્દમ્" આ ઉપક્રમ થયો. "ઇત્યેવં ભગવચ્છાસ્ત્રં ગૂઢતત્ત્વં નિરૂપિતમ્" આ ઉપસંહાર થયો. આ બે ટર્મિનસ્ જેવા છે. આ બેના વચ્ચે ઘણા સ્ટેશનો હોય. તેમાં પાછા કેટલાક જંક્શન આવે. જંક્શન પાસે ગ્રન્થનો જે વિષય ફંટાયો તે પછી બીજા કોઈ ગ્રન્થમાં વિચારાશે. તો આને ગ્રન્થની સિનોપ્સિસ્ કહેવાય.

'પુષ્ટિપ્રવાહમર્યાદાભેદ' ગ્રન્થનું એક ટર્મિનસ તો આપણે જાણીએ છીએ કે "પુષ્ટિ-પ્રવાહ-મર્યાદા વિશેષણ પૃથક્-પૃથક્, ... વક્ષ્યામિ" આ છે. આ ગ્રન્થનો ઉપક્રમ છે. ગ્રન્થનો બીજો ટર્મિનસ્ એટલે કે ઉપસંહાર ખોવાઈ ગયો છે એટલે ખ્યાલમાં નથી આવતો. ગ્રન્થમાં આવતાં વચલા જંક્શનો આપણે સમજી શકીએ છીએ. દા.ત. એક તો માર્ગના નિરૂપણનું જંક્શન છે. બીજું સર્ગના નિરૂપણનું જંક્શન છે. ત્રીજું ફલના નિરૂપણનું જંક્શન છે.

હવે, માર્ગના નિરૂપણમાં પાછા અનેક સ્ટેશનો પુષ્ટિમાર્ગ, પ્રવાહમાર્ગ, મર્યાદામાર્ગ ના છે. તેજ પ્રમાણે સર્ગના જંક્શનમાં પણ પુષ્ટિસર્ગ, પ્રવાહસર્ગ અને મર્યાદાસર્ગ ના સ્ટેશનો છે. ફલના જંક્શનમાં પણ પાછા પુષ્ટિફલ, પ્રવાહફલ અને મર્યાદાફલ ના સ્ટેશનો છે.

આ પ્રમાણે આપણે જ્યારે ગ્રન્થને જોઈએ તો પાવાગઢથી જેમ આખે આખું હાલોલ દેખાઈ જાય તેમ ગ્રન્થ પણ આખે આખું આપણે જોઈ શકીએ.

સિનોપ્સિસ્માં દરેકે-દરેક વસ્તુ વાંચવાની જરૂરત હોતી નથી. જેમ પિક્ચરમાં એક તો થીમ હોય અને બીજી સ્ટોરી હોય. આ બે વચ્ચે તફાવત શું? થીમ એટલે પિક્ચર કે નાટક નો સંદેશ નહિ. થીમ એટલે કથા, પણ વિસ્તારથી નહિ, એકદમ સંક્ષિપ્ત. મારા એક ઓળખીતા એક દિવસે કોઈક પિક્ચર જોઈને આવ્યા. મેં એમને પૂછ્યું કે પિક્ચર્ની થીમ શું હતી. એમણે તો શરુકરી દીધું કે સૌથી પહેલા તો એક મકાન દેખાડ્યું. મકાનમાં એક છોકરી રહેતી હતી. તેની સામે એક છોકરો રહે તો હતો. મેં એમને અટકાવીને કહ્યું કે ભાઈ સાહેબ! હું તમને થીમ પૂછી રહ્યો છું તેમાં ત્રણ કલાકની પિક્ચરનું વર્ણન કરવાનું ન હોય. તો સમજો કે થીમ સાંભળતાની સાથે તમને પિક્ચરનો પૂરો ખ્યાલ આવી જવો જોઈએ. એમાં તમને પિક્ચરની જીણી માહિતિઓ કદાચ સમજમાં ન આવે. જેમ ઝાંસીની મહારાણીના ચરિત્રની થીમ આપણે શું કહીએ. એમ ન કહીએ કે એક 'ઝાંસી' નામનું ગામ છે. તેની એક રાણી હતી. રાજાના મર્યા પછી એ રાજમાતા બની. પછી એ રાજ્યમાં પોતાના છોકરાને પોતાનો વારસ બનાવવા માગતી હતી. તે વાત પર અંગ્રેજો ગુસ્સે થઈ ગયા... એમ નહિ. થીમમાં આપણે એટલું જ કહીશું : એક ભારતીય રાણી કે જેણે બ્રિટીશરોની જોહુક્મી સામે સ્વાતન્ત્ર્યતાનો સંગ્રામ લડ્યો. બસ આ થીમ થઈ. આમાં કોઈ મેસેજ નથી આવતો. તો થીમ એટલે સંક્ષિપ્ત સ્ટોરી. સ્ટોરી થી પણ આગળ હોય છે સ્ક્રિપ્ટ અને ડાયલોગ્. મૂવીનું એક-એક સીન કઈ રીતે પિક્ચરાઈઝ કરવામાં આવશે તેના લખાણને સ્ક્રિપ્ટ કહેવાય. તેમાં લખવામાં આવે છે કે સામે એક ઝાડ મૂકવામાં આવશે. એની બાજુમાં એક પહાડ દેખાડવામાં આવશે. હીરો આ

બાજુથી એંટર્ થશે. પછી સામેની બાજુએથી વિલન આવશે ... આ સ્ક્રિપ્ટ કહેવાય. અને ડાયલોગ એટલે કોણ શું બોલશે તે સંવાદ. આ સ્ટોરીથી આગળની વાત છે. તો એક વાત સમજો કે કોઈ પણ ગ્રન્થની થીમ તે એની સિનોપ્સિસ્ કહેવાય. સિનોપ્સિસ્ને ડેવલપ્ કરીએ તો સ્ટોરી બને. પછી એના આધારે સ્ક્રિપ્ટ લખાય. એટલે કે ગ્રન્થ ઉપર લખાયેલી ટીકા-વિવેચનોને આપણે સ્ક્રિપ્ટ કહી શકીએ. દા.ત. હું તમને જે અત્યારે સમજાવી રહ્યો છું તે આ ગ્રન્થની સ્ક્રિપ્ટ અને ડાયલોગ છે. શ્રીમહાપ્રભુજી સ્ક્રિપ્ટ અને ડાયલોગ નથી બતાવતા પણ થીમ અને સ્ટોરી બતાવે છે.

ગ્રન્થને સમજવાની આ એક દ્રષ્ટિ છે. આ દૃષ્ટિ ન કેળવીએ તો આખો ગ્રન્થ વાંચી જઈએ તોય આપણને ગ્રન્થ સમજમાં ન આવી શકે. તેથી આની એક્સરસાઈઝ ખાસ કરવી જોઈએ. કદાચ વ્યાખ્યાન સમજમાં ન આવે તો વાંધો નહિ પણ ગ્રન્થની સિનોપ્સિસ્ તરત દેખાઈ જવી જોઈએ. મકાનમાં માળખાનું જે મહત્વ હોય છે તેવું ગ્રન્થમાં સિનોપ્સિસ્નું મહત્વ હોય છે.

ગ્રન્થની શરૂઆતમાં શ્રીમહાપ્રભુજી પ્રતિજ્ઞા કરેછે:

પુષ્ટિપ્રવાહમર્યાદા વિશેષેણ પૃથક્-પૃથક્॥

જીવ-દેહ-ક્રિયાભેદૈ: પ્રવાહેણ ફલેન ચ॥1॥

વક્ષ્યામિ સર્વસન્દેહા ન ભવિષ્યન્તિ યચ્છ્રુતે:॥

પૃથક્-પૃથક્=અલગ-અલગ
વિશેષેણ=વિષેશરૂપથી
જીવ-દેહ-ક્રિયા-ભેદૈ:=જીવ-
દેહ અને ક્રિયા ના ભેદથી
પ્રવાહેણ=પ્રવાહથી
ચ=તેમજ, ફલેન=ફલથી
પુષ્ટિ-પ્રવાહ-મર્યાદા:=પુષ્ટિ,-
પ્રવાહ અને મર્યાદા(અહં=હું)
વક્ષ્યામિ=કહી રહ્યો છું
યત્=જેને, શ્રુતે:=સાંભળવાથી
સર્વસન્દેહા:=બધા પ્રકારના સન્દેહો
ન=નહિ, ભવિષ્યન્તિ=થાય

પુષ્ટિ, પ્રવાહ અને મર્યાદા એ ત્રણનું નિરૂપણ કઈ રીતે કરવું છે? "વિશેષેણ પૃથક્-પૃથક્ જીવ-દેહ-ક્રિયાભેદૈ: પ્રવાહેણ ફલેન ચ" એટલે કે પુષ્ટિ-પ્રવાહી-મર્યાદા માર્ગીઓના જીવો કયા પ્રકારના, તેઓના દેહ કયા પ્રકારના, તેઓની ક્રિયાઓ કેવી પ્રકારની વગેરે બાબતોને એક વખત વર્ગશ: અને એક વખત એકૈકશ: આમ બન્ને રીતે કહેવી છે. તેથી જ શ્રીમહાપ્રભુજી કહે છે "વિશેષેણ પૃથક્-પૃથક્ વક્ષ્યામિ" અને વળી આપ તે રીતે કહી રહ્યાં છે કે "યચ્છ્રુતે સર્વસન્દેહા ન ભવિષ્યન્તિ" જેને સાંભળ્યા પછી આ ષોડશગ્રન્થમાં જે ઉપદેશ અપાઈ રહ્યો છે તે બાબતમાં કોઈ પણ સન્દેહ તમને રહી નહિ જાય. આ બધી બાબતો તો આપણને સમજવાની જ છે. પરન્તુ આની સાથો-સાથ આ બધાની પાછળ રહેલી શ્રીમહાપ્રભુજીની તત્ત્વદૃષ્ટિને પણ સમજવી અત્યન્ત જરૂરી છે.

જીવો પુષ્ટિમાર્ગ, પ્રવાહમાર્ગ અને મર્યાદામાર્ગ એમ ત્રણ માર્ગના હોય છે એમ જ્યારે આચાર્યચરણ કહે છે ત્યારે તેના ઉપર બીજું પણ એક વર્ગીકરણ છે. તે છે : દૈવીમાર્ગ અને આસુરીમાર્ગ. આવા માર્ગભેદ ઉપર પણ એક વર્ગીકરણને વિચારવું આવશ્યક છે કે જેના કારણે માર્ગભેદો થતાં હોય છે. ટુંકમાં કહું તો તે વર્ગીકરણ છે: એકમેવ અખણ્ડ સચ્ચિદાનન્દ બ્રહ્મનું લીલાર્થ વિભક્ત થવું.

માર્ગભેદનો દાર્શનિક આધાર:
'માર્ગ' એટલે જેનાથી કાંઈક શોધવામાં આવે કે જેના ઉપર ચાલીને ક્યાંક પહોંચી શકાય તે ઉપાય. માર્ગની ભિન્નતાનો આધાર ફરી તેનાથી પ્રાપ્ત થતા ફળ ઉપર રહેલો હોય છે. કારણ કે દરેક માર્ગથી જો કોઈ એક જ વસ્તુ મળતી હોય તો માર્ગભેદની જરૂર જ નથી રહી જતી. અને જો દરેક માર્ગથી સદન્તર જુદી-જુદી વસ્તુઓ જ મળતી હોય તો પછી આપણો શુદ્ધાદ્વૈત નથી ટકતો. આ વાતને જરા સમજો.

આપણે એવો દાવો કરીએ છીએ કે બધે શુદ્ધ અદ્વૈત છે. એટલે કે બ્રહ્મમાં એવો કોઈ પણ દ્વૈત નથી કે જેને કારણે કોઈ પણ ભેદ એટલો મોટો થઈ જાય કે માર્ગ ભિન્ન થઈ જાય, માર્ગથી જે મૃગ્ય (શોધાય/મેળવાય) છે તે પણ ભિન્ન થઈ જાય, જે શોધી રહ્યો છે તે પણ ભિન્ન થઈ જાય અને એની શોધ-ખોળની પ્રક્રિયા પણ બદલાઈ જાય. આટલા બધા ભેદને આધાર આપનારી વાત શુદ્ધાદ્વૈતમાં કઈ હોઈ શકે?

માર્ગ ઉપર ચાલનારા ભલે જુદા-જુદા હોય પણ માર્ગ જો એક જ હોય તો હજી શુદ્ધાદ્વૈતને કંઈક સપોર્ટ મળી શકે. તે જ પ્રમાણે માર્ગો ભલે જુદા હોય પણ તે માર્ગોથી પ્રાપ્ત થનારું લક્ષ્ય-મૃગ્ય જો એક હોય તો પણ શુદ્ધાદ્વૈતમાં ચાલી શકે. અહીં તો, પરન્તુ, મૃગ્ય પણ જુદા-જુદા છે, માર્ગ પણ જુદાં છે અને ચાલનારા પણ જુદાં છે. આવી સ્થિતિમાં પ્રવચનોમાં બહુ ઉપદેશવામાં આવતી વાત કે "બધા જ માર્ગો છેવટે તો એક તત્ત્વ તરફ લઈ જનારા છે" અને જે કહેવામાં આવે છે કે "રુચીનાં વૈચિત્ર્યાત્ રુજુકુટિલનાનાપથજુષામ્ નૃણામ્ એકો ગમ્ય:" એટલે કે માણસ પોત-પોતાની રુચિના મુજબ ચાલીને જુદી-જુદી દિશાઓમાં જાય છે. પણ

છેવટે તો બધા પહોંચે છે તારા સુધી જ. જેવી રીતે પૂર્વ પશ્ચિમ ઉત્તર દક્ષિણ દિશાઓમાં વહેનારી નદીઓ છેવટે પહોંચે છે તો એક દરિયામાં જ. "નૃણામ્ એકો ગમ્યઃ" આમ ગમ્યને પણ કદાચ એક જાળવવામાં આવ્યો હોત તોય શુદ્ધાદ્વૈતે એક રાહતનો શ્વાસ લીધો હોત કે છેવટે ગમ્ય તો એક છે! પણ અહીં તો એય પાછો જુદો છે. તો હવે શુદ્ધાદ્વૈતે ક્યાં જવું? આ મુખ્ય મુદ્દો છે. આને ખાસ ખ્યાલમાં લેજો નહિ તો આ ગ્રન્થને સમજવામાં તકલીફ થશે. હવે આ જબરદસ્ત ભેદને દાર્શનિક આધાર એટલે કે ચિન્તનાત્મક આધાર ક્યાંથી આપવો?

દાર્શનિક/ચિન્તનાત્મક આધાર એટલે શું?

આપણે જે કાર્ય કરતા હોઈએ છીએ તેના ઘણા બધા આધારો હોય છે. એક તો વિધિનો આધાર હોય છે. 'વિધિ' એટલે શાસ્ત્રની આજ્ઞા. આજ્ઞા છે તો કરવું જ પડશે. કોઈ છુટકો જ નથી. આ સિવાય એક ચિન્તનાત્મક આધાર પણ હોય છે. એટલે કે આ વિધિને આધીન મારે શા માટે થવું જોઈએ? જો હું વિધિને આધીન ન થાઉં તો શું થાય? આવું ચિન્તન પણ માણસ કરતો હોય છે. વિધિ તો કંઈ કોરડા મારીને કામ નથી કરાવતી હોતી. અને ધારો કે કોરડા મારે, તોય કોરડા ખાઈ લેવા અને કામ ન કરવું કે કોરડા ન ખાવામાટે કામ કરવું૯એ નિર્ણય કોણ લેશે? જેમ બ્રિટીશોએ ચમ્પારણ્યમાં સત્યાગ્રહ કરવાની ના પાડી. ગાંધીજીએ કહ્યું: "આવીશ" તેઓ ત્યાં ગયા, સત્યાગ્રહ કર્યો. તેઓને પકડવામાં આવ્યા. ન્યાયાધીશે તેમને પૂછ્યું: "તમે તો વકીલાત ભણ્યા છો. ત્યાં જવાની મનાઈ હતી તે શું તમને ખબર ન હતી?" ગાંધીજીએ જવાબ આપ્યો: "ખબર હતી ને!" ન્યાયાધીશે પૂછ્યું: "ખબર હતી તોય તમે કાયદાનો ભંગ કેમ કર્યો?" એમણે કહ્યું: "તેવું કરવામાં મને મારું કર્તવ્ય દેખાયું" એણે કહ્યું: "તમે ગેરકાનૂની કામ કર્યું છે" તો ગાંધીજીએ કહ્યું: "તમે જે કાનૂન બનાવ્યો છે એના કરતાં ચઢિયાતો કાનૂન મારી દ્રષ્ટિમાં છે. અને તે કાનૂનના આધારે મેં કામ કર્યું છે. હવે તમે જે કાનૂનના આધારે અહિંયા ન્યાયાધીશ થયા છો એના હિસાબે તમારે જે દંડ આપવું હોય તે આપો. અને એ વાત યાદ રાખજો કે મેં તમારા કાયદાને તોડીને સત્યાગ્રહ કર્યો છે. હવે, તમારા કાયદા પ્રમાણે જે કાંઈ પણ દંડ મને મળવો જોઈએ તેનાથી થોડો પણ ઓછો દંડ જો તમે મને આપશો તો તમે ગુનેગાર બનશો. એટલી વાતની કાળજી રાખજો" જજે વિચાર્યું કે છોડી જ દ્યોને આને. આવો ગુનેગાર આપણેને પરવડે જ નહિ કે જે ગુનો કરવામાંય બીતો ન હોય અને ગુનાના દણ્ડથી પણ બીતો ન હોય. એવા ગુનેગારનો ખટલો ચલાવવો જ નહિ. તેણે ગાંધીજીને છોડી મૂક્યા. તો દરેક વિધિમાં આવું થવું સમ્ભવ છે. એક વખત માણસ જો નક્કી કરે કે મારે વિધિને અનુસરવું નથી. તે જાણે છે કે ગુનો થશે અને ગુનો થશે તો દંડ પણ થશે. હવે ગુનો કરીને દંડને સાંખી લેવો કે દંડથી બચવા માટે ગુનો ન કરવો એનો નિર્ણય કોણ કરશે? આ નિર્ણય તો માણસે પોતાને કરવાનો છે. આવે વખતે જો માણસ એમ નક્કી કરે કે મને વિધિની પરવા નથી. દણ્ડ સહન કરવા તૈયાર છું. આપો જે દણ્ડ આપવો હોય તે. આવી માનસિકતા જ્યાં હોય ત્યાં વિધિ શું કરી શકે? કશું જ નહિ. એટલે ફરીથી એક વાત સમજવી પડશે કે આ જે ભેદો છે અને જે વિધિઓથી આ ભેદોનું નિયન્ત્રણ થઈ રહ્યું છે એમાં શુદ્ધાદ્વૈતનું સ્થાન ક્યાં છે.

ભેદોનો આધાર પણ એકમેવ સચ્ચિદાનન્દ બ્રહ્મજ:

આ સન્દર્ભમાં એક વાત સમજવી પડશે કે આ ભેદના મૂળીયાં સચ્ચિદાનન્દ બ્રહ્મમાં જ રહેલા છે. આ વાતને જરા સરખી રીતે સમજો. બ્રહ્મ પોતે છે (સત્તા) અને બ્રહ્મને પોતાના હોવાનું ભાન પણ છે (ચૈતન્ય). દા.ત. પત્થરને ભાન નથી કે તે પોતે એક અસ્તિત્વવાન્ વસ્તુ છે. પણ વરસાદમાં જનમતી ઈયળને પોતાના અસ્તિત્વનું ભાન હોય છે. એનો જો જરા પણ

સ્પર્શ કરશો તો તે ભાગી જશે. આ જ સાબિત કરે છે કે એને પોતાના હોવાનું ભાન તો સરખી રીતે છે. આવું ભાન વનસ્પતિઓમાં પણ હોય છે. કોઈ છોડને સૂર્યપ્રકાશ ન મળતો હોય તો જે દિશામાંથી સૂર્યપ્રકાશ આવતો હશે તે દિશામાં ગમે તે પ્રકારે તે પોતાની ડાળીને વાળીને પોતાનો ખોરાક મેળવવાનો પ્રયત્ન કરતો હોય છે. તે જ પ્રમાણે, જે દિશામાં જમીનમાં પાણી હશે તે દિશામાં વૃક્ષ પોતાના મૂળિયાં ફેલાવીને પાણી મેળવી લેશે. ભીંત ઉપર ઉગેલા વડ-પીપળો નીચે તરફ પોતાના મૂળિયાં લઈ જઈને પાણીને શોધતાં જોવા મળશે. આવું તો જ સમ્ભવે જો તેઓને પાતાના હોવાનું ભાન હોય. વેલની લતાઓ આધાર વિના રહી શકતી નથી. મેં એક પ્રયોગ કર્યો હતો. એક વેલની લતાને મેં એવી રીતે અધ્ધર ગોઠવી દીધી કે એને ક્યાંથી પણ આધાર ન મળે. થોડા દિવસ સુધી બિચારી લતા આમ વળે તેમ વળે, આધાર શોધવાનો ખુબ પ્રયત્ન કરે. છેવટે તેણે ક્યાંક ને ક્યાંક થી કોઈ આધાર શોધી જ લીધો. એટલે એને પણ પોતાના હોવાનું ભાન તો છેજ. તો આ પ્રમાણે બ્રહ્મને પોતાની સત્તાનું ભાન છે. વળી, બ્રહ્મને એ ભાનમાં આનન્દ પણ છે. કોઈ જાતનું દુ:ખ નથી. બ્રહ્મને સચ્ચિદાનન્દ આપણે જ્યારે કહેતા હોઈએ છીએ ત્યારે એનો આ અર્થ સમજવો જોઈએ.

હવે સચ્ચિદાનન્દ બ્રહ્મના આવા શુદ્ધાદ્વૈતમાં પુષ્ટિપ્રવાહમર્યાદાના દ્વૈતના લફડા કેમ સમ્ભવે? કંઈ મેળ જ નથી બેસતો. એક તરફ સચ્ચિદાનન્દ એકમેવ બ્રહ્મ તત્ત્વ અને બીજી તરફ પુષ્ટિ, પ્રવાહ અને મર્યાદા માર્ગના ભેદો, સર્ગભેદ, ફલભેદ, સાધનભેદ, જીવભેદ, દેહભેદ, ક્રિયાભેદ ... આ બધું ક્યાંથી આવ્યું? સચ્ચિદાનન્દ બ્રહ્મના અખણ્ડાદ્વૈતમાં આવા ભેદો ઉદ્ભવ્યા ક્યાંથી! શું આ બધી માણસના મનની ફિતુર છે! અથવા, શું સચ્ચિદાનન્દને સરખી રીતે ન સમજવાને કારણે ખોટી રજુઆત થઈ રહી છે!

ત્રિવિધ પરિચ્છેદ રહિત બ્રહ્મ:

ઉપરોક્ત બધી બાબતોના સમાધાન રૂપે શ્રીમહાપ્રભુજી સમજાવે છે કે સચ્ચિદાનન્દ બ્રહ્મ પોતાના આનન્દને માણે છે. બ્રહ્મ સિવાય બીજું કશું હોય તો તે બીજાને માણે ને! તેથી તે પોતાનાજ આનન્દને માણે છે. હું નોખો અને ઢોકળાં નોખા તો હું ઢોકળાંને માણું. પણ મારાથી ઢોકળાં નોખા હોય જ નહિ તો! દયારામભાઈ કહે છે ને "જળને શો જળનો સ્વાદ! જન જુદો રહી પામે આહ્લાદ, સેવો શ્રીકૃષ્ણ કૃપાળ" જળને તો કાંઈ તરસ હોય જ નહિ કે જે જળપાનથી મટે. આપણને તરસ હોય. કેમકે આપણે પાણીથી જુદા છીએ. કામ કરતા-કરતા વોટર એલિમેન્ટ ઓછું થાય એટલે પાછી તરસ લાગે. તરસ લાગે એટલે પાણી પીને વોટર એલિમેન્ટ નું બેલેન્સ આપણે સરખું કરી લેતા હોઈએ છીએ. એમ બ્રહ્મને કોઈ જુદી વસ્તુની આકાંક્ષા તો હોઈ શક્તી નથી. એ તો પોતે જ છે, પોતે પોતાના હોવામાં સભાન છે. અને તેની સભાનતામાં કોઈ પણ જાતનો પરિચ્છેદ (લિમિટેશન-સીમા) નથી. આ વાતને જરા ધ્યાન પૂર્વક સમજો.

દરેક વસ્તુની ત્રણ સીમાઓ હોય છે:કાલની સીમા, દેશની સીમા અને સ્વરૂપની સીમા. દા.ત. જે જન્મે છે તે ક્યારેક જન્મે છે. એટલે કે તેની જન્મવાની કોઈક તારીખ, કલાક, દિવસો હોય છે. આને 'કાલકૃતપરિચ્છેદ' કહેવાય. બ્રહ્મને કાળની પણ કોઈ સીમા નથી કે જેથી તે અત્યારે હોય અને કાલે ન હોય.

'દેશકૃતપરિચ્છેદ' એટલે અહિંયા છે તે ત્યાં નથી. ત્યાં જે છે તે અહિંયા નથી. આને 'દેશકૃતપરિચ્છેદ' કહેવાય. બ્રહ્મને દેશની કોઈ સીમાઓ નથી કે જેથી તે અહિંયા હોય અને ત્યાં ન હોય.

સ્વરૂપકૃતપરિચ્છેદ. 'સ્વરૂપકૃતપરિચ્છેદ' એટલે આ વસ્તુ આ છે પણ તે વસ્તુ નથી. એટલે કે ઘોડો એ ઘોડોજ છે પણ વાઘ નથી. ખ્યાલમાં આવ્યું ને? બ્રહ્મને સ્વરૂપની પણ કોઈ સીમા નથી કે જેથી એમ કહી શકાય કે આ બ્રહ્મ છે અને આ બ્રહ્મ નથી. એટલે, એવી કોઈ વસ્તુ દુનિયામાં છે જ નહિ કે જે વસ્તુ બ્રહ્મ ન હોય. જો કંઈ છે તો તે બ્રહ્મ જ છે અને જો બ્રહ્મ નથી તો કશું જ નથી. તેથી બ્રહ્મનું સચ્ચિદાનન્દપણું ત્રિવિધ (દેશ-કાલ-સ્વરૂપકૃત) પરિચ્છેદથી રહિત છે. આ મુદ્દાની વાત સમજવાની છે. દેશકૃત, કાલકૃત અને સ્વરૂપકૃત પરિચ્છેદ-સીમાઓથી
રહિત બ્રહ્મ છે.

જે કંઈ દુ:ખો દુનિયામાં છે તે પણ, ધ્યાનથી સમજો કે, કોઈ ને કોઈ દેશકૃત, કાલકૃત, સ્વરૂપકૃત પરિચ્છેદને કારણે છે. જો પરિચ્છેદ નથી તો કોઈ દુ:ખો પણ નથી. સ્વજનનું મૃત્યુ થાઈ જાય તો આપણને દુ:ખ થતું હોય છે. શા માટે? કારણ કે કાલકૃત પરિચ્છેદ છે. કાલે હતાં આજે નથી. જે સ્વજન આપણી સાથે હળી-મળીને રહેતો હોય તે આપણને સારો લાગતો હોય છે અને જે ઝઘડો કરતો હોય તે ગમતો નથી હોતો. શા માટે? કારણ કે સ્વરૂપકૃત પરિચ્છેદ છે. આપણાથી કોઈ જુદું છે ત્યારે કંઈ પણ સારું કે ખરાબ લાગે છે. તો જે કાંઈ પણ દુ:ખ છે તે, ધ્યાનથી સમજો, ત્રિવિધ પરિચ્છેદને કારણે ઉભા થતા હોય છે. જ્યાં પરિચ્છેદ નથી ત્યાં કદી કોઈ દુ:ખ હોઈ શક્તું નથી. કદી દુ:ખ હોઈ શક્તું નથી એ બ્રહ્મનું આનન્દનું સ્વરૂપ છે. એ ત્રિવિધ પરિચ્છેદથી રહિત છે એટલે જ આનન્દને ક્યારેક 'અનન્ત' પણ કહેવાય છે. અનન્તને જ ક્યારેક 'આનન્દ' પણ કહેવાય છે. "સત્યં જ્ઞાનમનન્તં બ્રહ્મ" પણ કહેવાય છે અને "સત્યં જ્ઞાનમાનન્દં બ્રહ્મ" પણ કહેવાય છે. સરવાળે બ્રહ્મને 'સચ્ચિદાનન્દ' કહેવાય છે. એ સચ્ચિદાનન્દ બ્રહ્મમાં પુષ્ટિ-પ્રવાહ-મર્યાદાના ભેદો અને તે પણ પાછા સર્ગ, માર્ગ, ફલ વગેરે નોખા-નોખા લેવલ્ પર ક્યાંથી થઈ ગયા?

તે પોતે વિભક્ત થયો:
આ વાતને સમજવામાટે એક વાત ખ્યાલમાં લેવી પડશે કે બ્રહ્મ પોતાના આનન્દને અનુભવવામાટે જ આનન્દ અને આનન્દને અનુભવનાર બન્યો છે. વાત સમજમાં આવી? ફરીથી કહું છું, બ્રહ્મ પોતાના જ આનન્દને અનુભવવા માટે, બીજાના આનન્દને અનુભવવા

માટે નહિ, આનન્દ અને આનન્દને અનુભવનાર બને છે. આ બાબતને આપણે એક સરળ ઉદાહરણથી સમજીએ. ન્હાઈને માથું ઓળીએ ત્યારે આપણને એક અરીસાની જરૂર પડતી હોય છે. તેનાથી આપણને બરાબર સમજ પડે છે કે વાળ બરોબર ઓળાયા કે નહિ. આ વાળ ઓળવાની પ્રક્રિયામાં આપણને એક જાતનો આનન્દ પણ આવતો હોય છે. આ પ્રક્રિયામાં આપણે કોનો આનન્દ લેતા હોઈએ છીએ? બીજાનો? ના. અરીસાનો? અરીસાનો આનન્દ લે એ તો ગાંડો કહેવાય. આપણે તો આપણા ચહેરાનો જ આનન્દ લેતા હોઇએ છીએ કે કેવા વાળ મેં ઓળ્યા છે. જેવા ઓળવા હતા બરોબર તેવાજ ઓળાયા છે. ખ્યાલમાં આવ્યું ને. તેથી જ્યારે આપણે ડ્રેસિંગ્-ટેબલ્ સામે ઉભા થઈએ ત્યારે આપણે પોતાનો જ આનન્દ લેતા હોઈએ છીએ. પોતાનો આનન્દ લેતા હોવા છતાંય આપણને તેનામાટે આપણાથી અન્ય એવા એક અરીસાના દ્વૈતની જરૂર પડતી હોય છે. વચ્ચે એક વાત યાદ આવે છે તે કહું છું. હું જ્યારે નાનો હતો ત્યારે મારા ખૂબ મોટાં વાળ હતા. રમત-ગમતમાં મને વાળ ઓળાવવાનો કંટાળો આવતો. તેથી મને બે પગ વચ્ચે પકડીને દબાવીને તેલ માલીશ કરીને મારા વાળ પરાણે ઓળવામાં આવતા હતા. એ વાત નાનપણથી મારા મનમાં પેસી ગઈ હતી. તેથી નાનપણથી મેં એવી મહેચ્છા રાખી હોતી કે મોટો થઈશ ત્યારે કોઈ દિવસ વાળ નહિ ઓળું. પણ, મોટા થયા પછી ખબર પડી કે વાળને સાવ ન ઓળીએ તો ન ચાલે. વાળ ઓળવાની પણ ઉપયોગિતા છે જ. એને કારણે આપણા વાળમાં કાંઇક સુવિધા રહે છે. એટલે એક વખત દિવસમાં અરીસા સામે વાળ ઓળું છું. આપણે મૂળ વાત પર આવીએ કે વાળ ઓળવામાં જેમ આપણે આપણો જ આનન્દ લેતા હોઈએ છીએ તેમ બ્રહ્મ પણ પોતાનો આનન્દ લેવા પોતેજ આનન્દ અને આનન્દને માણનાર બનેછે.

બ્રહ્મવાદની બ્રાહ્મિકી સૃષ્ટિપ્રક્રિયા:

હવે ધ્યાનથી સમજો કે આપણે આખી સૃષ્ટિની પ્રક્રિયાને આ રીતે બ્રહ્મમાંથી તારવીએ છીએ. ઉપનિષદ્ કહે છે: "સ એકાકી ન રમતે. સ દ્વિતીયમૈચ્છત્" તે એકલો રમણ કરતો ન હતો, એટલે કે બ્રહ્મ પોતાનો આનન્દ પોતે પોતાની એકાકિતામાં માણી રહ્યો ન હતો તેથી એણે પોતાની જાતને બે રીતે પ્રકટ કરી. "સ આત્માનં દ્વેધા પાતયત્" એણે પોતાની જાતને બે રીતે વહેંચી. એક રીતે એ દૃશ્ય બન્યો અને બીજી રીતે તે દ્રષ્ટા બન્યો.

'દૃશ્ય' એટલે તે કોઈક રીતે અનુભવમાં આવે એવો બન્યો. દ્રષ્ટા અને દૃશ્ય બનવાની પ્રક્રિયામાં સૌથી પહેલો ભેદ ઉત્પન્ન થયો. જે સચ્ચિદાનન્દ એક હતો જેમાં કોઈ પરિચ્છેદ ન હતા તે પરિચ્છિન્ન થઈને દૃશ્ય અને દ્રષ્ટા આમ બે બન્યો. પરિચ્છેદ ઉત્પન્ન થતાં દૃશ્ય અને દ્રષ્ટા વચ્ચે ભેદ થયો. આને ફરી આપણે દર્પણના ઉદાહરણથી સમજી શકીએ. અરિસામાં આપણું જે મુખ છે એ દૃશ્ય છે પણ દ્રષ્ટા નથી અને પ્રતિબિમ્બિત મુખને જોનાર આપણે દૃશ્ય નથી, દ્રષ્ટા છીએ.

દ્રષ્ટા-દૃશ્ય બનવામાં કિઞ્ચિદ્ વિપર્યય:

ધારો કે કોઈક વખતે આરીસામાંથી તમને કોઈક ટકોર કરે "અરે! તમે વાળ સરખી રીતે નથી ઓળ્યાં" શું પરિણામ આવે? આપણે ભાગવા માંડીએ. હવે માથું નથી ઓળવું. અરીસો નથી બોલતો એટલે આપણને આનન્દ છે. એટલે એક વાત સમજો કે જે દૃશ્ય છે એમાં કોઈક જાતનું મૌન પણું આવ્યું છે. દ્રષ્ટા બોલે છે-વિચારે છે: "વાળને આમ ઓળી લઉં, તેમ ઓળી લઉં, અહીં ચોટી વાળું, અહીં સેંથો કરું, પાવડર લગાઉં, ચાંદલો લગાડું, કાજળ લગાડું" વગેરે વગેરે. ભેદો બધા દ્રષ્ટાના મનમાં જાગી રહ્યાં છે. દૃશ્ય તો બિચારું સમર્પણ કરી દે છે કે "જેમ તને કરવું હોય તેમ કર, તું જેમ જોવા માંગશે તેમ હું દેખાતો જઈશ" દૃશ્યમાં એક જાતના સમર્પણનો ભાવ છે. જ્યારે દ્રષ્ટામાં કર્તાનો ભાવ છે. કર્તાનો ભાવ દ્રષ્ટામાં આવી ગયો તેથી દૃશ્ય કંઈ કામ જ નથી કરતો એવું નથી હોતું. દૃશ્ય પણ કંઈ કામ તો કરે જ છે પણ કારયિતા દ્રષ્ટા છે. તમે માથું ઓળશો તો દર્પણમાં પણ માથું ઓળાશે. પણ ત્યાં કર્તા બનીને ઓળાશે જ્યારે કે તમે કારયિતા થઈને ઓળશો. તફાવત કેવળ એટલો પડશે કે તમારું રાઇટ્ એનું લેફ્ટ્ થશે અને એનું રાઇટ્ તમારું લેફ્ટ થશે. આ ડાબા-જમણાની વાત આવી તો એક રોચક પ્રસઙ્ગ તમને સંભળાવું.

સંસ્કૃત ટીકાઓ સાથે જ્યારે મેં ષોડશગ્રન્થો છપાવ્યા ત્યારે એમાં એક ગોસ્વામી બાળકનો ફોટો મુકવાનો થયો. બહુ ચીવટ પૂર્વક મેં તેના નીચેના લખાણ વગેરેનું પ્રૂફરીડિંગ કર્યું. ફોટો તો જેવો હોય તેવો જ છપાય તેમાં શું ચિન્તા કરવાની! એવું વિચારીને ફોટાની કાળજી લેવાઈ નહિ. મહારાજશ્રીનો ફોટો હાથમાં ગૌમુખી લીધેલો હતો. જ્યારે પુસ્તક છપાઈને હાથમાં આવી ત્યારે જોયું તો મહારાજશ્રીનો ફોટો ઊંધો છપાઈ ગયો હતો. નેગેટિવ ઊંધી મુકાઈ જવાથી આવું થયું હતું. આ ભોપાળાની ખબર ત્યારે પડી કે જ્યારે એક ભાઈએ મને પૂછ્યું કે "પેલા મહારાજશ્રી ડાબા હાથે જપ શા માટે કરતાં હશે?" એટલે, સમજો, દ્રષ્ટાના દૃશ્ય બનવાની પ્રક્રિયામાં જમણાનું ડાબું અને ડાબાનું જમણું થઈ શકે. આટલો વિપર્યય સમ્ભવ છે. તે વિપર્યયને આપણે બ્રહ્મ-જગત્માં પણ અનુભવીએ છીએ. બ્રહ્મ જેવો છે તેવો જગત્ બન્યા પછી અનુભવાતો નથી. બ્રહ્મ આનન્દસ્વરૂપ છે. એના આનન્દ હોવાની પ્રક્રિયા કોઈ ભ્રમણા ભરેલી નથી, જ્ઞાનાત્મિકા પ્રક્રિયા છે. એ જ્ઞાન કોઈ ભ્રાન્તિજ્ઞાન નથી, સત્ય અનુભૂતિ છે. એના આનન્દમાં ચૈતન્ય અને ચૈતન્યમાં સત્તા ભરાયેલી છે. આપણે એનાથી ઊંધા થઈ ગયાં છીએ. સચ્ચિદાનન્દ આપણે પણ છીએ પણ આપણામાં બહાર સત્તા છે એની ભીતર ચૈતન્ય છે અને એની ભીતર અન્તર્યામી રૂપે આનન્દ ભરાયેલો છે. આ જે વિપર્યય થયો છે બસ એમાં જ આખી સૃષ્ટિનું રહસ્ય સમાયેલુંછે.

વિદ્યાર્થી:કર્તા અને કારયિતા નો અર્થ સમજાવશો?
ગો.શ્રીશ્યામમનોહરજી:'કર્તા' એટલે કરનાર અને 'કારયિતા' એટલે કરાવનાર. જ્યારે દર્પણની સામે તું માથું ઓળે છે ત્યારે કર્તા કોણ છે?
વિદ્યાર્થી:દૃશ્ય.
ગો.શ્રીશ્યામમનોહરજી:અને કારયિતા કોણ છે?
વિદ્યાર્થી:હું.

ગો.શ્રીશ્યામમનોહરજી:બરાબર. આ જ સિદ્ધાન્ત અહીં પણ છે. બ્રહ્મ કારયિતા છે અને જીવ કર્તા છે. બ્રહ્મ કારયિતા થયો એટલું જ નહિ તે ભોક્તા પણ થયો. આપણે બ્રહ્મના ભોગ્ય બન્યાં. બ્રહ્મ દ્રષ્ટા થયો અને આપણે દૃશ્ય થયાં. બ્રહ્મ કારણ થયો આપણે કાર્ય બન્યાં.

દર્પણમાં પ્રતિબિમ્બ દેખાય છે તેનું કારણ કોણ? બિમ્બ.
કાર્ય શું? પ્રતિબિમ્બ.
દર્પણમાં જે પ્રતિબિમ્બ દેખાય છે એનો દ્રષ્ટા કોણ? બિમ્બ.
દૃશ્ય કોણ? પ્રતિબિમ્બ.
દર્પણમાં જોવાની પ્રક્રિયામાં જે મજા આવી રહી છે તે મજાને માણનાર કોણ? બિમ્બ.
અને મજા કોની માણવામાં આવી રહી છે? પ્રતિબિમ્બની.

જેમ-જેમ આપણે આપણા મુખની સજાવટ કાજળ, પાવડર વગેરેથી કરતા જઈએ તેમ-તેમ પ્રતિબિમ્બમાં રૂપ નિખરતું જાય. અને તેમ-તેમ આપણને મજા આવતી જાય. એટલે એકઘદરે તે આનન્દ માણનારો નહિ પણ આનન્દ બની જાય છે, આનન્દ માણવાનો વિષય બને છે અને એ આનન્દને માણવાનો કર્તા બિમ્બ બને છે. આવો બિમ્બ-પ્રતિબિમ્બભાવ છે.

વિદ્યાર્થી:આપે કહ્યું કે સૃષ્ટિ કરતી વખતે બ્રહ્મ બિમ્બ-પ્રતિબિમ્બભાવને ધારણ કરે છે. શ્રીશઙ્કરાચાર્યજી બિમ્બ-પ્રતિબિમ્બના દૃષ્ટાન્તથી જીવના મિથ્યાત્વનું પ્રતિપાદન કરે છે. તો આપ જે બિમ્બ-પ્રતિબિમ્બનું દૃષ્ટાન્ત આપી રહ્યા છો તેના પાછળ શું તાત્પર્ય છે?

ગો.શ્રીશ્યામમનોહરજી:એક્ચ્યુઅલિ હજી હું જીવ સુધી તો પહોંચ્યો પણ નથી. જીવનો વિષય તો હજી બહુ વાર પછી આવશે. આ તો બ્રહ્મ જે પોતાના આનન્દને માણી રહ્યો છે તે માણવાની પ્રક્રિયામાં એણે પોતાની જાતને જે બે રીતે વિભક્ત કરી છે તેને હું બિમ્બ-પ્રતિબિમ્બ ના દૃષ્ટાન્તથી સમજાવી રહ્યો છું. શ્રીશઙ્કરાચાર્યજી જે બિમ્બ-પ્રતિબિમ્બભાવ કહે છે એ તો મિથ્યા પ્રતિબિમ્બ અને પરમાર્થ બિમ્બ ના અર્થમાં કહે છે. જ્યારે કે હું અનુકારી અને અનુકાર્ય ના અર્થમાં બિમ્બ-પ્રતિબિમ્બભાવ કહી રહ્યો છું. ‘અનુકારી’ એટલે નકલ કરનાર. જેમ આપણે "મિટ્ઠુ પોપટ” બોલીએ અને તે સાંભળીને પોપટ આપણું અનુકરણ કરે. આને ‘અનુકારી’ કહેવાય. આમાં પોપટ તો મિથ્યા નથી ને! તો અનુકારી અને અનુકાર્ય હોવાના અર્થમાં આ વાત હતી. મિથ્યા કે સત્ય હોવાની બાબતમાં આ ઉદાહરણ નથી. બ્રહ્મના આનન્દને માણવાની પ્રક્રિયામાં એક આનન્દ માણનારો છે અને બીજું જેને માણવામાં આવી રહ્યું છે તે આનન્દ છે. આમાં કોણ અનુકારી છે અને કોણ અનુકાર્ય છે એટલી જ વાત છે. એટલે મૂળ મુદ્દો એ હતો કે સચ્ચિદાનન્દ બ્રહ્મામાં આનન્દને માણવામાટે આ પ્રકારે ભેદ થયો.

વિદ્યાર્થી: બે પ્રશ્નો છે. ઉપનિષદ્માં બ્રહ્મમાટે કહેવાયું છે કે "સ વૈ નૈવ રેમે; તસ્માદ્ એકાકી ન રમતે. સ દ્વિતીયમૈચ્છત્" આવા બીજા પણ અનેક વચનો શાસ્ત્રમાં છે કે જેમાં માનવીય ભાવોનો આરોપ ઈશ્વર પર કરવામાં આવ્યો હોય એવું લાગે છે. બીજું, આપ્તકામને ઇચ્છા શામાટે થાય? ઈશ્વરને રમણની ઇચ્છા થઈ એવું કહેતાં તેનામાં અપૂર્ણતાનો દોષ નથી આવતો? તેથી એક તો ઈશ્વરનું માનવીકરણ અને બીજું તેમાં અપૂર્ણતાનો દોષ આ બે બાબતમાં પ્રશ્ન છે.

ગો.શ્રીશ્યામમનોહરજી:માનવીય ધર્મોના ઈશ્વર ઉપર આરોપની જ્યાં સુધી વાત છે તો હું આપને કહું કે માનવમાં ચેતના છે તે કારણે શું આપણે ઈશ્વરને ચેતન માનીએ છીએ? માનવમાં આનન્દ છે તે કારણે શું ઈશ્વરને આપણે આનન્દસ્વરૂપ માનીએ છીએ? અને છેલ્લે, ડાઇવ્ લગાવી રહ્યો છું કે, આપણે છીએ તેથી શું ઈશ્વરનું અસ્તિત્વ છે? તેથી માનવીય ધર્મોના આરોપની જે વાત છે તેનો કોઈ છેડો નથી. આરોપ તો લાગતા જ રહેશે. ઈશ્વર કદાચ ઊલટાનું એમ સમજતો હશે કે મનુષ્યે એવો ફાંકો કેમ રાખ્યો કે તે છે તેથી હું છું! ઈશ્વર તો એમ સમજતો હશે કે હું છું તેથી મનુષ્ય છે, હું ચેતન છું તેથી મનુષ્ય ચેતન છે, મારામાં આનન્દ છે તેથી મનુષ્ય આનન્દને અનુભવે છે. એક ઇન્ટરેસ્ટિંગ્ વાત કહું છું. મુમ્બઈમાં એક રામદાસભાઈ હતા. તેમને ઓચિન્તી એવી ભ્રમણા થઈ ગઈ કે તેઓ અભિનેત્રી વૈજયન્તિમાલાના વર છે. ભૂલે-ચૂકે જો કોઈ એમને કહી દે કે તેઓ વૈજયન્તિમાલાના વર નથી તો તેઓ ગુસ્સે થઈ જતાં. આ જ પ્રમાણે માણસને પણ રામદાસભાઈની માફક ક્યાંક ભ્રમણા તો નથી થઈ ગઈ ને કે તેના કારણે ઈશ્વર સત્ છે, ચેતન છે, આનન્દ છે. ઈશ્વર માણસને કહેતો હશે કે ભાઈ, તને કોણે કહી દીધું કે તું છે, કોણે કહ્યું કે તું ચેતન છે, કોણે કહ્યું કે તું આનન્દ છે. આ તો તું મારા ધર્મોનો આરોપ તારા ઉપર લગાવી રહ્યો છે, રામદાસભાઈની માફક. મનુષ્ય સચ્ચિદાનન્દતાની વૈજયન્તિમાલાનો વર છે એવી ટોપી તેણે પહેરી કેમ? એટલે, માનવીય ગુણોનો આરોપ ઈશ્વર ઉપર થાય છે એવું કહેતા પહેલાં આપણે એ પાસાનો વિચાર કરવો પડશે કે માનવમાં એ ગુણો ક્યાંથી આવ્યાં. આને જો વૃક્ષ-બીજના દૃષ્ટાન્તથી સમજીએ તો આંબો તો જ ઉગે અને તેને કેરી તો જ લાગે જો જમીનમાં કેરીની ગોટલી વાવી હોય. એવું તો ન સમ્ભવી શકે ને કે જમીનમાં કેરીની ગોટલી વાવી જ ન હોય અને વૃક્ષ ઉપર કેરી ઉગી જતી હોય. અને પાછી વૃક્ષ ઉપરની કેરી એવો ઘમણ્ડ કરે કે મારા અન્દર ગોટલી છે તેથી જમીનમાં પણ ગોટલી હોવી જોઇએ. તો આવી સમસ્યાનું નિરાકરણ કેવી રીતે કરવું. અને જે સમાધાન આ સમસ્યાનું મળશે એ જ સમાધાન ઈશ્વર ઉપર માનવીય ગુણોના આરોપણની બાબતમાં પણ લાગુ પડશે "યશ્ચોભયો: સમો દોષ: પરિહારશ્ચ તયો: સમ:" (અર્થાત્ મનુષ્યના ગુણોને જો કોઈ ઠોસ પ્રમાણ વિના તેના અનાદિ/જન્મજાત ગુણો માનવામાં આવતાં હોય તો તે જ ન્યાયે ઈશ્વરમાં પણ સચ્ચિદાનન્દાદિ ગુણોને ઈશ્વરીય ગુણ તરીકે માનવા જ પડેશે).

હવે ઈશ્વરના અપૂર્ણ હોવાની વાતને લઈએ. ઇચ્છા અપૂર્ણને જ થતી હોય છે એ વાત તદ્દન સાચી છે. પણ સાથો-સાથ એક વાત ઓર વિચારવાની રહે છે કે જો સમ્પૂર્ણ (બ્રહ્મ)

અપૂર્ણતાને ચાહે તો તેની તેવી ચાહના સમ્પૂર્ણતાની દ્યોતક ગણાય કે અપૂર્ણતાની! દા.ત. શિક્ષક કોઈ વિદ્યાર્થીને ચાહે, દાતા કોઈ ભિક્ષુકને ચાહે તો તે શું એની અપૂર્ણતાનું દ્યોતક ગણાશે? શિક્ષકમાં વિદ્યા અપૂર્ણ છે તેથી શું તે વિદ્યાર્થીને ચાહી રહ્યો છે? દાતાપાસે ધન ઓછું છે તેથી શું તે ભિક્ષુકને ચાહી રહ્યો છે? તેથી, વાત બરાબર સમજો કે જ્યારે કોઈ ભિક્ષુક દાતાને ચાહે છે ત્યારે તે ઇચ્છાનો એક પ્રકાર છે અને દાતા જ્યારે ભિક્ષુકની ઇચ્છા કરે છે; જ્ઞાની જ્યારે જિજ્ઞાસુની ઇચ્છા કરે છે ત્યારે તે ઇચ્છનો કોઈક બીજો પ્રકાર છે. ખ્યાલમાં આવ્યું ને! આ પ્રમાણે, આનન્દ (બ્રહ્મ) નિરાનન્દની ઇચ્છા કરે છે, તે માટે કે "લાવ જોઉં તો ખરો કે આનન્દ કેવો હોય છે! હું કેવો છું!" તો આમાં બ્રહ્મમાં અપૂર્ણતા ક્યાં આવી? કે પછી એ જ પૂર્ણતાનું પ્રમાણ છે! તો આ પણ એક પાસો વિચારવાનો રહે છે. એટલે, ઇચ્છાને કારણે અપૂર્ણતા થશે એ વાત સો-એ-સો ટકા સાચી પરન્તુ ઇચ્છાના ભેદ પાડીને વિચારશો તો વાત સ્પષ્ટ થશે કે એક તો અપૂર્ણને થતી પૂર્ણતાને મેળવવાની ઇચ્છા અને બીજી પૂર્ણને થતી અપૂર્ણ બનવાની ઇચ્છા.

નદી પૂર્ણતા મેળવવામાટે જેમ સાગર તરફ દોડતી હોય છે તેવી પૂર્ણની ઇચ્છા નથી હોતી. પૂર્ણ (બ્રહ્મ)ની ઇચ્છાને સાગરને થતી વર્ષાજલ બનવાની ઇચ્છાથી સમજી શકો છો. સાગર પોતાનામાં પૂર્ણ જ છે. એને વળી જલની ઇચ્છા કેવી! પણ એને અપૂર્ણ બનવાની ઇચ્છા થાય છે. એ જોવા માટે કે લાવ જોઉં તો ખરો કે મારી પૂર્ણતા કેવી છે. તો, અપૂર્ણ બન્યા સિવાય તે પોતાની પૂર્ણતાને જોઈ કેમ શકશે. સાગર બાષ્પીભવનની પ્રક્રિયાથી વર્ષાજલ બને છે (ઉત્પત્તિ), વરસે છે, નદીનું રૂપ ધારણ કરે છે, પાછો સાગર તરફ વહે છે (સ્થિતિ) અને અન્તે સાગરમાં ભળી જાય છે (લય). આમાં સાગરની અપૂર્ણતા પ્રકટ થાય છે કે સાગરની ક્રીડા! એટલે જ વ્યાપારાત્મિકા ઇચ્છા અને લીલાત્મિકા ઇચ્છા એમ ઇચ્છાના બે ભેદ સમજવા પડશે. પૂર્ણને થતી ક્રીડાની ઇચ્છા ક્યારે પણ તેની અપૂર્ણતાનું પ્રમાણ બની નથી શકતી. એટલે એવી ઇચ્છાથી બ્રહ્મની કોઇ પણ જાતની અપૂર્ણતા સિદ્ધ થતી નથી. અને કદાચ થતી પણ હોય તો પણ શું વાંધો છે? આપણે બસ એટલું વધારે ઉમેરીશું કે તે પૂર્ણ છે પણ એવો પૂર્ણ નથી કે જે પોતાની પૂર્ણતાને માણી ન શક્તો હોય.

તો "સ આત્માનં દ્વેધાપાતયત્. પતિશ્ચ પત્નીચાભવતામ્" તે ન્યાયે લીલાની ઇચ્છાને કારણે બ્રહ્મમાં સર્વ પ્રથમ બે ભેદો ઉભાં થાય છે. બ્રહ્મ ભોક્તા-ભોગ્ય, દ્રષ્ટા-દૃશ્ય, કર્તા-કાર્ય વગેરે બને છે. ત્યારે શ્રીમહાપ્રભુજી એક ગજબની વાત સમજાવે છે કે આ પ્રક્રિયામાં ખાલી રીવર્સલ્ (અવળું-સવળું) જ થયું છે. જેમ બિમ્બ-પ્રતિબિમ્બમાં પ્રતિબિમ્બનો ડાબો તે મારો જમણો અને મારો ડાબો તે પ્રતિબિમ્બનો જમણો હોય છે એવું રિવર્સલ્ સૃષ્ટિપ્રક્રિયામાં પણ થાય છે. તેથી આ પ્રક્રિયામાં જે કર્તા છે તેમાં કાર્ય પણ છુપાઈને રહે છે અને કાર્યમાં કોઈક પ્રકારે કર્તા પણ છુપાઈને રહેલો હોય છે. તે જ રીતે દ્રષ્ટામાં દૃશ્ય, દૃશ્યમાં દ્રષ્ટા, ભોક્તામાં ભોગ્ય અને ભોગ્યમાં એક ભોક્તા પણ છુપાયેલો હોય છે.

આ વાતને જરા ધ્યાનથી સમજજો. ધારો કે આપણે દર્પણમાં જોઈ રહ્યા છીએ. દર્પણમાં આપણી આંખોનું પ્રતિબિમ્બ જ્યાં પડે છે બરોબર તે જ જગાપર એક તડ છે. આવી સ્થિતિમાં શું થશે? આપણે બરોબર જોઈ નહિ શકીએ. કોઈક જાતનો અન્ધાપો આવી જશે. આમાં સમજવાની વાત એ છે કે દર્પણમાં રહેલી આંખોમાં પણ એક જાતનું દ્રષ્ટાપણું છુપાયેલું છે. દર્પણમાં પડતા પ્રતિબિમ્બમાં કોઈક જાતનો કારયિતા પણ છુપાયેલો હોય છે. કારણ કે જ્યારે તમે વાળને ઓળો છો ત્યારે તે તમારા વાળને સરખી રીતે ઓળાવે છે.

દૃશ્યમાં છુપાયેલા દ્રષ્ટાને આપણે ત્યાંની પરિભાષામાં 'ગૂઢ સ્ત્રીભાવ' કહેવામાં આવે છે. આ શબ્દો મોટે ભાગે આનન્દના સન્દર્ભમાં વપરાતાં હોય છે. પરન્તુ આ બાબતમાં એક વાત સરખી રીતે સમજી લેવી જોઇએ કે 'ગૂઢ પુમ્ભાવ'નો અર્થ છે: ગૂઢ ભોગ્યભાવ. અને 'ગૂઢ સ્ત્રીભાવ'નો અર્થ છે: ગૂઢ ભોક્તૃભાવ. આ વાત જેમ આનન્દના સન્દર્ભમાં કહેવાતી હોય છે તે જ રીતે દ્રષ્ટાના સન્દર્ભમાં પણ હોય છે. એક ગૂઢ દ્રષ્ટા હોય છે અને એક ગૂઢ દૃશ્ય હોય છે. તે જ રીતે એક ગૂઢ કર્તા હોય છે અને એક ગૂઢ કાર્ય હોય છે. આને જો ધ્યાનથી વિચારશો તો સમજમાં આવશે કે આંબાના મૂળમાં રહેલી ગોટલીમાં પ્રકટ કારણભાવ છે પરન્તુ કાર્યભાવ ગૂઢ છે. જ્યારે કે આંબાના ફળમાં રહેલી જે ગોટલી છે તેમાં પ્રકટ કાર્યભાવ છે પણ કારણભાવ ગૂઢ રહેલો હોય છે. કેરીની ગોટલી ત્યાં સુધી કારણ નથી બનતી કે જ્યાં સુધી જમીનમાં એની વાવણી ન થાય. જમીનમાં વાવતાં જ તેમાં રહેલો ગૂઢ કારણભાવ પ્રકટ થઈ જતો હોય છે. જેવો ગૂઢ કારણભાવ પ્રકટ થાય છે તેવોજ તેનો કાર્યભાવ ફરી ગૂઢ બની જતો હોય છે. આ પ્રમાણે વારાફરતી એનો રોલ્ બદલાતાં રહે છે. આ અદલા-બદલીજેમ કાર્ય-કારણમાં થતી હોય છેતેમ દ્રષ્ટા-દૃશ્યમાં પણ થતી હોય છે. તે જ રીતે આનન્દ માણનાર અને આનન્દ માં પણ થતી હોય છે.

તો હવે, આપણી પાસે જે એક સચ્ચિદાનન્દ હતો એના સત્, ચિત્ અને આનન્દ આમ ત્રણ ભેદ આવ્યાં. એ ત્રણમાંથી છ ભેદ થયાં:

1.ગૂઢ કર્તા-પ્રકટ કાર્ય
2.ગૂઢ કાર્ય-પ્રકટ કર્તા
3.પ્રકટ દ્રષ્ટા-ગૂઢ દૃશ્ય
4.પ્રકટ દૃશ્ય-ગૂઢ દ્રષ્ટા
5.પ્રકટ આનન્દ-ગૂઢ આનન્દભોક્તા અને
6.પ્રકટ આનન્દભોક્તા-ગૂઢ આનન્દ

ꕥઆમ ગૂઢ-પ્રકટ ભાવોના છ રૂપો થયાં. આ છ રૂપો આપણી સામે પ્રકટ થયાં તે જાણે ઐશ્વર્ય વીર્ય યશ શ્રી જ્ઞાન વૈરાગ્ય વાળો ભગવાન્ આપણી સામે પ્રકટ થઈ ગયો. સચ્ચિદાનન્દમાંથી આ છ પ્રકટ થયાં તે પછી આપણને 'પુષ્ટિ-પ્રવાહ-મર્યાદા' સમજવામાં વાંધો નહિ આવે.

વિદ્યાર્થી: આપે શરૂઆતમાં કહ્યું હતું કે ‘પુષ્ટિપ્રવાહમર્યાદાભેદ’ ગ્રન્થમાં શ્રીમહાપ્રભુજીએ સમગ્ર ષોડશગ્રન્થોની પ્રક્રિયા સમજાવી છે. તો પછી ષોડશગ્રન્થોમાં ક્રમની દ્રષ્ટિએ આ ગ્રન્થ પહેલો આવવો ન જોઈએ કે જેથી બીજા ગ્રન્થોને સમજવામાં સરળતા રહે?

ગો.શ્રીશ્યામમનોહરજી:પ્રક્રિયા પહેલાં હોવી જોઈએ એવી આપણી અપેક્ષા હોય તે ખરી વાત છે. પરન્તુ બધી વાતનો આધાર વક્તાને કેવી રીતે સમજાવવું ફાવે છે તેના પર રહેલો હોય છે. દા.ત. જો હું મારું જ ઉદાહરણ લઉં તો મને ભૂમિકા બાંધ્યા વિના ક્યારે પણ કોઈ પણ ગ્રન્થ સીધો શરૂ કરી દેવાનું ફાવતું જ નથી. હું ગ્રન્થની પ્રક્રિયા પાછળથી સમજાવતો હોઉં છું પરન્તુ ગ્રન્થ ક્યા સન્દર્ભમાં છે તેના પહેલાની શું-શું વાતો છે વગેરે બાબતો પહેલાં સમજાવતો હોઉં છું. તે વિના મારી ગાડી પાટા ઉપર ચઢતી જ નથી. હવે આ મારી મુશ્કેલી છે. કેટલાક વક્તાઓ બધું જ સમજાવી દે તે પછીથી ભૂમિકા સમજાવતાં હોય છે. કેટલાક લોકોને પ્રયોજન પહેલાં સમજાવવાની ટેવ હોય છે કે શા માટે આ વાત કહેવાઈ રહી છે તે સમજી જાઓ. તો ક્યા વક્તાને શું પહેલા કહેવું ફાવે છે અને શું નથી ફાવતું એ વક્તાની ઇચ્છા તેમજ તેના અભ્યાસ ઉપર નિર્ભર કરે છે. મારી દીકરીઓને સ્કૂલના કોઈ વિષયમાં ડિફિકલ્ટી જણાતી તો તેઓ મને ક્યારે પણ પૂછવા ન આવતી. કેમકે તેઓ એ વાત જાણી ગઈ હતી કે હું સ્કૂલની વાત ભણાવીશ નહિ અને તે વિષયના આગળ-પાછળની વાતો ભણાવતો રહીશ. એટલે તેઓ કહેતી કે કાકાથી પૂછશું તો સપડાઈ જઈશું. વાત તેઓની સાચી છે. તેઓને મારી એ સ્ટાઈલ્ નથી ફાવતી અને તેઓને જે સ્ટાઈલ્ ફાવતી હતી તે મને નથી ફાવતી. મારી પણ લાચારી છે. ખ્યાલમાં આવ્યું ને. શ્રીમહાપ્રભુજીએ પ્રક્રિયા પહેલાં શા માટે ન બતાવી તેનો પણ વિચાર આપણે પછીથી અવશ્ય કરીશું. અહીં પરન્તુ એટલું સમજી લેવું જોઈએ કે પ્રક્રિયા પહેલાં કહેવી આવશ્યક હોય છે પણ અનિવાર્ય નથી હોતી. કારણ કે જો તેમ કરવામાં આવે તો પાછી કોઈકને ચિન્તા થઈ પડે કે પ્રક્રિયા શેની બતાવી દીધી તે તો કહેતા નથી અને પ્રક્રિયા-પ્રક્રિયા બતાવી રહ્યાં છો. આને જો બીજી રીતે વિચારીએ તો મોટે ભાગે વિદ્યાર્થિઓ ગાઇડ્-બુક્ ક્યારે વાપરતાં હોય છો? સ્કૂલ શરૂ થતાં જ કોઈ ગાઈડ-બુક્ વાપરતાં નથી હોતાં. એ તો જ્યારે એક્ઝામિનેશન્ માથા પર આવે છે ત્યારે તેની જરૂર પડતી હોય છે.

વિદ્યાર્થી:બ્રહ્મવાદ અને શુદ્ધાદ્વૈતવાદ માં ભેદ શું?.

ગો.શ્રીશ્યામમનોહરજી:બ્રહ્મના સિવાય બીજી કોઈ પણ વસ્તુને જગતની ઉત્પત્તિ-સ્થિતિ-લયની વ્યાખ્યા કરવામાટે વચ્ચે લાવવામાં ન આવે તો તે બ્રહ્મવાદ. બ્રહ્મ સિવાય બીજી કોઈ વસ્તુને વચ્ચે લાવવામાં આવે તો બ્રહ્મવાદ રહેતો નથી (અર્થાત્ બ્રહ્મ જ સૃષ્ટિનો કર્તા છે. સૃષ્ટિરૂપે બનનાર પણ બ્રહ્મ જ છે. જે ઉપકરણો વડે સૃષ્ટિ બને છે તે પણ બ્રહ્મ જ છે. જેના માટે સૃષ્ટિ બની છે તે પણ બ્રહ્મ જ છે. જેમાં સૃષ્ટિ બની છે તે પણ બ્રહ્મ જ છે. આ સૃષ્ટિ જેની છે તે પણ બ્રહ્મ જ છે. ... આમ જગતની ઉત્પત્તિ-સ્થિતિ-લયની વ્યાખ્યા જે વાદ-મતમાં બ્રહ્મથી જ કરવામાં આવતી હોય તે બ્રહ્મવાદ). શુદ્ધાદ્વૈતવાદ એટલે કે બ્રહ્મનું શુદ્ધ અદ્વૈત. શ્રીમહાપ્રભુજી કહે છે કે સૌથી પહેલાં બ્રહ્મ સિવાય બીજું કશું હતું જ નહિ. બ્રહ્મ પોતાની ઇચ્છાથી અનેક રૂપે થયો. બ્રહ્મ પોતે જ અનેક રૂપે થયો હોવાથી જેટલાં રૂપો થયાં તે

પાછાં બ્રહ્માત્મક જ છે. કારણ કે બ્રહ્મથી જુદું તો કંઈ હોઈ શકતું જ નથી. આને જ 'અદ્વૈત' કહેવામાં આવે છે. એટલે બ્રહ્મ અને તેણે બનાવેલ જગત્ વચ્ચે તાત્ત્વિક ભેદ ન હોવો.

વિદ્યાર્થી:બ્રહ્મનું સ્વરૂપ જ આનન્દ છે તેથી બ્રહ્મને આનન્દમય કહેવામાં આવ્યું છે. તો પછી અલગ પ્રક્રિયાથી આનન્દ માણવાની બ્રહ્મને કેમ જરૂર પડી?

ગો.શ્રીશ્યામમનોહરજી:તિજોરીમાં રાખેલા પૈસાની માફક બ્રહ્મના આનન્દને નિશ્ચેષ્ટ ગણીએ ત્યારે તો તમારી વાત સાચી થઈ જાય. પરન્તુ બ્રહ્મના આનન્દને જો આપણે તેવો નિષ્ક્રિય કે નિશ્ચેષ્ટ ન ગણતા હોઇએ, આનન્દ જો સચેષ્ટ હોય તો પ્રચૂર હોવાને કારણે આનન્દને છલકવાની પણ ઇચ્છા થતી જ હોય છે. હાથ-પગ વગેરે આપણી કર્મેન્દ્રિયોમાં ક્રિયા કરવાનું સામર્થ્ય રહેલું હોય છે. તમે અનુભવ્યું હશે કે જો તે ઇન્દ્રિયોને ક્રિયા કરતી રોકી દેવામાં આવે તો આપણે અકળામણ અનુભવવા લાગીશું. લાંબા સમય સુધી આપણે બેઠાં હોઈએ તો પોઝ બદલવા પડતાં હોય છે. એવું શા માટે થાય છે? પથ્થરની મૂર્તિને એવું થાય છે? કેમ નથી થતું? કેમકે પથ્થરની મૂર્તિને હાથ-પગ હોય છે પણ તેમાં ક્રિયા કરવામાટેનું સામર્થ્ય હોતું નથી. એમ આનન્દ પણ જો નિષ્ક્રિય હોત, આનન્દ જો નિરનુભવાત્મક હોત તો એને છલકવાની ઇચ્છા ન થાત. તેથી નિશ્ચિત સમજો કે જેમાં-જેમાં પણ ક્રિયાસામર્થ્ય છે તે અમુક સમય પછી કંઈક ક્રિયા કરી લેવા માંગતો જ હોય છે. એટલે જ આપણે ઉંઘમાં પણ પડખાં ફેરવતાં હોઈએ છીએ. તમને જો એમ કહેવામાં આવે કે આખી રાત એક જ પોઝમાં પડ્યા રહો. તમે નહિ સૂઈ શકો. તમારી ઊંઘ ઉડી જશે. શા માટે? કેમકે તેવી રીતે પડ્યા રહેવામાટે તમારા કર્માઙ્ગો ઘડાયાં નથી. શરીરવિજ્ઞાનિઓએ તો ત્યાં સુધી નોંધ્યું છે કે આપણે જ્યારે સૂતા હોઈએ છીએ તે દરમ્યાન પણ આપણી આંખના ડોળાઓ ફરતાં રહેતાં હોય છે, સાવ નિશ્ચેષ્ટ નથી રહેતાં. એનું કારણ વિચારતાં એક જ વાત સમજાય છે કે આંખનો એવો કોઈક સ્વભાવ જ છે કે તે ચાલે, એટલે તે ચાલતી જ રહે છે. એમ આનન્દનો પણ એ સ્વભાવ છે કે એને માણનારો કોઈક જોઇએ જ. એટલે જો માણનારા કોઈ ન હોય તો તે તેને ઉત્પન્ન કરી દે છે.

આજે સવારે અગાસી ઉપરથી મેં એક ભવ્ય દૃશ્ય જોયું. પાછળ મેદાનમાં એક ગધેડો હતો. સવાર પડી તેવોજ ઉભા થઈને એણે ત્રણ વખત જોગિંગ્ કરી. કોઈ હેતુ ન હતો, બસ અમસ્તોજ દોડીને આમ ગયો, પાછો દોડીને આમ આવ્યો, પાછો દોડીને આમ ગયો. મને થયું કે બહુ સમજદાર પ્રાણી લાગે છે! ગધેડો નથી લાગતો!! જુઓ તો ખરો જોગીંગ કરે છે!!! એનું કારણ એજ હશે કે આખી રાત બિચારો બેસી-બસીને ત્રાસી ગયો હશે. એટલે એને થયું હશે કે લાવ થોડી મોર્નિંગ્ જોગિંગ્ તો કરી લઉં! આટલી વાત તો ગધેડાને પણ સમજ પડે છે તો આનન્દને કેમ ખબર ન પડે! આનન્દને પણ થોડી જોગિંગ્ કરવાની ઇચ્છા થઈ જતી હશે!

વરણ:

આગળ ગ્રન્થમાં જે પુષ્ટિ-પ્રવાહ અને મર્યાદા ના ભેદો બતાવવામાં આવશે તેના મૂળ સચ્ચિદાનન્દ બ્રહ્મમાંથી ગૂઢ અને પ્રકટ ભાવોના સમ્મિશ્રણથી વિકસેલી બાર પદ્ધતિઓમાં રહેલાં છે. અર્થાત્ પ્રભુ જે પુષ્ટિમાર્ગ, પ્રવાહમાર્ગ અને મર્યાદામાર્ગ ને પ્રકટ કરે છે તે માર્ગોની આ બારમાંથી કોઈ એક ભાવથી ટેગિંગ્ કરે છે. એટલે કે સામાન મોકલાવતી વખતે સામાન ઉપર તે ક્યાં ઉતારવાનો છે તેની માહિતિ લખવામાં આવતી હોય છે. સ્કૂલના વિદ્યાર્થીઓને પિકનિક માટે બહાર ગામ લઈ જવાતાં હોય છે ત્યારે પણ તેઓની ગ્રુપવાઈસ્ ટેગિંગ્ કરવામાં આવતી હોય છે કે આ ગ્રુપ આમ ચાલશે, આ ગ્રુપ આમ ચાલશે. ટેગીંગ ને આપણેત્યાંની પરિભાષામાં 'વરણ' કહેવામાં આવે છે. તે પ્રમાણે ભગવાન્ પણ જીવોનું વરણ પુષ્ટિમાર્ગ, મર્યાદામાર્ગ અને પ્રવાહમાર્ગ માટે કરતાં હોય છે.

જીવોના વરણમાં પણ મુખ્યત: ભગવાને ધારણ કરેલા ઉપરોક્ત ભાવો (ભોક્તા-ભોગ્ય વગેરે) કામ કરતાં હોય છે. જેનામાં જે ભાવની ટેગિંગ્ કરવામાં આવી હોય છે તે પ્રમાણે તેની પુષ્ટિજીવતા, મર્યાદાજીવતા, પ્રવાહીજીવતા ના ભેદો બનતાં હોય છે.

સૃષ્ટિના ભોક્તા-ભોગ્ય પ્રભુજ:
હવે એક વાત સમજો કે આપણેત્યાંની પરિભાષા અનુસાર, પ્રભુએ પોતાના આનન્દને એટલે કે નિજાનન્દને માણવામાટે આ સૃષ્ટિને પ્રકટ કરી છે. સૃષ્ટિ પ્રકટ કરવાથી તેમાં પ્રભુનો ભોક્તૃભાવ પ્રકટ થયો કે "મારે મારો આનન્દ માણવો છે, ભોગવવો છે" તો એક સ્વરૂપે પ્રભુ ભોક્તા થયાં અને બીજા સૃષ્ટિસ્વરૂપે પ્રભુ ભોગ્ય બન્યાં. આ માટે મેં કાલે એક ઉપનિષદ્નું વચન ઉદાહરણ તરીકે આપ્યું હતું "સ આત્માનં દ્વેધા પાતયત્. પતિશ્ચ પત્નીચાભવતામ્" આ વચનમાં પતિ-પત્નીની જે વાત કહેવામાં આવી છે તેનો અર્થ એમ નથી સમજવાનો કે લોકમાં જેમ પતિ-પત્ની હોય છે તેમ પ્રભુ પતિ-પત્ની બની ગયાં. અહીં તાત્પર્ય એ છે કે પ્રભુ એક સ્વરૂપે ભોક્તા બન્યાં અને બીજા સ્વરૂપે ભોગ્ય બન્યાં.

ભોક્તા-ભોગ્યમાં ગૂઢ ભોગ્ય-ભોક્તૃભાવ
આ બાબતમાં શ્રીમહાપ્રભુજી આપણને એ બાબતની સ્પષ્ટ સમજ આપે છે કે જે ભોગ્ય થયો છે તે સર્વથા ભોક્તૃભાવથી રહિત છે એવું નથી. પ્રભુના ભોગ્યસ્વરૂપમાં એક ગૂઢ ભોક્તૃભાવ પણ રહેલો છે. તે જ પ્રમાણે ભોક્તામાં પણ કોઈક જાતનો ભોગ્યભાવ રહેલો હોય છે. આ વાતને આપણે એક દાખલાથી સમજીએ.

આપણે કોઈક ગીતનો કાર્યક્રમ સાંભળવા ગયાં. તમે ત્યાં મજા કોની માણશો? ગીત ગાનારાઓની. ગીત ગાનારાઓ તમારામાટે ભોગ્ય બન્યાં. તમે ત્યાં સાંભળવામાટે ગયાં એટલે ગીતની મજા માણનારા-ભોક્તા તમે થયાં. પણ એક વાત વિચારો કે આપણે નાટક કે ગીત ની જે મજા લેતા હોઈએ છીએ તેની મજા કલાકારોને આવતી હોય છે કે નહિ? ચોક્કસ આવતી જ હોય છે. થોડ દિવસ પહેલાં એક સઙ્ગીતના કાર્યક્રમમાં હું ગયો હતો. ત્યાં ગાયક કલાકારે મને એક કિસ્સો સંભળાવ્યો. સઙ્ગીતનો કાર્યક્રમ શરૂ થયો એવામાં કોઈ એક ભાઈ આવીને

એકદમ આગળની સીટ ઉપર બેસી ગયાં. કલાકાર સુરીલા અવાજમાં ગાઈ રહ્યો હતો. એણે ઘણી વાર સુધી જોયું કે પેલા ભાઈના ચહેરા ઉપર કોઈ પણ પ્રકારના ભાવો આવતાં ન હતાં. એમનું થોબડું ચઢેલું ને ચઢેલું જ રહેતું. પેલા ભાઈને કદાચ બીજા પ્રકારના ગીતો પસંદ આવતાં હશે એમ વિચારીને કલાકારે બીજા પ્રકારના ગીતો સંભળાવ્યાં. પરન્તુ, તોય પેલા ભાઈ ઉપર કોઈ પ્રભાવ ન પડ્યો. પછી તો બિચારો કલાકાર જોક્સ્ ઉપર આવી ગયો. તોય પેલા ભાઈ જરા પણ હંસ્યા નહિ. કલાકાર બિચારો નર્વસ્ થઈ ગયો. આમ કરતાં તો પ્રોગ્રામ પૂરો થયો. અન્તે રહેવાયું નહિ એટલે કલાકારે પેલા ભાઈને પૂછી જ લીધું કે એમને પ્રોગ્રામ કેમ ન ગમ્યો. પેલા ભાઈએ ઇશારાથી સમજાવ્યું કે તેઓ બહેરાં છે. આ દૃષ્ટાન્તને ધ્યાનથી વિચારો કે કલાકાર શા માટે દુ:ખી થયો? એનું કામ તો ગાવાનું હતું. એ થોડો કંઈ ભોક્તા હતો, એ તો ભોગ્ય હતો.

ધારો કે મને ઢોકળાં ન ગમે અને હું ન ખાઉં તો ઢોકળાંએ દુ:ખી થવાનું હોય કે મને? ઢોકળાંને દુ:ખી થવાનું હોયજ નહિ. ન ગમતાં હોય તો મારે દુ:ખી થવાનું હોય. પરન્તુ પેલો કલાકાર દુ:ખી થયો. કારણ કે એક ગૂઢ ભોક્તૃભાવ એની અંદર પણ છે ખરો.

રસોઈ બનાવનાર આપણા ભાણામાં કોઈ વાનગી પીરસે અને જો આપણને તે ન ગમે તો પીરસનારને પણ દુ:ખ થતું હોય છે. આપણે કહીશું કે એને દુ:ખ શા માટે થવું જોઈએ! ભોક્તા તો આપણે છીએ, એ તો ભોગ્ય છે. એને દુ:ખ ન થવું જોઈએ. પરન્તુ રસોઈ બનાવનારને પણ દુ:ખ થાય છે. કારણ કે તે ભોગ્ય હોવા છતાં તેમાં કોઈક ભોક્તૃભાવ પણ છુપાયેલો હોય જ છે. તમે જમો છો તેનો આનન્દ રસોઈ કરનાર પણ લેતો હોય છે. તેથી દરેક ભોગ્યમાં ગૂઢ ભોક્તૃભાવ હોય છે અને દરેક ભોક્તામાં કોઈક ગૂઢ ભોગ્યભાવ રહેલો હોય છે.

કાર્ય-કર્તામાં પણ ગૂઢ કર્તૃ-કાર્યભાવ:
આ જ પ્રમાણે દરેક કર્તામાં કોઈક જાતનો કાર્યભાવ પણ રહેલો હોય છે. આ વાત આપણે જમીનમાં રહેલી ગોટલી અને ફળમાં રહેલી ગોટલી ના દૃષ્ટાન્તથી સમજ્યા હતા. ફળની ગોટલીમાં પ્રકટ કાર્યભાવ છે અને કારણભાવ ગૂઢ હોય છે. જ્યારે જમીનમાંરહેલી ગોટલીમાં પ્રકટ કારણભાવ હોય છે પણ કાર્યભાવ ગૂઢ હોયછે.

દ્રષ્ટા-દૃશ્યમાં પણ ગૂઢ દૃશ્ય-દ્રષ્ટૃભાવ:
દ્રષ્ટામાં રહેલા ગૂઢ દૃશ્યભાવને આપણે અરીસાના ઉદાહરણથી સમજ્યાં હતાં. જે પ્રતિબિમ્બને આપણે જોઈ રહ્યા હોઈએ છીએ તે પ્રતિબિમ્બ પણ આપણને કોઈક ગૂઢ દ્રષ્ટૃભાવથી જોતો હોય છે. અને તેથી જ જ્યારે આપણે અરીસા સામે ઉભા રહીએ છીએ ત્યારે દ્રષ્ટા હોવા છતાં ગૂઢ રીતે દૃશ્ય પણ બનતાં હોઈએ છીએ. આરીસા સામે ઉભીને આપણો દ્રષ્ટા આપણને દૃશ્ય બનાવવા માંગે છે. આપણો દ્રષ્ટા જ્યારે ગામને દૃશ્ય તરીકે જોવા માંગે છે તે એક સ્થિતિ છે અને જ્યારે આપણને પોતાને દૃશ્ય બનાવવા માંગતો હોય છે ત્યારે દ્રષ્ટામાં રહેલો ગૂઢ દૃશ્યભાવ આરીસાની સામે પ્રકટ થઈ જતો હોય છે. આમ જે કંઈ દૃશ્ય છે એમાં પણ ગૂઢ દ્રષ્ટૃભાવ રહેલો હોય છે કે જે યથાપ્રસઙ્ગ પ્રકટ થતો હોય છે.

સમગ્ર સૃષ્ટિ ભગવદર્થ છે:
તો હવે સમજો કે આ જાતનું પ્રકટ-ગૂઢ ભાવોનું દ્વૈવિધ્ય સત્, ચિત્ અને આનન્દ ત્રણેમાં છે તેથી કુલ બાર ભેદ થયાં. પ્રભુએ જે સૃષ્ટિ પ્રકટ કરી છે તે પોતાને ભોગ્ય બનાવવામાટે પ્રકટ કરી છે. પોતાનામાં રહેલા ભોક્તૃભાવનું કંઈ ભોગ્ય તો હોવું જોઈએ ને! તેથી આ આખી સૃષ્ટિ એ પ્રભુમાટે ભોગ્ય છે. ભાગવતમાં કહેવાયું છે : "ક્રીડાર્થમ્ આત્મન ઇદં ત્રિજગત્ કૃતન્તે સ્વામ્યન્તુ તત્ર કુધિયો પર ઈશ કુર્યુ:" આ સમગ્ર જગત્ તમે પોતાની ક્રીડામાટે પ્રકટ કર્યું છે. આ સૃષ્ટિની ક્રીડાથી તમે પોતે આનન્દ ભોગવવા ઇચ્છો છો. તેથી આ સૃષ્ટિમાં જો હું ખુદને ભોક્તા માનું અને સ્વામી માનું તો એ મારી કુબુદ્ધિ છે.

સેવા ભગવદર્થ છે:

પુષ્ટિમાર્ગના સન્દર્ભમાં આ બહુ મહત્વની વાત છે. પ્રભુના સુખનું સમ્પાદન કરવું એને આપણે ‘સેવા’ કહેતા હોઈએ છીએ. આ વાતને ઘણા લોકો કોઈક બીજા અર્થમાં સમજતાં હોય છે. આને, પરન્તુ, સાચા આયામમાં જુઓ કે સૃષ્ટિના પ્રાકટ્યના પ્રયોજન મુજબ જો તમારે પ્રભુસેવા કરવાની હોય તો તે તમારા સુખમાટે કરાશે કે ભગવત્સુખમાટે? એટલે અત્યારે જે સમ્પ્રદાયમાં વિવાદ ચાલી રહ્યો છે એના પાછળ રહેલા ભાવને ટેક્ધીકલી સમજશો તો તમને વાત સ્પષ્ટ સમજાશે કે સેવા એ કમાણીનું સાધન નથી, સેવા એ પ્રોપેગેંડા નું સાધન નથી, સેવા એ પ્રદર્શનનો વિષય નથી. કેમકે એવું કરવાથી સેવાનો મૂળભૂત ભાવ ઉલટી જતો હોય છે. ભગવત્સુખ ના સ્થાને સેવાદ્વારા તમારે સુખ લેવાનો ભાવ પ્રબલ થઈ જતો હોય છે. ખ્યાલમાં આવ્યું ને! તેથી જ આપણાવડે જે કંઈ પ્રભુસેવા થતી હોય છે તેના માટે આપણે કદી એમ નથી કહેતાં કે "હું સેવા કરું છું” આપણે એમ કહેતા હોઈએ છીએ કે "પ્રભુ મારી સેવાનો અઙ્ગીકાર કરે છે” આ ભાવનાદ્વારા આપણે એ વાત જણાવવા માગીએ છીએ કે કર્તા આપણે નથી, કર્તા તો પ્રભુ છે. પ્રભુ આપણાથી સેવા કરાવી રહ્યા છે તેથી આપણે સેવા કરી શકી રહ્યા છીએ. કર્તા આપણે છીએ જ ક્યાં?

સેવા પહેલાં સૃષ્ટિના પ્રયોજનને વિચારો:

શ્રીમહાપ્રભુજીએ જે સેવાનો પ્રકાર આપણને બતાવ્યો છે તે આખી સૃષ્ટિના પ્રયોજનની સાથે ટ્યૂન્-અપ થવાનો પ્રકાર છે. તેથી જ સેવાપ્રકાર પાછળ પણ પુષ્ટિમાર્ગીય ભાવ તો એ જ છે કે જે પણ સેવા આપણે કરીએ છીએ તેનો કારયિતા, દ્રષ્ટા અને ભોક્તા એક માત્ર ભગવાન જ છે, ભગવાન જ છે અને કેવળ ભગવાન જ છે. તેથી જ, એક વાત સમજો કે, આપણા માર્ગમાં જ્યાં મન્દિરો ચાલે છે ત્યાં પણ મોટા ભાગની સેવા ટેરાની ભીતર જ કરવાની રૂઢિ છે. હવે "સાપ ગયો અને લિસોટા રહી ગયાં” એવી રીતે આ રૂઢિ બહુ પોકળ થઈ ગઈ છે એ વાત જુદી છે. આમ છતાં આજની તારીખમાં પણ લિસોટા જેવી પેલી રૂઢિ જે જળવાઈ રહેલ છે તે રૂઢિ આ વાતનું પ્રબળ પ્રમાણ છે કે પુષ્ટિમાર્ગમાં સેવા બીજાને જોવા માટે નથી હોતી, તેનો જોનાર તો પ્રભુ જ છે. તમે જે પ્રભુસેવા કરો છો તેને પ્રભુ જુએ છે એમાં જો તમને આનન્દ ન આવતો હોય અને ગામ જુએ છે તેમાં આનન્દ આવતો હોય તો તમે દ્રષ્ટાને બદલી રહ્યા છો તે યાદ રાખજો. પ્રભુ કે જે દ્રષ્ટા છે તેને તમે દૃશ્ય બનાવી નાખ્યાં અને ગામને દ્રષ્ટા બનાવી દીધો. અહીં એ વાત ભૂલતાં નહિ કે તમારાદ્વારા થતી ભગવત્સેવાના દ્રષ્ટા જો પ્રભુ નહિ રહી જાય તો પછી તમારી સેવાના ભોક્તા પણ પ્રભુ નહિ રહે. જેમ સઙ્ગીતના પ્રોગ્રામમાં આવી ચઢેલાં પેલા ભાઈ સાંભળતા ન હતાં તો તેનો આનન્દ પણ લઈ શકતા ન હતાં. ગાનારે તેમને પૂછ્યું તો કહ્યું કે "હું બહેરો છું” તેમ છપ્પનભોગ ધરીને ગામમાં તેનું પ્રદર્શન કરવામાં આવે ત્યારે પ્રભુ પણ એમ કહેતાં હશે કે "મને કંઈ દેખાતું નથી! મને કંઈ સ્વાદ આવતો નથી!!” કારણ કે તમે મારા સ્વાદમાટે ક્યાં છપ્પનભોગ ધરાવ્યા હતા! તમે તો ગામને દેખાડવામાટે ભોગ ધર્યો હતો.

સેવાના ભોક્તા-દ્રષ્ટા-કારયિતા: પ્રભુજ.
ફૂલમંડલી તૈયાર કરાતી હોય ત્યારે તમે જોશો તો ખબર પડશે કે મંડલીમાં ફૂલ એવી રીતે ભરવામાં આવતાં હોય છે કે પ્રભુને તો તે દેખાતાં જ નથી હોતા, તે તો દર્શનાર્થીઓ તરફ ગોઠવાયેલાં હોય છે, પ્રભુને તો ખાલી ફુલની ડાંડીઓ જ દેખાતી હોય છે. ફૂલમંડલી તો આખરે ગામને દેખાડવા માટે જ હોય છે ને! વિચારો, કોનામાટે આપણે સેવા કરી રહ્યાં છીએ. આપણે સેવાનું બેઝિક પર્પઝ્ ચૂકી ગયાં છીએ. શ્રીમહાપ્રભુજીએ તો બહુ સ્પષ્ટ પણે આપણને સમજાવ્યું છે કે જેમ આ સમગ્ર સૃષ્ટિના કર્તા, ભોક્તા અને દ્રષ્ટા પ્રભુ છે તેમ પુષ્ટિમાર્ગીય સેવાના પણ જોનારા, આનન્દ લેનારા તેમજ કારયિતા એક માત્ર પ્રભુજ છે. આપણે તો પ્રભુના કેવળ ઇન્સ્ટ્રુમેન્ટ છીએ. પરન્તુ લોકરઞ્જનાર્થ કરવામાં આવતી પ્રભુસેવામાં આપણે સેવાનો ભોક્તા-દ્રષ્ટા બદલી નાખતા હોઈએ છીએ.

ભોક્તા-દ્રષ્ટા-કારયિતાને બદલો નહિ:
મુંબઈમાં દ્વિતીયાપાટને દિવસે મારો એક માણસ ગુલાબ ખરીદવા ગયો. ફૂલવાળાપાસે થોડાં જ ગુલાબ બચ્યાં હતાં. મારા માણસે તે ખરીદી લીધાં. એવામાં એક હવેલીનો માણસ પણ ત્યાં ગુલાબ ખરીદવામાટે આવ્યો. એ થોડો મોડો પહોંચ્યો. ગુલાબ તો બધાં ખલાસ થઈ ગયાં હતાં. ફૂલવાળાએ બીજા ફૂલ લઈ જવા સલાહ આપી તો તેણે કહ્યું કે આજે તો હવેલીમાં ગુલાબની ફૂલમંડલીનો મનોરથ લઈ લીધો છે તેથી ગુલાબ તો લેવા જ પડશે. પછી તો એ બહુ મુંજવણમાં મુકાઈ ગયો. એણે હવેલીમાં ફોન જોડીને બધી વાત કરી. મારો માણસ ત્યાં જ ઉભો-ઉભો બધો ખેલ જોઈ રહ્યો હતો. હવેલીમાંથી એને જણાવવામાં આવ્યું કે તે દિવસે મનોરથી ફૂલમંડલીના દર્શન કરવામાટે નથી આવવાનો, તેણે ખાલી પૈસા જ જમા કરાવ્યાં છે. તેથી જે મળે તે ખોટાં ફૂલ ખરીદી લાવશે તો પણ ચાલશે. પેલો ખોટાં ગુલાબ લઈ ગયો અને ફૂલમંડલી થઈ ગઈ. જ્યારે મુખ્ય મનોરથી (મનોરથનો કારયિતા-દ્રષ્ટા-ભોકતા!) જ નથી આવવાનો તો પછી ફૂલ સાચાં હોય કે ખોટાં શો ફરક પડે છે! સમજવાનો મુદ્દો એ છે કે આપણે ખોટે રવાડે ચઢી ગયાં છીએ. તેથી શ્રીમહાપ્રભુજી આપણને જે કહેવા માંગે છે તેની આપણને સમજ પડતી નથી.

લીલાસૃષ્ટિમાં જીવ દૃશ્ય-ભોગ્ય-કાર્ય છે:
"ક્રીડાર્થમ્ આત્મન: ઇદં ત્રિજગત્ કૃતં તે સ્વામ્યન્તુ તત્ર કુધિયો પર ઈશ કુર્યુ:" પ્રભુ સૃષ્ટિના કર્તા, ધર્તા, અને સંહર્તા ત્રણેય છે. તેથી જ પ્રભુ સૃષ્ટિના ભોક્તા છે અને સૃષ્ટિ ભોગ્ય છે, સૃષ્ટિના કર્તા પ્રભુ છે અને સૃષ્ટિ કાર્ય છે, સૃષ્ટિના દ્રષ્ટા પ્રભુ છે જ્યારે સૃષ્ટિ દૃશ્ય છે॥આવી સૃષ્ટિમાં આપણે પ્રકટ થયાં છીએ એ વાત ભૂલતાં નહિ. જ્યારે આ સ્થિતિ છે ત્યારે પ્રભુની આ સૃષ્ટિમાં આપણો બેઝિક રોલ કયો હોવો જોઈએ? આપણે પ્રભુનું કાર્ય છીએ તેથી પ્રભુ જેમ કરે તેમ આપણને થવાનું છે. આપણે પ્રભુના દૃશ્ય છીએ તેથી પ્રભુ આપણને જેમ જોવા માંગતા હોય તેમ આપણને હાજર રહેવું જોઈએ. પ્રભુ આપણા ભોક્તા છે તેથી પ્રભુને જેનાથી સુખ થાય તેવા કર્મ આપણે કરવા જોઇએ॥આ આપણો બેઝિક રોલ છે સૃષ્ટિમાં, જો આપણે સૃષ્ટિના પાર્ટ હોઈએ તો. હવે જો આનાથી રીવર્સ માં આપણે કંઈ પણ કરીએ

છીએ તો વાત સમજી જાવ કે આપણે જેના માટે પ્રકટ થયા છીએ તે પ્રયોજનને ખોટો પાડીને પ્રભુની સાઈડ માં આપણે કૂદકો મારી રહ્યા છીએ. પ્રભુની આ સૃષ્ટિમાં જો હું ભોક્તા થવા માગું છું, દ્રષ્ટા થવા માગું છું કે કર્તા થવા માગું છું તો હું પ્રભુના પાર્ટને ઝૂંટવી રહ્યો છું.

શ્રીમહાપ્રભુજીની ફિલોસોફી ના દ્રષ્ટિકોણને જો ધ્યાનથી સમજશો તો ખ્યાલમાં આવશે કે પુષ્ટિમાર્ગીય પ્રભુસેવામાં એવા અનેક અવસરો આવતાં હોય છે કે જેમાં આપણને પ્રભુના સમ્મુખ હાજર રહેવાનું હોતું નથી. દા.ત. ઠાકુરજીને ભોગ ધરવો. પ્રભુને ભોગ ધર્યા પછી આપણે પ્રભુની સામે નથી રહેતાં. કેમ? સામે રહેવામાં ખોટું શું છે? હાજર રહીએ તો આપણને દર્શનનો લાભ તો મળે ને! પરન્તુ, નહિ, આપણે ટેરો લઈ લઈએ છીએ. આના પાછળનું કારણ પ્રભુ આપણી સામે આરોગી શકતા નથી એ નથી. ટેરો લેવાની પરમ્પરાદ્વારા આપણને એ ડિસિપ્લિન્ શીખવવામાં આવી છે કે પ્રભુની ક્રિયાઓને જોનાર હું કોણ? હું તો આપનો દૃશ્ય છું, દ્રષ્ટા તો આપ છો.

તમને કદાચ ખ્યાલ નહિ હોય, અમારા ગોસ્વામી બાળકોના ઘરોમાં એક પ્રથા છે. આ પ્રથા પાછળ રહેલો ભાવ જો વ્યક્તિમાં હોય તો આ પ્રથા અતિશય ઉચ્ચ છે નહિ તો ખુબ હાસ્યાસ્પદ આ પ્રથા છે. તે પ્રથા એવી છે કે શ્રીઠાકુરજીના સામ્મુખ જે વિવિધ સામગ્રીઓ સજાવી હોય તેને ભગવત્સેવામાં જેટલા પણ ઘરના સદસ્યો હોય તે હાથ લગાવે. હાથ લગાવવાથી શું થાય? તમે સાજી કહેવાય? તમે રાંધી કહેવાય? ના. પરન્તુ આપણે પ્રભુને તે દ્વારા દેખાડતાં હોઈએ છીએ કે આ સામગ્રી છે, આરોગવાનું ભૂલતાં નહિ. આ પણ સામગ્રી છે, આરોગવાનું ભૂલતાં નહિ. બીજું આપણે શું કરી શકીએ! આપણે પ્રભુને આરોગાવી તો શકીશું નહિ ને! આપણે તો દીનતાથી નિવેદન માત્ર કરી શકીએ કે પ્રભુ આ સામગ્રી સજાવી છે આપ કૃપા કરીને આરોગજો. આને આરોગજો, આને આરોગજો. જેમ આપણે ત્યાં કાની આપવામાં આવતી હોય છે કે "શ્રીમહાપ્રભુજીની કાનીથી આરોગજો, શ્રીનન્દ-યશોદાજીની કાનીથી આરોગજો, વ્રજભક્તોની કાનીથી આરોગજો, ઠાકુરજીને પુષ્ટકરીને પધરાવનાર ગુરુની કાનીથી આરોગજો" મતલબ શું? તમે પોતાને તે ક્રિયાથી એક બાજુએ હટાવીને તે ગુરુને કર્તા કે સમર્પક તરીકે આગળ કરી રહ્યાં છો. એટલે એકંદરે આપણે ત્યાં તો તે એક્સ્ટ્રીમ્ સુધી જવામાં આવે છે કે સમર્પણ પણ હું નથી કરી રહ્યો, પ્રભુ! આપ એમની કાનીથી આરોગજો. કેમકે હું આપને ભોગ ધરનાર કોણ? વિચાર કરો, પોતાનામાં દૃશ્યત્વના ભાવને કેળવવાની કેવી એ ડિસિપ્લિન્ છે, અતિદિવ્ય ભાવ છે. તો આવી ભાવનાથી આપણને પ્રભુના કાર્ય, દૃશ્ય અને ભોગ્ય બનવાનું છે.

પ્રકટભાવ અને ગૂઢભાવ:

હવે જ્યારે આપણે પ્રભુના કાર્ય, દૃશ્ય અને ભોગ્ય બન્યા ત્યારે આપણામાં ગૂઢ કર્તૃભાવ, ગૂઢ દૃષ્ટૃભાવ અને ગૂઢ ભોગ્યભાવ પણ આવી ગયો. આની સામે પ્રભુમાં ગૂઢ કાર્યભાવ, ગૂઢ દૃશ્યભાવ અને ગૂઢ ભોગ્યભાવ આવ્યો. આ ત્રણે ભાવો પ્રભુમાં ગૂઢ છે..

સમ્બન્ધ ઘનિષ્ટ થયે ગૂઢ ભાવો પ્રકટ થાય છે:
કોઈકની સાથે આપણી ઓળખાણ થતાં જ આપણે આપણી તિજોરીની ચાવી એને આપી દેતાં નથી હોતાં કે એને આપણા ઘરમાં દરેક ઠેકાણે આવવા દેતાં નથી હોતાં. આપણે એવી વ્યક્તિને ડ્રોઈંગ્-રૂમ માં જ મળવાનો અભિગમ રાખતાં હોઈએ છીએ. ધંધાકીય સમ્બન્ધ ધરાવતી વ્યક્તિ સાથે તો ઓફિસમાં જ મળવાનો આગ્રહ રાખતાં હોઈએ છીએ, એવી વ્યક્તિને આપણે ઘરે પણ બોલાવતાં નથી હોતાં. પરન્તુ, જેની સાથે લાંબા સમયથી આપણો સમ્બન્ધ અત્યન્ત ઘનિષ્ટ રહ્યો હોય તેને જ આપણે તિજોરીમાંથી વસ્તુ લાવવાનું કહેતાં હોઈએ છીએ. તેથી સમજો કે સમ્બન્ધ ઘનિષ્ટ થાય ત્યારે ગૂઢ ભાવો પ્રકટ થતાં હોય છે. સમ્બન્ધની શરૂઆતમાં ગૂઢ ભાવો ક્યારે પણ પ્રકટ થતાં નથી. ડાળ ઊપર ઉગેલી કેરીમાંની ગોટલીમાં કાર્યભાવ હોય છે પણ જ્યારે ભૂમિમાં એનું વાવેતર થાય, તેને પાણી-ખાતર-સૂર્યપ્રકાશ મળે ત્યાર પછી ધીમે રહીને એમાં રહેલો કર્તૃભાવ પ્રકટ થતો હોય છે.

એ જ પ્રમાણે દ્રષ્ટામાં રહેલો સુગૂઢ દૃશ્ય ભાવ પણ ત્યારે જ પ્રકટ થતો હોય છે કે જ્યારે નાટક ભજવનાર આર્ટિસ્ટ અને નાટક જોનાર દ્રષ્ટામાં તાદાત્મ્ય કેળવાય. આવું જ્યારે થાય છે ત્યારે પ્રેક્ષક દૃશ્ય બની જતો હોય છે (અર્થાત્ દ્રષ્ટામાં ગૂઢપણે રહેલો દૃશ્યભાવ પ્રકટ થઈ જતો હોય છે)જ્યારે કલાકાર દ્રષ્ટા બની જતો હોય છે (અર્થાત્ દૃશ્યમાં રહેલો ગૂઢ દ્રષ્ટૃભાવ પ્રકટ થઈ જતો હોય છે). એક વખત બિસ્મિલ્લાખાન શરણાઈ વગાડવા ઇંગ્લેન્ડ ગયાં. ત્યાંની પ્રથા મુજબ પ્રેક્ષકોના ભાગને પ્રકાશિત કરનારી બધી બત્તીઓ બંધ કરી દેવામાં આવી. થોડીક વાર સુધી બિસ્મિલ્લાખાને શરણાઈના સુરો છેડ્યાં. પછી તો તેમને ગભરામણ થવા લાગી. તેમણે કહ્યું કે મારાથી વગાડાતું નથી. મને સાંભળનાર કોઈ દેખાતું જ નથી! એમણે વ્યવસ્થાપકોને રિક્વેસ્ટ કરી કે હું શરણાઈ વગાડવા તૈયાર છું પણ મહેરબાની કરીને શ્રોતાઓને હું જોઈ શકું એટલી બત્તીઓ ચાલુ કરી દો. તો ઘનિષ્ટતા કેળવાવી જોઈએ.

એક શરણાઈ વાળો,
સાત વરસ સુધી શીખી શરણાઈ વગાડવામાં હોશિયાર થયોછે.
શેઠ ને રીઝાવું એવી ટેક રાખી છેટ સુધી.
શેઠને રીઝાવી મોજ માણવા મંડાણો છે.
શેઠ શરણાઈ સાંભળીને બોલ્યો,
પોલું છે તે બોલ્યું, એમાં તેં શી કરી કારીગરી!
સાંબેલું વગાડે તો હું જાણું કે તું શાણો છે!

આવા જો બધા શ્રોતાઓ ભેગા થઈ જાય તો થઈ રહ્યું ને! પછી બિચારો શરણાઈ વગાડે કેવી રીતે? એટલે, વાત સમજો કે ગૂઢ ભાવોને પ્રકટ થતાં સમય લાગે છે. દૃશ્યને દ્રષ્ટા થવામાં, કાર્યને કર્તા થવામાં અને ભોગ્યને ભોક્તા થવામાં સમય લાગે છે. એના પરિપાકના સમય પહેલાં જો ખોટી ધાંધલ કરવામાં આવે તો રસાભાસ થયા વિના રહે જ નહિ. તે જ

પ્રમાણે એના કૉરોસ્પોન્ડિંગ્ જે કર્તા, દ્રષ્ટા અને ભોક્તા ને પણ કાર્ય, દૃશ્ય અને ભોગ્ય બનવામાં કેટલોક સમય લાગતો હોય છે.

અમારા એક ઓળખીતાને ત્યાં 45 વર્ષ જુનો એક નોકર હતો. ઘરની વહુઓ તેને સસરો કહેતી. નોકર પણ એવો હતો કે માલિકના પરિવારજનોને ફટકારી પણ દેતો. જ્યારે એ પથારીવશ થયો ત્યારે એનો છોકરો એને પોતાના ઘરે લઈ જવા આવ્યો. એણે કહ્યું કે "આ ઘર પણ મારું જ છે. મારા એક નહિ ચાર છોકરા છે તેમાંનો તું એક છે. ત્રણ છોકરાંને છોડીને એકને ઘરે હું કેમ જઉં!" કેવો ભાવ! છે તો નોકર જ, ઘરમાં ઝાડુ મારતો, પોતું કરતો, વાસણ કરતો... પણ ભાવ કેવો! પરિણામ એ આવ્યું કે જ્યારે એ મર્યો ત્યારે એણે પોતાના માલિકોને કહ્યું કે મને તમારા ખભા ઉપર લઈ જજો. અને માલિકો પણ કેવા, તેને પોતાના ખભા ઉપર લઈ ગયાં. આ કેમ સમ્ભવ્યું? આનામાં રહેલા સેવકભાવે સેવ્યને સેવક બનાવ્યા. જે સેવ્ય હતાં તે સેવક થઈ ગયાં. આ ક્યારે સમ્ભવ્યું? સમ્બન્ધની ઘનિષ્ટતા થઈ ત્યારે.

દૈવી અને આસુરી સૃષ્ટિ:

એટલે એક વાત સમજો કે સમ્બન્ધની ઘનિષ્ટતા વિના જો આપણે ખોટી ધાંધલ કરીએ અથવા ઉચ્ચ અધિકારીઓની જે વાતો છે તે જઘન્ય અધિકારીઓ જો કરવા માંડે તો સેવાનો પાયાનો સિધ્ધાન્ત હણાઈ જતો હોય છે. એટલે જ ભગવાન્ એમ કહે છે કે મેં બે માર્ગો પ્રકટ ક્યાં છે : દૈવી અને આસુરી.

દૈવીભાવ:
દૈવી જીવોમાં પ્રભુ એવા ભાવો ભરે છે કે જેના કારણે દૈવી જીવો એમ વિચારવા લાગતાં હોય છે કે ભગવાને પોતાના કાર્ય, દૃશ્ય તેમજ ભોગ્ય રૂપે જે જગતને પ્રકટ કર્યો છે એનો આનન્દ અમારે નથી માણવો. કેમકે એ જગતમાં તો અમે પોતે ભગવાનના દૃશ્ય છીએ, અમે ભગવાનના જગતને શું જોઈશું? ભગવાનના જગતમાં અમે પોતે કાર્ય છીએ, એમાં અમે શું કાર્ય કરીશું? ભગવાનના આ જગતમાં અમે પોતે જ ભોગ્ય છીએ, એને અમે શું ભોગવીશું? અમારે તો કંઈક બીજી જ વસ્તુ ભોગવવી છે, કંઈક બીજું જ દૃશ્ય જોવું છે, કંઈક બીજું જ કાર્ય કરવું છે. આવો અભિગમ ભગવાને જેમાં મુક્યો છે તેના માટે ભગવાન્ કહે છે કે આ દૈવી ભાવ છે.

આસુરીભાવ:
અને એક વાત સમજો કે જગતને ભોગવવાની, જગતને જોવાની અને જગતને કરવાની જે પોતાની વૃત્તિઓને ભગવાને અન્ય જીવોમાં મુકી. તે વૃત્તિમાટે ભગવાન્ કહે છે કે આ તો આસુરી ભાવ છે. હવે ધ્યાનથી સમજો કે જગતના દ્રષ્ટા-કર્તા-ભોક્તા બનવાના ભાવો જો આસુરી હોય તો ભગવાન્ આસુરી ઠર્યાં કે નહિ! ગીતાને ચકાસી જુઓ.

ઈશ્વરોહમહં ભોગી સિદ્ધોડહં બલવાન્ સુખી।
આઢ્યોડભિજનવાન્ અસ્મિ કોડન્યોડસ્તિ સદૃષો મયા॥
યક્ષ્યે દાસ્યામિ મોદિષ્ય ઇત્યજ્ઞાનવિમોહિતા:।

ѧઆમાં જેટલી બાબતો ભગવાન્ ગણાવે છે તે બધીજ ભગવાન્ ઉપર લાગુ પડી રહી છે. તેથી ભગવાનની જે સ્પેષ્યાલિટી છે; અથવા ભગવાનનો જે પ્રિવિલેજ્ છે એને જે ઝૂંટવા માગે છે તેને ભગવાન્ કહે છે કે આસુરી જીવો આવાં હોય છે. અને ભગવાને જે હેતુથી આ સૃષ્ટિને પ્રકટ કરી છે તેમાં તે મુજબ જે રહેવા માંગે છે તેને ભગવાન્ 'દૈવીજીવ' કહે છે. તેથી "દૈવી આસુરી બે ઉપજાવી, પ્રભુ મન કરી વિચાર" આ બે સૃષ્ટીમાં બેઝિક્ ડિમાર્કેશન્ લાઈન (મૂળભૂત ભેદક રેખા) આ છે. આમાં ફરી એક વાત વિચારવાનું ભૂલી નહિ જતાં કે આસુરી જીવોમાં ભગવાને પોતાના જે ભોક્તા-દ્રષ્ટા-કર્તાના ભાવો મૂક્યાં છે એના પાછળ પ્રભુની વિશિષ્ટ ઇચ્છા કામ કરી રહી છે. પ્રભુ એ જોવા માંગે છે કે કર્તા બનાવ્યા પછી તમે ક્યા કૌભાંડ કરો છો તે મારે જોવું છે. દ્રષ્ટા બન્યાં પછી તમે તમે શું જોવા જાઓ છો એ મારે જોવું છે. ભોક્તા થયા પછી તમે શું ભોગવી શકો છો તે મારે જોવું છે. અહીં સ્મરણ રહે કે ભગવાન્ પોતાના દ્રષ્ટાપણું, કર્તાપણું કે ભોક્તાપણું છોડીને આસુરી જીવોને દ્રષ્ટા-કર્તા-

ભોક્તા નથી બનાવતાં. પરન્તુ પોતાના કર્તાપણા, દ્રષ્ટાપણા અને ભોક્તાપણા ના અંશરૂપ ભાવોને એમનામાં ભરે છે. આસુરી જીવોમાં પરન્તુ એ ગૂઢ ભાવો તરત જ પ્રકટ થઈ જતાં હોય છે. દૈવી જીવોમાં, પરન્તુ, એ ગૂઢ ભાવો ધાંધલથી પ્રકટ નથી થતાં, એટલે કે તેઓ તે ગૂઢ ભાવોને મળતાંની સાથે જ પ્રકટ નથી કરી દેતાં.

આસુરીજીવોના ભાવોનું આદર્શ ઉદાહરણ રાવણ છે. સીતાજીનું સ્વયંવર થઈ રહ્યું હતું, સીતાજી રામને વરવાનાં હતાં તે જોઈને રાવણના મનમાં થયું કે અરે! જો રામ સીતાને લઈ જશે તો તો લફડો થઈ જશે. સીતા તો મને મળવી જોઈતી હતી! રાવણની દૃષ્ટિ બગાડી તે કઈ હદ સુધી કે સીતા રામને વરી ગઈ, પરણી પણ ગઈ તોય તેને ઉપાડીને લઈ ગયો. તેથી આખી રામાયણમાં મુદ્દો એ જ છે કે સીતા કોની, રામની કે રાવણની. રાવણને એ વાત સમજમાં જ ન આવે કે સીતા એની ન થઈ શકે. એ એમ જ સમજે કે રામે એવા તે કયા વાઘ માર્યા કે સીતા રામની અને મારી નહિ "ઈશ્વરોઽહમ્, અહં ભોગી, સિદ્ધો અહમ્" મારામાં શું ઉણપ છે? "બલવાન્, સુખી, આઢ્ય, અભિજનવાન્ અસ્મિ, પુણ્યો અસ્મિ" આવા લફડા મળતાંની સાથે જ આસુરી જીવોમાં થઈ જતાં હોય છે. સીતાજી તો રડતા હતાં. પણ રાવણને
ાડે ચઢી ગયાં છીએ. તેથી શ્રીમહાપ્રભુજી આપણને જે કહેવા માંગે છે તોય સમજમાં ન્હોતું આવતું. છેક મર્યો ત્યારે સમજમાં આવ્યું કે આ તો ગોટાળો થઈ ગયો. પણ ત્યાં સુધી તો ઘણું મોડું થઈ ગયું હોય છે. રાવણોની સાથે આવું જ થતું હોય છે. એટલે સમજો કે આવા આસુરી ભાવો દૈવી જીવોમાં હોતાં નથી.

આપણા હિન્દુસ્તાનીઓની એક બહુ વિચિત્ર રાવણ જેવી ટેવ હોય છે. આપણે કોઈ બહુ સારા બગીચામાં જઈશું તો જતાંની સાથે જ આપણને, બગીચાની સુન્દરતાને માણવાના સ્થાને ભેલ-પુરી, ફાફડા-ગાંઠિયા, ઢોકળાં ખાવાની ઈચ્છા થાવા લાગતી હોય છે. ખાઈ-પીને કાગળિયાના ડૂચાં, પ્લેટ, પ્લાસ્ટિકની કોથળીઓ, એંઠવાડ બધું ત્યાં છોડી જઈશું. સુન્દર ફૂલ હશે તો તોડી લઈશું. આપણો ભોક્તૃભાવ અટલો પ્રબળ થઈ ગયો હોય છે કે ગાર્ડન ના દૃશ્યોને જોવાનું તો આપણે સાવ ભૂલી જ જતાં હોઈએ છીએ અને બસ ભોગ કરો, આ ખાઓ, તે ખાઓ, આને બગાડો, તેને બગાડો બસ એ જ ચાલતું રહેતું હોય છે.

તો આવા ભિન્ન-ભિન્ન ભાવોની ટેગિંગ ને કારણે જ પુષ્ટિ, પ્રવાહ અને મર્યાદા ના ભેદો થતાં હોય છે આ મુદ્દાની પહેલી વાત આપણને ગ્રન્થ શરૂ કરતા પહેલાં સમજવાની હતી. હવે બીજી બાબત ઉપર વિચાર કરીએ.

પ્રાચીન કાળમાં ગ્રન્થલેખનની વિશિષ્ટ પ્રકારની ડિસિપ્લિન્ હતી.તેમાં
1.ઉદ્દેશ્ય
2.લક્ષણ અને
3.પરીક્ષા

ક્રઆ ક્રમથી વિષયનું નિરૂપણ કરવામા આવતું.

ઉદ્દેશ્ય અને લક્ષણ

‘ઉદ્દેશ્ય’ એટલે એમ સમજો કે પુસ્તકના આરમ્ભમાં આપવામાં આવેલી અનુક્રમણિકા. તે પછી ગ્રન્થના વિષયની બાબતમાં જે પરિભાષાઓ (વ્યાખ્યા) આપવામાં આવતી હોય તેને આપણે લક્ષણના સ્થાને ગણી શકીએ. દા.ત. એક વાત કહું તો "અથાતો બ્રહ્મ જિજ્ઞાસા” એ વેદાન્તસૂત્રનો પહેલો સૂત્ર છે. આ સૂત્રમાં એમ કહેવામા આવ્યું છે કે "હવે અહીંથી બ્રહ્મનો વિચાર કરીએ છીએ” હવે જ્યારે "બ્રહ્મનો વિચાર કરીએ છીએ” એમ કહ્યું એટલે તરત એ પ્રશ્ન થયો કે તો પછી ‘બ્રહ્મ’ એટલે શું? ‘બ્રહ્મ’નો અર્થ જ જો બતાવવામાં ન આવે અને સીધો વિચાર જ શરૂ કરી દેવામાં આવે તો વાંચનારને ખબર જ ન પડે કે થઈ શું રહ્યું છે. એટલે વ્યાસજી તરતજ સાવધાની પૂર્વક બીજા ક્રમે બ્રહ્મનું લક્ષણ કહે છે કે "જન્માદ્યસ્ય યત:, શાસ્ત્રયોનિત્વાત્” એટલે કે આ જગતનો જન્મ, સ્થિતિ અને લય જેનાથી થાય છે તેને ‘બ્રહ્મ’ કહેવામાં આવે છે. અને તે જેનાથી સિદ્ધ થાય છે તેને પ્રમાણ કહેવામાં આવે છે. એટલે લક્ષણ અને પ્રમાણ નું સંક્ષેપમાં એમણે વર્ણન કરી દીધું. ઉદ્દિષ્ટ બ્રહ્મ છે. તેથી "અથાતો બ્રહ્મજિજ્ઞાસા” એમ કહ્યું ત્યારે બ્રહ્મને ઉદ્દેશ્ય બનાવ્યો. તે પછી લક્ષણ કહ્યું. લક્ષણની સાથે વ્યાસજીએ પ્રમાણ પણ કહી દીધું. કારણ કે "લક્ષણ-પ્રમાણાભ્યાં વસ્તુસિદ્ધિ:” એટલે કે લક્ષણ અને પ્રમાણ થી વસ્તુસિદ્ધિ થાય છે. જ્યારે આપણે કોઈ વસ્તુનું લક્ષણ આપીએ ત્યારે સાંભળનાર માણસને તેની બાબતમાં સમ્ભાવના ઉભી થાય કે આ શબ્દનું આ લક્ષણ છે એટલે વસ્તુ કાંઈક આવી હોવી જોઈએ. ‘લક્ષણ’ એટલે નિરુક્તિ. નિરુક્તિ માત્ર કરવાથી વસ્તુ સિદ્ધ થઈ નથી જતી. દા.ત. કેમિસ્ટ્રીમેં "એચ ટુ ઓ” એમ પાણીની નિરુક્તિ આપવામાં આવતી હોય છે. પરન્તુ તેટલા માત્રથી શું જલ સિદ્ધ થઈ જાય છે? નથી થતું. કેમ કે તમારે તે લક્ષણના આધારે એક્સપેરીમેન્ટ કરવો પડશે. બે ‘એચ્’ લેવા પડશે એક ‘ઓ’ લેવો પડશે, એને તે બન્નેને મેળવીને જો પાણીનો એક મોલેક્યુલ્ બનતો હોય તો પરીક્ષણથી સિદ્ધ થઈ શકે કે "એચ ટુ ઓ” લક્ષણ સાચો. પણ એક વાત સમજો કે એ પરિક્ષણ તમે કરી ક્યારે શકો? જ્યારે તમારા ભેજામાં "એચ ટુ ઓ” એવું લક્ષણ હોય તો. નહીંતો પરીક્ષણ કેવી રીતે કરી શકશો? જેમ "અથાતો બ્રહ્મજિજ્ઞાસા” છે તેમ "અથાતો જલજિજ્ઞાસા” હોય પછી શું થશે? બીજો સૂત્ર આવશે : "એચ ટુ ઓ પ્રયોગાત્” એમ આવશે. પ્રયોગ કરવાથી સિદ્ધ થાય છે કે બે એચ્ ને ઓ સાથે જોડીએ તો જલનો એક અણુ બને છે. આમ જલ લક્ષણ અને પ્રમાણથી સિદ્ધ થઈ ગયું. એટલે સમજવાની વાત એ છે કે માત્ર લક્ષણથી વસ્તુની સિદ્ધિ થતી નથી. "એચ ટુ ઓ” એમ આપણે ડિફાઈન્ કર્યું તેથી એવું સાબિત ન થઈ શકે કે પાણી "એચ ટુ ઓ” છે. એનો પ્રયોગ પણ કરવો પડશે. પ્રયોગ કરીને એક પણ પાણીનું બિન્દુ જો સિદ્ધ થઈ જાય તો લક્ષણ સાચું સિદ્ધ થઈ ગયું. સિદ્ધિમાં બીજા કોઈ સીંગડાં ઉગતા નથી હોતા. ઉદ્દિષ્ટ પદાર્થનું લક્ષણ આપીને તેને સાબિત કરનારું પ્રમાણ આપણે આપી દીધું તો બસ. અર્થાત્ ઉદ્દિષ્ટ વસ્તુની આપણને પ્રમાણથી અનુભૂતિ થઈ જવી જોઈએ.

પ્રમાણ

હવે પ્રમાણ શું છે તેનો વિચાર કરીએ તો જેના આધારે આપણે વસ્તુને સિદ્ધ કે સાબિત કરી શકીએ તેને 'પ્રમાણ' કહેવામાં આવે છે. જુદી-જુદી વસ્તુઓને સિદ્ધ કરવામાટેના પ્રમાણો જુદા-જુદા હોઈ શકે છે. કોઈક વસ્તુ આંખથી દેખાય, કંઈક કાનથી સંભળાય, કંઈક હાથથી સ્પર્શાય, કંઈક નાકથી સુંઘાય, કંઈક ચાખીને જાણી શકાય, કોઈક વસ્તુ અનુમાનથી જાણી શકાય, કોઈકનું પરીક્ષણ થાય, કોઈકની ડિસ્કવરી થાય, કોઈકનો ઈન્વેશન થાય આમ પ્રમાણો જુદા-જુદા હોઈ શકે છે. પરન્તુ ઉદ્દિષ્ટ વસ્તુનું સર્વ પ્રથમ લક્ષણ આપો. લક્ષણ આપ્યા પછી એનું પ્રમાણ આપો અને પ્રમાણ આપ્યા પછી એનું પરીક્ષણ કરો. આ વસ્તુસિદ્ધિની આખી પ્રક્રિયા છે.

ઘણા લોકો કહેતા હોય છે કે ઈશ્વરને સિદ્ધ કરો. ઈશ્વર સિદ્ધ કરો એટલે ઈશ્વર છે, ઈશ્વર છે એમ બોલતાં-બોલતાં હું નાચવા લાગું તો શું ઈશ્વર સિદ્ધ થઈ જશે! એટલે કહેવાનું તાત્પર્ય એ છે કે 'સિદ્ધિ' નો તમારા મતે શું અર્થ છે તે જ્યાં સુધી તમે મને નહીં સામજાવો ત્યાં સુધી હું ઈશ્વરને સિદ્ધ કેવી રીતે કરી શકીશ?

'સિદ્ધિ' એટલે સરળ ભાષામાં આપણે એમ કહી શકીએ કે ઈશ્વર માટેના કેટલાક ઉદ્દિષ્ટ શબ્દો આપણી પાસે હોવા જોઈએ કે જેનાવડે ઈશ્વરની બાબતમાં આપણે કંઈક વાત-ચીત કરી શકીએ. હવે ધ્યાન આપજો કે જે શબ્દોનો પ્રયોગ આપણે કરીએ એ શબ્દો પણ જો પાછા લફડામાં પડેલા હોય તો? દા.ત. કોઈ માણસનું નામ 'ઈશ્વર' હોઈ શકે છે. મારા દાદાજી (નિ.લી.ગો.શ્રીદીક્ષિતજી) નો ડ્રાઈવર જ ઈશ્વર હતો. તે પ્રમાણે કોઈક માણસનું નામ 'કૃષ્ણ' પણ હોઈ શકે, તેમ કોઈકનું નામ 'પુરુષોત્તમ' ન હોઈ શકે? નોર્મલી આપણે 'બ્રહ્મ' નામ કોઈનું રાખતા નથી હોતા પણ ધારોકે રાખીએ તો કોઈ ના થોડી પાડે! નામ તો કંઈ પણ આપી શકાય છે. એટલે આપણને એ વાતનો ખુલાસો કરવો પડશે કે ક્યા શબ્દોમાં તમે તમારી વાતની રજુઆત કરશો. તે પછી તે-તે શબ્દોનું તમારે લક્ષણ (સમજુતી) પણ આપવું જોઈએ. લક્ષણ કર્યા વિના કોઈ આપણને કહે કે અમે 'પરબ્રહ્મ' સિદ્ધ કરીએ છીએ. આપણે પુછીએ તો એ પોતાના દીકરાને દેખાડી દે કે આનું જ નામ 'પરબ્રહ્મ' છે. લ્યો થઈ ગયો ને સિદ્ધ પરબ્રહ્મ, આટલો જલદી. એ જ પ્રમાણે કોઈ ભાઈનું નામ 'પુરુષોત્તમભાઈ' રાખીદ્યો. અને એને કોઈ પુછે તો એને દેખાડીને કહી દો કે આ રહ્યો પુરુષોત્તમ. એમ કાંઈ પુરુષોત્તમ સિદ્ધ થાય? એવી રીતે સિદ્ધ ન થાય. કહેવાનો મતલબ એ છે કે તમારે દરેક શબ્દનું લક્ષણ આપવું પડશે કે તમે 'પુરુષોત્તમ' કહો છો તો તેનું લક્ષણ શું. જેમ ભગવાન્ પોતાને 'પુરુષોત્તમ' કહે છે તો તેનું લક્ષણ આપે છે :

"યસ્માત્ ક્ષરમતીતોઽહમ્ અક્ષરાદપિ ચોત્તમ:,
અતોઽસ્મિ લોકે વેદે ચ પ્રથિત: પુરુષોત્તમ:"

જે ઉત્પત્તિ-નાશ શીલ ક્ષર જગત છે તેનાથી હું અતીત છું. એટલે કે જગતના ઉત્પત્તિ-નાશ થતા હોય છે પણ મારા ઉત્પત્તિ-નાશ થતા નથી. અને જે અક્ષર કે જેનો પણ જગતના ઉત્પત્તિ-નાશથી નાશ નથી થતો તે ક્ષર અને અક્ષર બન્ને કરતાં હું ચઢિયાતો છું. 'પુરુષોત્તમ'નું

આ લક્ષણ થઈ ગયું. આનું કંઈક પ્રમાણ આપણને મળે તો પુરુષોત્તમ સિદ્ધ થાય. આજે અનેક (આચાર્યવંશજો) બાલકો પોતાના પુરુષોત્તમ હોવાનો દાવો કરતા હોય છે. અને કહેતા હોય છે કે અમારામાં કોઈએ પણ દોષબુદ્ધિ ન લાવવી. તો હવે વિચાર કરો કે પરુષોત્તમ કયા અર્થમાં છે? મારા મનમાં એક તુક્કો સુઝ્યો કે એક વખત સાપની પેટી લાવીને બાળક બિરાજતા હોય ત્યાં હળવેકથી સાપને છોડી મુકવો અને બાળકને વિનન્તિ કરવી કે "કૃપાનાથ! આ સાપને નાથો. આપ નાગને નહીં નાથો તો કોણ નાથશે!" આ સાંભળીને જો તેઓ ભાગી જાય તો સમજી જાવું કે તેઓ પુરુષોત્તમ નથી. કેમકે પુરુષોત્તમે તો નાગ નાથ્યો હતો. બીજું કંઈ નહીં તો એકાદ સ્કુટરજ ઉપાડીને હાથ ઉપર મૂકીદો કે આને ટચલી આંગળી પર ધારણ કરો. પુરુષોત્તમનું કામ એક પણ થતું હોય નહીં પછી પુરુષોત્તમની ખોટી ભ્રમણા શા કામની? એટલે આ વાત સમજવી જોઈએ કે કોઈ પણ વસ્તુનું આપણે લક્ષણ આપીશું તે મુજબ તેનું પરીક્ષણ પણ થશે. ત્યાર પછી વસ્તુ સિદ્ધ થતી હોય છે.

એટલે આપણા ગ્રન્થનિરૂપણની બેઝિક ડિસિપ્લિન્ હતી : 1.ઉદ્દેશ્ય 2.લક્ષણ, લક્ષણની સાથે પ્રમાણ વળગેલો છે, અને 3.પરીક્ષણ ની. તે મુજબ શ્રીમહાપ્રભુજી પુષ્ટિપ્રવાહમર્યાદાભેદ ગ્રન્થના શરૂઆતના શ્લોકમાં ગ્રન્થનો ઉદ્દેશ્ય કહી રહ્યા છે :

પુષ્ટિપ્રવાહમર્યાદાભેદ ગ્રન્થનો ઉદ્દેશ્ય :
"પુષ્ટિપ્રવાહમર્યાદા ... ન ભવિષ્યન્તિ યત્ શ્રુતે:" પુષ્ટિ, પ્રવાહ અને મર્યાદા ને વિશેષેણ; એટલે કે પુષ્ટિ એ પ્રવાહથી કેવી રીતે નાખી છે, પ્રવાહ મર્યાદાથી કેવી રીતે નોખો છે, મર્યાદાથી પુષ્ટિ કેવી રીતે નાખી છે એમ સામાન્ય રીતે. અને આ ત્રણેય માર્ગો પૃથક્-પૃથક્ એટલે જીવ, દેહ, ક્રિયા, પ્રવાહ અને ફલ થી પૃથક્-પૃથક્ કેવી રીતે થાય છે તેનું નિરૂપણ કરવામાં આવે છે. એટલે કે પુષ્ટિનો જીવ કેવો, પ્રવાહનો જીવ કેવો, મર્યાદાનો જીવ કેવો. તે પછી પુષ્ટિનો દેહ કેવો, પ્રવાહનો દેહ કેવો, મર્યાદાનો દેહ કેવો. તે જ રીતે તે ત્રણેય જીવોની ક્રિયા પ્રવાહ અને ફલ કેવા એ રીતે પૃથક્-પૃથક્ પણ હું તમને સમજાવવા માંગીશ જેથી કરીને આ બાબતમાં તમને કોઈ પણ સન્દેહ રહી ન જાય. આ બધું શું છે? આ ઉદ્દેશ્ય છે.

વિદ્યાર્થી:અહીં કહ્યું છે કે "સર્વસન્દેહા ન ભવિષ્યન્તિ" એનો અનુવાદ કરતાં આપે કહ્યું કે "કોઈ પણ સન્દેહ નહિ રહી જાય" તો 'સર્વસન્દેહ' શબ્દનો "કોઈ પણ સન્દેહ" એવો અનુવાદ કરવા પાછળ શું કોઈ વિશેષ કારણ છે?

ગો.શ્રીશ્યામમનોહરજી:તમારી વાત સાચી છે. ભાષાના નિયમ પ્રમાણે સામાન્યરીતે જ્યારે નિષેધ લગાડવાનો હોય ત્યારે 'સર્વ' નથી વાપરવામાં આવતું, "કોઈ પણ" વાપરવામાં આવે છે. વિધાન કરવાનું હોય ત્યારે 'સર્વ' વાપરવામાં આવે છે. છતાંય નિષેધ સાથે શ્રીમહાપ્રભુજીએ 'સર્વ'શબ્દ વાપર્યો છે એટલે એનો અર્થ મેં 'કોઈ પણ' એમ કર્યો હતો. કારણ કે જો બધા જ સન્દેહો નહિ રહી જાય તો પછી કોઈ સન્દેહ પણ નહિ જ રહે. એટલે ભાષાની પ્રકૃતિનો વિચાર કરીને મેં એનો તેવો અનુવાદ કર્યો હતો.

લક્ષણ:

તે પછી શ્રીમહાપ્રભુજી લક્ષણ આપી રહ્યાં છે :

ભક્તિમાર્ગસ્ય કથનાત્ પુષ્ટિર્ અસ્તીતિ નિશ્ચય:॥2॥

ભક્તિમાર્ગસ્ય=ભક્તિમાર્ગના કથનાત્=કહેવાના કારણે
પુષ્ટિ:=પુષ્ટિ
અસ્તિ=છે
ઇતિ=એવો
નિશ્ચય:=નિશ્ચય
(અસ્તિ=છે)

ક્આ લક્ષણ છે. જમીનમાં કેરીની ગોટલી વાવવામાં આવી છે તે ખબર કેવી રીતે પડે? જ્યારે જમીનમાંથી આંબાનો છોડ બહાર નીકળે ત્યારે ખબર પડે કે જમીનમાં કેરીની ગોટલી વાવી હશે. તે જ પ્રમાણે શાસ્ત્રમાં કોઈક એવા ભક્તિમાર્ગનું નિરૂપણ કરવામાં આવ્યું છે કે બીજા કોઈ પણ કારણથી પ્રકટ થઈ શક્તો નથી જો પ્રભુકૃપા ન કરે. જો પ્રભુ કૃપા ન કરે તો તેવી જાતની ભક્તિનો ભાવ જીવના હૃદયમાં જાગી જ નથી શકતો. આવા ભક્તિમાર્ગનું શાસ્ત્રમાં નિરૂપણ કરવામાં આવ્યું છે તેના કારણે પ્રભુની પુષ્ટિ છે તેવો નિશ્ચય થાય છે.

લક્ષણ અનેક પ્રકારે આપી શકાતા હોય છે. સ્વરૂપ લક્ષણ, કારણ લક્ષણ, પ્રયોજન લક્ષણ વગેરે લક્ષણોના પ્રકારો છે. ‘કારણલક્ષણ’ એટલે વસ્તુના કારણને લઈને જ્યારે પરિભાષા કરવામાં આવે તો તેને વસ્તુનું કારણલક્ષણ કહેવામાં આવે છે. તે જ રીતે વસ્તુના સ્વરૂપ (દેખાવ-ગુણધર્મો) ને લઈને જ્યારે પરિભાષા કરવામાં આવે તો તેને વસ્તુનું સ્વરૂપલક્ષણ કહેવામાં આવે છે. અને કોઈક વસ્તુની એવી પરિભાષા આપવામાં આવે કે તેનાથી કાર્ય શું ઉત્પન્ન થાય છે તો તે વસ્તુનું ‘કાર્યલક્ષણ’ કહેવાય. એનું પ્રયોજન લક્ષણ એટલે કે કોઈક વસ્તુની એવી રીતે પરિભાષા આપવી કે જેનાથી તે વસ્તુ આખરે છે શા માટે તેની માહિતી મળે. તો આપણે કોઈ પણ રીતે લક્ષણ આપી શકતા હોઈએ છીએ. દા.ત. "માણસ એક બુદ્ધિમાન પ્રાણી છે” આ લક્ષણ કઈ જાતનું છે?

વિદ્યાર્થી: સ્વરૂપલક્ષણ.

ગો.શ્રીશ્યામમનોહરજી : એકદમ સાચું. આ લક્ષણ માણસ કોનાથી પેદા થયો છે એનું વર્ણન નથી કરતો.

બીજું લક્ષણ લઈએ તો આ વાત આપણા ધર્મગ્રન્થો અને બાઇબલ-કુરાનમાં પણ આવે છે કે આદમની જે સન્તતિ તે ‘આદમી’. મનુની જે સન્તતિ તે ‘મનુષ્ય’. આ કઈ જાતનું લક્ષણ કહેવાશે?

વિદ્યાર્થી:કારણલક્ષણ.

ગો.શ્રીશ્યામમનોહરજી : કારણલક્ષણ થઈ ગયું. "મનો: અયં માનવ" આ લક્ષણ મનુષ્યનું કારણલક્ષણ છે ખ્યાલમાં આવ્યુંને!

હવે એક બીજી વાત સમજો; "આહાર-નિદ્રા-ભય-મૈથુનં ચ સામાન્યમેતદ્ પશુભિ:નરાણાં, ધર્મો હિ તેષામ્ અધિકો વિશેષો ધર્મેણ હીના: પશુભિ: સમાના:" સુવું જાગવું જમવું રમવું વગેરે ક્રિયાઓ તો જાનવરો પણ કરી શકે છે. જે ક્રિયા ઢોર પણ કરે અને તમે પણ કરો તો તેના આધારે તમે મનુષ્ય કેવી રીતે થઈ શકો? તમે તમારા ધર્મને અનુસરતા હો તો તમે મનુષ્ય છો. એવું મહાભારતમાં કહવાયું છે. હવે કહો કે આ કયું લક્ષણ છે?

વિદ્યાર્થી: કાર્યલક્ષણ.

ગો.શ્રીશ્યામમનોહરજી : હવે છેલ્લું લક્ષણ જુઓ. આ લક્ષણ મહર્ષિ મનુએ આપ્યું છે : "બ્રાહ્મણસ્ય હિ દેહોડયં ક્ષુદ્રકામાય નેષ્યતે" અર્થાત્ બ્રાહ્મણનો આ દેહ ક્ષુદ્ર એટલે ક્ષુલ્લક કામનાઓને પૂરી કરવામાટે નથી મળ્યો. શેના માટે મળ્યો છે? શરીરને તકલીફ આપીને પરલોક સુધારવામાટે આ દેહ મળ્યો છે. આને પ્રયોજન લક્ષણ કહેવાશે.

વિદ્યાર્થી: ધર્માચરણને પ્રયોજન ન કહી શકાય?

ગો.શ્રીશ્યામમનોહરજી : કહી ચોક્કસ શકાય પરન્તુ તે વચનમાં એનું પ્રયોજન તરીકે નિરૂપણ કરવામાં નથી આવ્યું. ત્યાં જો એમ કહેવામાં આવ્યું હોત કે તમને માણસ એટલા માટે બનાવવામાં આવ્યા છે કે જેથી તમે ધર્મના પથ ઉપર ચાલી શકો. તો એ જ પ્રયોજનલક્ષણ બની ગયું. પણ તે લક્ષણમાં એમ કહેવામાં આવી રહ્યું છે કે જે ધર્મ કરે તે માણસ.

"ધર્મ કરવામાટે માણસ" તો પ્રયોજનલક્ષણ. "ધર્મ કરે તે માણસ" તો કાર્યલક્ષણ. તે જ પ્રમાણે "ધર્મ રૂપ હોય તે માણસ" એમ જો કહીએ તો એ સ્વરૂપલક્ષણ થઈ જશે. "ધર્મના કારણે જે જનમ્યો હોય" તો કારણ લક્ષણ થઈ જાય. દા.ત. આપણે ત્યાં એક પદ ગવાય છે "ધર્મહીતેં પાયો યહ ધન; નીકે રાખિ યશોદા મૈયા નારાયણ ઘર આયો" આ પદમાં આપણે ભગવાનનું કારણલક્ષણ ગાઈ રહ્યા છીએ કે ભગવાન્ આમ જ કાંઈ મફતમાં મળતાં નથી, ધર્મહીતેં પાયો. તો કોઈ પણ વસ્તુનું લક્ષણ કારણ, કાર્ય, સ્વરૂપ, કાર્ય કે પ્રયોજન કોઈ પણ રીતે આપી શકાય છે. તે રીતે શ્રીમહાપ્રભુજી એ અહીં "ભક્તિમાર્ગસ્ય કથનાત્ પુષ્ટિરસ્તીતિ નિશ્ચય:" માં કારણલક્ષણનું નિરૂપણ કર્યું છે.

પુષ્ટિ: અસ્તિ

શ્રીમહાપ્રભુજી અહીં આજ્ઞા કરી રહ્યાં છે શાસ્ત્રમાં એવો વિલક્ષણ ભક્તિમાર્ગ વર્ણવાયો છે કે જેના કારણરૂપ પ્રભુની પુષ્ટિ (કૃપા) તો હોવી જ જોઈએ. પ્રભુની પુષ્ટિ જો ન હોય તો આવી વિલક્ષણ ભક્તિ પ્રકટ જ કેમ થઈ શકે? અહીં જોકે કહ્યું નથી પણ એક વચન મને યાદ આવે છે. તે વચનનું તાત્પર્ય એમ છે કે વ્યક્તિ જ્યારે કોઈને સ્નેહ કરે છે ત્યારે કાં તો જેને સ્નેહ કરતો હોય તેનો તેને સંગ હોય અથવા જેને તે સ્નેહ કરી રહ્યો છે તેનાથી તેના કાર્યો સિદ્ધ થતાં હોય અથવા તો એનું માહાત્મ્ય જાણ્યું હોય. પણ ભાગવતમાં જે નિર્ગુણ પુષ્ટિભક્તિમાર્ગનું વર્ણન કરવામાં આવ્યું છે તેમાં એવી વાતો વર્ણવાયી છે કે પ્રભુને ચાહનારાઓએ કદી જાણ્યું ન હતું કે પ્રભુ કેવા છે. પ્રભુને ચાહનારાઓએ પ્રભુનું માહાત્મ્યશું છે એની કદી દરકાર કરી ન હતી. તે જ રીતે કેટલાકને તો પ્રભુનો સંગ પણ મળ્યો ન હતો તેમ છતાં તેઓ પ્રભુને ચાહતા હતાં. ઓચિંતી આવી ચાહના પ્રભુની બાબતમાં પૈદા કેવી રીતે થઈ? તેથી શ્રીમહાપ્રભુજી કહે છે કે "પુષ્ટિ: અસ્તિ"

દા.ત. એક વાત તમને કહું કે તમે કોઈ એક દેવની માનતા માની અને તમારી દુકાન સરખી ચાલવા લાગી. તમારી ભક્તિ તે દેવમાં પુષ્કળ વધી જશે. કોઈકે ગિરિરાજજીની માનતા માની. તેને છોકરો થતો ન હતો. માનતા માન્યા પછી છોકરો થઈ ગયો. કોઈકને વર મળતો ન હતો, તેને વર મળી ગયો. એકનો ધંધો ચાલતો ન હતો, તેનો ધંધો ચાલવા લાગ્યો. તો એ તો દેખીતી વાત છે કે આપણું કામ જે કરતો હોય તે આપણને વહાલો લાગેજ. પરન્તુ તમારી માનતા પુરી જ ન થતી હોય તેમ છતાં જો તમારી ભક્તિ દેવમાં વધે, જે દેવનો તમે સંગ ન કર્યો હોય તેમ છતાં જો તે દેવમાં તમારી ભક્તિ વધે, જેનું માહાત્મ્ય તમે સાંભળ્યું ન હોય તેમ છતાં જો તે દેવમાં તમારી ભક્તિ વધે તો જાણવું કે 'પુષ્ટિ'નું તત્ત્વ ત્યાં કામ કરી રહ્યું છે. કેટલાક સમય પહેલાં કોઈક છાપામાં મૈં એક આર્ટિકલ વાંચ્યો હતો. આજથી ચાર-પાંચ વર્ષ અગાઉ કોઈક મહારાષ્ટ્રીયન આખા ભારતની તીર્થયાત્રા કરવા નીકળ્યો. તીર્થયાત્રા દરમ્યાન એ નાથદ્વારા પણ ગયો. પોતાની તીર્થયાત્રાના વર્ણનમાં નાથદ્વારાનું વર્ણન કરતાં એણે લખ્યું કે જેટલા તીર્થોમાં એ ફર્યો એમાં સહુથી વધારે ખરાબ વ્યવસ્થા, અત્યન્ત ગંદકી, ખરાબ સ્થિતિ, લોકોનો ખરાબ વ્યવહાર મને નાથદ્વારામાં જણાયો. અને ત્યાંના પ્રસાદની, કે જેનું નામ સાંભળતા આપણેત્યાંના લોકોના મોઢામાં પાણી આવી જતું હોય છે, એણે એટલી નિન્દા કરી હતી કે આવો ચીકણો, ઘીવાળો, હાથ લગાવતાં ડર્ટીથઈ જાય એવો ગન્દો પ્રસાદ મેં ક્યાંય જોયો નથી. કોણ જાણે એને પ્રસાદમાં એને કોણે શું આપી દીધું હશે. આમ છતાં શ્રીનાથજીના દર્શન કરતાં મને કંઈક એવો આનન્દ આવ્યો કે જેનું વર્ણન હું કરી શક્તો નથી. સવાલ એ થાય છે કે એવો આનન્દ એને આટલી બધી ખરાબીમાં જાગ્યો કેમ? દા.ત. કોઈક છોકરી લૂલી, લંગડી, બહેરી હોય છતાંય જો કોઈકને બહુ આકર્ષક લાગતી હોય તો સમજવું કે કંઈકને કંઈક લફડો (ગરબડ) છે ને! આનો અર્થ એ થયો કે પછી તે ગુણને નથી ચાહી રહ્યો, કોઈક અનેરી ચાહના તેનામાં છે. એ ચાહનાને આપણે સામાન્ય ચાહનામાં ખપાવી ન શકીએ. તેથી જ્યારે મેં તે મહારાષ્ટ્રીયનનો આર્ટીકલ વાંચ્યો ત્યારે મને ખરેખર રોમાંચ થયો કે શ્રીનાથજીએ પણ કોને પકડ્યો કે જેને માહાત્મ્ય નથી દેખાતું કે જેને કશી સમજ નથી. તેથી

આપણને લાગે કે ખરેખર શ્રીજીએ એના ઉપર કાંઈક પુષ્ટિ કરી છે. તેથી "પુષ્ટિરસ્તીતિ નિશ્ચય:"

વિદ્યાર્થી: આપે જે મહારાષ્ટ્રીયનની વાત કહી તેના જેવા અનેક લોકો શ્રીનાથજી પ્રત્યે આકર્ષાઈને જતાં હોય છે કે જેઓને શ્રીમહાપ્રભુજીની સાથે કે શ્રીમહાપ્રભુજીના સિદ્ધાન્તોની સાથે કંઈ લાગતું-વળગતું હોતું નથી. તો શું તેઓની ભક્તિને પુષ્ટિભક્તિ કહી શકાય?

ગો.શ્યામમનોહરજી : અહીં પુષ્ટિભક્તિની ચર્ચા જ નથી. અહીં તો પુષ્ટિને કેવી રીતે સમજવી તેની વાત છે. ભક્તિ સુધી તો વાત આવી જ નથી. હું હજી 'પુષ્ટિ'ની બાબતમાં વાત કરી રહ્યો છું કે 'પુષ્ટિ' નામનું કંઈક તત્ત્વ છે તો તેને કેવી રીતે સમજી શકાય.

તો સમજો કે ખુબ શોધવા છતાં કોઈ પ્રકટ પણ કારણ જડતું ન હોવા છતાં કંઈક અનેરું આકર્ષણ વ્રજભક્તોને પ્રભુ પ્રત્યે હતું તો આપણને કાન પકડીને સ્વીકારવું પડશે કે તો પછી પ્રભુની પુષ્ટિ જ કામ કરી રહી હશે.

જેમ નરસિંહજી થાંભલામાંથી નિકળ્યાં એનું કાંઈ કારણ તો હશેજ ને. થાંભલામાં તો કોઈ રહેતું નથી હોતું. પરન્તુ ઓચિંતા ઘુર્રૂ... કરીને નરસિંહજી નીકળ્યા તો એને શું સમજવું? એને શું વૈજ્ઞાનિક પ્રોસેસ સમજવી. બારીમાંથી કે બારણું ઠોકીને કેમ સીધીરીતે ન આવ્યાં? અન્તે તો પ્રહ્લાદ માટેજ આવવાનું હતું ને! રામ કેવી રીતે પુલ બાંધીને લંકા આવી ગયા હતા? તેમ શું નરસિંહજીને બારણામાંથી ઘુસતા આવડતું ન હતું કે જેથી થાભલામાંથી ઓચિંતા નિકળવું પડ્યું? વાત સમજમાં આવીને! તેથી સમજો કે આવા બધા જે પ્રકારોમાં કંઈક અલૌકિક્તા રહેલી હોય છે. એમાં લૌકીક પ્રકાર નથી. એટલે "પુષ્ટિ: અસ્તિ ઇતિ નિશ્ચય:"

ધારોકે (વિદ્યાર્થીને સમ્બોધીને) તને પરણીને ક્યાંક જવું હોય તો તુ કેવા ઘરમાં જવાની ઇચ્છા રાખીશ? ખાતા-પીતા યોગ્ય લોકોનું ઘર હોય ત્યાં જ તો પરણીને જવાની ઇચ્છા થશે ને? કોઈ માલધારી ગોવાળના છાણ-લીંપણના ઘરમાં કે જ્યાં દીવાલ પર છાણા થાપેલાં હોય એવા ઘરમાં જવાનું તું પસંદ કરશે? પરન્તુ ભગવાન ત્યાં પધાર્યા હતા. વર્ણનમાં ખરેખર એવું આવે છે કે કેટલીક વખતે આપનું શ્રીઅંગ છાણ-માટી રગદોળાયેલું રહતું. અને ભક્તો ભગવાનના એવા શ્રીઅંગના દર્શન કરીને તેના ગુણ ગાતા હતાં. આપણે તો કોઈક કર્મથી બંધાઈને આવા ઠેકાણે જન્મ લેતા હોઈએ છીએ, ભગવાને તો કોઈ પાપ કર્યા નહીં હોય, પોતાની ઈચ્છાથી જ આવા ઠેકાણે પ્રકટ થયા હતા. તો કાંઈકને કાંઈક પ્રભુની પુષ્ટિ તો માનવીજ પડશે ને. ગમ્ભીરતાથી વિચારવું પડશે કે ભગવાને આટલા નીચા લેવલ ઉપર આવવાનું શા માટે વિચાર્યું હશે. ભગવાનને ચૂંટણીમાં જીતવામાટે ગોકુળના લોકોના મત તો લેવા હતા નહીં કે જેથી લીડરોની જેમ ભગવાન ઝૂંપડપટ્ટીઓમાં મત માંગવા જાય કે "ભાઈઓ અને બહેનો આવતા વર્ષે મને ભગવાન બનવાનું છેં તમારો કીમતી મત મને આપજો, ભૂલતા નહીં" એવું તો કંઈ હતું નહીં. તો પછી પ્રશ્ન થાય છે કે ભગવાન ત્યાં

ગોકુલમાં પધાર્યા શા માટે? સામાન્ય માણસ પણ જ્યાં જાવાનું પસંદ ન કરે ત્યાં ભગવાન બિરાજ્યાં, રમ્યા, જમ્યા બધું કર્યું. કારણ એક જ હતું : "પુષ્ટિરસ્તીતિ નિશ્ચય:"

જુઓ, આ પ્રશ્ન ભક્તિનો નથી. મુદ્દો એ છે કે પ્રભુની પુષ્ટિ કઈ-કઈ રીતે થઈ શકે છે. મુદ્દો એ છે કે જે વખતે આપણને કોઈ ઘટના પાછળનું એક પણ કારણ જડતું ન હોય કે આવું કેમ થયું, પ્રભુ આ લફડા(ચક્કર)માં કેમ ફસાયા, આ જીવમાં ભક્તિ કેવી રીતે જાગી? ત્યારે આપણે તે ઘટનાના પાછળ કંઈક અલૌકિક તત્વ વિચારવા વિવશ થવું પડે છે. તેન આપણે પુષ્ટિ કહીએ છીએ. જેમ કવિતામાં આવે છે :
સરોવર કાંઠે શબરી બેઠી રટે રામનું નામ,
એક દિન આવશે સ્વામી મારા અંતરના અભિરામ"
શબરી જંગલમાં રામની વાટ જોતી હતી. જ્યારે ભગવાન રામ તેના આશ્રમમાં પધાર્યા ત્યારે તેને રામની ઓળખાણ કેવી રીતે પડી કે આ જ ભગવાન્ રામ છે? શું ભગવાને પોતાના ઉપર કંઈ ટેગ્ લગાવી રાખ્યું હતું કે હું ભગવાન છું. અને ધ્યાનમાં લેવાની વાત એ પણ છે કે જેને ઋષિઓ ન ઓળખી શક્યા, જેને રાવણ જેટલો મહાન વિદ્વાન ઓળખી ન શક્યો. એને શબરી જેવી અભણ અસંસ્કૃત ભીલડી કેવી રીતે ઓળખી ગઈ? મુદો સમજમાં આવે છે ને! એ ભિલડીને ખબર કેવી રીતે પડી કે રામ આવ્યા છે. એને એવો ઉમળકો આવ્યો શા માટે? "પુષ્ટિરસ્તીતિ નિશ્ચય:" રામે કાંઈક પુષ્ટિ એના ઉપર કરી હશે કે જેથી રામની એ વાટ જોતી હતી અને તેઓ ત્યાં પધાર્યા ત્યારે તેઓને તે ઓળખી શકી. ધારોકે આજે તારી કે મારી સામે રામ આવી જાય તીર-કમાન લઈને તો આપણે શું વિચારીએ? ભલું પૂછવું આપણે તો રામને તીર-કામઠાધારી ધાડપાડુમાંય ખપાવી દઈએ! આપણે શું રામને પીછાણી શકીશું? પણ એ શબરી પીછાણી ગઈ. એ કેવી રીતે પિછાણી? એની પાસે કયું સૂક્ષ્મદર્શીયંત્ર કે ટેલીસ્કોપ હતું કે એ પિછાણી ગઈ. મહાપ્રભુજી કહે છે કે "પુષ્ટિરસ્તીતિ નિશ્ચય:" કાંઈક એવી ગૂઢ વાત હતી કે જેને કારણે એને ખબર પડી ગઈ કે જેની એ વાટ જોઈ રહી છે તે આ આવ્યો. વાત આવીને ખ્યાલમાં? એટલે મુખ્ય મુદો એ છે કે "ભક્તિમાર્ગસ્ય કથનાત્" કોઈક એવો વિચિત્ર-વિલક્ષણ ભક્તિમાર્ગ, શબરી જેવો વ્રજભક્તો જેવો, વ્રજભક્તો માટે ભાગવતમાં કહેવાય છે : "અન્યાપૃતમ્ નિશિ શયાનમ્ અતિશ્રમેણ લોકે વિકુણ્ઠગતિમ્ ઉપનેષ્યતિ ગોકુલં સ્વમ્" દિવસે કામ કરતા હતા, રાતે ઊંઘી જતા હતા, કોઈ સાધન ન્હોતા કરતા, કોઈ તપ-ધ્યાન ન્હોતા કરતા એમને ઓચિંતો કૃષ્ણમાં આવો ભાવ કેમ જાગી ગયો? કૃષ્ણ બ્રહ્મ હતા એને જો આપણે કારણ માનીએ તો કંસને એવો ભાવ કેમ ન જાગ્યો? પૂતનાને કેમ ન જાગ્યો? યશોદાજીને કેમ જાગ્યો? એટલે કૃષ્ણમાં જો કંઈ ખાસીયત હોય તો એ બધામાં પણ જાગવો જોઈતો હતો! જો વ્રજભક્તોમાં કંઈ ખાસિયત હશે એવું કહો તો એવી કોઈ ખાસિયત તેઓમાં દેખાતી નથી. એ તો બધા જ "અન્યાપૃતં નિશિ શયાનમ્" હતા. એવા વ્રજભક્તો એ જાણે કોઈ જૂની ઓળખાણ હોય તેવી ઓળખાણ કાઢી કેવી રીતે લીધે? તેથી શ્રીમહાપ્રભુજી કહે છે "ભક્તિમાર્ગસ્ય કથનાત્ પુષ્ટિરસ્તીતિ નિશ્ચય:"

પ્રહ્લાદના માટે તો આપણે એમ કહી શકીએ કે આપણા હિસાબે કોઈકનો એને સત્સંગ થયો હશે કે હિરણ્યકશિપુના હિસાબે દુ:સંગ થયો હશે. તેથી તે ભગવાનની વાટ જોતો હતો અને ભગવદ્ભજન કરતો હતો. તેથી ત્યાં તો સત્સંગ કે દુ:સંગ ની ગણતરી આપણે કરી શકીએ. પણ એવા ઘણા બધા કિસ્સાઓ છે કે જેમાં નથી સત્સંગ કે નથી દુ:સંગ નો કોઈ ઉલ્લેખ છતાંય ભક્તિ થઈ હોવાના પુરાવા મળે છે. અને એ ભક્તિના ઉલ્લેખો ત્યારે જ હોઈ શકે છે એવું નથી, આજે પણ એવા ઉલ્લેખો આપણા અનુભવમાં આવી શકે છે કે જેમાં ભક્તિ ઉત્પન્ન કરનારા બીજા કોઈ પણ કારણો આપણને જડતા ન હોય તેમ છતાં ભક્તિ જોવા મળતી હોય.

વિદ્યાર્થી: "ભક્તિમાર્ગસ્ય કથનાત્ પુષ્ટિ: અસ્તિ ઇતિ" આમાં 'કથનાત્' લખ્યું છે. કયા સ્થળે કહ્યું છે એ બાબતમાં આપ પ્રકાશ પાડશો?

ગો.શ્રીશ્યામ મનોહરજી : શાસ્ત્રમાં.

વિદ્યાર્થી: શાસ્ત્રમાં એટલે વેદથી પૃથક પુરાણાદિ શાસ્ત્રમાં એવું આપણે વિચારી શકીએ?

ગો.શ્રીશ્યામ મનોહરજી : કોઈક શાસ્ત્રવિશેષનો નિર્દેશ ત્યાં અભિપ્રેત નથી. ત્યાં કેવલ એટલું જ અભિપ્રેત છે કે શાસ્ત્રમાં વિલક્ષણ પ્રકારની ભક્તિ કહેવાઈ છે. એક વાત સમજો કે શાસ્ત્રમાં 'પુષ્ટિભક્તિ' એવું તો ક્યાંય કહેવાયું હોય એવું મારા ધ્યાનમાં નથી. આ ખરેખર શોધનો વિષય છે કે શાસ્ત્રમાં 'પુષ્ટિ' ક્યાં કહેવાયું છે. સિવાય શ્રીમહાપ્રભુજીના કદાચ આ શબ્દ બીજા કોઈ વાપરતાં પણ નથી. આજથી સો વર્ષ પહાલાં સુધી સામાન્ય લોકો 'પુષ્ટિમાર્ગ' એટલે ખાઈ-પીને મોટા થવાનો માર્ગ એવું જ સમજતા હતા. અને શ્રીમહાપ્રભુજીને કોઈકે પૂછ્યં કે "તિહારે સેવક ઇતને દુબલે ક્યોં?" તો આપે ઉત્તર આપ્યો કે "બરજે હતે ફિર હુ (પુષ્ટિમાર્ગમેં) આયે તાકો ફલ ભુગત રહે હૈં" તો શ્રીમહાપ્રભુજી 'પુષ્ટિ'નો અર્થ ખાઈ-પીને મોટા થવું એવું સમજતા ન હતા. પરન્તુ આપણે શ્રીમહાપ્રભુજીના નામે એવા-એવા કૌભાંડો કર્યા કે "મોહનથાલસ્ય કથનાત્ ઠોર ચ કથનાત્ પુષ્ટિરસ્તીતિ નિશ્ચય:" તેથી લોકો "પુષ્ટિમાર્ગસ્ય કથનાત્ પુષ્ટિરસ્તીતિ નિશ્ચય:" એમ સમજી ગયા!

દ્વૌભૂતસર્ગાવિત્યુક્તે: પ્રવાહોપિ વ્યવસ્થિત:॥

વેદસ્ય વિદ્યમાનત્વાન્ મર્યાદાપિ વ્યવસ્થિતા॥3॥

દ્વૌ=બે
ભૂતસર્ગૌ=જીવસૃષ્ટિ
ઇતિ=આ પ્રમાણે
ઉક્તે:=કહ્યું હોવાથી
પ્રવાહ:=પ્રવાહ
અપિ=પણ
વ્યવસ્થિત:=વિશેષરૂપથીસ્થિત
(અસ્તિ=છે)(કિઞ્ચ=અને)
વેદસ્ય=વેદના
વિદ્યમાનત્વાત્=વિદ્યમાન્ હોયવાને કારણે
મર્યાદા=મર્યાદા
અપિ=પણ
વ્યવસ્થિતા=વિશેષરૂપથી સ્થિત
(અસ્તિ=છે)

ભગવાન પોતે કબૂલ કરે છે કે જગતમાં બે પ્રકારના જીવોને ઉત્પન્ન કરવામાં આવ્યા છે : 1. આસુરી અને 2. દૈવી. જગતમાં પ્રવાહી જીવો પણ છે એટલે પ્રવાહ માર્ગ પણ હોવો જ જોઈએ. આ પહેલાં શ્રીમહાપ્રભુજીએ કહ્યું હતું કે ભક્તિ છે તેથી પુષ્ટિમાર્ગ છે. હવે શ્રીમહાપ્રભુજી કહી રહ્યા છે કે પ્રવાહમાર્ગ જેવું પણ કંઇક છે. કેમકે સૃષ્ટિ બે જાતની છે. એક દૈવીસૃષ્ટિ છે અને બીજી આસુરી સૃષ્ટિ છે. પુષ્ટિમાર્ગને તો આપણે સમજી ગયાં.

ભગવાને શાસ્ત્ર પ્રકટ કર્યા છે. તે શાસ્ત્રમાં ભગવાને કેટલીક આજ્ઞાઓ આપી છે. શાસ્ત્રની ઘણીબધી આજ્ઞાઓ કઠોર અને ડગલે-ને-પગલે આપણા સ્વાર્થ તેમજ કામના ને ક્રોસ્ કરનારી (વિરોધી) આજ્ઞાઓ છે. આપણને કંઈક ભોગવવું ગમે તો તેનો ત્યાગ કરવાની આજ્ઞા શાસ્ત્ર કરી દે. આપણને આરામ કરવું ગમે તો કર્મ કરવાની આજ્ઞા શાસ્ત્ર કરી દે. પૈસા સંઘરવા ગમે તો શાસ્ત્ર દાન કરવાની આજ્ઞા કરી દે. શાસ્ત્રની આવી બધી આજ્ઞાઓ કદાચ જગતના બધા જીવોના ગળે ઉતરતી ન હોય તેવું બની શકે પરન્તુ 100 માંથી જો 20 લોકોના ગળે પણ જો એ વાત ઉતરતી હોય તો શ્રીમહાપ્રભુજી કહે છે કે તેથી મર્યાદામાર્ગ છે. તો આવી રીતે શ્રીમહાપ્રભુજીએ ઉદ્દેશ્યમાં જ ત્રણેય માર્ગોના લક્ષણો આપી દીધાં છે. તેને જો સંક્ષેપમાં આપણે ફરી વિચારીએ તો 1. વેદને અનુસરનારા કેટલાક લોકો છે તેથી મર્યાદામાર્ગ

છે. 2. પ્રવાહમાર્ગને અનુસરનારા કેટલાક લોકો છે તેથી પ્રવાહમાર્ગ છે. તે જ રીતે 3. ભક્તિ કરનારા લોકો છે, ભક્તિનું શાસ્ત્રમાં નિરૂપણ છે તેથી પુષ્ટિમાર્ગ પણ છે.

અહીં એક વાત ધ્યાનથી સમજો કે "પુષ્ટિમાર્ગ છે તેથી ભક્તિમાર્ગ છે" એવું કહીએ તો કારણથી કાર્યનું નિરૂપણ થયું અને "ભક્તિમાર્ગ છે તેથી પુષ્ટિમાર્ગ છે" એવું કહીએ તો કાર્યથી કારણનું નિરૂપણ થયું ગણાય. જેમ કેરીની ગોટલી વાવીએ અને પછી એમ વિશ્વાસ રાખીએ કે આમાંથી આંબાનું ઝાડ નિકળશે તો તે કારણથી કાર્યનું નિરૂપણ કહેવાશે. બીજ કારણ છે અને ભક્તિનું છોડ કાર્ય છે. ભક્તિનું એક વિલક્ષણ છોડ દેખાઈ રહ્યું છે તો એનું વિલક્ષણ કારણ પણ હોવું જોઈએ. તે વિલક્ષણ કારણને જ શ્રીમહાપ્રભુજી 'પુષ્ટિ' તરીકે પરિભાષિત કરે છે. ફરીથી સમજો કે વિલક્ષણ ભક્તિના વિલક્ષણ કારણને 'પુષ્ટિ'રૂપે પરિભાષિત કરવામાં આવી રહ્યું છે. ભક્તિ છે તેથી પુષ્ટિ છે એમ કહીએ તો તે ભક્તિનું કારણલક્ષણ થયું અને અને પુષ્ટિનું કાર્યલક્ષણ.

વિદ્યાર્થી: "વેદસ્ય વિદ્યમાનત્વાત્ મર્યાદાપિ વ્યવસ્થિતા" માં શ્રીમહાપ્રભુજી એમ આજ્ઞા કરે છે કે વેદનું અસ્તિત્વ હોવાને કારણે મર્યાદામાર્ગ પણ છે. તો શું વેદ માત્ર મર્યાદામાર્ગીઓ માટે જ છે?

ગો.શ્રીશ્યામ મનોહરજી : સારો પ્રશ્ન છે. ધારોકે આપણે કોઈક વહાણમાં જઈ રહ્યા છીએ. વહાણ ડૂબી ગયું. હાથ-પગ પછાડીને આપણે કોઈક ટાપુ ઉપર પહોંચી ગયા. ટાપુ તદ્દન વેરાન દેખાય છે. પરન્તુ દૂર ક્ષિતિજમાં ક્યાંક ધુમાળો આપણને દેખાય છે. ત્યારે આપણને શું લાગશે? આપણને લાગશે કે ધુમાડો છે એટલે કોઈકને કોઈક મનુષ્ય હશે. પણ એનો મતલબ શું એવો લઈ શકાય કે એ ટાપુ ઉપર ખાલી મનુષ્ય જ હશે અને કાગડા કે સસલાં નહીં હોય! એ તો ધુમાડો કરતા નથી ને! તેથી તેઓ ત્યાં હોય નહીં એવો નિર્ણય લઈ શકાય? એવો નિર્ણય નથી લઈ શકાતો. જે મિનીમમ નિર્ણય લઈ શકાતો હોય છે એ કે ધુમાડો છે તો કોઈક એવો જાનવર હોવો જોઈએ કે જે ધુમાડો કરી શકે. હવે તેવા જાનવરની સાથે કોઈક બીજા જાતના પણ જાનવર હોય તો હોય. અને ન હોય તો ન પણ હોય. જે હોય તે પણ આપણે તેનો નિર્ણય નથી લઈ શક્તાં. એમ "વેદસ્ય વિદ્યમાનત્વાત્" વેદ વિદ્યમાન છે, 'વિદ્યમાન' એટલે ચોપડીના રૂપે એવો અર્થ લઈએ તો તો ઉધઈઓ માટે થઈ ગયા : "ગ્રન્થો છે રાખ્યાં કબાટોમાં ભરી-ભરી. ઉધઈઓની બુદ્ધિને સુધારવા" આપણે તો સુધરીએ એવા છીએ નહીં તો ઓછામાં ઓછું ઉધઈઓની બુદ્ધિ તો સુધરે. તો એવી રીતે ચોપડીઓના અર્થમાં વેદ વિદ્યમાન છે એમ નહીં. "વેદસ્ય વિદ્યમાનત્વાત્" એટલે કે કોઈક વેદને ભણી રહ્યું છે, કોઈક એના મુજબ ચાલી રહ્યું છે, કોઈ એને અનુસરવાનો અભિગમ : શ્રધ્ધા નિષ્ઠા વિશ્વાસ રાખે છે. એટલે કાંઈક મર્યાદામાર્ગ તો છે ને! આ જગતના પ્રવાહમાં કોઈક મર્યાદા તો છે ને! કોઈક હજી એમ તો વિચારે છે ને કે "ના, મારે ભોગ નથી ભોગવા, મારે ત્યાગવું છે. મારે આરામથી પડ્યા નથી રહેવું, મારે કર્મ કરવાં છે" તો એ વેદ વિદ્યમાન છે ત્યારે જ તો સમ્ભવે ને! વેદ વિદ્યમાન ન હોય તો આવું કંઈ પણ સમ્ભવી ન શકે. પ્રવાહમાં શું છે? એક વાત સમજો કે

પ્રવાહ જંગલની માફક હોય છે. અને વેદ (મર્યાદામાર્ગ) એક કેડીની માફક છે. આપણે કોઈ જંગલમાં જઈએ અને ઓચિંતી કોઈક કેડી દેખાય તો આપણને લાગે કે જેમ આપણે અહીં આવ્યા તેમ બીજો કોઈક પણ અહીં ચાલતો હશે, નહીંતો કેડી બની કેવી રીતે. કારણ કે જંગલમાં કેડી માણસના આવાગમનથી જ બનતી હોય છે, બાકી જાનવર ગમે તેટલાં આવે-જાય તોય કેડી ન જ બને. જાનવરોના પગમાં એ માહાત્મ્ય નથી એ માહાત્મ્ય માણસના જ પગમાં છે. પણ તેનો અર્થ કોઈ એમ ન લઈ શકે કે તેથી જંગલમાં જનાવર નથી. કેમકે જે માણસની જંગલમાં અવર-જવર છે એ પોતાની ગાય-બકરી-ભેંસને લઈને જતો પણ હોય, જંગલી જનાવરો પણ એ રસ્તે ચાલતાં હોય. પણ ઓછામાં ઓછું એ તો સાબિત થાય જ છે કે કોઈક માણસ ત્યાં અવર-જવર કરે છે.

વિદ્યાર્થી: વેદ જો પુષ્ટિમાર્ગીઓ માટે પણ હોય તો મર્યાદામાર્ગને સિદ્ધ કરવામાટે શ્રીમહાપ્રભુજી વેદને આટલું બધું મહત્વ શા માટે આપે છે?

ગો.શ્રીશ્યામમનોહરજી : જેમ કોઈક મનુષ્યના જીવનમાં ભક્તિ હોય તો તેના ઉપર ભગવાનની પુષ્ટિ હોવાનું અનુમાન થાય છે. તેમ કોઈક મનુષ્યના જીવનમાં વેદે સ્થાપેલી મર્યાદા દેખાઈ રહી છે તો સિદ્ધ થાય છે કે 'મર્યાદા' નામનો એક નોખો માર્ગ પણ છે. "વેદસ્ય વિદ્યમાનત્વાત્" એટલે જે મર્યાદાનો ઉપદેશક વેદ છે એને અનુસરનારાઓ કોઈક છે તો મર્યાદામાર્ગ થયો કે ન થયો? અહીં વેદમાર્ગ વિરુદ્ધ પુષ્ટિમાર્ગ એવો કોઈ હેતુ નથી. પણ ક્યા કાર્યથી ક્યા કારણનું અનુમાન કરવું તે રીતે વિચાર કરવામાં આવી રહ્યો છે. જેમ "દ્વૌભૂતસર્ગૌ" બે પ્રકારના સર્ગો ચાલી રહ્યાં છે તેથી પ્રવાહ માર્ગ તો છે જ ને? ભગવાનની શાસ્ત્રની કેટલાક લોકો દરકાર કરતા જ નથી, ભગવાનને ગાળોય આપતાં હોય છે, ઘણા લોકો ભગવાનને ભજતા જ નથી, પોતાની મસ્તીમાં રચ્યા-પચ્યા રહેતાં હોય છે તો પ્રવાહ માર્ગ સિદ્ધ થઈ ગયો. એવી જ રીતે વેદમાં વર્ણવેલી મર્યાદાને અનુસરનારા પણ લોકો જગતમાં છે. દરેક જીવતો પ્રવાહમાર્ગમાં તણાતો નથી હોતો. તેથી મર્યાદામાર્ગ સિદ્ધ થાય છે. તે મર્યાદાને પુષ્ટિજીવો અનુસરતા નથી કે તે મર્યાદાને પુષ્ટિજીવોએ અનુસરવાનું નથી એમ કહેવાનો તાત્પર્ય નથી. તે મર્યાદાને બધા પ્રવાહી જીવો અનુસરતા નહીં હોય અવું પણ કહેવાનો આશય નથી, તે મર્યાદાને કેટલાક પ્રવાહી જીવો પણ અનુસરતા હશે. તેથી તમે સમજવાનો પ્રયત્ન કરો કે અહીં એવી કોઈ પણ બાબતમાં કશું કહેવાઈ નથી રહ્યું. અહીં શ્રીમહાપ્રભુજી પુષ્ટિ, પ્રવાહ અને મર્યાદા ના લક્ષણો આપી રહ્યાં છે, બીજી કશી વાત નથી કહી રહ્યા. એટલે તે માર્ગોના બીજા બધા પાસાઓ જો હોય તો હશે ન હોય તે નહિં હોય. પરન્તુ તે બાબતમાં અહીં મૌન રાખવાનું છે. એ બધી બાબતો અહીંયા વચમાં નથી લાવવાની. દા. ત. કોઈક એમ કહે કે "માણસ એક બુદ્ધિમાન્ પ્રાણી છે" તો શું આપણે તેને એમ પૂછી શકીએ કે તમે માણસના હાથની બાબતમાં કેમ કંઈ કહ્યું નહીં કે એને કેટલા પગ છે એનું વર્ણન કેમ નથી કર્યું કે એને શીંગડા હોય છે કે નહીં તે બાબત કેમ કહેવામાં નથી આવ્યું વગેરે ચર્ચા આપણે કરી શકીએ? ના. કેમકે લક્ષણમાં એ બાબતો ચર્ચાઈ નથી. લક્ષણમાં કઈ બાબત ચર્ચા કરવામાં આવી છે કે તત્ત્વત: માણસ શું છે. માણસ કોઈક રસાયણ છે કે કોઈક

બાયોલોજીકલ્ ફિનોમિના છે કે ફિઝિકલ્ ફિનોમિના છે. અને ધારો કે કોઈક બાયોલોજીકલ્ ફિનોમિના છે તો પછી એ બીજા બાયોલોજીકલ્ ફિનોમિના થી ભિન્ન કઈ રીતે છે તે બાબત ચર્ચા લક્ષણમાં થઈ રહી છે. તેથી જ આપણે એમ કહીએ છીએ જેમ બીજા ઘણી જાતના પ્રાણીઓ છે તેમ માણસ એક બુદ્ધિશાળી પ્રાણી છે. તેથી માણસ શું છે તેની પરિભાષા આપણને સમજમાં આવી. એટલે જે પણ માણસ હોય તે પ્રાણી તો હોવો જ જોઈએ અને જે પણ માણસ હોય તે બુદ્ધિશાળી તો હોવો જ જોઈએ. બાકી તેને એક હાથ હોય કે બે હોય એનો વિચાર અહીં પ્રાસઙ્ગિક નથી બનતો. કેમ કે લક્ષણના નિરૂપણમાં એ પાસાઓનો વિચાર કરવામાં નથી આવી રહ્યો. તેથી ફરીથી સમજો કે અહીં માર્ગોના કારણલક્ષણનો વિચાર કરવામાં આવી રહ્યું છે કે પુષ્ટિનું કારણલક્ષણ શું, મર્યાદાનું કારણલક્ષણ શું અને પ્રવાહનું કારણલક્ષણ શું. એટલે કે માર્ગને બનાવનાર પરિબળ શું છે તે વિચારવામાં આવી રહ્યું છે. દા. ત. માટી, ત્રાંબાં, સ્ટીલ, પ્લાસ્ટિક વગેરેથી બનેલા જુદા-જુદા ઘડાઓ મૂકેલા હોય તો આપણે એમ કહીએ છીએ કે જુદી-જુદી જાતના ઘડાઓ છે એટલે ઓછામાં ઓછા એટલા તત્ત્વો તો પૃથ્વી ઉપર હોવાજ જોઈએ. પરન્તુ એનો અર્થ એ નથી કે બીજા તત્ત્વો પૃથ્વી ઉપર નથી, એનો મતલબ એવો પણ નથી કે ઘડા સિવાય બીજું કંઈ એનાથી બની નથી શક્તું. બીજી ઘણી વસ્તુઓ બની શકે છે. પરન્તુ આપણે એવો તો નિષ્કર્ષ તારવી જ શકીએ કે જેટલા જાતના ઘડાઓ પૃથ્વીપર છે તેને બાનાવનારાં ઓછામાં ઓછા એટલા પદાર્થો ભૂતલ ઉપર હોવા જ જોઈએ. એટલે એ કાર્યથી કારણનું અનુમાન છે. તેથી તે રીતે લક્ષણ આપવામાં આવી રહ્યું છે.

વિદ્યાર્થી: આપે કહ્યું કે શાસ્ત્રમાં પુષ્ટિમાર્ગના અર્થમાં ક્યાં પણ ‘પુષ્ટિ’ શબ્દ વપરાયો નથી. તો પુષ્ટિમાર્ગને શાસ્ત્રીય કેમ કહી શકાય?

ગો.શ્રીશ્યામ મનોહરજી : શાસ્ત્રમાં નિરૂપણ બે રીતે હોય છે. એક નિરૂપણ તો તમારા કર્તવ્યોપદેશ તરીકે હોય છે અને બીજું નિરૂપણ તત્ત્વોપદેશ તરીકે હોય છે. તો પરમાત્માને જ્યારે કૃપાળુ તરીકે વર્ણવામાં આવતો હોય ત્યારે પુષ્ટિનું નિરૂપણ થઈજ ગયું ને! એમાં નોખી રીતે પુષ્ટિનું વર્ણન કરવાની આવશ્યકતા નથી રહેતી. અને કર્તવ્ય તરીકે શાસ્ત્ર પરમાત્માને શું એમ આજ્ઞા આપી શકે કે "હે પરમાત્મા! આથી તમને જણાવવામાં આવે છે કે ફલાણા-ફલાણા જીવ બહુ ઉચ્ચ અધિકારી છે. તેના ઉપર કૃપા કરીદો. દસ દિવસમાં જો કૃપા નહીં કરો તો તમને શો-કોઝ નોટીસ આપવામાં આવશે. પરમાત્માને તો આજ્ઞા આપી શકાય નહીં. જીવને કેવી રીતે કહેવું કે ચાલ તું એવું કામ કર કે પરમાત્મા તારા ઉપર પ્રસન્ન થઈ જાય. કારણ કે જો કોઈક જાતનું કામ કરવાથી પરમાત્મા પ્રસન્ન થતો હોય ત્યારે તો એ કામનું ફળ થયું કહેવાય, ભક્તિનું કારણ પુષ્ટિ ન બની. અહીં પુષ્ટિને ભક્તિના કારણ તરીકે પરિભાષિત કરવામાં આવી રહી છે. તમારા દ્વારા કરવામાં આવતા કોઈ કાર્ય ઉપર થતી પરમાત્માની પ્રસન્નતા તરીકે પુષ્ટિને કહેવામાં નથી આવી રહી. પુષ્ટિ એ જાતની પણ હોઈ શકે કે તમે સારું કામ કયુર્ં અને તમે તમારા જીવનને એવી રીતે જીવ્યા કે જેથી પરમાત્મા તમારા ઉપર પ્રસન્ન થયા. આ સ્થિતિમાં તો પરમાત્માની પ્રસન્નતા ઉપરથી તમારાદ્વારા સારું કામ થવાના

અનુમાનની વાત થઈ ગણાય. અહીં તો તેનાથી ઉલટી વાત કહેવામાં આવી રહી છે કે કોઈ કારણ વિના પરમાત્માની બાબતમાં આવી વિલક્ષણ ભક્તિ તમારા હૃદયમાં કેમ જન્મી. જન્મી છે તેથી કંઈક-ને-કંઈક પરમાત્માની એવી વિલક્ષણ કૃપા તમારા ઉપર હોવી જોઈએ. આમ અહીં કાર્યથી કારણનું અનુમાન કરીને લક્ષણ આપવામાં આવી રહ્યુ છે. બીજી કોઈ બાબતમાં નથી ના પાડવામાં આવી રહી કે નથી હા પાડવામાં આવી રહી. બીજી બધી બાબતમાં આ તબક્કે મૌન રાખવામાં આવ્યું છે.

વિદ્યાર્થી: કોઈ પણ જીવ પુષ્ટિમાર્ગમાં હોય પ્રવાહમાર્ગમાં હોય કે મર્યાદામાર્ગમાં હોય જે કોઈ પણ માર્ગમાં હોય તે ભગવાનની કૃપાથી જ હોયને, અનુગ્રહથીજ હોયને, ઇચ્છાથીજ હોયને ...

ગો.શ્રીશ્યામ મનોહરજી : એટલે જ ભગવાનની ઇચ્છાથી કૃપાને કોઈક રીતે છૂટ્ટી પાડવી છે અને કૃપામાં પણ પુષ્ટિને પાછી છૂટ્ટી પાડવી છે. જે કાંઈ થાય છે એ ભગવદ્ ઇચ્છાથી થાય છે. ભગવદિચ્છા એ એક જનરલ પ્રિન્સિપલ છે જેમ પ્રાણી. માણસ એક પ્રાણી છે. અસંખ્ય પ્રાણીઓમાં માણસ એક બુદ્ધિશાળી પ્રાણી છે. બુદ્ધિશાળી માણસોમાં કોઈક ભણેલો માણસ છે. તો, જુઓ, આમ કરતાં કરતાં સ્પેસિફિકેશન્ વધતું જાય છે. આના આધારે જો આપણે પ્રભુની ઇચ્છા કે કૃપા ને સમજીએં તો "જે કાંઈ જગતમાં થઈ રહ્યુ છે તે ભગવાનની ઈચ્છાથી થઈ રહ્યું છે" આ જગતમાં જે થઈ રહ્યું છે તેના કારણની બાબતમાં એક સામાન્ય સિદ્ધાન્ત છે. આ સામાન્ય સિદ્ધાન્તના કુંડાળામાં એક ભગવાનની કૃપાનો પણ એક પેટા સિદ્ધાન્ત કામ કરે છે. કારણ કે ક્યારેક ભગવનાનની ઇચ્છા કૃપારૂપે પણ કામ કરતી હોય છે અને ક્યારે કૃપા વિના ફક્ત ઇચ્છા જ કામ કરતી હોય છે. આથી ઇચ્છાનો એક ભેદ કૃપા હોય છે. આ કૃપામાં પણ ફરી પ્રકારો જોવા મળે છે. તે અનુસાર કૃપા પણ બે જાતની હોઈ શકે છે. એક મર્યાદાવાળી કૃપા. અને એ મર્યાદામાં પણ પાછી પુષ્ટિરૂપા કૃપા (પુષ્ટિથી મિશ્ર મર્યાદાજીવ). તેથી સંક્ષેપમાં સમજીએ તો ઇચ્છાના વર્તુળની ભીતર કૃપાનું વર્તુળ અને કૃપાના વર્તુળની ભીતર પુષ્ટિનું વર્તુળ ક્રઆમ ઇચ્છાનું વર્તુળ નાનું થતું જાય છે. તેથી જે પુષ્ટિ છે તે ભગવાનની ઈચ્છા તો હશે જ, પણ ભગવાનની દરેક ઈચ્છાને આપણે પુષ્ટિ નથી કહી શકતા. તે જ પ્રમાણે જે કૃપા હશે તે ભગવાનની ઇચ્છા તો કહેવાશે જ પણ ભગવાનની દરેક કૃપાને આપણે 'પુષ્ટિ' નથી કહી શક્તા, ઇચ્છા તો કહેવીજ પડશે. કેમકે જો ઇચ્છાજ ન હોય તો કૃપા કેવી રીતે થાય! દા.ત. કોઈકે ભગવાનની માનતા માની કે મને પત્ની મળી જાય. ધારોકે એને બાયડી મળી ગઈ. આને આપણે (પારિભાષિક અર્થમાં) 'પુષ્ટિ' કહીશું? નહીં કહીએ. તે જ રીતે ધારોકે કોઈકે શ્રીનાથજીની માનતા માની કે જો મારો ધંધો ચાલવા લાગે તો હું તમને છપ્પનભોગ આરોગાવું. માનો કે તેનો ધંધો ચાલી ગયો. તેના પર ભગવાનની કૃપા તો થઈ પરન્તુ શું આપણે તેને 'પુષ્ટિ' માનીશું? કદી પણ નહીં. કેમકે એણે તો શ્રીનાથજી સાથે સૌદો કર્યો હતો. અને એ સૌદામાં પણ પાછી છેતરપિંડી કેવી કે છપ્પનભોગમાં લાખ વાપરે અને ધંધામાં નફો જોઈએ કરોડ રૂપિયાનો. તો મૂળ વાત સમજો કે એને આપણે કૃપા તો કહીશું પરન્તુ પુષ્ટિ તો નહીંજ કહીએ. પુષ્ટિનું અનુમાન આપણે બીજા કાર્યથી કરી રહ્યા છીએ.

એટલે કે જ્યારે ભક્તના હૃદયમાં ભક્તિ જાગે તો પ્રભુએ પુષ્ટિ કરી એમ કહેવાય. હવે ધ્યાનથી વિચારો કે જે પુષ્ટિ હશે તે કૃપા તો હશે જ અને જે કૃપા છે તે પાછી ઇચ્છા પણ હશે જ. પરન્તુ દરેક ઇચ્છાને આપણે કૃપા નથી કહી શકતાં અને દરેક કૃપાને આપણે 'પુષ્ટિ' નથી કહી શક્તા. અહીં પ્રાણી અને મનુષ્ય નું દૃષ્ટાન્ત ફરી યાદ કરી લો. તો આ જનરલ્ માંથી પર્ટિક્યુલર્ થવાની પ્રક્રિયા છે.

વિદ્યાર્થી: એટલે કૃપા અને પુષ્ટિ વચ્ચે ભેદ ભક્તિથી થાય એમ કહી શકાય?

ગો.શ્રીશ્યામમનોહરજી : ભક્તિને કારણે થાય છે. એટલે પ્રભુ જો આપણી સાથે એવો સમ્બન્ધ બાંધે, પ્રભુ જો આપણા માથે એવી કૃપા કરે કે પ્રભુની ભક્તિ કરવા સિવાય આપણી બીજી કોઈ અપેક્ષા પ્રભુ પાસેથી રહી ન જાય તો પુષ્ટિ થઈ ગઈ. અને પ્રભુ જો આપણી સાથે એવા કોઈક સમ્બન્ધથી બંધાય કે પૈસાની રેલમ-છેલ અને લીલા-લહેર કરાવી દે તો પછી સમજી જવાનું કે પ્રભુની કૃપા તો થઈ ગઈ પણ ભક્તિ તો ન થઈ. ભારતીય મૂળના એક પ્રસિદ્ધ દાણચોરે એક ઇંટર્વ્યુમાં કહ્યું છે કે મારી આવતી ચૌદ પેઢી જો ખોબા ભરી-ભરીને પૈસા ઉડાડે તો પણ ખૂટે નહીં તેટલો પૈસો પરમાત્માએ મને આપ્યો છે. એ પૈસો તેણે દાણચોરીના પુરુષાર્થથી મેળવ્યો છે એમ તે નથી કહેતો. પરમાત્માનો એ આભાર માને છે. હવે વિચાર કરો કે પરમાત્માએ એને જે પૈસો આપ્યો છે તે કૃપાથી આપ્યો હશે કે ઇચ્છાથી? તમને શું લાગે છે? ઇચ્છાથી જ આપ્યો હશેને. હશે પરમાત્માની એવી ઇચ્છા કે આવા ગુંડાઓ પણ દુનિયામાં કોઈક રીતે રહે. તો પરમાત્માની આ અકળ ઈચ્છા છે કે જે ને આપણે સમજી નથી શકતા કે જેની આપણે વ્યાખ્યા નથી કરી શકતા કે આવું કેમ થઈ રહ્યું છે. એને આપણે કૃપા તો ન જ કહીએ. પેલો દાણચોર ભલે કૃપા માનતો હોય. કારણ કે પરમાત્માની કૃપા એવી ન હોઈ શકે, ઇચ્છા હોઈ શકે. કેમકે એ તો રમતિયાળ છે. આવીયે રમત કરે.

તેથી "ભક્તિમાર્ગસ્ય કથનાત્ પુષ્ટિરસ્તીતિ નિશ્ચય:, દ્વૌ ભૂતસર્ગાવિત્યુક્તે: પ્રવાહોપિ વ્યવસ્થિત:, વેદસ્ય વિદ્યમાનત્વાન્ મર્યાદાપિ વ્યવસ્થિતા" આ ત્રણ પંક્તિઓમાં શ્રીમહાપ્રભુજીએ ત્રણે માર્ગોના કારણલક્ષણ આપી દીધાં.

માર્ગભેદમાં પ્રમાણ

આ પ્રમાણે ત્રણેય માર્ગોના કારણલક્ષણનું નિરૂપણ કર્યા બાદ હવે માર્ગભેદની બાબતમાં પ્રમાણ આપી રહ્યાં છે.

કશ્ચિદેવ હિ ભક્તો હિ "યો મદ્ભક્ત”

સર્વત્રોત્કર્ષકથનાત્ પુષ્ટિરસ્તીતિ નિશ્ચય:॥4॥
યો=જે
મદ્ભક્ત:=મારો ભક્ત
ઇતિ=એ પ્રમાણે
ઈરણાત્=કહ્યું હોવાથી
(કિઞ્ચ=અને)
સર્વત્ર=બધે જ
ઉત્કર્ષકથનાત્=શ્રેષ્ઠતા કહી હોવાથી
પુષ્ટિ:=પુષ્ટિ
હિ=નિશ્ચિત જ
અસ્તિ=છે
ઇતિ=એવો
નિશ્ચય:=નિશ્ચય છે

જુઓ અનુભૂતિથી એક કદમ આગળ જઈને નિશ્ચય ઉપર લઈ જાઈને શ્રીમહાપ્રભુજી વાતને છોડે છે કે ભગવાન્ પોતે કહે છે કે "યો મદ્ભક્ત: સ મે પ્રિય:” કોઈક એવા ભક્ત હોય છે કે જે લોક-વેદની બધી લાલચને છોડીને ફક્ત મનેજ ચાહે છે. એટલે તેને નથી લોકની ચાહના કે નથી વેદની ચાહના, તેને ફક્ત મારીજ ચાહના છે. એવા ભક્તો કોઈક જ હોય છે, દરેક ભક્તો એવા હોઈ નથી શક્તા. તેથી શ્રીમહાપ્રભુજી કહે છે કે ભગવાન્ જ્યારે ગીતામાં એમ કહે છે કે "જે મારો ભક્ત છે તે મને પ્રિય છે” ત્યારે ભગવાન્ પોતાના ભક્તનું ગુણગાન કરી રહ્યા છે કે અડકતરી રીતે તેવા ભક્ત ઉપર વરસતી પોતાની પુષ્ટિનું વર્ણન કરી રહ્યા છે? તેથી "હું કોઈકના ઉપરજ હું આવી પુષ્ટિ કરું છું” એવું કહેવાને ઠેકાણે ભગવાન્ પોતાના અનન્યભક્તના વખાણ કરીને પોતાની વિલક્ષણ પુષ્ટિનું નિરૂપણ કરી રહ્યા છે એ વાતને સમજો. તેથી જ ભગવાન્ કહે છે કે "સમોઽહં સર્વભૂતેષુ ન મે દ્વેષ્યોઽસ્તિ ન પ્રિય:” હું તો દરેકના માટે સમાન છું. પરન્તુ "યે ભજન્તિ તુ માં ભક્તત્યા મયિ તે તેષુ ચાપ્યહમ્” જે મને ભક્તિથી ભજે છે એ મારામાં રહે છે અને હું એનામાં રહું છું. આ શું લફડો (ગરબડ) છે? બધા સમાન છે છતાંય પક્ષપાત? એટલે ઇચ્છા અને કૃપા કરતાં નોખી કોઈક પુષ્ટિ ભગવાનની છે તેનું આ પ્રમાણ છે.

શ્રીમહાપ્રભુજી બીજું પ્રમાણ આપતાં કહે છે કે "સર્વત્ર ઉત્કર્ષ કથનાત્” એનો બધે ઠેકાણે કોઈક અનેરો ઉત્કર્ષ વર્ણવવામાં આવ્યો છે. તેથી "પુષ્ટિ: અસ્તિ ઇતિ નિશ્ચય:” આગળ શ્રીમહાપ્રભુજી કહે છે કે ” સર્વોઽત: પ્રવાહાદ્ધિ ભિન્નો વેદાચ્ચ ભેદત:”

એટલે ભગવાન્ જે ભક્તોને અત્યન્ત દુર્લભ ગણી રહ્યા છે તેવા ઉત્તમ ભક્તો કંઈ બધા તો હોઈ જ કેમ શકે. તેથી શ્રીમહાપ્રભુજી કહી રહ્યા છે કે "કશ્ચિદેવ હિ ભક્ત:" એવા ભક્ત તો કોઈક જ હોય છે. લે બ્રહ્મસમ્બન્ધ અને આવીજા પુષ્ટિમાર્ગમાં એવી રીતે જેને કંઠી બાંધી આપવામાં આવતી હોય છે તે બધાને શું પુષ્ટિમાર્ગીકહી શકાય?

વિદ્યાર્થી: ભગવાનની ભક્તિ પુષ્ટિસમ્પ્રદાય સિવાયના લોકો પણ કરતાં હોય છે તો તે બધા ઉપર પણ ભગવાનની પુષ્ટિ છે તેમ કહી ન શકાય?

ગો.શ્રીશ્યામમનોહરજી:શ્રીનાથજીનીમાનતા-બાધાકરતાહોયતોપણ?

વિદ્યાર્થી: એવા તો નહીં જ પરન્તુ કોઈ ભક્ત કંઈક સાધન કરતો હોય તો ...

ગો.શ્રીશ્યામમનોહરજી : સાધન કરી રહ્યો છે કે નથી કરી રહ્યો એ વાત લક્ષણમાં કહેવામાં નથી આવી. લક્ષણમાં એમ કહેવામાં આવ્યું છે કે કોઈક એવા ભક્તો હોય છે કે જે લોક-વેદના મોહને છોડીને મને ચાહતા હોય છે. તો જેનામાં પ્રભુ પ્રત્યે એવી ચાહના છે તેનામાટે શ્રીમહાપ્રભુજી કહે છે કે કંઈક પુષ્ટિનો ફોર્સ કામ કરી રહ્યો છે. જેને લોક-વેદની ચાહના છે તે પછી લોકથી હોય, વેદથી હોય કે પરમાત્માથી હોય, તેને કોઈ પણ હિસાબે પુષ્ટિમાર્ગીકહી ન શકાય.

ધ્યાનથી સમજો, આપણી પાસે ત્રણ ફેક્ટર્ છે : લોક, શાસ્ત્ર અને પરમાત્મા પોતે. એમાંથી લોકને ચાહવું છે, શાસ્ત્રને ચાહવું છે કે પરમાત્માને ચાહવું છે? એક વાત ફરીથી સમજો કે પરમાત્માને ચાહીએ છીએ તેથી શાસ્ત્રનો ચાહીએ છીએ, તેથી લોકને પણ ચાહીએ છીએ. કેમકે આ લોક પરમાત્માનો છે. આ દૃષ્ટિથી જો વિચારશો તો સમજાશે કે આપણે લોકને કે શાસ્ત્રને નથી ચાહતા, પરમાત્માને ચાહીએ છીએ. તો પુષ્ટિ થઈ ગઈ. અને એવું વિચારીએ કે લોકમાં તો આનન્દ છે, લીલા લહેર છે. અને આ બધું અમને એટલે મળ્યું કેમકે અમે હિન્દુ હતા. હિન્દુ હતા એટલે ફલાણા ભાઈએ ડોનેશન આપ્યું. જો હિન્દુ ન હોત તો ડોનેશન જ ન મળત. આમ હિન્દુ ધર્મમાં પણ ઊંડી શ્રદ્ધા થઈ ગઈ. પછી તો હિન્દુના જે ભગવાન હોય તેમાંય શ્રદ્ધા થઈ ગઈ. તો હવે કહો કે આવું વિચારનારો ક્યા પ્રકારનો જીવ કહેવાય? પ્રવાહી. એને લોક ગમે છે તેથી શાસ્ત્ર ગમે છે તેથી પરમાત્મા ગમે છે. કોઈકને શાસ્ત્ર ગમે છે તેથી લોક ગમે છે તેથી પરમાત્મા ગમે છે. આ મર્યાદાજીવ કહેવાશે. અનુમાનની પ્રોસેસ આવી છે, ખ્યાલમાં આવ્યુંને! ત્રણેય પાસે ત્રણેય વસ્તુ એવેલેબલ છે પણ જીવવામાટે જમી રહ્યો છું અને જમવામાટે જીવી રહ્યો છું. આમાં બન્ને જીવે છે અને બન્ને જમે છે. પણ બન્નેના સ્વાસ્થ્યમાં ઘણું અન્તર હશે. જે જમવામાટે જીવતો હશે તે કેવો હશે અને જે જીવવામાટે જમતો હશે તે કેવો હશે. તો હવે વાત સમજમાં આવીને.

વિદ્યાર્થી: પુષ્ટિજીવ પરમાત્માને ચાહે છે તેથી લોક-વેદને ચાહે છે એવું આપ કહો છો. પરન્તુ લોક-વેદને ચાહવા જતાં લોક કે વેદ માં જ ચાહના દૃઢ થઈ જવાની સમ્ભાવના નથી રહેતી? એના કરતાં પરમાત્મામાં જ અનન્ય ભાવ શા માટે ન રાખવો?

ગો.શ્રીશ્યામ મનોહરજી : અનન્યતા ખણ્ડિત થવાનો પ્રશ્ન નથી. જેમ એક છોકરી પરણીને સાસરે જાય છે. એ પોતાના વરને ચાહે છે તેથી તે વરના ઘરને પણ ચાહે કે ન ચાહે? અને ઘરને ચાહે તો તેમાં રહેનારા સાસુ-સસરાને પણ ચાહે કે ન ચાહે? એની આ ચાહના શું ખોટી છે? એની અનન્યતા શું ખણ્ડિત થાય છે? પણ ધારો કે એક છોકરી પરણી રહી છે એટલા માટે નહીં કે વર ગમે છે પણ એટલા માટે કે ઘર બહુ આલીશાન છે. ટી.વી., વિડીઓ, કાર, ધંધો બધું છે. વર નથી ગમતો તો એમાં બહુ મોટો વિચાર નહીં કરવાનો ઘર તો સારું છે ને! તો જુઓ વાતમાં અહીં ફરક પડી ગયો.

વિદ્યાર્થી: પણ લોકમાં રહીને પરમાત્માને એટલું તો ન જ ચાહી શકીએ તો અનન્યતા ખણ્ડિત ન થાય?
ગો.શ્રીશ્યામમનોહરજી : શા માટે ખણ્ડિત થાય? વ્રજ વહાલું રે વૈકુંઠે નહીં જાઉં, ત્યાં નન્દનો કુંવર ક્યાંથી લાવું, મને ગમે ન ચતુર્ભુજ થાવું.

વિદ્યાર્થી: પૂછવાનો આશય એ છે કે લોક-વેદમાં આસક્તિ થઈ જવાની શક્યતા રહે છે.

ગો.શ્રીશ્યામ મનોહરજી : એક વાત સમજ કે આસક્તિ એક જુદી વસ્તુ છે. તુ જ્યારે ‘આસક્તિ’ કહે છે ત્યારે પ્રેમને કમ્પેરિટિવ્ ડિગ્રીમાં બોલે છે. આસક્તિ ન થાય પણ સ્નેહ થાય. દા.ત. આપણને મહાપ્રભુજી ગમતા હોય તો મહાપ્રભુજીનો ઉપદેશ ગમે કે ન ગમે? ગમે જ. પણ વલ્લભપન્થી કેવા કૌભાંડી છે કે એમને મહાપ્રભુજી ગમે છે પણ મહાપ્રભુજીનો ઉપદેશ એમને નથી ગમતો. હવે એક વાત વિચાર કે જેને મહાપ્રભુજીનો ઉપદેશ ન ગમતો હોય તેને મહાપ્રભુજી ખરેખર ગમી રહ્યા છે એવું કહી શકાય? ન કહી શકાય. એ લોકો કહે છે કે અમે માત્ર મહાપ્રભુજીને જ ચાહીએ છીએ. અમારી અનન્યતા એવી છે કે અમે મહાપ્રભુજીના ઉપદેશોને પણ નથી ચાહતા અને મહાપ્રભુજી જેને ભજનીય સમજે છે એ કૃષ્ણની સાથે પણ અમને કંઈ લેવા-દેવા નથી, એમને ભજવું હોય તો ભજે, અમે તો વલ્લભને ભજીએ છીએ. હવે ધારોકે કોઈક પોઇંટ પર મહાપ્રભુજી, ઠાકોરજી અને આ કૃતઘ્ની વલ્લભપંથીઓ ભેગા થાય તો શ્રીમહાપ્રભુજીની કેવી કફોડી સ્થિતિ થાય! શ્રીમહાપ્રભુજી શ્રીકૃષ્ણને કહેતા હોય કે હું તમારા સિવાય બીજા કોઈનેય ચાહતો નથી અને વચ્ચે આ વલ્લભપંથીઓ ચાગલા બનવા ટપ-ટપ કરે કે ના ના હો અમારે કૃષ્ણની સાથે સાથે કોઈ લેવા-દેવા નહીં, અમારુસર્વસ્ય તો તમે જ છો. વિચાર કરો કે શ્રીમહાપ્રભુજીને કૃષ્ણની સામે પોતાનું મોઢું દેખાડવા જેવું ન રહી જાય. આવા લોકોને પછી શ્રીમહાપ્રભુજી કદી પોતાનો માને! જે શ્રીમહાપ્રભુજી એમ કહેતા હોય કે

"કૃષ્ણએવ ગતિર્મમ"
"અન્ત:કરણ મદ્વાક્યં સાવધાનતયા શ્રુણુ,
કૃષ્ણાત્ પરં નાસ્તિ દૈવં વસ્તુતો દોષવર્જિતં,
ચણ્ડાલી ચેદ્ રાજપત્ની જાતા રાજ્ઞા ચ માનીતા,
... તથા દેહે ન કર્તવ્યં વરસ્ તુષ્યતિ નાન્યથા"

આટલી દૃઢતાથી જે કૃષ્ણને પકડાવા માંગતા હોય એ શ્રીમહાપ્રભુજીની સાથે ઉભેલો એમને ચાહનારો વલ્લભપંથી એમ કહેતો હોય કે "ના ના કૃષ્ણને તો હું જોઉં તોય મને અન્યાશ્રય થઈ જાય, હું તો કેવલ આપનો ભક્ત છું" ત્યારે બિચારા મહાપ્રભુજીની કેવી કફોડી સ્થિતિ થાય! તેથી સમજો કે મહાપ્રભુજીને સાચા અર્થમાં ચાહનારો કૃષ્ણનો દ્વેષી થઈ કેવી રીતે શકે! આને તમે એમ સમજી શકો કે કોઈ એક વ્યક્તિ પોતાને તમારા મિત્ર તરીકે ઓળખાવે છે. પરન્તુ એ તમે જે ઘર-પરિવારને ચાહો છો એને એ ચાહતો નથી તો શું તમે એને તમારો મિત્ર માનશો? નહીં જ માનો. એમ શ્રીમહાપ્રભુજી જેને ચાહતા હોય તેને જો તમે ન ચાહતા હો તો તમે મહાપ્રભુજીના ફોલોવર થઈ કેવી રીતે શકો?

વિદ્યાર્થી: આ મિત્રના દૃષ્ટાન્તને આપણે એમ પણ મૂલવી શકીએ કે એ ઘર-પરિવારને નથી ચાહતો અને માત્ર મિત્રને ચાહે છે તો એ એટલો વધારે અનન્ય છે.

ગો.શ્રીશ્યામ મનોહરજી : એક્ઝેક્ટ્લી, મહાપ્રભુજીના ઘરને ચાહનારો છે તેથી મહાપ્રભુજીને નથી ચાહતો પણ મહાપ્રભુજીને ચાહે છે તો પછી જેને મહાપ્રભુજી ચાહતા હોય તેને પણ ચાહવું જોઈએ ને!

વિદ્યાર્થી: વેદ-શાસ્ત્ર વગેરે ભગવદાત્મક છે, ભગવાનની વાણી છે તેથી આપણે વેદ-શાસ્ત્રને પણ માનીએ છીએ. એટલે આપણી દૃષ્ટિ તો એક જ તરફ છે.

ગો.શ્રીશ્યામ મનોહરજી : સાચી વાત છે.

વિદ્યાર્થી: વ્યવહારમાં આપણે જોઈએ છીએ કે ઘર-સંસારમાં રહીને ભક્તિ કરનારા જોઈએ તેટલી તન્મયતાથી પ્રભુભક્તિ કરી નથી શકતા. તેથી શ્રીમહાપ્રભુજી ભક્તિવર્ધિનીમાં આજ્ઞા કરે છે કે "તાદૃશસ્યાપિ સતતં ગેહસ્થાનં વિનાશકં, ત્યાગં કૃત્વા યતેદ્ યસ્તુ તદર્થાર્થૈક માનસ:" તો જેના સઙ્ગમાં રહેવાથી પ્રભુથી દૂર થઈ જવાની સમ્ભાવના રહેતી હોય તેની અંદર ચાહના શા માટે રાખવી જોઈએ?

ગો.શ્રીશ્યામ મનોહરજી : એક વાત કહું કે ડૉક્ટર તમને જે દવા આપે તેને ડૉક્ટરની સૂચના મુજબ લેવાની કે મન માફક લેવાની? ધારોકે ડૉક્ટરે દવાની સાથે ભારે ખોરાક ન ખાવાની સૂચના આપી હોય પણ તમે એવું વિચારો કે ડૉક્ટર તો કહે પણ જો હું ભારે ખોરાક નહીં

ખાઉં તો નબળાઈ આવી જશે. એમ વિચારીને તમે દવા તમારા મન માફક ખાયા કરો. અને પાછા એમ પણ કહેતા ફરો કે હું તો દવા ખાઉં છું, હવે તો રોગ મટી જશે. તો આવું કરવામાં તમારો ડૉક્ટર પરનો અવિશ્વાસ અને પોતાને ડૉક્ટર કરતાં વધુ બુદ્ધિમાન માનવાની મૂર્ખતા પ્રકટ થઈ રહી છે કે નહિં!

આજે આપણા માર્ગમાં પણ આવા કૌભાંડ થઈ રહ્યા છે. એક વૈષ્ણવે મને પૂછ્યું કે અમારા ઘરમાં બિરાજતા ઠાકોરજી તો મુંગા અને વલ્લભકુળ તો બોલતા ઠાકોરજી છો તો અમને મૂંગા પુરુષોત્તમને પકડવા કે બોલતા પુરુષોત્તમને પકડવા? એટલે મેં એમને એક પ્રસઙ્ગ સંભળાવ્યો :

એક પતિ - પત્ની વચ્ચે બહુ ઝગડો થતો. પતિ સમજદાર હતો. એણે વિચાર્યું કે ઝગડો બોલવાને કારણે થાય છે તો ન બોલવામાં નવ ગુણ. એણે બોલવાનું બંધ કર્યું. એવામાં એ બિમાર પડ્યો. બિમારીમાં પણ એણે બોલવાનું બંધ જ રાખ્યું. હવે પત્નીને લાગ્યું કે પતિના તો રામ રમી ગયા. એ પોક મુકીને રડવા લાગી. આસ-પડોસીઓએ ડોક્ટરને બાલાવી લાવ્યા. ડોક્ટરે દૂરથી જ વાતાવરણ જોઈને કહ્યું કે હવે કંઈ રહ્યું હોય તેવું લાગતું નથી, હિમ્મત રાખો. બિચારા બિમાર પતિને લાગ્યું કે હવે તો બાળી જ નાખશે. એટલે એ બોલ્યો કે "બોલતો નથી પણ આમ તો જીવું છું" આ સાંભળીને એની પત્ની બરાડી "હજી બોલવાની આદત ગઈ નથી! તમે સમજદાર કે ડોક્ટર સમજદાર!!!

તો હવે તમે કહો કે આવી સ્થિતિમાં બિચારા મુંગા ઠાકોરજીએ જવું ક્યાં. બિચારા બોલવા જાય તો ગો.બાળકો કહી દેશે પુરુષોત્તમ તો અમે છીએ એટલે બિચારા બોલી પણ ન શકે. અને કદાચ બોલે તો ગો.બાળકો એમ કહી દેશે કે એ ગુરુત્વવિશિષ્ટ પુરુષોત્તમ છે, શુદ્ધ પુરુષોત્તમ તો અમે જ છીએ. એટલે આ કહેવાનો અભિપ્રાય મારો એ છે કે ઘણી વખત આપણે ડૉક્ટર કરતા વધારે સમજદારી બતાવતા હોઈએ છીએ. તેથી વાત ફરીથી સમજો કે આપણે પરમાત્માને ચાહીએ છીએ તેથી શાસ્ત્રને ચાહીએ છીએ, તેથી લોકને પણ ચાહીએ છીએ. કેમકે શાસ્ત્ર પરમાત્માની વાણી છે, આ લોક પરમાત્માની લીલાસ્થલી છે. આ દૃષ્ટિથી જો વિચારશો તો સમજાશે કે આપણે લોકને કે શાસ્ત્રને નથી ચાહતા, પરમાત્માને ચાહીએ છીએ. તો પુષ્ટિ થઈ ગઈ.

તો હવે ખ્યાલમાં આવ્યું ને કે દરેક વ્યક્તિ પુષ્ટિ જીવ થઈ શકતી નથી. તેથી જ શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે:

ન સર્વોઽત: પ્રવાહાદ્ હિ ભિન્નો વેદાચ્ચ ભેદત:॥
(ભક્ત:=ભક્ત, કશ્ચિત્=કોઇક
એવ=જ છે, સર્વ:=બધા

ન=નથી)
અત:=તેથી
પ્રવાહાત્=પ્રવાહમાર્ગથી
હિ=પણ
(પુષ્ટિમાર્ગ:=પુષ્ટિમાર્ગ)
ભિન્ન:=અલગ
(અસ્તિ=છે)
ચ=વળી
વેદત:=વેદ-મર્યાદામાર્ગથી
(ચ=પણ) ભેદત:=જુદો
(સ્થિત: ઇતિ શેષ:=સ્થિત છે એવો આશય છે)

તેથી પુષ્ટિજીવ પ્રવાહથી પણ ભિન્ન છે, કેમકે એમને લૌકિક આસક્તિ નથી અને વેદથી પણ ભિન્ન છે કેમકે એમને શાસ્ત્રાસક્તિ નથી. એટલે લોક અને શાસ્ત્ર બન્નેથી ચઢિયાતી આસક્તિ એમને પરમાત્મામાં છે. અને લોકમાં અને શાસ્ત્રમાં તેઓની કંઈક આસક્તિ છે તો તે એટલા માટે કે લોકનો અને શાસ્ત્રનો પરમાત્મા સાથે કંઈક સમ્બન્ધ છે. પણ લોક અને શાસ્ત્ર ગમે છે તેથી પરમાત્મા ગમે છે એવો એમનો અભિગમ નથી. આવા (લોક-વેદમાં આસક્તિ વગરના) જીવો સૃષ્ટિમાં જોવા મળે છે તેથી સિદ્ધ થયું કે"પુષ્ટિરસ્તીતિનિશ્ચય:”

વિદ્યાર્થી: શ્રીમહાપ્રભુજીનું 84 વૈષ્ણવની વાર્તામાં એવા આશયનું એક વચન આવે છે કે "જેને જે માર્ગ ગમે છે તે માર્ગ ઉત્તમ છે” તો મર્યાદાજીવમાટે મર્યાદામાર્ગ ઉત્તમ કહેવાશે અને પ્રવાહીજીવમાટે પ્રવાહમાર્ગ ઉત્તમ કહેવાશે. તો પછી અહીં શ્રીમહાપ્રભુજી "સર્વત્રોત્કર્ષ કથનાત્” એમ શામાટે આજ્ઞા કરી રહ્યા છે?

ગો.શ્રીશ્યામમનોહરજી : એક વાત સમજો કે આ પ્રસઙ્ગમાં શ્રીમહાપ્રભુજીનો નિરૂપણનો ઉદ્દેશ્ય કોઈ માર્ગની ઉત્તમતા કે કનિષ્ઠતા બતાવવાનો નથી. શ્રીમહાપ્રભુજી તો બસ એટલી વાત સમજાવી રહ્યા છે કે કોઈક પ્રકારના જીવોના વખાણ ભગવાન્ અને શાસ્ત્ર કરી રહ્યા છે તો એ વખાણ કરવા પાછળનું કારણ તે જીવોનો લૌકિક ઉત્કર્ષ કે આધ્યાત્મિક ઉત્કર્ષ નથી. એટલે મુખ્ય મુદ્દો એ છે કે તે જીવોની પ્રશંસા તેઓની પોતાની કોઈ વિશિષ્ટતાને કારણે થઈ રહી છે કે પછી પ્રભુએ તેઓમાં સ્થાપેલી પુષ્ટિને કારણે થઈ રહી છે બસ આ જ વિષય અહિંયા છે. તેથી કહ્યું છે કે "સર્વત્રોત્કર્ષકથનાત્ પુષ્ટિર્ અસ્તીતિ નિશ્ચય:” આમાં શ્રીમહાપ્રભુજી પુષ્ટિમાર્ગના, પુષ્ટિજીવના કે પુષ્ટિભક્તિના કોઈના પણ વખાણ કરી નથી રહ્યા. શ્રીમહાપ્રભુજી તો બસ એક આર્ગ્યુમેન્ટ આપી રહ્યા છે કે ભગવાન્ અને શાસ્ત્ર કોઈકના આવા વખાણ કરી રહ્યા છે તેથી તે જીવો ઉપર ભગવાનની વિશેષ પુષ્ટિ છે એમ સિદ્ધિ થાય છે.

"યદા યસ્યે" વચનાત્ "નાહં વેદૈર્" ઇતીરણાત્॥5॥

ચ=વળી
યદા=જ્યારે
યસ્ય=જેને
ઇતિ=આ
વચનાત્=વચનથી
ન=નહિ
અહં=હું
વેદૈ:=વેદથી
ઇતિ=એ પ્રમાણે
ઈરણાત્=કહ્યું હોવાથી
(વેદત:=વેદ-મર્યાદામાર્ગથી
અપિ=પણ
ભેદત:=જુદો
સ્થિત: ઇતિ શેષ:=સ્થિત છે એવો આશય છે)

હવે કહે છે કે "યદા યસ્યાનુગ્રહ્ણાતિ ભગવાન્ આત્મભાવિત:, સ જહાતિ મતિં લોકે વેદે ચ પરિનિષ્ઠિતામ્" અર્થાત્ આત્મભાવિત ભગવાન્ જ્યારે કોઈ જીવ ઉપર અનુગ્રહ કરે છે ત્યારે તે કૃપાપાત્ર જીવ લોક અને વેદ માંની પોતાની દૃઢ આસક્તિને પણ છોડીદે છે. આ શ્લોકમાં ભગવાન્માટે 'આત્મભાવિત:' શબ્દ વપરાયો છે. 'આત્મભાવિત' એટલે ભગવાનને કોઈક એવી રીતે ગણે કે તું ભગવાન્ હોય કે ન હોય, તું સમર્થ હોય કે ન હોય, કદાચ તું મારા પુણ્યોને કન્સિડર્ કર્યા વગર પુણ્ય કરતા વધારે ફળ આપી શકે કે નહિ, કદાચ મારા પાપોને માફ કરીને મને નરકમાંથી છોડાવી શકે કે નહિ પણ તું મારો આત્મા છે. જ્યારે કોઈ જીવ આવી ભાવનાથી લોક-વેદને છોડી દે તો સમજવાનું કે આવું ભગવાન્ની પુષ્ટિ વિના થવું શક્ય નથી.

હવે એક વાત સમજો, ધારોકે આપણો કોઈ બિઝનેસ્ પાર્ટનર છે. એનામાટે આપણે કહીએ કે આ તો મારી આત્મા છે. કેમ ? કેમકે મારા ધંધામાં મૂડી બધી એણે રોકી છે. મૂડી જો ન હોય તો મારો ધંધો ચાલે જ નહિ. મારી બધી જાહોજલાલી એને કારણે જ છે. આવી ભાવનાથી જ્યારે આપણે એને પોતાની આત્મા કહીએ છીએ ત્યારે ખરેખર તો આપણી દૃષ્ટિ એની મૂડી ઉપર છે. જો એણે ધંધામાં પોતાની મૂડી રોકી ન હોત તો શું આપણે એને પોતાની આત્મા કહેત! ના. તેવીજ રીતે લોક-વેદના કારણે પરમાત્માને આપણે આત્મભાવિત કરતા હોઈએ કે પરમાત્માને કારણે બધી લીલા-લહેર છે, છોકરાઓ બધા સર્વિસ ઉપર લાગી ગયા, દુનિયામાં બધા મને ધર્મવીર-દાનવીર માને છે, પરમ ભગવદીય માને છે. ભગવાન્ ન કરે તો આવું સુખ કોને મળે? આવી રીતે પણ પ્રભુને આત્મભાવિત કરી શકાય છે. પણ આ

આત્મભાવન લોક-વેદમાંથી મતિને છોડીને કરાયું નથી પણ લોક-વેદમાં આપણને બહુ મજા પડી રહી છે તેથી ભગવાન્ ગમી રહ્યો છે. તેથી લોક-વેદમાં આસક્તિ સહિત ભગવાનમાં આત્મભાવન અને લોક-વેદમાં આસક્તિ રહિત ભગવાનમાં આત્મભાવન આ બેને અલગ સમજવા જોઈએ. લોક-વેદમાં આસક્તિ રહિત ભગવાનમાં આત્મભાવન કોઈ પણ જીવ ભગવાનના અસાધારણ અનુગ્રહ વિના કરી શકતો જ નથી તેથી શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે તો પછી ફેંસલો થઈ ગયો કે "પુષ્ટિરસ્તીતિ નિશ્ચય:”

અને ભગવાન્ એમ પાછા કહે છે કે
"નાહં વેદૈર્ ન તપસા ન દાનેન ન ચેજ્યયા,
શક્ય એવંવિધો દ્રષ્ટું દ્રષ્ટવાનસિ માં યથા,
ભક્ત્યા ત્વનન્યયા શક્ય અહમ્ એવંવિધોઽર્જુન!”

અનન્ય ભક્તિથીજ આવી રીતે મને કોઈક જોઈ શકે છે. અને

"ન રોધયતિ માં યોગો ન સાંખ્યં ધર્મ ઉદ્ધવ!,
ન સ્વાધ્યાયસ્ તપસ્યાગ નેષ્ટાપૂર્તં ન દક્ષિણા”

ભગવાન્ કહે છે કે મને ભક્તો જેટલા વહાલા લાગે છે એટલા સાધનો વહાલા નથી લાગતા.

આ બધા વચનોમાં પુષ્ટિની બાબતમાં ભલે સ્પષ્ટ શબ્દોમાં કહેવામાં આવ્યું ન હોય પણ એનું અર્થઘટન જો આપણે કરીશું તો સમજમાં આવશે કે આવી ભક્તિ જેના અંદર હોય એ લૌકિક કારણોથી તો થઈ શક્તી જ નથી. શ્રીમહાપ્રભુજી કહે છે કે ભગવાન્ જો પુષ્ટિ ન કરે તો આવી ભક્તિ તે સિવાય અન્ય કોઈ કારણોથી થઈ શક્તી નથી. એટલે આપણે ત્યાંની વાર્તાની ભાષામાં કહેવું હોય તો ભગવાન્ ભક્તને જ્યાં સુધી કોઈક પ્રકારનો સાનુભાવ જતાવતા નથી ત્યાં સુધી આટલો વહાલ ભગવાન્ પ્રત્યે જાગે કેવી રીતે ? તેથી ભગવાને કંઈક સાનુભાવ એને અવશ્ય જતાવ્યો છે એટલે ભગવાન્ તરફ આટલો વહાલ એના હૃદયમાં જન્મ્યો છે.

માર્ગૈકત્વેઽપિ ચેદન્ત્યૌ તનૂ ભક્ત્યાગમૌ મતૌ॥

ન તદ્ યુક્તં સૂત્રતોહિ ભિન્નો યુક્ત્યાહિ વૈદિકઃ॥6॥
માર્ગૈકત્વે=માર્ગ એક જ હોવા છતાં
અપિ=પણ
અન્ત્યૌ=અન્તિમ બે
તનૂ=અઙ્ગો
ભક્ત્યાગમૌ=ભક્તિ આપવાવાળા
મતૌ=મનાયા છે
ઇતિ=એમ
ચેત્=જો હોય તો
તત્=તે
યુક્તં=બરોબર
ન=નથી
હિ=કારણ કે
સૂત્રતઃ=સૂત્રથી
યુક્ત્યા=યુક્તિથી
વૈદિકઃ=વૈદિક
(માર્ગઃ=માર્ગ)
હિ=નિશ્ચિતપણે
ભિન્નઃ=અલગ
(અસ્તિ=છે)

હવે કહે છે કે તો પછી તમે એવો અર્થ લઈ લો કે માર્ગ તો કોઈ એક જ છે. અને બીજા બે માર્ગો આનાથી સ્વતન્ત્ર નહિ પણ તે માર્ગના અઙ્ગો છે. તો શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે આ વાત બ્રહ્મસૂત્ર અને યુક્તિ બન્નેથી ખોટી ઠરે છે. તેથી પુષ્ટિમાર્ગ એ મર્યાદામાર્ગથી ભિન્ન માર્ગ છે.

માર્ગભેદને સમજવામાટે એક ઉદાહરણ તમને આપું છું. તિરુપતિ બાલાજીના મન્દિરમાં દર્શનાર્થિઓને દર્શન કરવામાટે ત્રણ જાતની ક્યુ હોય છે. પહેલી તો ધર્માદા દર્શનની. એ લાઈનમાં ઉભા રહો તો તમે પૈસા આપ્યા વિના દર્શન કરી શકો. પણ એ લાઈન એટલી બધી લાંબી હોય છે કે તેમાં ઉભા રહેનારે પોતાની સાથે ઓઢવા-પાથરવા, નહાવા-ધોવા અને ખાવા-પીવા ની બધી વ્યવસ્થા પણ સાથે રાખવી પડે. આજે નહિ તો કાલે, કાલે નહિ તો બીજે-ત્રીજે દિવસે જ્યારે તમારો વારો આવે ત્યારે દર્શન કરવાના. બીજી લાઈન પૈસા ચૂકવીને દર્શન કરવાની હોય છે. 100-50 રૂપિયાની ટિકિટ લઈને તમે ઉભા રહો તો ધર્માદાની

લાઈનવાળા દર્શનાર્થિઓ કરતાં થોડો વહેલા દર્શન તમને થઈ શકે. એમ સમજો કે તમે થર્ડ ક્લાસમાંથી સેક્ધડ કલાસમાં આવી ગયા. અને ત્રીજી લાઈન વી.આઈ.પી ની હોય છે. આ લાઈનમાં ઉભા રહેવા માટે સરકારી ઓફિસરોની ભલામણ-ચિઠ્ઠી જેવું કંઈક જરૂરી હોય છે. આ લાઈનમાં તમે ઉભા રહો તો પેલા સેકંડ ક્લાસની લાઈનને પણ ઓવર ટેક કરીને તમે એકદમ જલ્દી દર્શન કરી શકો. આજ પ્રમાણે ત્રણ માર્ગો છે.

પણ શઙ્કા કરનાર અહીં એમ સુઝાવ આપી રહ્યો છે કે સરવાળે જુઓ તો માર્ગ એક જ છે. કારણ કે પુષ્ટિમાર્ગ એ મર્યાદામાર્ગનો પાર્ટ છે અને મર્યાદામાર્ગ એ પ્રવાહમાર્ગનો પાર્ટ છે. એટલે જો ત્રણ માર્ગ માનવાજ હોય તો લૌકિકતામાં પ્રાદુર્ભવેલી કોઈક વૈદિક્તા અને વૈદિક્તામાં પ્રાદુર્ભવેલી એક ભગવદીયતા ક્રઆ પ્રમાણે ત્રણ માર્ગ કેમ નથી માનતા!

અહીં શ્લોકનો અન્વય આ પ્રમાણે છે : અન્ત્યૌ તનૂ ભક્ત્યાગમૌ મતૌ. એટલે કે માર્ગ એક છે અને ભક્તિ અને આગમ એ બે એના તનુ છે. આત્મા દૈવી, એના તનુ બે જાતના. એક ભક્તિ તનુ બીજો વૈદિક તનુ એમ જો અર્થ લેવામાં આવે તો શું? તો શ્રીમહાપ્રભુજી કહે છે "ન તદ્ યુક્તમ્" એ વાત ઉચિત નથી. કેમકે બ્રહ્મસૂત્રમાં એ રીતે વર્ણવાયું નથી.

"ભિન્નો યુક્ત્યા હિ વૈદિક:" વૈદિક માર્ગ એક ભિન્ન જ છે એ વાત આપણે સરખી રીતે સમજવી પડશે.

જીવ-દેહ-કૃતીનાં ચ ભિન્નત્વં નિત્યતા શ્રુતેઃ॥

યથા તદ્વત્ પુષ્ટિમાર્ગે દ્વયોરપિ નિષેધતઃ॥7॥
પ્રમાણભેદાદ્ ભિન્નો હિ પુષ્ટિમાર્ગો નિરૂપિતઃ॥

યથા=જેમ
પુષ્ટિમાર્ગે=પુષ્ટિમાર્ગમાં
શ્રુતેઃ=વેદથી
જીવદેહકૃતીનાં=જીવ-દેહ-કૃતિનું
ભિન્નત્વં=જુદાપણું
(અસ્તિ=છે)
તદ્વત્=તે પ્રમાણે
નિત્યતા=નિત્યપણું
ચ=પણ
(સિદ્ધ્યતિ=સાબિત થાય છે)
દ્વયોઃ અપિ=બન્નેઉના
નિષેધતઃ=નિષેધને કારણે
(કિઞ્ચ=અને)
પ્રમાણભેદાત્=પ્રમાણના ભેદથી
પુષ્ટિમાર્ગઃ=પુષ્ટિમાર્ગ
ભિન્નઃ=અલગ
નિરૂપિતઃ=નિરૂપિત થયો છે

વેદમાર્ગમાં જે વ્યક્તિમાં વૈદિક ધર્મનો ઉત્કર્ષ હોય તેનો ઉત્કર્ષ વર્ણવવામાં આવતો હોય છે. અને ભક્તિમાર્ગમાં લોક-વેદાતીત પુરુષોત્તમમાં જેની લોક-વેદાતીત આસક્તિ છે તેનો ઉત્કર્ષ કહેવામાં આવે છે. આનાથી સિદ્ધ થાય છે કે વૈદિક ઉત્કર્ષ દર વખતે ભગવદીયતાનો જ ઉત્કર્ષ હોય એવું જરૂરી નથી. તે જ પ્રમાણે લૌકિક ઉત્કર્ષ દર વખતે ભગવદીયતાનો જ ઉત્કર્ષ હોય એવું જરૂરી નથી હોતું. એટલે જીવમાં, એના દેહમાં, એની કૃતિમાં વૈદિક્તાનો ઉત્કર્ષ જુદી જાતનો છે, લૌકિકતાનો ઉત્કર્ષ જુદી જાતનો છે; અથવા અપકર્ષ કહેવું હોય તો લૌકિકતાનો અપકર્ષ જુદી જાતનો છે; અને ભગવદીયતાનો ઉત્કર્ષ જુદી જાતનો છે. હવે જો આ ત્રણે ઉત્કર્ષો જુદી-જુદી જાતના હોય અને જો આ કોઈક સનાતન સિદ્ધાન્ત હોય તો પછી સિદ્ધ થઈ ગયું કે "યથા તદ્વત્ પુષ્ટિમાર્ગે દ્વયોરપિ નિષેધતઃ, પ્રમાણ ભેદાદ્ ભિન્નો હિ પુષ્ટિમાર્ગો નિરૂપિતઃ”

પુષ્ટિમાર્ગ એ પ્રવાહ અને મર્યાદા માર્ગોથી એક જુદો માર્ગ છે જ. કેમકે જો પ્રવાહ અને મર્યાદા માર્ગીજીવોના સ્વરૂપ, દેહ અને કૃતિ માં પૃથકતા છે; અને જીવ નિત્ય છે, અનિત્ય

નથી, ત્યારે પુષ્ટિજીવ તો એનો અપવાદ નહિ હોય ને! અને જ્યારે કોઈક જીવોમાટે એમ કહેવામાં આવતું હોય કે તેમાં લૌકિકતાય નથી અને વૈદિકતાય નથી, કેવલ ભગવદૈકપરાયણતા છે તો એ સિસ્ટમમાં પુષ્ટિમાર્ગીજ તો ફિટ થઈ શકે! અને જો એ સિસ્ટમમાં પુષ્ટિમાર્ગીજીવ ફિટ્ થતો હોય તો પછી સિદ્ધ થયું કે જેમ વૈદિક માર્ગીય જીવ-દેહ-કૃતિ નોખી છે, લોકમાર્ગીય જીવ-દેહ-કૃતિ નોખી છે તેવી રીતે પુષ્ટિમાર્ગીય દેહ-જીવ-કૃતિ પણ કંઈક નોખાપણું ધરાવે છે.

સિંહાવલોકન

ઉદ્દેશ્ય, લક્ષણ અને પરીક્ષા આ પદ્ધતિથી પુષ્ટિ-પ્રવાહ-મર્યાદા ગ્રન્થ ઉપદેશાયેલો છે એ આપણે જોયું. તે પૈકી 'ઉદ્દેશ્ય' એટલે શાસ્ત્રમાં જેનું નિરૂપણ કરવામાં આવશે તેની વિષયસૂચિ કે ઇન્ડેક્સ સપ્લાય કરવી તે. 'લક્ષણ' એટલે વિષયોનું ડિસ્ક્રિપ્શન્, ડેફિનેશન, લક્ષણ, પરિભાષા કે નિરુક્તિ. વિષયનો બોધ કેવળ પરિભાષાથી થઈ નથી શકતો તેથી તેના સમર્થનમાં પ્રમાણનું પણ નિરૂપણ કરવું આવશ્યક બની જાય છે કે જેથી લક્ષણ-પ્રમાણથી વસ્તુની સિદ્ધિ થાય. અને આપણે કાલે એ પણ જોયું કે જ્યારે આપણે કોઈ વસ્તુનું લક્ષણ આપીએ છીએ ત્યારે વસ્તુની સમ્ભાવના સિદ્ધ થાય છે, વસ્તુ સિદ્ધ નથી થતી. વસ્તુને સિદ્ધ કરવામાટે આ પછી એક બીજો સ્ટેપ આપણને લેવો પડે છે.

આ વિષયને સમજો. જ્યારે આપણે પ્રમાણ તો આપીએ છીએ પણ લક્ષણ નથી આપતા ત્યારે પ્રમાણથી જે સિદ્ધ છે તેમાં પણ આપણને અસમ્ભવના થતી રહે છે કે આ આવું અનુભવાઈ તો રહ્યું છે પણ એવું હોઈ શકે ખરું ? અને પાછું આ જ એવું હશે કે બીજુ પણ એવું હોઈ શકે ? આવી અસમ્ભાવના-વિપરીતભાવનાઓને દૂર કરવામાટે ઉદ્દેશ્યદ્વારા વિષયનું નામ કે હવેથી આ વિષયને આપણે આ કહીશું અને લક્ષણદ્વારા વિષયની બાઉન્ડ્રી લાઈન કે નિરુક્તિ નક્કી કરી દેવામાં આવે છે. નિરુક્તિ કરી એટલે તમારું ચિત્ત આશ્વસ્ત થયું કે આ નામને જે અર્થમાં સમજવાનો છે એમાં આના કરતાં ઓછું નહિ અને આના કરતાં વધુ નહિ. તો નિરુક્તિથી આપણને વિષયની સિદ્ધિની સમ્ભાવના લાગે છે. હવે જો નિરુક્તિની અંદર જ આપણને કંઈક ગરબડ લાગતી હોય તો ! તો આપણને ફરી પાછી અસમ્ભાવના થઈ જાય. આનું કારણ સમજો.

નિરુક્તિ - લક્ષણમાં ત્રણ દોષો આવી શકે છે. એક અતિવ્યાપ્તિ બીજો અવ્યાપ્તિ અને ત્રીજો અસમ્ભવ. દા.ત. એક નામ આપણે વાપર્યું. અને તેની નિરુક્તિ આપી. હવે નામની નિરુક્તિ આપણે એવી આપી કે એનાથી જે વિષયને આપણે કહેવા માગીએ છીએ તે અને તેના સિવાયના બીજા પણ વિષયોની સમ્ભાવના પ્રકટ થતી હોય તો આપણી નિરુક્તિમાં અતિવ્યાપ્તિ દોષ આવ્યો કહેવાય. લક્ષણ અતિવ્યાપ્ત ત્યારે થયું કહેવાય કે જ્યારે તે વિષયની બાઉન્ડ્રી લાઈન થી બહાર નિકળી જતું હોય. અને લક્ષણમાં 'અવ્યાપ્તિ' દોષ એને કહેવાય છે કે લક્ષણવડે આપણે વિષયની જે બાઉન્ડ્રી લાઈન દોરી તેમાં જ તે લક્ષણ પૂરે-પૂરો ફિટ ન બેસતો હોય, થોડો ટુંકો પડતો હોય. દા.ત. કોઈ નામની નિરુક્તિમાં 100 બાબતો

જરૂરી હોય તેમાંથી ચાલીસ-પચાસ કે 99 બાબતોને તમારું લક્ષણ કવર કરતું હોય પણ એક છૂટી ગયું તો લક્ષણ અવ્યાપ્ત થયું કહેવાય. અને જો 100 માંથી 101 ને કે તેથી વધુને કવર કરે તો લક્ષણ અતિવ્યાપ્ત થયું કહેવાય. આ પહેલા મુખ્ય બે દોષો : ટૂંકું લક્ષણ અને લાંબુ લક્ષણ.

હવે અસમ્ભવ. લક્ષણ અસમ્ભવ ત્યારે કહેવાય કે જો કોઈક વસ્તુનું એવું લક્ષણ બનાવી દેવામાં આવે કે એ નામથી કહેવાતી કોઈ પણ વ્યક્તિ કે વસ્તુ ઉપર તે લાગુ જ ન થાય તો તેવા લક્ષણને આપણે ‘અસમ્ભવ’ કહીએ છીએ. દા.ત. ગાયનું લક્ષણ આપવું છે. આપણે લક્ષણ આપીએ કે "શિંગડા વાળું એક પશુ’’ લક્ષણ દોષવાળું કહેવાશે. કેમકે શિંગડા તો હરણને પણ હોય છે, ભેંસને પણ હોય છે. ગાય વિશે જેને કંઈ જ્ઞાન જ ન હોય તે આ લક્ષણને સાંભળીને ભેંસને પણ ગાય સમજી શકે. કેમકે ‘ગાય’ તો એક નામ છે. એની પરિભાષા આપણે "શિંગડાવાળું પશુ’’ એમ આપી તો આ પરિભાષાના આધારે ભેંસને પણ ગાય માનવી પડે. તો આ અતિવ્યાપ્તિ થઈ.

એક રમુજી વાત સંભળાવું. અંગ્રેજોની શિક્ષાપદ્ધતિ આપણે ત્યાં શરૂ થઈ તે પહેલા આપણે ત્યાં પાઠશાળા પદ્ધતિ હતી. ગામના પંડિતો પાઠશાળા ચલાવતા. તે વખતે આજે પ્રચલિત છે તેવી પરીક્ષાઓ ન લેવાતી. પાઠશાળાના સ્થાને અંગ્રેજોએ સ્કૂલો ચાલુ કરાવી તો પંડિતોએ સંસ્કૃત સ્કૂલો ખોલી. સ્કૂલોમાં પરીક્ષા લેવાતી. પરીક્ષાનું પરિણામ આપવામાં નક્કી કરવામાં આવ્યું કે પરીક્ષાર્થીને માર્ક્સ 100 માંથી આપવાના. આ પદ્ધતિમાં બિચારા પંડિતોને કંઈ ગતાગમ પડતી નહિ. તેથી શરુઆતમાં પંડિતો કોઈક વિદ્યાર્થીને સો માંથી દોઢસો તો કોઈકને પોણા બસો, કોઈને સાડા ચારસો માર્ક્સ આપી દેતા. એમને અંગ્રેજો કહેતા કે તમે આટલા બધા માર્ક્સ કેવી રીતે આપી દીધા તો પંડિતોને માઠું લાગી જતું. તેઓ કહેતા કે સો માર્ક્સ તો તમે નક્કી કર્યા તે અને વધારાના અમને પેપર ગમ્યું તેના. અમે સોથી વધારે માર્ક્સ કેમ ન આપી શકીયે ! તો સમજો કે જો આવી રીતે પરિણામ આપવામાં આવે તો પરીક્ષાનું લક્ષણ જ ખતમ થઈ જાય. પછી તો પરિણામ જેવું કંઈ રહેજ નહિ. તો સો માર્ક્સમાંથી દોઢસો, પોણા બસો, ચારસો આવા માર્ક્સ અપાય તો એ બધું ‘અતિવ્યાપ્ત’ કહેવાય. તો લક્ષણમાં અતિવ્યાપ્તિ ન થવી જોઈએ. લક્ષણમાં અવ્યાપ્તિ દોષ પણ ન આવવો જોઈએ. અને લક્ષણ અસમ્ભવ પણ ન થવું જોઈએ. તેથી લક્ષણ એવું હોવું જોઈએ કે ગાયનું લક્ષણ ગાય ઉપર તો લાગુ થાય જ પણ ગાય સિવાય બીજા કોઈ ઉપર લાગુ ન થાય તો એ લક્ષણ દોષરહિત ગણાય.

એવું કહેવાય છે કે ગાયના ગળાના નીચેના ભાગમાં જે ચામડી લટકતી હોય છે તેવી ચામડી બીજા કોઈ પણ પશુના ગળાની નીચે હોતી નથી. સંસ્કૃતમાં એ ચામડીને ‘સાસ્ના’ કહેવાય છે. તેથી ગાયનું લક્ષણ જો આપણને આપવું હોય તો "સાસ્નાદિમાન્ પશુ’’ એમ આપી શકાય. એમ કહેવાય છે કે અરસ્તુ (એરિસ્ટોટલ) એ પ્રાણીશાસ્ત્ર લખ્યું હતું. એક વખતે પાદરીઓમાં ઘોડાના દાંતની સંખ્યા બાબત ચર્ચા થઈ. એમણે આખા પ્રાણીશાસ્ત્રનું બે-ચાર

વખત પારાયણ કયુર્ં પણ ક્યાંય એનો ઉલ્લેખ મળ્યો નહિ. એમણે પોતાના વડીલ પાદરીને કહ્યું કે ઘોડાના દાંતની સંખ્યાનો ઉલ્લેખ અરસ્તુના પ્રાણીશાસ્ત્રમાં મળતો નથી. પછી તો બધાએ કોન્ફરન્સ ભરી કે ઘોડાના દાંત કેટલા. કોન્ફરન્સે બધી છણાવટ કરી પરન્તુ ક્યાંય કોઈ પણ જાતનો સીધી કે આડકતરી રીતે પણ ઉલ્લેખ મળ્યો નહિ. એટલે અન્તે કોન્ફરન્સે સર્વાનુમતિથી પ્રસ્તાવ પાસ કરવાનું વિચાર્યું કે ઘોડાના દાંત કેટલા એ જગતમાં એક એવી સમસ્યા છે કે જેનો કોઈ ઉકેલ આપણને મળી શકતો નથી. એમાં બે-ચાર ડાહ્યા પાદરીઓએ કહ્યું કે આવું જાહેર કરવા કરતાં બે-ચાર ઘોડાઓના મોઢા ખોલીને ઘોડાના દાંત ગણી લઈએ તો ! એટલે ઘોડાઓને સરેરાશ દાંત કેટલા હશે તે સમજાઈ જશે. અપવાદ તરીકે કદાચ કોઈક ઘોડાને એકાદ દાંત વધારે હશે તો કોકને એક-બે ઓછા હશે. પણ સમસ્યા ખ્રિસ્તીઓની એ હતી કે એમના ધર્મના વડા પોપે અરસ્તુના પ્રાણીશાસ્ત્રને પ્રમાણ તરીકે માન્ય રાખ્યું હતું. એટલે પેલા ડાહ્યા પાદરીઓની વાત સાંભળીને બીજા બધા પાદરીઓને ગુસ્સો આવી ગયો. એ બધા કહેવા લગ્યા કે તમે બન્ને નાસ્તિક છો. પોપે જેને પ્રાણીશાસ્ત્ર તરીકે માન્ય કયુર્ં છે તે ગ્રન્થમાં જેના દાંતની સંખ્યાનો ઉલ્લેખ મળતો ન હોય તેને તમે આંખથી જોઈને કેવી રીતે સમજી શકસો ? આમ કહીને પેલા નાના પાદરીઓની બધાએ હકાલપટ્ટી કરી દીધી કે તમે પાદરી થવા લાયક નથી, આવી અશ્રદ્ધા તમે પ્રકટ કેમ કરી. હવે એક વાત સમજો કે ઘોડાના દાંત કેટલા તે જાણવામાટે જો ફક્ત અરસ્તુનું પ્રાણીશાસ્ત્ર જ પ્રમાણ હોય ત્યારે તો સમસ્યાને સમાધાન કરી ન શકાય તેવી કહી શકાય. પરન્તુ પેલા નાના પાદરીઓ બિચારા એમ કહેતા હતા કે ઘોડાના દાંતની સંખ્યા જાણવાનું એક માત્ર પ્રમાણ અરસ્તુનું પ્રાણીશાસ્ત્ર નથી, પ્રત્યક્ષ પણ તેમાં પ્રમાણ છે. અહીં વિચારવાની વાત એ છે કે પેલા નાના પાદરીઓની જે હકાલપટ્ટી થઈ તેના પાછળનું કારણ ઘોડો કે તેનું લક્ષણ કે ઘોડાના દાંતની સંખ્યા નો વિવાદ ન હતો. મુખ્ય કારણ એ હતું કે ઘોડાના દાંતની સંખ્યાની બાબતમાં તમે પ્રમાણ કોને માનશો, પ્રત્યક્ષને માનશો કે અરસ્તુના પ્રાણીશાસ્ત્રને માનશો.

એટલે ખાસ ધ્યાન રાખો કે કોઈ વસ્તુનું લક્ષણ આપણે જાણતા હોઈએ, અર્થ પણ જાણતા હોઈ છતાં આપણને જો એ ખબર ન હોય કે આ પ્રમેયને જાણવામાટે કયા પ્રમાણ ઉપયોગી અને કયા અનુપયોગી તો વસ્તુની સિદ્ધિ થાય નહિ. એટલે વસ્તુની સિદ્ધિમાટે પ્રમાણની પણ અપેક્ષા હોય છે. હવે તમે જ્યારે કોઈ વસ્તુનું લક્ષણ આપ્યું અને તેના સમર્થનમાં પ્રમાણ પણ આપી દીધા તો હવે લક્ષણ-પ્રમાણથી સિદ્ધ વસ્તુની પરીક્ષા કરવાનો વારો આવે છે. એટલે લક્ષણ અને પ્રમાણ થી જે વસ્તુ જેવી રીતે સિદ્ધ થઈ એના બે-ચાર-પચ્ચીસ ઉદાહરણોમાં એની પરીક્ષા કરવામાં આવે છે કે બધાજ ઠેકાણે આવું જ છે કે નહિ ? જો બધે જ ઠેકાણે આવું જ દેખાય તો પરીક્ષાથી એ વસ્તુ સિદ્ધ થઈ ગઈ. અને કોઈક ઠેકાણે જો એમાં ગરબડ જોવા મળે તો ફરી પાછી ઇન્ક્વાયરી સ્ટાર્ટ કરવી પડે કે લક્ષણ-પ્રમાણથી સિદ્ધ થયેલી વસ્તુ અસિદ્ધ કેમ થાય છે. તો પ્રમાણનું પરીક્ષણ પણ આવશ્યક હોય છે.

આટલું સિંહાવલોકન કર્યા પછી હવે ઉદ્દેશ્ય, લક્ષણ, પ્રમાણ અને તે આધારે પરીક્ષા આ પદ્ધતિને આપણે ગ્રન્થ ઉપર લાગુ કરીને વિચારીએ.

સર્વ પ્રથમ "પુષ્ટિપ્રવાહમર્યાદા વિશેષેણ પૃથક્ પૃથક્, જીવ-દેહ-ક્રિયાભેદૈ: પ્રવાહેણ ફલેન ચ" માં શ્રીમહાપ્રભુજીએ ગ્રન્થના ઉદ્દેશ્યનું નિરૂપણ કર્યું છે.

તે પછીથી "ભક્તિમાર્ગસ્ય કથનાત્ પુષ્ટિરસ્તીતિ નિશ્ચય:, દ્વૌ ભૂતસર્ગાવિત્યુક્તે પ્રવાહોપિ વ્યવસ્થિત:, વેદસ્ય વિદ્યમાનત્વાત્ મર્યાદાપિ વ્યવસ્થિતા" માં શ્રીમહાપ્રભુજીએ માર્ગભેદનું નિરૂપણ કર્યું.

તે પછી "કશ્ચિદેવ હિ ભક્તો હિ ..." થી પ્રમાણ ભેદાદ્ ભિન્નો હી પુષ્ટિમાર્ગો નિરૂપીત:" સુધી પ્રમાણ અને તેના પરીક્ષણ પૂર્વક પુષ્ટિમાર્ગ એ બીજા માર્ગોથી નોખો માર્ગ છે એ સિદ્ધ કર્યું. એટલે "ભક્તિમાર્ગસ્ય કથનાત્ પુષ્ટિરસ્તીતિ નિશ્ચય:" લક્ષણ-પ્રમાણને સઙ્કલિત કર્યા છે. અને તે પછી બધા પ્રમાણોની પરીક્ષા પૂર્વક સિદ્ધ કર્યું કે તેથી પુષ્ટિમાર્ગ એક નોખો માર્ગ છે.

હવે પછી વિષય આવે છે કે જેમ માર્ગભેદ છે તેમ સર્ગભેદ છે કે નહિ. તેથી સર્ગભેદનું નિરૂપણ શ્રીમહાપ્રભુજી કરે છે :

સર્ગભેદં પ્રવાક્ષ્યામિ સ્વરૂપાઙ્ગ-ક્રિયા-યુતમ્॥૪॥

ઇચ્છામાત્રેણ મનસા પ્રવાહં સૃષ્ટવાન્ હરિ:॥
વચસા વેદમાર્ગન્તુ પુષ્ટિં કાયેન નિશ્ચય:॥9॥
સ્વરૂપાઙ્ગ-ક્રિયાયુતં=સ્વરૂપ અઙ્ગ અને ક્રિયા સહિત
સર્ગભેદં=સૃષ્ટિનો ભેદ
પ્રવક્ષ્યામિ=કહું છું
હરિ:=શ્રીકૃષ્ણ
ઇચ્છામાત્રેણ=ઇચ્છામાત્રથી
મનસા=મનથી
પ્રવાહમ્=પ્રવાહને
વચસા=વાણિથી
વેદમાર્ગમ્=વેદમાર્ગને
હિ=નિશ્ચિત જ
કાયેન=શરીરથી
પુષ્ટિં=પુષ્ટિને
સૃષ્ટવાન્=રચી છે
(ઇતિ=એવો)
નિશ્ચય:=નિશ્ચય
(અસ્તિ=છે)

ꕥઆ ત્રણ લીટીઓમાં શ્રીમહાપ્રભુજીએ સર્ગભેદનું નિરૂપણ કર્યું છે. આજે આપણને અહીંથી શરૂ કરવાનું છે.

પુષ્ટિમાર્ગ શું અને પુષ્ટિસર્ગ શું એ હવે વિચારવાનું છે. સહુથી પહેલા 'માર્ગ' એટલે પ્રભુ સાથે આપણને જોડવાનો ઉપાય. અને 'સર્ગ' એટલે રચના. એટલે એક વાત સમજો કે માર્ગની ગતિ પ્રભુ તરફ છે અને સર્ગની ગતિ પ્રભુથી નીચે તરફ છે, જીવ તરફની છે. એટલે જીવથી પ્રભુ તરફનું એક ડિરેક્શન તે માર્ગ અને પ્રભુથી સૃષ્ટિ તરફનું ડિરેક્શન તે સર્ગ. 'સર્ગ' એટલે રચના. રચના આપણે નથી કરતા, રચના તો પ્રભુ કરે છે. અને પ્રભુએ રચેલા જીવોને પ્રભુની દિશામાં વળવામાં સર્ગ કામ નહિ આવે, માર્ગ કામ આવશે. તો રચેલા જીવો પ્રભુ તરફ આગળ વધશે માર્ગ થકી અને પ્રભુદ્વારા જીવોની રચના તે સર્ગ.

હવે કાલે સચ્ચિદાનન્દના જે બાર ભેદોનો વિચાર (પત્રાવલમ્બન ગ્રન્થના અધ્યાપન વખતે) આપણે કર્યો એનું અનુસન્ધાન રાખીને સાંભળજો કે પ્રભુ સર્ગ પોતાના માટે કરતા હોય છે. અને માર્ગની ઉત્પત્તિ પ્રભુ જીવોમાટે કરતા હોય છે. પ્રભુએ સરજેલા જીવો પ્રભુને જે

ઉપાયથી માણશે તે માર્ગ થઈ ગયો. આમાં જીવોમાં પ્રભુએ મુકેલો ગૂઢ ભાવ પ્રકટ થશે. જ્યારે સર્ગ કર્યો તે વખતે પ્રભુનો ભાવ પ્રધાન હોય છે. દા.ત. તમે આને એમ સમજી શકો કે કુંભાર ઘડો બનાવે છે ત્યારે કુંભાર ઘડાનો સર્ગ કરે છે. કુંભાર ઘડાને વેચવામાટે બનાવે છે. અને આપણે ઘડો ખરીદીએ છીએ વાપરવામાટે, વેચવા માટે નહિ. તો જુઓ વસ્તુ એક જ છે પણ તેના પાછળ સર્જકનો દૃષ્ટિકોણ કંઈક છે અને વાપરનારનો દૃષ્ટિકોણ બીજો છે. એમ પ્રભુએ જે સૃષ્ટિ કરી છે તેમાં પ્રભુનો ભાવ મુખ્ય હોય છે. સૃષ્ટિમાં પ્રભુના ભાવ મુજબ ટેગિંગ્ થાય છે કે આ પુષ્ટિમાર્ગનો સર્ગ, આ પ્રવાહમાર્ગીય સર્ગ કે આ મર્યાદામાર્ગીય સર્ગ.

હવે આ જે માર્ગો છે તે જીવને પ્રભુ તરફ લઈ જવામાટેના છે કેમકે એની એવી ટેગિંગ થઈ ગઈ છે. તેથી પુષ્ટિમાર્ગીસર્ગ એટલે જેના થકી પુષ્ટિજીવોએ પ્રભુ સુધી પહોંચવાનું છે, મર્યાદામાર્ગીસર્ગ એટલે જેના થકી મર્યાદાજીવોએ પ્રભુ સુધી પહોંચવાનું છે અને પ્રવાહમાર્ગીસર્ગ એટલે કોઈક એવો સર્ગ કે જેને પ્રવાહમાર્ગ થકી પ્રભુને શોધવાના છે કે નથી શોધવાના.

હવે આ ત્રણ સર્ગને એક ભિન્ન દૃષ્ટિથી સમજો. એક વાત હું વારંવાર કહેતો હોઉં છું કે પુસ્તકો ત્રણ જાતના હોય છે. કેટલાક પુસ્તકો વાંચવામાટેના હોય છે, કેટલાક સન્દર્ભ પુસ્તકો હોય છે કે જેને રોજે-રોજ વાંચવાના નથી હોતા જેમ કે ડીક્ષનેરી-રેફર્ન્સ બુક કે જે સન્દર્ભ આવે ત્યારે વાંચવાની હોય છે. અને કેટલીક પુસ્તકો ડેકોરેશન પર્પઝની પણ હોય છે. એ પુસ્તકો દેખાવડી તો ખુબ હોય છે પણ એને વાંચવામાં ખાસ આનન્દ આવતોન હોય.

આપણા ઘરેણાઓ પણ આ જ રીતે ત્રણ પ્રકારના હોય છે. કેટલાક રોજ પહેરવાના હોય છે, કેટલાક લગ્ન વગેરે પ્રસઙ્ગે પહેરવાના હોય છે અને કેટલાક માત્ર સંગ્રહમાટે હોય છે કે જેને આપણે ઇન્વેસ્ટ કરીને રાખ્યા હોય.

આપણા પરિચયો પણ આવા ત્રણ પ્રકારના હોય છે. કેટલાક પરિચયો રોજ મળનારાઓના હોય છે. કેટલીક ઓળખાણ એવી હોય છે કે જેને આપણને રોજ મળવાનું થતું ન હોય પણ પ્રસઙ્ગોપાત્ત જ મળવાનું થતું હોય જેમ કે વકીલ, ડોક્ટર વગેરે. અને કેટલાક સમ્બન્ધો એવા હોય છે કે જેની સાથે આપણને કોઈ લેવા-દેવા ન હોય પણ બસ ડાયરીમાં તેની વિગત લખી રાખી હોય, એમ વિચારીને કે કોણ જાણે કોઈક વખતે કામ લાગી જાય.

તો સમજો કે આવું દરેક બાબતમાં હોય છે : જ્ઞાનની બાબતમાં, સંગ્રહની બાબતમાં ... "એકોઽહં બહુસ્યામ્" છે એટલે આ ત્રણ પ્રકારો પ્રકટ થયા વિના રહે જ નહિ. આ જ રીતે જીવોને પણ ત્રણ પ્રકારે સમજી શકાય. કેટલાક જીવો એવા હોય છે કે જેનો આનન્દ પ્રભુ નિત્ય લેવા ઇચ્છતા હોય છે, કેટલાક જીવો એવા પણ છે કે જેનો આનન્દ પ્રભુ ઓકેઝનલી લેવા ઇચ્છતા હોય છે અને કેટલાક જીવો એવા પણ હોય છે કે જેને પ્રભુએ બસ સંગ્રહીને

રાખ્યા હોય છે, એની સાથે બહુ માથાફોડી કરવાની નહિ. પેલી કહેવત છે ને કે "સંઘરેલો સાપેય કામ લાગે" તેમ.

હવે આનું કારણ સમજો. પુષ્ટિજીવ શા માટે નિત્યકામનો છે? કેમકે પુષ્ટિજીવમાં પ્રભુ એવો ભાવ ભરે છે કે તુ મારામાટે છે. એટલે તારા બધા ક્રિયા-કલાપો એવા જ રહેશે કે જેથી તારી બધી પ્રાયોરિટિમાં હું ટોપ ઉપર હોઈશ. આ જીવોમાટે પ્રભુ ગીતામાં આજ્ઞા કરે છે કે "મયિ તે તેષુ ચાપ્યહમ્" તેઓ મારામાટે છે અને હું તેઓમાટે છું.

કેટલાક લોકો એવા હોય છે કે જેઓ ઝઘડો થાય તો પોતે જ છુરો-બંદૂક ચલાવીને વાતનો નિવેડો પોતાની મેળે લાવી દેતા હોય છે. જ્યારે સભ્ય માણસ હશે તે પોતે નિવેડો ન લાવીને કોર્ટ-કચેરીમાં ફરિયાદ કરીને કાયદા પ્રમાણે સમસ્યાનું નિરાકરણ લાવશે. મર્યાદાજીવોનો એવો જ અભિગમ હોય છે. તેથી મર્યાદાજીવો પ્રભુએ જગતનું જે કોન્સ્ટિટ્યુશન બનાવ્યું, સંવિધાન-બંધારણ બનાવ્યું છે તે બંધારણ પ્રત્યે તેઓ પૂરેપૂરા વફાદાર હોય છે. જેવું બંધારણ પ્રભુએ બનાવ્યું એનાથી આગળ-પાછળ તેઓ થતા નથી.

કેટલાક પાછા એવા જીવો પણ હોય છે કે જેઓને નથી બંધારણની કંઈ પરવાહ કે નથી પ્રભુની કંઈ પરવાહ. પ્રભુએ એમને બનાવ્યા છે, એમનામાં કંઇક સામર્થ્ય પણ મુક્યું છે. પ્રવાહી જીવો તે સામર્થ્યને વાપરીને પોતાનામાં મશગુલ રહેતા હોય છે. પ્રભુ એમનો પણ આનન્દ લઈ રહ્યા છે. આમ જુઓ તો આ જીવો પ્રભુના કોઈ કામમાં તો આવી નથી રહ્યા છતાંય પ્રભુ પોતાની સૃષ્ટિમાં એ જીવોને સંગ્રહ રૂપે રાખે છે.

આમ સર્ગમાં ત્રણે ભાવોને નોખા-નોખા સમજવાના. તેથી સર્ગની વ્યાખ્યા કરતા શ્રીમહાપ્રભુજી કહે છે કે,

સર્ગભેદં પ્રવક્ષ્યામિ સ્વરૂપાઙ્ગ-ક્રિયાયુતમ્॥8॥
ઇચ્છામાત્રેણ મનસા પ્રવાહં સૃષ્ટવાન્ હરિ:॥
વચસા વેદમાર્ગં તુ પુષ્ટિં કાયેન નિશ્ચય:॥9॥

આ વચનોનો અર્થ ઘણા ટીકાકારો જુદી-જુદી રીતે કરે છે. પણ મને જેમ અર્થ સમજમાં આવ્યો છે તે રીતે હું કહી રહ્યો છું. તમે ટીકા વાંચશો તો આનો જુદોય અર્થ મળી શકે. હું જે કહી રહ્યો છું તેને નિર્ણાયક માનવાની આવશ્યકતા નથી પણ મને જેવું અત્યારે સમજમાં આવી રહ્યું છે તે હું તમને કહી રહ્યો છું. તેથી તમારી બુદ્ધિને એટલી ખુલ્લી રાખીને વાત સાંભળજો.

શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે "સર્ગભેદં પ્રવક્ષ્યામિ સ્વરૂપાઙ્ગ-ક્રિયાયુતમ્" સ્વરૂપ, અઙ્ગ અને ક્રિયા સહિત સર્ગનું નિરૂપણ હું કરું છું. 'સ્વરૂપ' એટલે આ સર્ગનું સ્વરૂપ. 'અઙ્ગ' એટલે

સર્ગના સ્વરૂપના અંગો. અને ‘ક્રિયા’ એટલે સર્ગના સ્વરૂપોની ક્રિયા. એટલે અહીં વસ્તુની વાત ન કહીને સિસ્ટમની વાત કહેવામાં આવી છે એવો મારો અભિપ્રાય છે. પ્રાચીન ટીકાકારોના મતે અહીં વસ્તુનું નિરૂપણ કરવામાં આવ્યું છે. આમાં કોણ સાચું એ તો શ્રીમહાપ્રભુજી જાણે. પણ મને એમ સમજમાં આવે છે કે અહીં વસ્તુની ઉત્પત્તિની વાત કહેવામાં નથી આવતી પણ સિસ્ટમ કેવી રીતે ઉભી થઈ છે, સિસ્ટમ કેવી રીતે ચાલી રહી છે, સિસ્ટમમાં કઈ વસ્તુઓને યોજવામાં આવી છે તે વાતનું નિરૂપણ છે.

સિસ્ટમ અને વસ્તુ વચ્ચેનું અન્તર સમજો. જેમ ટ્રેનના પાટા, સિગ્નલ, સ્ટેશન, સ્ટેશનના ઇન્ચાર્જ ઓફિસરો જેવા કે ટીકીટ આપનારો, ટીકીટ ચેકર, કુલી, સ્ટેશન-માસ્ટર, સિગ્નલમેન, લાઈનમેન, ડ્રાઈવર વગેરેને આપણે ‘વસ્તુ’ કહીશું. પણ જ્યારે આપણે આ બધી વસ્તુઓને અલગ-અલગ ન જોઈને ભેગી જોઈશું તો આપણને એમાં કોઈ એક સિસ્ટમ દેખાશે. આ જ રીતે પોસ્ટલ સિસ્ટમ, આંગડિયા સિસ્ટમ, કુરીયર સિસ્ટમ, ટેલિફોન સિસ્ટમ એવી અનેક સિસ્ટમ તમે વિચારી શકો છો. આ સિસ્ટમોના જુદા-જુદા અંગો છે તેની અનેક પ્રકારની ક્રિયાઓ છે. તો આવી કોઈક પુષ્ટિ-પ્રવાહ-મર્યાદા સિસ્ટમનું વર્ણન અહીં શ્રીમહાપ્રભુજી કરી રહ્યા છે, સિસ્ટમમાંની વસ્તુઓનું વર્ણન નથી કરી રહ્યા એમ મને લાગે છે.

આ બધી સિસ્ટમનો સર્ગ કેવી રીતે થાય છે? શ્રીમહાપ્રભુજી સમજાવી રહ્યા છે કે "ઇચ્છા માત્રેણ મનસા પ્રવાહં સૃષ્ટવાન્ હરિ:" પ્રવાહ સર્ગમાં પ્રભુએ કયું તત્ત્વ નિયામક માન્યું? શ્રીમહાપ્રભુજી કહે છે કે પ્રભુએ ઇચ્છા કરી કે કેટલાક જીવો એવા પ્રકટ થાય કે જેઓને પોતાના સારા-ખરાબ કર્મો અનુસાર સારું કે ખરાબ ફળ મળે. ટુંકમાં કહેવું હોય તો તેઓ પોતપોતાનું ફોડી લે એવી ઇચ્છા કરીને પ્રભુએ એમને એકંદરે સ્વતન્ત્ર કરી દીધા. પ્રભુએ એમને પોતાના તરફ લાવવાનો માર્ગ દેખાડ્યો નહિ.

બીજી તરફ પ્રભુએ એક મર્યાદા ઉભી કરી. પ્રભુ કહે છે કે હું તમને પ્રકટ કરી રહ્યો છું, તમારા દેહને પ્રકટ કરી રહ્યો છું, તમારા જીવને પ્રકટ કરી રહ્યો છું, પણ તમારી એ બધી સિસ્ટમનું સંચાલન વેદદ્વારા થશે : "વચસા વેદમાર્ગો હિ"

કેટલાક ટીકાકારો એમ સમજે છે કે પ્રવાહી જીવો પ્રભુની ઇચ્છામાંથી પ્રકટ થયા, મર્યાદાજીવ પ્રભુની વાણીમાંથી પ્રકટ થયા અને પુષ્ટિજીવો પ્રભુના શ્રીઅઙ્ગમાંથી પ્રકટ થયા. પરન્તુ મને એ અર્થ બહુ સમજમાં નથી આવતો. મને એવું લાગે છે કે અહીં જીવનો પ્રશ્ન નથી પણ જીવ, દેહ અને ક્રિયા એ ત્રણની સૃષ્ટિ એટલે કે આખી સિસ્ટમની વાત અહીં સમજાવવામાં આવી રહી છે.

અર્થાત્ જીવ, દેહ અને ક્રિયા એ ત્રણની પુષ્ટિમાર્ગની સૃષ્ટિનું પ્રાકટ્ય પ્રભુના સ્વરૂપમાંથી થયું છે. તેથી "પુષ્ટિં કાયેન નિશ્ચય:" 'કાયેન' એટલે ભગવાન પોતાના શ્રીઅંગથી, સ્વરૂપાસક્તિથી પુષ્ટિની સિસ્ટમને ગવર્ન કરે છે. બીજી કોઈ રીતે પુષ્ટિની સિસ્ટમને પૈદા પણ નથી કરતા અને ગવર્ન પણ નથી કરતા.

તે જ રીતે જીવ, દેહ અને ક્રિયા ની મર્યાદામાર્ગની સૃષ્ટિનું પ્રાકટ્ય વેદથી થયું છે. વેદ તમે વાંચો તો તમને ખબર પડી જશે કે મર્યાદા જીવનો દેહ કેવો હોવો જોઈએ, એનો જીવ કેવો હોવો જોઈએ, એની ક્રિયાઓ કેવી હોવી જોઈએ. દા.ત. આપણે સ્પષ્ટપણે સમજી શકીએ કે વર્ણ-આશ્રમવાળો દેહ મર્યાદાનો હોવો જોઈએ. વર્ણાશ્રમને જે નભાવી નથી શકતો તે મર્યાદામાંથી છુટો પડી જાય છે. શાસ્ત્રમાં ત્યાં સુધી કહ્યું છે કે બ્રાહ્મણ ક્ષત્રિય વૈશ્ય ને જનોઈ આપવાની જે ટાઈમ-લિમિટ દેખાડી છે તે દરમ્યાન જો એ જનોઈ ન લે તો બ્રાહ્મણનો દીકરો બ્રાહ્મણ રહી જતો નથી, ક્ષત્રિયનો દીકરો ક્ષત્રિય રહી જતો નથી અને વૈશ્યનો દીકરો વાણિયો રહી જતો નથી, બધા શૂદ્ર થઈ જાય છે. શાસ્ત્રે પછી શૂદ્રોમાટે એક મર્યાદા બનાવી છે કે શૂદ્રોએ આવી રીતે રહેવું. શૂદ્રો જો તે રીતે ન રહે તો શાસ્ત્ર કહે છે કે તો ભઈ તમે હવે શૂદ્ર પણ ન રહ્યા. તમે વર્ણવ્યવસ્થાની બહાર નીકળી ગયા.

તો સમજો કે આ બધી સિસ્ટમ કોણે સમજાવી? આપણને શું ખબર પડે કે કોને બ્રાહ્મણ કહેવાય, કોને ક્ષત્રિય કહેવાય કે કોને વૈશ્ય કહેવાય?

એક રમૂજી વાત તમને સંભળાવું. મારો એક મિત્ર પૂનાની ફિલ્મ ઇન્સ્ટિટ્યૂટમાં ભણતો હતો. એ અવાર-નવાર મારે ત્યાં આવતો. એક દિવસ એણે મને કહ્યું કે મને શાઙ્કરભાષ્ય ભણાવો. મેં કહ્યું સારું, કાલથી આવી જજે. બીજે દિવસે આવ્યો. એ તો બિચારો પેન્ટ-શર્ટ પહેરીને આવ્યો. મારે ત્યાં આવીને જોયું તો બધા ધોતી-બંડી-ઉપરણા પહેરેલા દેખાય. એટલે એણે મને કહ્યું કે યાર મને તો પેંટ-શર્ટ પહેરીને ભણવા બેસતાં શરમ આવે છે. એટલે મેં એને કહ્યું કે કાલથી તુંએ ધોતી-ઉપરણા પહેરી લે. એ હતો પાછો દેખાવડો, લાંબા-લાંબા એના વાળ, દાઢી. બીજા દિવસથી એ મારે ત્યાં આવીને મારા ધોતી-ઉપરણા પહેરીને શાઙ્કરભાષ્ય ભણવા બેસતો. એને ભણતો જોઈને જે વૈષ્ણવ આવે એ તેને દંડવત પ્રણામ કરવા લાગ્યા. વૈષ્ણવો વિચારતા કે કોઈ આચાર્યબાળક હશે. એક દિવસ ચંદુભાઈથી રહેવાયું નહિ એમણે આવીને પૂછી જ લીધું કે આપ ક્યાંના સ્વરૂપ છે? મારા મિત્રની પર્સનાલિટિ તો હતી જ, શાન્ત ચિત્તથી બેઠો હોય, શાઙ્કરભાષ્ય ભણતો હોય. અને પાછો મારો મિત્ર થાય એટલે વૈષ્ણવો જેમ બેસે તેમ તો એ બેસે જ નહિ, મારી એકદમ લગોલગ બેસે. એટલે બધાને જિજ્ઞાસા થાય કે આ ક્યાંના સ્વરૂપ હશે. એટલે મેં પણ ચંદુભાઈને કહી દીધું કે આ ફિલ્મ ઇન્સ્ટીટ્યૂટના સ્વરૂપ છે. બીજો શું ખુલાસો આપવો! તો જુઓ કોણ વ્યક્તિ બ્રાહ્મણ છે કે કોણ ક્ષત્રિય છે તે આપણે સ્વયં જાણી શકતા નથી.

તે પછી એક વખતે એવું થયું કે મને મારા એ મિત્રનું કંઈક કામ પડ્યું એટલે હું એને મળવા ફિલ્મ ઇન્સ્ટિટ્યૂટ ગયો. તમે માનશો નહિ, અમે જેવા એની હોસ્ટેલના રૂમમાંથી નીચે ફરવા નીકળ્યા કે જે અમને જુએ એ બધા પૂછે કે શું સબ્જેક્ટ લીધો છે? શું કોઈ મધ્યકાલીન પૌરાણિક ફિલ્મનું શુટીંગ થવાનું છે? શું બ્રાહ્મણનો રોલ મળ્યો છે? તો જુઓ, જે ખરેખર બ્રાહ્મણ છે એને લોકો એમ સમજે છે કે આ કોઈ કલાકાર મેકઅપ કરીને ફરે છે. એટલે કોનું સ્વરૂપ શું છે એ આપણે જાણી શકતા નથી. તેથી વેદ આપણને એ સમજાવે છે કે આમ કરે તો બ્રાહ્મણ કહેવાય, આમ કરે તો ક્ષત્રિય કહેવાય, આમ કરે તો વૈશ્ય કહેવાય અને આમ કરે તો શૂદ્ર કહેવાય. આ મર્યાદાની વ્યવસ્થા છે. તેના જીવનું સ્વરૂપ, દેહનું સ્વરૂપ, તેમની ક્રિયાઓનું સ્વરૂપ બધું વેદમાં દેખાડવામાં આવ્યું છે.

તત્વાર્થદીપનિબન્ધમાં આવે છે કે "કૃષ્ણસ્યાત્મરતૌત્વસ્ય લય: સર્વસુખાવહ:" પ્રવાહી જીવોને સુખ ક્યારે મળે છે? જે વખતે ભગવાન એવી ઇચ્છા કરે છે કે હવે સૃષ્ટિ ઘણો સમય ચાલી, હવે એને આટોપી લઈએ. એટલે સૃષ્ટિના અન્તે પેલા પ્રાવાહી જીવો પણ ભગવાનમાં ભળી જતા હોય છે, જ્ઞાન-કર્મ-ભક્તિ વિનાજ. ભગવાનમાંથી જ નીકળ્યા હતા તેથી ભગવાનમાં જ ભળી જાય છે : "કૃષ્ણસ્યાત્મરતૌત્વસ્ય લય: સર્વસુખાવહ:" જ્યાં સુધી પ્રવાહી જીવો સૃષ્ટિમાં હોય છે ત્યાં સુધી પ્રભુની એમની બાબતમાં એવી ઇચ્છા હોય છે કે એમનું બધું સ્વતન્ત્ર રીતે જ ચાલ્યા કરે. કારણ કે એ જીવો પ્રભુની સૃષ્ટિમાં સંગ્રહણીય છે. તેથી તેમની સંગ્રહણીય વ્યવસ્થા પણ છે.

પ્રભુએ જે પુષ્ટિ, મર્યાદા અને પ્રવાહ સર્ગ પ્રકટ કર્યા છે તેનું જ્ઞાન તેના કોઈ એક પાસાને જોઈને થઈ શકતું નથી. તેની સાચી સમજ સમગ્રતાના જ્ઞાનથી થાય છે, સિસ્ટમના જ્ઞાનથી થાય છે. કોઈ વ્યક્તિ તિલક લગાવીલે તો શું તેને પુષ્ટિમાર્ગીમાની લેવાય? કે ચોટીરાખી લે તેથી મર્યાદામાર્ગીકહી શકાય? અને ચોટી કપાવી નાખે તો શું પ્રવાહમાર્ગીબની જાય? વ્યક્તિની સાચી ઓળખ આ બધાથી થઈ શકતી નથી. કારણ કે આ બધા તો મેકઅપ છે. વ્યક્તિની સાચી ઓળખ એના સ્વરૂપ-જીવ, દેહ અને ક્રિયા એ ત્રણેય મળીને જે એક સૃષ્ટિ એટલે કે એક સિસ્ટમ ઉભી થાય છે તેની સમજથી થાય છે. શ્રીમહાપ્રભુજી એ સિસ્ટમનું ગવર્નિંગ ફેક્ટર શું છે તે અહીં સમજાવી રહ્યા છે.

વિદ્યાર્થી: શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે "સર્ગભેદં પ્રવક્ષ્યામિ ... સૃષ્ટવાન્ હરિ:" આના વ્યાખ્યાનમાં આપ આજ્ઞા કરો છો કે "સિસ્ટમ - વ્યવસ્થા ઉભી થાય છે" આના સ્થાને "ઉત્પત્તિ થાય છે" એવું ન કહી શકાય? 'સર્ગ' એટલે તો ઉત્પત્તિ નહિ?
ગો.શ્રીશ્યામમનોહરજી : સિસ્ટમનો તો 'સર્ગ' થયોજ ને! એક વાત સમજો, રેલ્વે એક કોર્પોરેશન - નિગમ છે. રેલ્વેનું નિગમ કંઈ બિલ્ડિંગ, લોઢાના પાટા, વીજળીના તાર, થાંભલા વગેરે વસ્તુઓ બનાવતું નથી. તે જ પ્રમાણે આજે લોકો જેમ મરઘાં ઉછેરે છે તેમ રેલ્વેનિગમ એ કુલીઓ કે સ્ટેશનમાસ્તરો ને ઉછેરવાનું કેન્દ્ર પણ નથી. તો પછી રેલ્વે શું છે? રેલ્વે એક સિસ્ટમ છે જે પોતાની જરૂરીયાતની આવી બધી વસ્તુઓ જ્યાંથી ઉપલબ્ધ થાય તેને પોતાનામાં આવરી લે છે. સરવાળે એક સિસ્ટમ ઉભી થઈ જાય છે. જો આ બધી વસ્તુઓને તે ન આવરે તો સિસ્ટમ ઉભી ન થાય અને જે વસ્તુ જેમ સ્વતન્ત્ર છે તેમજ રહે. પણ જેવી એક સિસ્ટમ પૈદા થાય પછી એમાં જેને આવરી લેવામાં આવ્યા હોય તે બધા એ સિસ્ટમના પાર્ટ કહેવાય. આ સિસ્ટમ કોણ ઉભી કરે છે? રેલ્વે નિગમ. એમાં જે તત્વો છે તેને રેલ્વેપૈદા નથી કરતી, સિસ્ટમને ગુજરાતીમાં 'તન્ત્ર' કહેવાય. તેને રેલ્વે નિગમ પૈદા કરે છે. આ પરથી સમજવાનું એ છે કે ઉપરોક્ત શ્લોકમાં જે વાત કહેવામાં આવી રહી છે તે કોઈક જાતના તન્ત્રની ઉત્પત્તિની વાત છે, તત્ત્વની ઉત્પત્તિની વાત ત્યાં નથી કહેવાઈ રહી. તન્ત્ર અને તત્ત્વ માં થોડું અન્તર છે તેને ધ્યાનમાં રાખવું પડશે. એટલે પુષ્ટિનું તન્ત્ર, મર્યાદાનું તન્ત્ર, પ્રવાહનું તન્ત્ર આમ વિભિન્ન તન્ત્રો છે.

પ્રવાહનું તન્ત્ર
પ્રભુએ ઇચ્છાથી પ્રગટાવ્યું, મર્યાદાનું તન્ત્ર પ્રભુએ પોતાની વાણીરૂપ વેદથી પ્રગટાવ્યું અને પુષ્ટિજીવોનું તન્ત્ર પ્રભુએ પોતાની કાયાથી પ્રગટાવ્યું છે. આ ઘટનાને જો તમે એમ વિચારશો કે મર્યાદાજીવો પ્રભુની વાણીથી પ્રકટ થયા એટલે જીભમાંથી જેમ લાળ ટપકે એમ પ્રભુના મુખારવિન્દમાંથી ટપકી પડ્યા હશે અને પુષ્ટિજીવો પ્રભુના શ્રીઅંગમાંથી જેમ વાળ શરીરમાંથી ખરે તેમ ખરી પડ્યા હશે અને ભગવાને ઇચ્છા કરી એટલે અચાનક બધા પ્રવાહી જીવો ટપોટપ પ્રભુના મનમાંથી પૈદા થઈ ગયા હશે તો એવું પિક્ચર મને બહુ ક્લીયર સમજમાં નથી આવતું. એવું ખરેખર હોવું ન જોઈએ. કેમકે ઉપનિષદાદિ શાસ્ત્રોમાં અને શ્રીમહાપ્રભુજીના ગ્રન્થોમાં પણ જ્યાં પણ આપણે વાંચીએ છીએ ત્યારે એવોજ ઉલ્લેખ

મળે છે કે પ્રભુના અક્ષર સ્વરૂપમાંથી કાલ-કર્મ-સ્વભાવ-પ્રકૃતિ-પુરુષ પ્રગટ્યા. અને સમષ્ટિપુરુષના અંશભૂત વ્યષ્ટિ જીવ બન્યા. સૃષ્ટિની આ પ્રક્રિયામાં વાણીમાંથી કે કાયામાંથી કે મનમાંથી જીવો પ્રકટ થયા હોય એવો ઉલ્લેખ જડતો નથી. શ્રીમહાપ્રભુજીના કોઈક વચનથી જો એવું સિદ્ધ થતું હોય તો આપણને કાન પકડીને સ્વીકારવું જોઈએ. એટલે તમે પણ તમારું મન એટલું ખુલ્લું રાખજો કે મેં કહ્યું એટલે પ્રમાણ છે એમ માની લેવાની જરૂર નથી. પણ મને એવું લાગે છે કે કદાચ મહાપ્રભુજીનો અભિપ્રાય આમાં એવો હોવો જોઈએ.

વિદ્યાર્થી: "સૌન્દર્યં નિજહૃદ્ગતં પ્રકટિતં સ્ત્રીગૂઢભાવાત્મકં, પુંરૂપઞ્ચ પુનસ્તદન્તરગતં ...” આ મઙ્ગલાચરણમાં પણ શ્રીમહાપ્રભુજીનું પ્રાકટ્ય કંઈક એવું જ બતાવવામાં આવ્યું છે. આ શ્લોકના ચિત્રો પણ જોવામાં આવે છે.

ગો.શ્રીશ્યામમનોહરજી : આ બહુ ગમ્ભીર વિષય છે. હમણા એની આપણે વિગતવાર ચર્ચા તો નહિ કરી શકીએ છતાં હું તમને સંક્ષેપમાં કહીશ. આજકલ ‘સૌન્દર્યપદ્ય’ ના ચિત્રો લોકો બનાવે છે. સ્વામિનીજી અને ઠાકોરજી કુંજમાં બિરાજી રહ્યાં છે. બન્નેમાંથી એક જ્યોત નીકળીને કિરણની માફક જઈ રહી છે. એ બન્ને જ્યોત ભેગી થતાં તેમાંથી શ્રીમહાપ્રભુજીનું સ્વરૂપ પ્રકટ થાય છે. ખરું કહું તો મને એ પ્રકારનું ચિત્ર સાચું નથી લાગતું.

આમાં સાચી વાત એ છે કે પ્રભુમાં જે પ્રકટ ભોક્તૃભાવ છે એ પ્રભુનો પુંભાવ છે અને પ્રભુમાં જે ગૂઢ ભોગ્યભાવ છે તે પ્રભુનો સ્ત્રીભાવ છે. તેજ પ્રમાણે શ્રીસ્વામિનીજીમાં એક પ્રકટ ભોગ્યભાવ છે એ શ્રીસ્વામિનીજીનો સ્ત્રીભાવ છે અને ગૂઢ ભોક્તૃભાવ છે તે શ્રીસ્વામિનીજીનો ગૂઢ પુંભાવ છે.

‘ભોગ્યભાવ’ એટલે હું પ્રભુમાટે છું એવો ભાવ. અને "આ મારામાટે” એ ભોક્તૃભાવ. ભોગ્યભાવ = સ્ત્રીભાવ અને ભોક્તૃભાવ = પુંભાવ. એટલે ખરેખર જોતાં ત્યાં પુરુષ કે સ્ત્રી નો મુદ્દો નથી પણ ભાવનો મુદ્દો છે. સ્વતન્ત્રતા સંગ્રામના બધા લડવૈયાઓ પોતાનું જીવન દેશમાટે છે એવું માનતા. એમણે ભારતને ભોક્તા ગણ્યો અને પોતાને ભોગ્ય ગણ્યા. આજના સ્વતન્ત્ર ભારતના નેતાઓ દેશને ભોગ્ય ગણે છે અને પોતાની જાતને દેશના ભોક્તા ગણે છે. તેથી સમજો કે હું જેના માટે તે મારો ભોક્તા અને હું એનો ભોગ્ય. આ ભાવ ‘સ્ત્રીભાવ’ તરીકે ઓળખાય છે. ત્યાં સ્ત્રી-પુરુષનો મુદ્દો નથી. તો એવો એક ભોક્તૃભાવ હોય છે અને એક ભોગ્યભાવ હોય છે. અને તે બન્નેની વચ્ચે કોઈક સાક્ષીભાવ હોય છે. સાક્ષીભાવમાં ભોક્તા કે ભોગ્ય ભાવ નથી હોતો પણ તે ભોક્તા અને ભોગ્ય બન્નેને સાક્ષી બનીને જુએ છે.

હવે સમજો કે શ્રીમહાપ્રભુજીનું સ્વરૂપ કેવું છે? પ્રભુમાં રહેલો પ્રકટ ભોક્તૃભાવ શ્રીમહાપ્રભુજીએ નથી લીધો. સ્વામિનીજીમાં રહેલો જે પ્રકટ ભોગ્યભાવ તે પણ શ્રીમહાપ્રભુજીએ નથી લીધો. શ્રીમહાપ્રભુજી પ્રભુમાં રહેલા ગૂઢ ભોગ્યભાવ અને સ્વામિનીજીમાં રહેલા ગૂઢ ભોક્તૃભાવ ના સાક્ષી બન્યા છે. અને સાક્ષી બનીને આપ કહે છે કે મારે આવી ગૂઢભાવાત્મિકા ભક્તિ કરવી છે. એટલે કોઈ એક ભાવથી ભક્તિ નથી કરવી. અર્થાત્ હું સર્વથા પ્રભુનો (ભોગ્ય) અને પ્રભુ મારા (ભોગ્ય) નહિ એવી ભક્તિ મને નથી કરવી. હું પણ પ્રભુનો (ભોગ્ય) અને પ્રભુ પણ મારા (ભોગ્ય). વળી હું પ્રભુનો અને પ્રભુ મારા આ બન્ને ભાવોને પણ પાછા સ્વાર્થભાવથી નથી લેવાના. આપે એમાં સાક્ષિભાવ પણ જાળવીને રાખ્યો છે કે જેથી પ્રભુમાં ભોગ્યભાવ રાખવાને કારણે પ્રભુની આમાન્યા ખણ્ડિત ન થઈ જાય.

આવો સાક્ષિભાવ કોણ જાળવી શકે? જેમ બે જણ ઝઘડતા હોય એમાં સાક્ષી કોણ બની શકે? જે તટસ્થ હોય. જેને નથી આની સાથે પક્ષપાત કે નથી ઓની સાથે પક્ષપાત. તેમ જેને નથી ભોક્તાપણાનો પક્ષપાત કે નથી ભોગ્યપણાનો પક્ષપાત તે સાક્ષિભાવ રાખી શકે. તેથી શ્રીમહાપ્રભુજીએ તેવો એક સાક્ષિભાવ પણ પોતાનામાં જાળવ્યો છે. તે સાક્ષિભાવને કારણે પ્રભુ મને જે રીતે વાપરવા માંગતા હોય તે રીતે મારે રહેવું આવો ભાવ સ્થિર થાય છે. એટલે કે પ્રભુ જો મને ભોક્તા તરીકે વાપરવા માંગતા હોય તો હું પ્રભુનો ઉપભોગ કરીશ અને જો પ્રભુ મને ભોગ્ય તરીકે વાપરવા માંગતા હશે તો હું પ્રભુનો ભોગ્ય બનીશ અને જો પ્રભુ મને તટસ્થ રીતે વાપરવા માંગતા હોય તો હું તટસ્થ પણ રહીશ ક્આવા ત્રિવિધ ભાવોને પોતાનામાં ભરીને શ્રીમહાપ્રભુજીનું સ્વરૂપ પ્રકટ થયું છે.

શ્રીમહાપ્રભુજીનો આ ભાવ બરોબર એવો જ ભાવ છે કે જે શ્રીયમુનાજીનો ભાવ છે. શ્રીયમુનાજી સ્ત્રી છે છતાં શૃંગાર પુરુષનો છે. શૃંગાર પુરુષનો હોવા છતાં આપ પુરુષની રીતે ઠાકોરજી સામે નથી વરતતા પણ જેમ ઠાકોરજી ચાહે તે રીતે વરતે છે. એટલે બીજા ગોપીકાઓ ક્યારેક માન કરે, ગુસ્સે થાય પણ યમુનાજી માન નથી કરતા એમ આપણે ત્યાં કહેવામાં આવે છે. એની પાછળનો મુખ્ય મુદ્દો એ છે કે માન એ કરે કે જેને પોતાનો કંઈક અભિગમ હોય એટલે કે મારો ને તમારો સમ્બન્ધ આવો છે એવો અભિગમ હોય. આવો અભિગમ શ્રીયમુનાજીને નથી. જેમ પ્રભુ કહે તેમ કરવા તૈયાર. આ સાક્ષીભાવ છે. એટલે પ્રભુને મારાથી જાગવું હોય તો જગાડવા તૈયાર, પ્રભુને મને જગાડવું હોય તો પ્રભુ મને જગાડીલે; પ્રભુને સુવું હોય તો પ્રભુને સુવડાવી દઉં, પ્રભુ મને કહે કે "સૂઈ જા" તો સુવાય તૈયાર; પ્રભુ કહે કે "નહિ, ચૂપચાપ બેસ. હમણાં કાંઈ ન કરતો" તો ચૂપચાપ બેસવા પણ તૈયાર. જેમ આપ કહો તેમ. તો જુઓ આમાં ભોક્તૃભાવ પણ છે, ભોગ્યભાવ પણ છે અને સાક્ષીભાવ પણ છે. આવા શ્રીમહાપ્રભુજીના સ્વરૂપને "રૂપં તત્ ત્રિતયાત્મકમ્" કહેવામા આવ્યું છે. એટલે ત્યાં જે વાત કહેવામાં આવી છે તે થોડીક જુદી કક્ષાની વાત છે.

આપણે જે ભાવથી ભગવત્સેવા કરવાની છે તેમાં એવરેસ્ટની ટોચ સમો જે ભાવ છે તે ભાવને શ્રીમહાપ્રભુજીએ પોતાના સ્વરૂપમાં પ્રકટ કર્યો છે કે પ્રભુને મને જેમ વાપરવો હોય તેમ વાપરે.

દયારમભાઈએ ગાયું છે "રુચે આપને કરું તેવી ટહેલ રે અન્ય રખે ભાવો રે" કોઈકને જે કંઈ લાગતું હોય તે લાગ્યા કરે, એનાથી મારે શું સમ્બન્ધ? એટલે જ આપણે ત્યાં ભગવત્પ્રસઙ્ગોમાં આવે છે કે ઠાકુરજીને એક વખત દુખાવો થયો. ઠાકુરજીએ કહ્યું કે આ દુખાવો મને ત્યારે મટે કે મારો કોઈ ભક્ત પોતાની ચરણ રજ મને આપે અને હું તેનો મારા શરીર ઉપર લેપ કરું. રુક્મિણીજી અને બધા પટરાણીઓ ગભરાઈ ગયા કે આવા પાપમાં કોણ પડે! ત્યારે ઠાકોરજીએ કહ્યું કે કોઈક વ્રજભક્તો પાસે તો જાઓ. વ્રજભક્તોએ કહ્યું કે અમારી ચરણરજથી જો એમનો દુખાવો મટતો હોય તો લઈ જાઓ જેટલી જોઈએ તેટલી. પાપ

પડશે તો અમે એ પાપ ભોગવી લઈશું. તો જુઓ આ ક્યો ભાવ છે? સમર્પણનો. આમાં ન તો ભોક્તાપણાનો ભાવ છે કે ન ભોગ્યપણાનો. રુક્મિણીજી વગેરે પટરાણીઓનો ભાવ પોતાને ભોગ્ય ગણવાનો હતો. તેથી એમના મનમાં એવો વિચાર આવ્યો કે પ્રભુને અમારી ચરણરજ કેવી રીતે અપાય, એટલે એમણે ના પાડી. વ્રજભક્તોને એવો કોઈ વિચાર નથી. એમના મનમાં સર્વસમર્પણનો ભાવ છે. વ્રજભક્તોના આ સમર્પણને બ્રહ્મસમ્બન્ધ દીક્ષા વખતે જે સમર્પણ કરવામાં આવે છે તેની સાથે નહિ સરખાવતા. વ્રજભક્તોમાં ભોક્તા બનવાનો કોઈ હઠાગ્રહ નથી, ભોગ્ય બનવાનો કોઈ હઠાગ્રહ નથી અને સાક્ષી બનવાનો પણ કોઈ હઠાગ્રહ નથી. બસ એક જ વાત છે, તમને જેમ વાપરવું હોય તેમ વાપરો. આ સમર્પણ એક બીજી જ કક્ષાનું સમર્પણ છે. આવો આચાર્યચરણનો ભાવ છે.

વિદ્યાર્થી: એવી સમ્ભાવના ખરી કે ભગવાને જે સર્ગની સિસ્ટમ બનાવી છે તેમાં કોઈ પ્રકારનો ફેરફાર થઈ શકે. એટલે કે પુષ્ટિજીવ ક્યારેક પ્રવાહીપણાને પ્રાપ્ત કરે અથવા પ્રવાહીજીવ ક્યારેક પુષ્ટિભાવને પ્રાપ્ત કરે.

ગો.શ્રીશ્યામ મનોહરજી : શ્રીમહાપ્રભુજી અને શ્રીગુંસાઈજી બન્નેના વચનોને ભેગા કરીને જોઈએ તો એક વાત સ્પષ્ટ થાય છે કે મૂલ સ્વરૂપમાં જેનું પુષ્ટિજીવ તરીકે વરણ કર્યું હોય તે કોઈ પણ દિવસ મર્યાદાજીવ બની શકતો નથી અને જેનું મર્યાદા તરીકે વરણ કર્યું હોય તે કદી પણ પ્રવાહી જીવ બની શકતો નથી. પણ એટલું અહીં વિશેષ સમજવાનું કે જીવોમાં આવું પરિવર્તન તાત્ત્વિક રૂપે નથી થતું છતાં વ્યવહારમાં ક્યારેક આવું બની શકે છે. એટલે કે એવું સમ્ભવ છે કે કોઈક પુષ્ટિજીવ ક્યારેક પ્રવાહીજીવની માફક શ્રીઠાકોરજીની સામે પેશ આવી શકે છે. તે જ રીતે કોઈક પ્રવાહીજીવ ક્યારેક પુષ્ટિજીવની માફક પેશ આવી શકે છે. અને કોઈક મર્યાદાજીવ ક્યારેક પુષ્ટિ કે પ્રવાહી જીવની માફક પણ શ્રીઠાકોરજીની સામે પેશ આવી શકે છે. એટલે શ્રીમહાપ્રભુજી એમ આજ્ઞા કરે છે કે પુષ્ટિ તો બહુ ગૂઢ છે. મર્યાદાને તો આપણે શાસ્ત્રની મદદથી પિછાણી પણ શકીએ કે કોઈ જીવ શાસ્ત્ર મુજબ ચાલી રહ્યો છે કે કેમ. પણ એક વાત ફરીથી ધ્યાનથી સમજો કે શાસ્ત્ર મુજબ કોઈક જીવનું આચરણ નાટક રૂપે પણ હોઈ શકે છે અને હકીકતમાં પણ હોઈ શકે છે. તેથી આપણે કોઈ પણ રીતે નિર્ધારિત નથી કરી શક્તા કે કયો જીવ પુષ્ટિનો છે, કોણ પ્રવાહનો છે કે કોણ મર્યાદાનો છે. આપણે જે કાંઈ નિર્ધારિત કરી શકીએ છીએ તે ફક્ત એટલું જ કે કોનો વ્યવહાર કે એના ભાવો પુષ્ટિમાર્ગીજેવા છે, કોના વ્યવહાર કે ભાવો મર્યાદામાર્ગીજેવા છે કે કોના ભાવ કે વ્યવહાર પ્રવાહમાર્ગીજેવા છે. આપણે જે સમજી શકીએ છીએ તે ફક્ત આટલી જ વાત છે. ખરેખર જેના જેવા ભાવો અને વ્યવહારો છે તે જીવ તેવો જ છે તે આપણે ન સમજી શકીએ. એ તો પ્રભુ જ સમજી શકે. તે બાબતમાં થોડી અન્-સર્ટન્ટી (અનિશ્ચિતતા) છે. આ દૃષ્ટિથી વિચારીએ તો, આમ તો કેવળ પુષ્ટિને ગૂઢ ભાવાત્મિકા કહેવામાં આવી છે, પણ ખરેખર જોશો તો કેવળ પુષ્ટિ જ ગૂઢ ભાવાત્મિકા નથી. પુષ્ટિ તો ત્યાં ઉપલક્ષણ છે. તત્ત્વવિચારે તો મર્યાદા પણ ગૂઢ ભાવાત્મિકા છે અને પ્રવાહ પણ ગૂઢ ભાવાત્મક છે. કેમકે આ તો પ્રભુનો જીવની બાબતમાં રહેલો ભાવ છે કે આ જીવને હું પ્રવાહ તરીકે રાખું, આ

જીવને હું મર્યાદાજીવ તરીકે રાખું અને આ જીવને હું પુષ્ટિજીવ તરીકે રાખું. પ્રભુનો આવો ભાવ આપણમા અનુભવમાં કેવી રીતે આવી શકે? દા.ત. તું મારી બાબતમાં શું વિચારે છે એ આ (વિદ્યાર્થી)ને કેવી રીતે સમજમાં આવી શકે. તે જ પ્રમાણે તારી સાથે મારી ઘનિષ્ઠતા હોય તો કદાચ થોડું-ઘણું મને સમજમાં આવે. પણ છતાયં હું પણ છેતરાઈ તો શકું જ છું.

તમને એક દાખલો આપું. એક ભાઈ મારી સાથે અત્યન્ત સ્નેહનો વર્તાવ કરતા. જ્યારે મળે ત્યારે દોડીને આવે અને ભેટી પડે. અને તમે ક્યાં છો, કેટલા દિવસે દેખાયા આવું બધું કરે. મને પણ એવો ખોટો ખયાલ હતો કે એમને મારા પ્રત્યે કેટલો બધો સદ્ભાવ છે. એક દિવસે સંગીતના કોઈ પ્રોગ્રામમાં અમે બન્ને ભેગા થઈ ગયાં. તે દિવસે એ દારુઢીંચીને આવ્યા હતા. વાસ બહુ આવતી હતી એટલે મને બહુ કંટાળો આવતો હતો. જે આર્ટિસ્ટને સાંભળવા ગયો હતો તે પણ સારું વગાડતો ન હતો તેથી વધુ કંટાળો આવતો હતો. એટલે મેં એને અમસ્તી વાત કરી કે આ આર્ટિસ્ટ કેટલો બોરિંગ્ છે. પેલો તો નશામાં હતો. એણે કહ્યું "તમે પણ કંઈ ઓછા બોરિંગ્ છો?" એટલે માણસને ઓળખવું એ કઠિન કાર્ય છે. ઓળખાણની ભ્રમણા ઘણી વખત આવી કનડગત ઉભી કરતી હોય છે. એટલે કોઈ જીવનો પ્રભુએ પુષ્ટિમાર્ગમાં અંગીકાર કર્યો છે, મર્યાદામાં કર્યો છે કે પ્રવાહમાં કર્યો છે એ આપણને ખબર ન પડે એ સહજ સમ્ભવ છે.

એક બહુ મજેદાર વાત બની. એક વખત મારે ત્યાં ઉત્તર પ્રદેશથી એક ભાઈ આવ્યા. એમણે મારી બાબતમાં એવું સાંભળ્યું હતું કે મુમ્બઈમાં શ્રીમહાપ્રભુજી ઉપર એક પી.એચ.ડી. થઈ હતી જેમાં શ્રીમહાપ્રભુજીના મતનું ખંડન કરવામાં આવ્યું હતું. તે પી.એચ.ડી. થીસિસ્નું ખંડન મેં લખ્યું હતું. એ કારણે એમને મારા પ્રત્યે બહુ આદર હતો કે પી.એચ.ડીની થીસિસ્માં પણ કોઈ શ્રીમહાપ્રભુજીનું ખંડન કરે તો શ્યામબાવા એનો જવાબ આપે છે. એ આદર ભાવ લઈને તેઓ પહેલી વખત મારી મોટી દીકરીના લગ્ન પ્રસંગે મને મળવા આવ્યા. એવામાં મારે ત્યાં એક બહેન પણ આવ્યા. બહેનને પુષ્ટિમાર્ગ પર પી.એચ.ડી કરવી હતી. એમણે મને કહ્યું કે મને પી.એચ.ડી. કરવી છે. એ બિચારા ભોળા ભાઈ ત્યાં જ બેઠા હતાં. મેં પેલા બહેનને બધી વાત સમજાવી કે આવી-આવી રીતે કરશો તો તમે પી.એચ.ડી. થઈ જશો. પછી હું તો અન્દર જમવામાટે ગયો. મારા ગયા પછી પેલા ભાઈએ એ બહેનનો ઉઘડો લીધો. શું સમજો છો તમે પુષ્ટિમાર્ગને? પુષ્ટિમાર્ગ પર પી.એચ.ડી. કરવા માંગો છો? કોઈ બીજો માર્ગ મળતો નથી તમને પી.એચ.ડી. કરવા માટે? આ અમારા આચાર્ય બાળકો બિચારા ભોળા છે તેથી તમને કશું કહી નથી શક્તા. શું સમજી રાખ્યું છે મનમાં? પી.એચ.ડી. કરવા માંગો છો? સમજી શું રાખ્યું છે તમે. મુસલમાનોપર કરોને પી.એચ.ડી. જઈને તો ખબર પડે. તમને એક વલ્લભ સમ્પ્રદાય જ મળ્યો પી.એચ.ડી. કરવામાટે! પેલા ભાઈની આવી ધાક-ધમકી સાંભળીને પેલી બહેન તો મારે ત્યાંથી ભાગી. પેલા ભાઈને બિચારાને પી.એચ્.ડી. નો અર્થ ખબર ન હતો. એના મનમાં એમ કે પી.એચ ડી. કરવી એટલે કોઈને ગાળો આપવી, નિન્દા કરવી. હવે જુઓ કે હતા બન્ને નિર્દોષ. પણ એક બીજાની વાત સમજતા ન હતા. તો મારો કહેવાનો આશય એ છે કે કોની ભીતર ખરેખર શું ભાવો છે તે આપણને કેવી રીતે ખબર પડે. તેથી પ્રભુએ કયા જીવનું કયા

માર્ગમાં વરણ કર્યું હશે તે તાત્ત્વિક રીતે જાણવું બહુ કઠિન છે. આપણે જે જાણી શકીએ છીએ તે કેવલ જીવોની ક્રિયાને.

વિદ્યાર્થી: જીવકી પ્રભુકે સઙ્ગ અન્તરઙ્ગતાકો વિચાર કરેં તો પુષ્ટિજીવ પ્રભુકે અન્તરઙ્ગ હૈં, મર્યાદાજીવ પુષ્ટિજીવન્કી તુલનામેં બહિરઙ્ગ હૈં. ઔર પ્રવાહીજીવ ઔર ભી બહિરઙ્ગ હૈં. અબ, પ્રભુકે સ્વરૂપકો યદિ વિચાર કરેં તો મન-વાણી-દેહમેં મન અન્તરઙ્ગતમ હોવે હૈ, વાણી અન્તરઙ્ગ હોવે હૈ ઔર કાયા બહિરઙ્ગ હોવે હૈ. યા સ્થિતિમેં જીવન્કી ઉત્પત્તિકે વર્ણનમેં પુષ્ટિપ્રવાહમર્યાદાભેદ ગ્રન્થમેં "ઇચ્છામાત્રેણ મનસા પ્રવાહં સૃષ્ટવાન્ હરિ:, વચસા વેદમાર્ગં હિ પુષ્ટિં કાયેન નિશ્ચય:" મેં પ્રભુકે બહિરઙ્ગ(કાયા)સુ અન્તરઙ્ગ પુષ્ટિજીવન્કી સૃષ્ટિ કહી હૈ ઔર અન્તરઙ્ગતમ અઙ્ગ મનસુ બહરિઙ્ગતમ પ્રવાહી સૃષ્ટિ કહી હૈ. ઐસો વ્યુત્ક્રમ ક્યોં હૈ?

ગો.શ્યામમનોહરજી : બહુત સુન્દર પ્રશ્ન હૈ. યામેં સમજનેકી બાત યે હૈ કે પ્રભુ તો સદા આનન્દાત્મક હૈં, પ્રભુકી સૃષ્ટિ ભી આનન્દાત્મક હૈ. ફિર ભી અપનકુ યહાં નિરાનન્દતાકી યા સુખ-દુ:ખ કે દ્વન્દ્વનકી જો અનુભુતિ હો રહી હૈ વો યાલિયે હો રહી હૈ ક્યોંકે અપનકુ પ્રભુકો અનુભવ નહીં હો રહ્યો હૈ. યદિ અપનકુ પ્રભુકો અનુભવ હોવે તો ન તો અપનકુ નિરાનન્દતાકી અનુભૂતિ હોયેગી ઓર ન સુખ-દુ:ખકે દ્વન્દ્વકી અનુભૂતિ હોયેગી. અપનકુ આનન્દકી હી અનુભૂતિ હોયેગી. પરન્તુ પ્રભુકો અનુભવ તો માર્ગસુ હોયગો. બિના માર્ગકે તો હોયગો નહીં. અબ પ્રવાહમાર્ગકો ભગવદનુભવ હોયગો આત્મરતિમેં, મર્યાદામાર્ગકો ભગવદ્ અનુભવ હોયગો સાધનરતિમેં ઔર પુષ્ટિમાર્ગકો ભગવદ્ અનુભવ જીવકુ હોયગો સ્વરૂપરતિમેં. આગે જાકે કહેંગે "ભગવદ્રૂપસેવાર્થં તત્સૃષ્ટિ: નાન્યથા ભવેત્, ભગવાનેવ હિ ફલં સ યથાવિર્ભવેદ્ ભુવિ" તો ધ્યાનસુ સમઝો કે પુષ્ટિજીવન્કેલિયે ફલ ભગવાન્ હૈં. વો ભગવાન્ આનન્દાત્મક હૈં. આનન્દાત્મક ભગવાન્ અપની નિરાકારતામેં પુષ્ટિજીવકુ ફલ નહીં હૈં. નિરાકારતામેં ભગવાન્ સ્વીકાર્ય હો સકે હૈં પર નિરાકારતામેં ભગવાન્ પુષ્ટિજીવન્કેલિયે ફલરૂપ નહીં હૈં. વો ફલરૂપ તબ હૈં કે જબ વો અપની સાકારતાકુ પ્રકટ કરે. યાકેલિયે હી શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે હૈં કે "સએવ કદાચિત્ જગદુદ્ધારાર્થં પૂર્ણ: પ્રાદુર્ભૂત: સન્ 'કૃષ્ણ' ઇતિ ઉચ્યતે" કૃષ્ણ યદિ યહાં પ્રકટ નહીં હોતે હોવેં તો અપનેલિયે ક્યા કામકે? "ભગવાનેવ હિ ફલં સ યથા ભુવિ આવિર્ભવેદ્" અપન ક્યોંકે પુષ્ટિજીવ હૈં. ભગવાનને અપનકુ ભૂતલપે પ્રગટાયો હૈ. અબ અપન યદિ વાકુ ભૂતલપે પ્રકટ નહીં કર પાયે તો અપન અપને ફલસુ વઞ્ચિત હો જાયેંગે. ભૂતલપે અપન વાકુ કૈસે પ્રકટ કરેંગે? યે એક બાત વિચારણીય રહે હૈ. યે વિષય અપન તબ વિચારેંગે કે જબ ગ્રન્થમેં વાકી પંક્તિ આયેગી. પર એક બાત નિશ્ચિત સમજની હૈ કે અપનેકુ વાકુ ભૂતલપે પ્રકટ કરનો હૈ તો અપને જીવનકી સાર્થકતા હૈ. અપનેકુ કેવલ વાકો અનન્દ હી નહીં પાનો હૈ પર જૈસે દયારામભાઈ કહે હૈં

"પ્રકટ મળે સુખ થાય શ્રીગિરિધર પ્રકટ મળે સુખ થાય,
અન્તરયામી અખિલમાં છે તેથી કહો કોનું દુ:ખ જાય!
વ્યાપકથી વાતો નવ થાય તે વિના જીવ અકળાય,
પ્રકટ પાવક કાષ્ઠને ભેટેના શી પેરે શીત સમાય!"

કાષ્ઠમાં અગ્નિ તો છે જ પણ એ અગ્નિ કાષ્ઠમાંથી પ્રકટ ન થાય તો માત્ર લાકડાની ઉપર હાથ તાપવાથી આપણી ઠંડી દૂર થઈ શકે? તેથી પ્રકટ મળે તો જ સુખ થાય. આપણી એ બેઝિક્ સમસ્યા છે કે આપણને પરમાત્માની પ્રકટ અનુભૂતિ કરવી છે. પ્રકટ અનુભૂતિ કરવી છે તેથી આપણે કહીએ છીએ કે "વૈકુંઠે નહીં જાઉં" કેમ નહીં જાઉં? કેમકે કદાચ પ્રકટ અનુભૂતિથી વઞ્ચિત રહી જાઉં તો! એવી કલ્પના માત્રથી પુષ્ટિજીવના પેટનું પાણી હાલી જાય છે. પ્રકટ અનુભૂતિનું આપણામાટે આટલું પ્રાધાન્ય છે. એ પ્રકટ અનુભૂતિ ... "ગુણ-સ્વરૂપભેદેન તથા તેષાં ફલં ભવેત્" આગળ શ્રીમહાપ્રભુજી કહેશે. આપ ભગવાનકે ગુણન્કો પ્રકટ અનુભવ કર રહે હો અથવા આપ ભગવાનકે સ્વરૂપકો પ્રકટ અનુભવ કરનો ચાહ રહે હો યે આપકી રુચિકી બાત હૈ. યે આપકે ઔર ભગવાનકે બીચકી બાત હૈ. યામેં તો "મિંયા બીબી રાજી તો ક્યા કરેગા કાજી!" શ્રીમહાપ્રભુજી યા બારેમેં કોઈ નિર્ણય લેનો નહીં ચાહ રહે હૈં કે આપ ભગવાન્કો પ્રકટ અનુભવ ગુણકે રૂપમેં પાનો ચાહ રહે હો કે સ્વરૂપકે રૂપમેં. યે બાત આપકે ઔર ભગવાનકે બીચકી હૈ. યે સિદ્ધાન્તકી કથા નહીં હૈ. પર સિદ્ધાન્તકી કથા ઇતની જરૂર હૈ કે જો ભી અનુભૂતિ અપનકુ કરની હૈ વો પ્રકટકી કરની હૈ. ગુણ રૂપસુ કરેં ચાહે પ્રકટ રૂપસું કરેં. યે બાત સમજ લેની ચહિયે. યાકે લિયે કહ્યો કે "પુષ્ટિં કાર્યેન નિશ્ચય:"

પ્રભુકી ઇચ્છા તો સર્વત્ર હૈ. એક બાત સમઝો કે પ્રભુકી ઇચ્છા નહીં હોતી તો યે સૃષ્ટિ કૈસે પ્રકટ હોતી? ઔર પ્રભુકી ઇચ્છા યદિ નહીં હોતી તો અપન પુષ્ટિમાર્ગમેં આતે હી કૈસે? પ્રભુકી ઇચ્છા નહીં હોતી તો અપન બ્રહ્મસમ્બન્ધ લેતેહી ક્યોં? પ્રભુકી ઇચ્છા હૈ કે નહીં વાસુ અપનકુ ક્યા લેના-દેના! ઇચ્છા હોવે કે નહીં હોવે, પ્રભુકો પ્રકટ અનુભવ કરવેકી અપની ઇચ્છા તો હૈ કે નહીં! ઇચ્છા અપનેલિયે કોઈ મહત્વકી બાત નહીં હૈ. એક બાત સમજો કે જીવ હોનેકે નાતે અપન પ્રભુકી ઇચ્છાકે અધીન અવશ્ય હૈં. યે અપની લાચારી હૈ. પ્રભુકી વાણીકે અપન અધીન હૈં યે અપની લાચારી હૈ. ક્યોંકે અપન જીવ હૈં. પ્રભુકી ઇચ્છા અથવા પ્રભુકી વાણીકો અપન અતિક્રમણ નહીં કર સકે હૈં. પણ પ્રભુ ખાલી આપણી સાથે વાત જ કરે ...

એક ભાઈને લઈને ગોપીગીતની સુબોધિનીનું અવગાહન કરવામાટે અમે એક બેઠકજીમાં ગયા. એ ભાઈ સ્વાધ્યાયી હતા. એ ભાઈને સુબોધિનીમાં આનન્દ આવે નહીં. એટલે એ ભાઈ રોજ ગીતાનો પાઠ શ્રીમહાપ્રભુજીને સંભળાવતા, મારી સાથે જે વૈષ્ણવ ઠાકોરજીને પધરાવીને આવ્યા હતા એના ઠાકોરજીને ગીતા સંભળવતા. મેં એક દિવસ એમને કહ્યું કે શ્રીમહાપ્રભુજી અને શ્રીઠાકોરજીને ગીતાનું જ્ઞાન છે. ભગવાને અર્જુનને ગીતાજી સંભળાવ્યા આપણા જેવાઓ માટે. આપણે ગીતાનો પાઠ કરીએ, તેનું અવગાહન કરીએ એમાં તો આપણા જીવનની ધન્યતા હોઈ શકે છે. પણ તમે શ્રીઠાકોરજીની સામે જઈને તેમને ગીતાજી સંભળાવો કે "બહૂનિ મે વ્યતીતાનિ જન્માનિ તવ ચાર્જુન, તાન્યહં વેદ સર્વાણિ ન ત્વં વેત્થ પરન્તપ" તમે અને મેં ઘણા જન્મો લીધા છે. તમને એ બાબતની બધી માહિતી નથી, મને તેની બધી માહિતી છે. આવું ભગવાનને આપણે સંભળાવીએ તો બિચારા ભગવાન્ ક્યાં જાય! ઠાકોરજીને ગીતા

સંભળાવવાથી શું લાભ થશે? તમે તમારી જાતને ગીતા સંભળાવો. એ ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ વાત છે પણ ઠાકુરજીની સામે કંઈક કીર્તન ગાઓ. મારું પ્રવચન સાંભળીને કોઈ મને સંભળાવવા બેસે તો મારા ઊપર શું વીતે? એમ જો ઠાકોરજીને ગીતાજી સંભળાવશો તો ઠાકોરજી પરેશાન થઈ જશે. કેટલાક લોકો શ્રીમહાપ્રભુજીને ષોડશગ્રન્થ સંભળાવતા હોય છે કે "કૃષ્ણ સેવા સદા કાર્યા માનસી સા પરા મતા" તમારું ચિત્ત જ્યારે પ્રભુમાં પરોવાશે ત્યારે સમજજો કે તમને માનસી સિદ્ધ થઈ ગઈ. શ્રીમહાપ્રભુજી કહેશે કે ક્યાંથી આવી પડી ઉપાધી. આ વાત તો મેં તને સમજાવા માટે કહી હતી. તું પાછો મને સમજાવવા આવી ગયો! તો એક વાત સમજો કે ષોડશગ્રન્થનો પાઠ બહુ સારી વસ્તુ છે, ગીતાનો પાઠ અતિ ઉત્તમ વસ્તુ છે પણ એનો દણ્ડ ઓછામાં ઓછો શ્રીઠાકોરજીને અને શ્રીમહાપ્રભુજીને તો આપણે ન આપવો જોઈએ.

મારા દાદાજીના એક પરિચિત હતા. તેઓ 80 વર્ષના હતા. એમનો છોકરો 60 વર્ષનો હતો. એમના પૌત્રો ત્રીસ વર્ષના હતા. અને એમના પડપોતરા 5-10 વર્ષના. પેલા વૃદ્ધની કફોડી સ્થિતિ એવી કે ઘરમાંથી કોઈ પણ એની સાથે વાત ન કરે. એટલે થોડા-થોડા દિવસે એ મને ફોન કરે. શ્યામબાવા! કેટલા દિવસ થઈ ગયા આવ્યા નથી! હું સમજી જતો કે હવે જવું પડશે. હું એમને ત્યાં જતો તો એ પોતાની સગાઈ થઈ હતી તે વખતની લખેલી પોતાની ડાયરી કાઢીને મને સંભળાવતા. હું વડીલ તરીકેની મર્યાદા જાળવીને એમની વાતો સાંભળતો રહેતો. એમને સન્તોષ થતો કે એક વ્યક્તિ તો દુનિયામાં છે કે જે મારી વાત સાંભળે છે. એક વખત એવું થયું કે એ વૃદ્ધના પોતરા એ એના પિતાને કહી દીધું કે હવે તમે ઘરડા થયા છો. તમારે હવે ઓફિસમાં આવવાની તકલીફ લેવી નહીં. તે દિવસ જ્યારે દાદા મને ડાયરી સંભળાવી રહ્યા હતા એવામાં એનો દીકરો આવ્યો. આવીને મને કહે કે મને તમારી સાથે વાત કરવી છે. પેલા દાદા કહે, ભાઈ! વચમાં બોલ નહીં. હમણા મારે અને શ્યામબાવા વચ્ચે વાત ચાલી રહી છે. છોકરાએ કહ્યું કે તમે તો અવાર-નવાર એમને વાત કરો જ છો, આજે મારે એમની સાથે વાત કરવી છે. પછી તો બન્ને ઝગડી પડ્યા. હું સમજી ગયો કે હવે દીકરાની દશા પણ દાદા જેવી જ થઈ ગઈ છે. હવે બન્નેની ડાયરી મારે સાંભળવી પડશે. આપણે પણ ઠાકોરજી અને શ્રીમહાપ્રભુજી પાછળ આમ જ પડી જતા હોઈએ છીએ કે તમે સર્વજ્ઞ છો તેથી શું થયું! ગીતા તો તમે કહી છે કે નહીં, ષોડશગ્રન્થ તમે લખ્યા છે કે નહીં!! તો હવે સાંભળો!!!

વિદ્યાર્થી: આપ આજ્ઞા કરો છો કે શ્રીકૃષ્ણ ભગવાને જે ગીતા કહી તેનો પાઠ જો શ્રીકૃષ્ણ ભગવાનની સામે કરવામાં આવે તો શ્રીકૃષ્ણ ભગવાનને ન ગમે. પણ શ્રીકૃષ્ણે જેમ ગીતા બનાવી છે તેમ આપણા સહિત આખા જગતને પણ શ્રીકૃષ્ણે જ તો બનાવ્યું છે. એ વિચારથી તો પછી શ્રીકૃષ્ણને કંઈ પણ ધરવાનું ન રહે?

ગો.શ્રીશ્યામ મનોહરજી : તુ તો ફિલોસોફર જણાય છે! મેં તો ધાર્યું પણ ન હતું કે આવો પણ પ્રશ્ન ઉભો થશે.

તો એક વાત સમજ કે શ્રીકૃષ્ણે જ આ બધું બનાવ્યું છે તે તારી વાત તદ્દન સાચી છે. પરન્તુ પ્રભુએ જે બનાવ્યું છે તેને પ્રભુને સમર્પિત કરતી વખતે આપણા મનમાં જો એવો ભાવ હોય કે પ્રભુને તે વસ્તુની અપેક્ષા છે તેથી ધરવું ત્યારે તો પછી ભગવાને સમજાવેલી ગીતા ભગવાનને જ સમજાવવાજેવી વાત થઈ ગઈ. પરન્તુ પ્રભુની સામે ગીતાનો પાઠ કરતી વખતે જો કોઈના મનમાં એવો ભાવ હોય કે "હે પ્રભુ! હું ખોટું બોલી રહ્યો છું કે સાચું બોલી રહ્યો છું એની આપ પરીક્ષા લો" પછી તો ગીતા પણ સંભળાવવામાં કંઈ વાંધો નથી.

પ્રસઙ્ગ છે તો એક વાત સમજો કે આજે પુષ્ટિમાર્ગની જે દાટ વળી છે તેના પાછળનું મુખ્ય કારણ આપણી એ ભ્રમણા છે કે પ્રભુને નેગ-ભોગની અપેક્ષા છે. પ્રભુને કશી અપેક્ષા નથી. તમે સ્પષ્ટ કરો કે તમને પ્રભુને કંઈક ધરવાની અપેક્ષા છે કે નહીં. એક વાત સમજો કે રામને શબરીના એઠા બોર ખાવાની ઇચ્છા હતી? બોર ખવડાવવાની ઇચ્છા શબરીની હતી. એને બીચારીને એઠા બોર ખવડાવવાની ઇચ્છા ન હતી. એની ઇચ્છા ફક્ત એટલી હતી કે મારે ત્યાં રામ આવ્યા છે તો રામને હું કંઇક તો ખવડાવું કે નહીં. એની પાસે શું હતું? જે હતું તે એણે ખવડાવ્યું. એને એ નિર્ણય ન્હોતો થતો કે કયા બોર કડવા હશે અને કયા મીઠા. તેથી એણે બોર ચાખી-ચાખીને ખવડાવ્યા. પ્રભુએ એના એઠા બોર પણ ખાધા. તમે મને કહો કે રામે શબરીના એઠા બોર પોતાની ઇચ્છાથી ખાધા કે શબરીના ભાવને લીધે ખાધા? તો સમજો કે પ્રભુને આપણા ભાવની અપેક્ષા છે, સામગ્રીની નહિ. પ્રભુ આરોગે છે તેથી આપણે શું સમજી બેઠા કે આટલો નેગ બાંધ્યો છે તો આટલો ભોગ તો ધરવો જ પડશે. ગાંઠમાં નથી તો ભિખારીવેળા કરીને પણ આટલો ભોગ ધરવો જ પડશે. એટલે એકંદરે આપણે પ્રભુને એવા ભુખ્ખડ સમજ્યાને! પ્રભુ એવા ભુખ્ખડ નથી. તમારી પાસે જે સહજ પ્રાપ્ત હોય તેને ભાવથી ધરોને, કોણ ના પાડે છે! પ્રભુને એવા ભુખ્ખડ સમજવાનો તમને શું અધિકાર છે! લોકો કહેતા હોય છે કે શ્રીગુસાંઈજીએ જે નેગ-ભોગ ધર્યો તે અમારાથી ઓછો કેમ થઈ શકે? અમારા વડીલોએ જે નેગ બાંધ્યો તે અમારાથી ઓછો કેમ થઈ શકે? પછી તો શબરીએ એઠા બોર ધર્યા હતા તે રામચન્દ્રજી આરોગ્યા હતા. તો શું આપણે પણ એઠા બોર ધરવા? પછી તો વિદુરજીનાં પત્નીએ ભાવાવેશમાં અજાણતાં કેળાં ફેંકીને તેની છાલ ઠાકોરજીને આરોગાવી. ઠાકોરજી તે આરોગ્યા પણ ખરા. હવે આને દૃષ્ટાન્ત બનાવીને ઠાકોરજીને બધા ફળ-શાકની શું છાલ જ ભોગ ધરવી? આ પણ પ્રશ્ન ઉભો થશે. તો સમજો કે આવા ખોટા અર્થઘટનો કરી-કરીને આપણે પુષ્ટિમાર્ગમાં વિકાર ઉત્પન્ન કર્યો છે. પ્રભુને એની ગરજ છે જ નહિ, જરાય નથી. તમને ધરવાની ગરજ છે કે નહિ તે નક્કી કરો. જો તમને ધરવાની ગરજ હોય તો આનન્દથી ધરો. તમને ઠાકોરજીને કંઈક ધરવાની ગરજ છે તેમાં ગામ પાસેથી ભીખ માગવાની જરૂર ખરી! દા.ત. કોઈ પતિને તેની પત્નીને સોનાનો હાર પહેરાવવાનો હરખ થયો. ધારો કે એની પાસે એટલા પૈસા નથી કે એ પોતાના જોરે સોનાનો હાર ખરીદી શકે. પણ એની ઇચ્છા બહુ પ્રબળ છે. પોતાની ઇચ્છાને પૂર્ણ કરવામાટે એ ગામમાં લોકો પાસે જઈને પત્નીના હારમાટે ફાળો ઉઘરાવે, પત્રિકા છપાવીને વિતરિત કરે કે મને મારી પત્નીને હાર પહેરાવવો છે મહેરબાની કરીને મને થોડા રૂપિયા આપો, પાઈ આપો, પૈસો આપો ... વિચારો, આવા ભિખારીવેડા કરીને કોઈ પતિ પોતાની પત્નીને હાર પહેરાવે તો એવો હાર પહેરવો કોઈ

પત્નીને ગમે ખરો! એ જ રીતે પુષ્ટિમાર્ગીય મન્દિર-હવેલીઓમાં ઠાકોરજીની શાકભાજીની સેવા, ફુલ-પાનની સેવા, ઘાસ-ચારાની સેવા, દુધઘરની સેવાના નામે ભીખ મંગાતી હોય છે. અને ક્યાંક તો ખાલી પેટીની અંદર બે-ચાર સિક્કાઓ નાખીને કળ-કળ કળ-કળ ખખડાવી-ખખડાવીને ભીખ મંગાતી હોય છે. આવા ભિખારી પતિની જો હું પત્ની હોઊં ને તો હું તરત જ તલાક આપી દઉં. આવી રીતે પત્નીનો ફજેતો કરાય! તને પતિ એટલામાટે કર્યો હતો કે ગામલોકોની સામે મારા નામે પેટી વગાડે, છાપાઓમાં જાહેરાત છપાવે કે સેવા નોંધાવોકસેવા નોંધાવો, ફૂલપાનની સેવા, શાક-ભાજીની સેવા. ધિક્કાર છે એ લોકોને. કોઈ દિવસ આપણાથી આવો હલકો વ્યવહાર આપણા પ્રભુમાટે થઈ શકે! ક્યાં ગઈ આપણી અસ્મિતા! પ્રભુના નામે મગાય કેવી રીતે! શરમ નથી આવતી! આપણે બેશરમ થઈ ગયા છીએ. તો વાત સમજો કે પ્રભુને એવી કોઈ ગરજ નથી. જો તમને પ્રભુને કંઈ ધરવાની ગરજ હો તો ધરો. જે હોય તે ધરો. ગામપાસે ભીખ કેમ માગો છો. આપણે આ વાત સમજવામાં વિફલ થયા.

તો મૂળ સમજવાની વાત એ છે કે પ્રભુના વચનોથી જે જીવો સન્તુષ્ટ થાય છે તે મર્યાદાજીવ હોય છે. ભગવદિચ્છાથી જે કંઈ ચાલી રહ્યું છે તેનાથી પ્રવાહીજીવ પણ સન્તુષ્ટ છે. એટલે જ તેઓ નિરાકાર આનન્દને માણી શકે છે. ઇચ્છા મુજબ એને જે કંઈ સુખ-દુ:ખ મળે છે તેમાં તે મસ્ત રહી શકે છે. મર્યાદાજીવને દુનિયાની મારા-તારાની ઝઘડાની વાણીમાં ભગવાનની વેદની વાણી મળે છે એટલે મર્યાદાજીવ પ્રસન્ન થાય છે.

એક વખત ઇન્દ્ર ભણવા ગયો. ઋષિએ પૂછ્યું, કેટલું ભણવું છે? એણે કહ્યું તેંત્રીસ વર્ષ. ઇન્દ્ર તેંત્રીસ વર્ષ વેદ ભણ્યો. ઋષિએ ફરી પૂછ્યું કે હવે શું કરવું છે? ઇન્દ્રે કહ્યું, અરે બહુ આનન્દ આવ્યો, હજી બીજા તેંત્રીસ વર્ષ ભણવું છે. મર્યાદાજીવને વાણીમાં અપૂર્વ આનન્દ આવતો હોય છે. આપણા પુષ્ટિમાર્ગમાં પણ આવી રીતે વાણીનો આનન્દ લેનારા ઘણા હોય છે. એ લોકોને ઘરમાં પ્રભુસેવા કરવાનું કહીએ તો આનન્દ ન આવે. પ્રવચન ગોઠવો તો બધા ભેગા થઈ જાય. એ બધા આપણા પુષ્ટિમાર્ગના ઇન્દ્રો છે. તો કોઈક વાણીના આનન્દથી સન્તુષ્ટ થનારા હોય છે. કોઈક સ્વરૂપના આનન્દથી સન્તુષ્ટ થનારા હોય છે. જેનો જેવો ભાવ. એમાં આપણે કંઈ નિયમન ન કરી શકીએ. એટલે જ તો શ્રીમહાપ્રભુજી એ પણ છેવટે એ જ વાત કહી દીધી કે "ગુણ-સ્વરૂપભેદેન તથા તેષાં ફલં ભવેત્”

આમાં આન્તર કે બાહ્ય નો હેતુ નથી જેટલો પ્રકટ અને અપ્રકટ નો છે. ઇચ્છા સૌથી વધારે અપ્રકટ છે. એના કરતાં વાણી થોડી પ્રકટ છે. અને એના કરતાં સ્વરૂપ પૂર્ણ પ્રકટ છે. અહીં એક વાત ફરીથી સમજો કે જે સ્વરૂપથી પ્રકટ હશે તેની પણ વાણી તો હશેજ ને! એ તો વૈષ્ણવો બાળકોની ભ્રમણામાં પોતાના ઠાકોરજીને મૂંગા કહેતાં હોય છે. બાકી ઠાકોરજી તો કંઈ મૂંગા નથીજ ને! અને જ્યાં વાણી છે ત્યાં ઇચ્છા તો આવી જ જાય છે. હવે ઊંધેથી વિચારો તો જેને ઇચ્છા છે તેને વાણી નથી અને જેને વાણી છે તેને સ્વરૂપ નથી. પણ જેને સ્વરૂપ છે તેને તો કાયા, વાણી અને ઇચ્છા ત્રણેય આવી ગયા.

કોઈક જીવસૃષ્ટિનું નિયમન કેવળ મનથી જ થઈ રહ્યું છે. એ જીવો પણ મનમાં પ્રસન્ન છે. આ પણ મનમાં પ્રસન્ન છે. બન્નેએ પોત-પોતાનું મન એક બીજા સાથે સાધી લીધું છે કે તમે મારી વાતમાં માથાફોડી નહિ કરતા. પ્રભુએ પણ પોતાનું મન સાધી લીધું છે કે જા, હું તારી વાતમાં માથાફોડી નહિ કરું. બન્નેના મન રાજી થઈ ગયા. હવે લફડાની વાત શું રહી?

કોઈકનું મન રાજી નથી થતું એટલે એ કહે છે કે કંઈક વાત તો કરો મારી સાથે. ભગવાન્ કહે છે કે અચ્છા તો ચાલ, તારા માર્ગની વિગત હું તને વાણીથી સમજાવું છું. એને એનાથી સન્તોષ થઈ જતો હોય છે.

પુષ્ટિજીવની જરૂરીયાત એટલા માત્રથી સન્તુષ્ટ થતી નથી. "કૈસે કીજે વેદકો કહ્યો!

વિદ્યાર્થી: શું આ યુટિલિટેરિયનિસ્ટિક્ એપ્રોચ નથી જણાતો? પુષ્ટિમાર્ગીકેમકે પ્રભુના સ્વરૂપની અપેક્ષા રાખે છે, મર્યાદામાર્ગીકેમકે પ્રભુની વાણીથી ... અને પ્રવાહમાર્ગીકેમકે ... અને તેના દૃષ્ટાન્તથી આપણે સૃષ્ટિ કે ઉત્પત્તિ અથવા આપ જેને પ્રોસેસ્ કહી રહ્યા છો તેની વ્યાખ્યા કરીએ ...

ગો.શ્રીશ્યામમનોહરજી : નહિ. તદ્દન ઉલટું સમજમાં આવ્યું. હું એમ નથી કહેવા માગતો. હું એમ કહી રહ્યો છું કે જીવોની અપેક્ષાઓ એવી શા માટે છે કેમકે જીવોની સૃષ્ટિ એ પ્રકારે થયેલી છે. એટલે પુષ્ટિસૃષ્ટિનો જીવ, દેહ અને વ્યવહાર પ્રભુની કાયાથી પ્રકટ થયા છે, પ્રભુની કાયાથી ગવર્ન થઈ રહ્યા છે. એટલે "યતો વા ઇમાનિ ભૂતાનિ જાયન્તે, યેન જાતાનિ જીવન્તિ, યત્ પ્રયન્તિ, અભિસંવિશન્તિ, તદ્ વિજીજ્ઞાસસ્વ, તદ્ બ્રહ્મ" એ વચનને જો એક મોડલ્ સ્ટેટમેન્ટ તરીકે લેવો હોય કે જેમાંથી ઉદ્ભવ્યા, જેમાં સ્થિત છે અને જેનામાં લીન થવામાટે ઉદ્ભવ્યા તે બ્રહ્મ છે. આ જે એક ઉપનિષદ્નું વચન છે તે મુજબ પુષ્ટિની સૃષ્ટિ, 'સૃષ્ટિ' એટલે જીવ, દેહ કે ક્રિયા માત્ર નહીં પણ આખી સિસ્ટમ, તે શેનામાંથી ઉદ્ભવી? પ્રભુના સ્વરૂપમાંથી. શેનામાં સ્થિત છે? પ્રભુના સ્વરૂપમાં. શેનામાં લીન થશે? પ્રભુના સ્વરૂપમાં. એટલે સ્વરૂપાસક્તિ એ આપણો એક ક્રાય્ટેરીયા છે. વાગાસક્તિ એ મર્યાદાજીવનો ક્રાય્ટેરીયા છે. અને ઇચ્છા, એની ઇચ્છા એજ આપણી ઇચ્છા છે એ મર્યાદાજીવનો ક્રાય્ટેરીયા છે.

વિદ્યાર્થી: 'ઇચ્છા'નો અન્વય દહેલીદીપન્યાયથી ઇચ્છા માત્રેણ મનસા, ઇચ્છા માત્રેણ વચસા, ઇચ્છા માત્રેણ કાયેન એમ ન લઈને "ઇચ્છા માત્રેણ મનસા પ્રવાહં સૃષ્ટવાન્" એમ કેવળ પ્રવાહી સૃષ્ટિની બાબતમાં જ 'ઇચ્છા' શબ્દનો અન્વય લેવો?

ગો.શ્રીશ્યામમનોહરજી : 'ઇચ્છા' શબ્દનો અન્વય તો બધાની સાથે કરી શકાય છે પરન્તુ "મનસા પ્રવાહં સૃષ્ટવાન્" 'મનસા' એટલે મનની તેવી ઇચ્છા માત્રથી. જ્યારે મર્યાદાસર્ગની બાબતમાં "ઇચ્છા માત્રેણ વચસા" એટલે કે મર્યાદા સૃષ્ટિની સિસ્ટમની બાબતમાં પ્રભુ વાણીથી પોતાની ઇચ્છાને પ્રકટ કરે છે. અને અહીં પુષ્ટિસૃષ્ટિની બાબતમાં કાયાથી પોતાની ઇચ્છાને પ્રકટ કરે છે. "રુચે આપને કરું તેવી ટહેલ રે અન્ય રખે ભાવો રે" આજે ઘણા લોકો આપણી મજાક ઉડાવતા હોય છે કે પુષ્ટિમાર્ગીઓ ઢીંગલા-ઢીંગલીની રમતની માફક ઠાકોરજીની સેવા કરે છે. એ તો ઉડાવે. એમના માટે એ સ્વાભાવિક વસ્તુ છે. કેમ? કેમકે એમને એમાં સ્વરૂપાસક્તિ નથી. સ્વરૂપાસક્તિ નથી એટલે એમને આપણી ભગવત્સેવા ઢીંગલા-ઢીંગલીની રમત લાગવાની જ છે. જ્યારે પુષ્ટિજીવની આસક્તિનો વિચાર કરીએ તો પુષ્ટિજીવને એવી અપેક્ષા નથી કે તે ફક્ત વાણીથી સન્તુષ્ટ થઈ જાય. અહીં એ વાત ધ્યાન રાખો કે પુષ્ટિમાર્ગ એમ નથી કહેતો કે વેદ, સ્મૃતિ-ગીતા, પુરાણ વગેરે પ્રભુની વાણીનું અવગાહન ન કરો. પુષ્ટિમાર્ગ બસ એટલું જ કહે છે કે તે વાણીના અવગાહન માત્રથી સન્તુષ્ટ થવાનું નથી. પણ જો કોઈ વ્યક્તિ તે વાણીના અવગાહન માત્રથી સન્તુષ્ટ થઈ જાય, તેની બધી અપેક્ષાઓ તેટલા માત્રથી પૂર્ણ થઈ જતી હોય તો સમજી જવું કે તો પછી મર્યાદામાર્ગીય ભાવ પ્રકટ થયો છે. અને તેથી પણ આગળ વધીને પ્રભુની વાણીના અવગાહન

વિના પણ જો આપણે સન્તુષ્ટ થઈ જતા હોઈએ, પ્રભુની વાણીનીએ પરવા નથી, પ્રભુના સ્વરૂપની પણ પરવા નથી, તમે અમારી બાબતમાં લફડો નહીં કરો, અમે તમારી બાબતમાં લફડો નહીં કરીએ. પ્રભુ પ્રત્યેના આવા અભિગમને પ્રવાહી અભિગમ સમજવો. એવો એક જાતની તટસ્થતાનો ભાવ કે જેમાં પ્રભુ પ્રત્યે દ્વેષ હોવો જરૂરી નથી, તેને પ્રવાહી ભાવ સમજવો. પ્રભુ પ્રસન્ન રાખે ત્યાં સુધી કંઈ કરવું નહીં. જો મુસીબત આવી પડે તો પછી શોધખોળ ચાલુ થાય, પછી પ્રભુ યાદ આવે. મુસીબત ન હોય તો પ્રભુ યાદ ન આવે "તો હમ ઉસીકો ખુદા સમજતો હૈં જો મુસીબતમેં કામ આ જાય" મુસીબતમાં જે કામ આવી જતો હોય તે ખુદા. આ ભાવ પ્રવાહી છે.

વિદ્યાર્થી: "સર્ગભેદં પ્રવક્ષ્યામિ" 'સર્ગ'નો આર્થ આપ સિસ્ટમ કરી રહ્યા છો. એટલે કે પ્રભુના મનથી પ્રવાહી જીવોની ઉત્પત્તિ, પ્રભુની વાણીથી મર્યાદા જીવોની ઉત્પત્તિ અને પ્રભુની કાયાથી પુષ્ટિ જીવોની ઉત્પત્તિ થઈ છે એમ ન સમજીને પુષ્ટિ-પ્રવાહ-મર્યાદા આ ત્રણ સિસ્ટમ પ્રભુના સ્વરૂપ-વાણી-મન દ્વારા નિયન્ત્રિત થાય છે તેમ સમજવું એવો આપનો અભિપ્રાય છે. પરન્તુ પુરુષસૂક્તના "ચન્દ્રમા મનસો જાત: ચક્ષો: સૂર્યો અજાયત, મુખાદ્ ઇન્દ્રશ્ચાગ્નિશ્ચ પ્રાણાદ્ વાયુરજાયત" આ મન્ત્રમાં તો પ્રભુના તે-તે અઙ્ગોમાંથી તે-તે દેવોની ઉત્પત્તિ થતી હોવાનું વર્ણન કરવામાં આવ્યું છે.

ગો.શ્યામમનોહરજી : અહીં એક વાત સમજો કે અહીં પ્રભુના વિરાટ સ્વરૂપનું વર્ણન કરવું છે. એટલે પ્રભુની વિરાટતામાં જગતની દરેક વસ્તુને ગોઠવવી છે. કઈ વસ્તુ પ્રભુની વિરાટતામાં ક્યાં ગોઠવાયેલી છે મૂલ એ વાત બતાવવી છે. હવે એ ગોઠવણ એ પ્રિન્સિપલ્ના આધારે છે કે જગતની જે વસ્તુ જે પ્રકારનું ફંકશન્ કરતી હોય તે વસ્તુ પ્રભુના તે પ્રકારનું ફંક્શન્ કરતા અઙ્ગને સ્થાને છે. વિરાટ અક્ષરબ્રહ્મમાંથી પ્રકટ થાય છે. વિરાટમાંથી સૃષ્ટિ પ્રકટ થાય છે. સૃષ્ટિના પ્રાકટ્યમાટે પ્રભુએ વિરાટરૂપે જે જે-જે ફંકશનો જે-જે અંગોથી કર્યા તેના આધિભૌતિક, આધ્યાત્મિક કે આધિદૈવિક સૃષ્ટિના સ્વરૂપોની પ્રભુના સ્વરૂપમાં પ્લેસમેન્ટ સમજાવવી એ પુરુષસૂક્તનો હેતુ છે. તે જ હેતુ ગીતાના 'વિશ્વરૂપદર્શનયોગ' અધ્યાયનો પણ છે. એટલે પ્રભુએ અર્જુનને વિશ્વરૂપદર્શનમાં એકંદરે જે દર્શાવ્યું એ પુરુષસૂક્તનું ડેમોન્સ્ટ્રેશનજ તો હતું. અને વાયસ્-એ-વર્સા જે વસ્તુ પુરુષસૂક્તમાં વર્ણવવામાં આવી છે તે ખરેખર જોઈએ તો ગીતાના વિશ્વરૂપદર્શનયોગનું લેક્ચર્ ડેમોન્સ્ટ્રેશન છે. પુરુષસૂક્ત જ્યારે આપણે વાંચીએ ત્યારે આપણને એમ લાગે કે આ તો કોઈ થિયરી છે. પણ અર્જુને તે થિયરીનો સાક્ષાત્કાર કર્યો હતો કે આ થિયરી માત્ર નથી પરન્તુ હકીકત પણ આવીજ છે. કેમકે પ્રભુ જે કાર્ય પોતાના જે અઙ્ગથી કરી રહ્યા છે તે અઙ્ગ જગતમાં તે રીતે પ્રકટ થયો છે. દાખલો આપું છું "બ્રાહ્મણોઽસ્ય મુખમાસીત્. બાહૂ રાજન્ય: કૃત:. ઉરૂ તદસ્ય યદ્વૈશ્ય:. પદ્ભ્યાં શૂદ્રો અજાયત" આ મન્ત્રમાં જણાવાયું છે કે શૂદ્રોની ઉત્પત્તિ ભગવાનના ચરણથી થાય છે. હવે તમે વિચારો કે શું આજની તારીખમાં બધા શૂદ્રો શું ભગવાનના ચરણારવિન્દમાંથી પ્રકટ થઈ રહ્યા છે? શું બધા બ્રાહ્મણો ભગવાનના મુખારવિન્દમાંથી પ્રકટ થઈ રહ્યા છે? એવું તો નથી. એટલે કાં તો આપણે આ વચનોને એ અર્થમાં લઈએ કે

પુરુષસૂક્તમાં જે વાત કહેવામાં આવી રહી છે તે આધિદૈવિક સૃષ્ટિની ઉત્પત્તિની વાત છે. તે સ્થિતિમાં આધિદૈવિક ચન્દ્ર-સૂર્ય જ પ્રભુના વિરાટ સ્વરૂપમાંથી ઉત્પન્ન થયા છે નહિ કે આપણને દેખાતા ભૌતિક ચન્દ્ર-સૂર્ય. આવું પ્રતિપાદન શ્રીપુરુષોત્તમજીએ ભાગવતમાં આવતા વિરાટસ્વરૂપના વર્ણનની વ્યાખ્યા કરતા કર્યું છે. પણ હું એમ નથી માનતો કે શ્રીપુરુષોત્તમજીએ જે લખ્યું છે તેનો અભિપ્રાય એટલોજ છે. એનાથી પણ વધુ અભિપ્રાય છે જ. તે એ કે આધિદૈવિક રૂપો તો પ્રભુના તે-તે અઙ્ગોમાંથી પ્રકટ થયા છે એટલું જ નહિ પણ તેના આધ્યાત્મિક પાસાઓ પણ, આજની તારીખમાં પણ, પ્રભુના તે-તે અંગોથી ગવર્ન થઈ રહ્યાં છે. એને તેના આધિભૌતિક પાસાઓમાં પણ પ્રભુના તે-તે ક્રિયાકલાપો જ કામ કરી રહ્યાં છે. આ વાતને આપણે કેવી રીતે સમજીશું? ગીતાના વિભૂતિયોગથી. "યદ્-યદ્વિભૂતિમત્ સત્વં શ્રીમદૂર્જિતમેવ વા, તત્ તદેવાવગચ્છત્વં મમતેજોંશસમ્ભવમ્" દુનિયામાં સર્વત્ર મારું તેજ કામ કરી રહ્યું છે એમ ભગવાન્ કહે છે. તો જે સદન્તર ભૌતિક વસ્તુઓ છે તેમાં પણ પ્રભુનું કોઈને કોઈ તેજ કામ કરી રહ્યું છે. આ ભૌતિક જગતના કંઈક આધ્યાત્મિક પાસા છે. તે જ રીતે તેના કંઈક આધિદૈવિક પાસાઓ પણ છે. તો પુરુષસૂક્ત એ બધા પાસાઓને આવરીને કરવામાં આવેલું વર્ણન છે. ફક્ત આધિદૈવિક, ફક્ત આધ્યાત્મિક કે ફક્ત આધિભૌતિક પાસાનું વર્ણન અહીં નથી. અહીં આપણને ત્રણેય પાસાના અર્થમાં સમજવું જોઈએ.

હવે જ્યારે આપણે પુરુષસૂક્તના વર્ણનને આપણે આધિભૌતિક રૂપમાં લઈશું તો એવું સમજવું પડશે કે આપણને દેખાતો આ સૂર્ય ભગવાનના નેત્રમાંથી પ્રકટ થયો છે. જો એવું અર્થઘટન આપણે કરીએ તો જેટલા બ્રાહ્મણો આજની તારીખમાં પૈદા થાય છે તે બધા ભગવાનના મુખારવિન્દમાંથી પ્રકટ થતા અનુભવાવા જોઈએ. આજે પૈદા થતા બધા ક્ષત્રિયો ભગવાનના બાહુમાંથી નીકળતા દેખાવા જોઈએ. જેટલા વાણીયા છે તે ભગવાનના પેટમાંથી નીકળતા દેખાવા જોઈએ. એવો તો અનુભવ આપણને થતો નથીને! એટલે જે આધિભૌતિક છે એનો સબન્ધ ત્યાં નથી. પણ તેમ છતાં જે બ્રાહ્મણ છેક ... જન્મના બ્રાહ્મણ નહિ કે બ્રાહ્મણનો દીકરો નહિ. ઓળખ બે જાતની હોય : એક વૈષ્ણવ તરીકેની અને એક વૈષ્ણવપુત્ર તરીકેની, એક પંડિત તરીકેની અને એક પંડિતપુત્ર તરીકેની. 'પંડિતપુત્ર' એટલે ડોબો. કેમકે જો પંડિત હોત તો એને પંડિતનો છોકરો કેમ કહેવામાં આવત! તેમ વૈષ્ણવનો દીકરો એટલે વૈષ્ણવ નહિ, એનાં માં-બાપ વૈષ્ણવ હશે. કોઈને મૂર્ખ કહેવું હોય તો એમ કહી શકાય કે આ ભાઈના પિતાજી બહુ વિદ્વાન્ હતા. તો જેમ કોઈક પંડિતપુત્ર હોય છે એમ કોઈક બ્રાહ્મણપુત્ર હોય, વૈશ્યપુત્ર હોય, ક્ષત્રિયપુત્ર હોય, 'ક્ષત્રબન્ધુ'-રાજન્યબન્ધુ શબ્દ પણ ઉપનિષદ્માં આવે છે. તો આ બધાની વાત નથી. પરન્તુ જે ખરેખર બ્રાહ્મણ છે કતે કાંઈક બોલી રહ્યો છે તો બ્રાહ્મણરૂપે ત્યાં ભગવદ્વાણી બોલી રહી છે. જે ખરેખર ક્ષત્રિય છે અને તે આપણી રક્ષા કરી રહ્યો છે તો તે રક્ષા પ્રભુએ કરી એવો આપણો ભાવ હોવો જોઈએ. જે ખરેખર વૈશ્ય છે તે કૃષિ-ગોરક્ષ્ય-વાણિજ્યથી સમાજનું વહન કરી રહ્યો છે. તે રીતે તે અહોભાવ આપણને તે કૃતજ્ઞતાનો ભાવ આપણા ભીતર જાગવો જોઈએ. ખરેખર જે ક્ષૂદ્ર છે તે જો ત્રિવર્ણની ખડે પગે સેવા કરી રહ્યો છે તો એને મતલબ એ છે કે પ્રભુ એ સ્વરૂપે આપણી પાસે ઉભા છે. જો

પ્રભુ તે રૂપે ઠાડા ન રહે તો તો બીજો કોણ ઉભી શકે! એટલે મહાપ્રભુજી આજ્ઞા કરે છે કે "યદ્વૃત્યા તુષ્યતે હરિ:" કેમકે બ્રાહ્મણ તો કદાચ મોક્ષના લોભે ધર્માચરણ કરતો હશે, ક્ષત્રિય કદાચ ઐશ્વર્યના લોભે ધર્મ કરતો હશે, વાણિયો કદાચ ધનના લોભે ધર્મ કરતો હશે પણ બિચારા શૂદ્રને તો સેવાધર્મ ખાતર જ સેવા કરવાની હોય છે. એને મળવાનું શું છે? એટલે "યદ્વૃત્યા તુષ્યતે હરિ:" ભગવાન તેવી રીતે ઉભા રહે છે. ભગવાનની ઉભા રહેવાની છટા એ છે કે મેળવવું કશું નથી છતાંય ઉભા છે. જો મોસ્ટ આઈડીયલ ધર્મ કોઈ કરતો હોય તો તે શૂદ્ર જ કરતો હોય છે એમ શ્રીમહાપ્રભુજી કહે છે. સેવા સેવાના ખાતર. કશું મળવાનું નથી. એવું કોણ નભાવી શકે પ્રભુ વિના! તો ખરેખર કોઈ શૂદ્ર છે તો એ ભગવાનના ચરણો છે. એમ પ્રભુ જો બોલતા ન હોય તો શું કોઈ ધર્મ બોલી શકે? આ પાઞ્ચભૌતિક દેહથી કોણ ધર્મ બોલી શકે? તેથી જ, આજે આપણી જે સમાજ વ્યવસ્થા છે તેમાં પ્રભુ પ્રત્યેના આપણા કૃતજ્ઞતાના ભાવને કેળવવામાટે આ બધા ઉપદેશો છે કે "બ્રાહ્મણોઽસ્ય મુખમાસીત્" "બાહૂરાજન્ય: કૃત:" ક્ષત્રિય જે તમારી રક્ષા કરી રહ્યો છે ત્યારે તમારે એમ નહીં માનવું કે ઓલ ઈન્ડિયા ક્ષત્રિય ઓર્ગનાઈજેશને તમારી રક્ષા કરી. પ્રભુ પ્રત્યે આપણો કૃતજ્ઞતાનો ભાવ જાગવો જોઈએ કે આ તો પ્રભુના બાહુએ અમારી રક્ષા કરી. જો એવો કૃતજ્ઞતાનો ભાવ પ્રભુ પ્રત્યે આપણે કેળવી શકીએ તો આપણે વિરાટને સમજ્યા કે અન્તે જગતમાં જે કંઈ છે તે પ્રભુનું કોઈક અઙ્ગ જ છે. જો જગત્ પ્રભુમાંથી પ્રકટ થયું છે તો જગત્માં જે કંઈ ક્રિયા-કલાપો ચાલી રહ્યા છે તે પ્રભુના જ કોઈક અંગ તે રીતે ફંકશન કરી રહ્યા છે. તો આ પ્રભુની સાથે આપણું તાદાત્મ્ય કેળવવાની એક ઉપદેશ પ્રણાલી છે કે જેનું ડેમોંસ્ટ્રેશન પ્રભુએ અર્જુનને આપ્યું હતું. હવે તો સર્ગની બાબતમાં કોઈ શઙ્કા નથી ને!

વિદ્યાર્થી: "સર્ગભેદં પ્રવક્ષ્યામિ સ્વરૂપાઙ્ગ-ક્રિયાયુતમ્" માં સ્વરૂપ અને ક્રિયા નો અર્થ તો સમજાયો પણ 'અઙ્ગ'નો અર્થ શું થાય?

ગો.શ્રીશ્યામમનોહરજી : 'અઙ્ગ' એટલે દેહ. દેહને અઙ્ગ શા માટે કહેવાય છે તે સમજો.

આત્મા, સ્વરૂપ, તત્ત્વ, દ્રવ્ય આ બધા શબ્દો પર્યાય વાચી છે. વ્યવહાર કરતી વસ્તુમાં આપણને ઘણા બધા પરિવર્તનો જણાતા હોય છે. પણ તેમાં જે વસ્તુ અપરિવર્તનીય રહે છે તે તે વસ્તુનું સ્વરૂપ કહેવાય છે. જેમ તું નાની હતી તે વખતે તારું જે રૂપ હતું તે આજે નથી. તારું જે રૂપ આજે છે તે આવતા 15-25 વર્ષ પછી નહિ રહી જાય, બદલાઈ જશે. પણ તું જ્યારે જન્મી ત્યારથી લઈને આજ સુધી તારું જે સ્વરૂપ છે તે તું ઘરડી થઈશ ત્યાં સુધી એનું એ જ રહેશે. સ્વરૂપ બદલાશે નહિ. તેથી એક તો રૂપ હોય છે અને એક સ્વરૂપ હોય છે. રૂપ બદલાતું રહે છે. જેમ વીંટી, નેકલેસ, એરીંગ એ બધા રૂપો છે. તત્વ સોનું છે. વીંટી નેકલેસ એ બધાની આત્મા સોનું છે. એ બધાના દેહ એના રંગ, આકૃતિ વગેરે છે. તો આત્મા, તત્ત્વ કે સ્વરૂપ એ બધા શબ્દોને આ અર્થમાં સમજવા જોઈએ.

દ્રવ્યનો પણ એ જ અર્થ થાય છે. 'દ્રવ્ય'નો એક અર્થ પૈસો થાય છે. એ અર્થમાં નહિ પણ એ અર્થમાં કે જેમાં બધા ગુણ-ધર્મો રહેતા હોય તે દ્રવ્ય કહેવાય છે. જેમ પાણી. પાણીના ગુણધર્મો પારદર્શીહોવું, પ્રવાહણશીલ હોવું વગેરે ગણાવી શકાય. અગ્નિ એક દ્રવ્ય છે. તેના ગુણધર્મો જ્વલનશીલ હોવું, પીળું કે બ્લ્યુ રંગનું હોવું, ઉષ્ણ સ્પર્શવાળું હોવું, પ્રકાશક હોવું વગેરે ગણાવી શકાય. તેથી તત્ત્વ, દ્રવ્ય, સ્વરૂપ, આત્મા વગેરે શબ્દોનો અર્થ એકજ છે.

હવે "સ્વરૂપાઙ્ગ-ક્રિયાયુતમ્" આ શ્લોકમાં 'સ્વરૂપ' કહેવાથી જીવ કહેવાયો છે. કેમકે અહીં ભગવત્સ્વરૂપની તો વાત થઈ નથી રહી. ધ્યાન આપજો કે પુષ્ટિસમ્પ્રદાયમાં આપણા સેવ્ય ઠાકોરજીને પ્રભુનું રૂપ ન કહીને સ્વરૂપ કહીએ છીએ તે આ જ અર્થમાં કે આપણો સેવ્ય પ્રભુ પોતેજ છે, પ્રભુનું કોઈ રૂપ નહિ. ઘણા લોકો એમ સમજે છે કે આપણે ત્યાં ઠાકોરજીને 'મૂર્તિ' નથી કહી શકતા. પણ સ્વયં શ્રીમહાપ્રભુજીએ 'મૂર્તિ' શબ્દનો પ્રયોગ કર્યો છે: "હરિમૂર્તિ: સદા ધ્યેયા" (નિરોધલક્ષણમ્) "મૂર્તિં કૃત્વા હરે: ક્વચિત્" (ત.દી.નિબ.સર્વનિ.). છતાંય આપણે 'મૂર્તિ' શબ્દ નથી વાપરતા. આનું કારણ એ જ છે કે સિદ્ધાન્તની સમજ ન હોવાથી જો કોઈક દિવસ આપણો ભાવ દૂષિત થાય કે આપણો સેવ્ય હરિ પોતે નથી અને હરીની મૂર્તિ છે તો આપણો નાશ થાય. બીજા કોઈ અર્થમાં નાશ નહિ, પુષ્ટિભક્તિમાર્ગના સન્દર્ભમાં. અને તેથી જ સાવધાની રાખવામાટે આપણે 'મૂર્તિ' શબ્દનો પ્રયોગ છોડી દીધો કે ભાઈ! એવો શબ્દ બોલવો જ શા માટે કે જેથી આપણો ભાવ દૂષિત થાય. શ્રીમહાપ્રભુજીએ એ શબ્દ વાપર્યો એમાં કાંઈ ગુનો નથી કર્યો. કેમકે સ્વરૂપ હોય તો એની શું મૂર્તિ ન હોઈ શકે? જેમ તું એક સ્વરૂપ છે તો તારું કંઈક રૂપ પણ છે સોનું અને સોનાના ઘરેણાની જેમ. તેથી પ્રભુનું પણ કંઈક રૂપ હોઈ જ શકે છે. તેથી પ્રભુનું રૂપ હોવા કે પ્રભુની મૂર્તિ કહી દેવાથી કંઈ પ્રભુને ગાળો નથી અપાઈ રહી. પરન્તુ પ્રભુનું રૂપ એમ કહેવાથી જો આપણો ભાવ એવો

દુષિત થાય કે આ તો પ્રભુનું રૂપ છે, પ્રભુનું તત્ત્વ તો આનાથી કંઈક જુદું હશે તો પુષ્ટિમાર્ગની દૃષ્ટિથી આપણો સર્વનાશ થઈ ગયો સમજો. એટલે એ શબ્દનેજ આપણે ડ્રોપ કરી દીધો.

‘સ્વરૂપ’નો મતલબ એ કે આપણો સેવ્ય પ્રભુ સાક્ષાત છે, આપણો સેવ્ય પ્રભુનું કેવલ રૂપ નથી. આપણને પ્રભુ સાક્ષાત્ અનુભવાતા નથી એ આપણી દૃષ્ટિ કે ભાવ નો દોષ છે. બાકી, પ્રભુ તો પ્રભુજ છે. દા.ત. બટાટાવડા બનાવીને મૂક્યા હોય તો આપણને તો ત્યાં વેસણ જ દેખાતું હોય છે, બટાટા દેખાતા નથી હોતા. હવે કોઈક એમ કહે કે બટાટા તો દેખાતા નથી તેમ છતાં તમે આને બટાટાવડા કેમ કહો છે? પણ તેમ છતાં બધા તેને ‘બટાટાવડા’ જ કહીએ છીએ. કારણ એ જ છે કે આપણને દેખાતા નથી પણ ત્યાં છે તો ખરા જ. નથી એટલે દેખાતા કેમકે આપણી આંખો એક્સ-રે જેવી નથી કે જે વેસણના આવરણને ચીરીને બટાટા સુધી પહોંચી શકે. આપણી ચામડીના આવરણને ચીરીને હાડ-માંસ સુધી આપણી આંખો નથી પહોંચતી એ આપણી ઉણપ છે. પણ તેથી કોઈ એમ કહી શકે કે આપણી અંદર હાડ-માંસ નથી! એક્સ-રેની આંખથી આપણે ચામડીની અંદર રહેલા હાડકાં જોઈ શકીએ છીએ. સમજમાં આવ્યુંને!

ફરી એક વાત સમજ કે "જીવુ પ્રાણધારણે” પ્રાણને જે ધારણ કરતો હોય તે જીવ. આ શરીરમાં પ્રાણને ધારણ કરનારો કોણ છે? શરીર નહિ, જીવ છે. શરીરમાં જીવ છે તો પ્રાણ છે. જીવ ન હોય તો શરીર પોતાની મેળે પ્રાણને ધારણ કરી નથી શક્તો. તેથી જીવને આપણે તત્ત્વ કહી શકીએ, સોનાની માફક. અને બાકી બધું જે કંઈ પણ છે તે એના રૂપો કે એના ક્રિયા-કલાપો છે, એના ગુણધર્મો છે કે જે પ્રકટ થઈ રહ્યા છે. આંખોથી જોવું, કાનોથી સાંભળવું, વાણીથી બોલવું, હાથથી સ્પર્શીશકવું, પગે ચાલી શકવું એ બધા તેના ક્રિયા-કલાપો છે. તે બધું આ શરીરમાં જીવના હોવાને કારણે, પ્રાણ હોવાને કારણે છે.

આત્માને જગતમાં ક્રિયા-કલાપ કરવામાટેનો અઙ્ગ દેહ છે. દેહ આત્માનો અઙ્ગ બને છે. દેહના માધ્યમથી જીવ પોતાના બધા ક્રિયા-કલાપો કરતો હોય છે. તેથી અઙ્ગી આત્મા છે અને દેહ એનું અઙ્ગ છે. દા.ત. શરીર ચાલે છે. પણ ચાલવા માટેનું અઙ્ગ કયું? પગ. શરીર કોઈકને પકડે છે. પણ પકડવાનું અઙ્ગ હાથ છે. તેમ આત્માનો ઇન્સ્ટ્રુમેંટ્ દેહ છે. તેથી એને અઙ્ગ કહેવામાં આવે છે.

હવે સમજો કે સ્વરૂપ, અઙ્ગ અને ક્રિયા. ‘સ્વરૂપ’ એટલે કે એનું તત્ત્વ, ‘અઙ્ગ’ એટલે એનું બહાર પ્રકટ થતું રૂપ અને ‘ક્રિયા’ એટલે એનું ફંક્શન્. આ અર્થમાં આને સમજો. આને સ્વરૂપાંગ-ક્રિયા કહો, જીવ-દેહ-ક્રિયા કહો કે દ્રવ્ય-રૂપ-વ્યવહાર કહો બધી એકજ વાત છે.

વિદ્યાર્થી: સ્વરૂપ=જીવ અને ક્રિયા એ બે વાતતો સમજમાં આવી. પણ પુષ્ટિમાર્ગમાં જેનું વરણ પ્રભુએ કર્યું છે તે જીવોનો અઙ્ગ=દેહ પણ મર્યાદા અને પ્રવાહી જીવોથી જુદો હોય છે તે કેવી રીતે? દેહ તો બધા જીવોના એક સરખાજ દેખાય છે!

ગો.શ્રીશ્યામમનોહરજી : આગળ જઈને શ્રીમહાપ્રભુજી આ વાતનો ખુલાસો કરશે કે ભગવત્સ્વરૂપની સેવા કરવાની પુષ્ટિસૃષ્ટિના જીવને જેવી લલક (તીવ્ર ઇચ્છા) હોય છે તે કેવલ એના જીવને જ નહિ પરન્તુ પુષ્ટિજીવના હાથને પણ એવી ખંજવાળ આવતી હોય છે કે ક્યારે પ્રભુની સેવા કરવા મળે. જેમ મારકણા માણસને સતત કોઈકને માર મારવાની હાથોમાં ખંજવાળ આવતી રહેતી હોય, કર્મઠ માણસને કામ કરવાની હાથોમાં ખંજવાળ આવતી હોય તેમ પુષ્ટિજીવના હાથોને જો ખંજવાળ આવે તો તેને પ્રભુસેવા કરવાની ખંજવાળ આવતી હોય છે. પુષ્ટિજીવની આંખોને જોવાની ઇચ્છા થાય તો તે પ્રભુના દર્શન કરવાની જ ઇચ્છા થાય. પુષ્ટિજીવોના દેહના પ્રત્યેક અઙ્ગોની સ્વાભાવિકી વૃત્તિ પ્રભુસમ્બન્ધિ કાર્યમાં જોડાવાની હોય છે તે શ્રીદયારામભાઈએ "એવી અચળ ભક્તિ તારી આપ મને મોહન કરુણાનિધિ ગિરિધારી રે, મનસા વાચા કર્મણા કરીને સેવા સદા હું કરું તારી રે” એ પદમાં વર્ણવ્યું છે. તો સમજ કે પુષ્ટિજીવના દેહેન્દ્રિયાદિ બધાની ડિમાન્ડ પ્રભુ બાબતની હોય છે.

શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે પુષ્ટિજીવોના દેહ-ઇન્દ્રિય-પ્રાણ વગેરેની અહમહમિકા વૃત્તિ એટલે (સ્પર્ધા) રેસ્ પ્રભુકાર્ય કરવામાટેની હોય છે. એટલે કે આપણી આંખો કાનને એમ કહેતી હોય કે હું તારા કરતાં પહેલાં પ્રભુને નીરખીશ. કાન આંખોને એમ કહેતા હોય કે તુ પ્રભુને નીરખે તે પહેલા હું પ્રભુને સાંભળું. નાક એમ કહે કે તમે ખોટી ધાંધલ કેમ કરી રહ્યા છો? મને તો પહેલા પ્રભુના પ્રસાદી પદાર્થોની સુગંધ સુંઘી લેવાદો! મન એમ કહેતો હોય કે મને સ્મરણ તો કરવાદો કે કાલે પ્રભુએ કેવા શણગાર ધર્યા હતા! આવી અહમહમિકા પ્રવૃત્તિ, એટલે કે ક્યુ તોડવાની વૃત્તિ; હું પહેલા‌ઃહું પહેલા તેવી વૃત્તિ, પુષ્ટિજીવોની દરેક ઇન્દ્રિયોમાં જાગતી હોય છે. આવી અહમહમિકા પ્રવૃત્તિ આપણા દેહ-ઇન્દ્રિય-પ્રાણ-અન્ત:કરણના જેટલા ફંક્શન્ છે તેમાં જાગે તો આપણી ભક્તિ પૂરે-પૂરી ખીલી કહેવાય. કેમકે ત્યારે આપણું સ્વરૂપ આપણા રૂપ અને ક્રિયાઓ માં ખીલીને બહાર આવી રહ્યું છે. જેમ આ ટ્યુબલાઈટમાં પ્રકાશ ગેસ આપી રહ્યો છે કે કાચ? કાચ પ્રકાશ નથી આપતો. કાચની ભીતર રહેલી ગેસ પ્રકાશ બહાર ફેંકી રહી છે. એમ પુષ્ટિજીવના આત્માની ભીતર રહેલો પુષ્ટિભાવ કે હું પ્રભુમાટે છું તે દેહાદિના માધ્યમથી બહાર પ્રકટ થાય છે. હું પ્રભુમાટે એવો થાઉં કે જેથી પ્રભુ મારામાટે થઈ જાય એવો પુષ્ટિજીવમાં રહેલો ભોક્તાપણાનો જે ગૂઢભાવ છે તે દેહાદિમાં પણ પ્રકટ થઈ જાય છે. પુષ્ટિજીવનો પ્રકટ પ્રકટ ભાવ તો પોતે પ્રભુનો ભોગ્ય છે તે હોય છે. તો આત્મામાં જે ભાવ ભરેલો છે તે દેહમાં પણ પ્રકટ થાય છે. અને તે પાછો એક જ જન્મમાં નહિ "જનમો જનમ આપો હરિસેવા” એવો પુષ્ટિજીવનો ભાવ હોય છે. જીવનું તો વરણ એક વાર થઈ ગયું. પણ જીવને દેહ તો નવા-નવા મળતા જ રહેશે. નવા-નવા દેહમાં પણ જીવની ભીતર રહેલી પ્રભુસેવાની વૃત્તિ સતત પ્રકટ થતી રહે તે માટે દેહમાં અને દેહ થકી થતા વ્યવહારોમાં પણ ટ્યુબ લાઈટના કાચ જેવી કોઈક ટ્રાન્સપરેન્સી પારદર્શકતા પ્રકટ થવી જોઈએ કે જે અંદરના પ્રકાશને બહાર પણ લાવી શકે. એમ આપણા જીવનું પ્રભુએ જ્યારે પોતાના ભોગ્ય તરીકે વરણ કર્યું છે ત્યારે આપણે કેવલ આપણા જીવને જ પ્રભુનો ભોગ્ય ન

બનાવીએ, આપણા દેહથી પણ પ્રભુના ભોગ્ય બનીએ, આપણા વ્યવહારથી પણ પ્રભુના આપણે ભોગ્ય બનીએ. એટલે જે કંઈ પણ ક્રિયા આપણે કરીએ તેના ભોક્તા પ્રભુ બને. ત્યાં સુધી કે આપણે જે સંસારને ભોગવતા હોઈએ તેના ભોક્તા પણ પ્રભુ થાય. આપણે જે ઐશ્વર્ય ભોગવતા હોઈએ તેના ભોક્તા પણ પ્રભુ થાય. આપણને જેટલા દેહો મળે તેના ભોક્તા પણ પ્રભુ જ થાય. આવો જે બેઝિક ભાવ છે તે પુષ્ટિવરણનો ભાવ છે. મને જે કંઈ માળ્યું છે દેહ ઇન્દ્રિય પ્રાણ અન્ત:કરણ ઘર-બાર છોકરા-છૈયાં પ્રતિષ્ઠા વૈભવ ... તે બધાના ભોક્તા પ્રભુ થાય અને હું એ બધાને પ્રભુના પ્રસાદ તરીકે ભોગવું. આ બેઝિક ભાવ પુષ્ટિનો છે. આવો ભાવ કોનાથી ગવર્ન થાય છે? "પુષ્ટિં કાયેન નિશ્ચય:" આ ભાવ પ્રભુના સ્વરૂપથી ગવર્ન થઈ રહ્યું છે.

જ્યાં પોતાના ભોગ્ય અને સેવ્ય ઠાકોરજીના ભોક્તા હોવાનો ભાવ જળવાતો નથી ત્યાં બહુ મોટા મોટા ગોટાળા થતા હોય છે. કદાચ તમને ખ્યાલ નહિ હોય પરન્તુ મોટા ભાગે અમારા મહારાજોને ત્યાં ઠાકોરજીને જે દાળ-ભાત-શાક-રોટલી વગેરે ભોગ ધરાતા હોય છે તે બધું નોકરોને પગાર પેટે અપાતું હોય છે. ઠાકોરજી જે આરોગતા હોય છે તેનો મહાપ્રસાદ ભાગ્યે જ કોઈ લેતું હોય છે. કેમકે એમાં મરી-મસાલા બરોબર ન હોય, સ્વાદિષ્ટ ન હોય, ટાઢું પડી ગયું હોય. તેથી એ બધું જમવાનું અમે અલગથી રાંધતા હોઈએ છીએ. એને તપેલીની રસોઈ કહેવાય છે. અને શ્રીમહાપ્રભુજીએ જે "નિવેદિભિ: સમર્પ્યૈવ સર્વં કુર્યાદ્ ઇતિ સ્થિતિ:" સિદ્ધાન્ત કહ્યો તે સિદ્ધાન્ત અમે કેવળ લાડુ-મઠડી-મોહનથાળની બાબતમાં પાળતા હોઈએ છીએ. એટલે ઠાકોરજીને અમે લોકો પ્રેકટિકલી એક નોકરની માફક પાળતા હોઈએ છીએ. કારણ એ જ છે કે અમારા અંદર પ્રભુ પ્રત્યે ભોગ્ય હોવાનો ભાવ રહી નથી ગયો. અમે પ્રભુને અમારા ભોગ્ય સમજી બેઠા છીએ. પ્રભુના નામે પૈસા આવતા રહે છે. એનાથી નોકરોના પગાર અને ખાવા-પીવાનો ખર્ચ નિકળી જાય છે. નહિતો આજે પચાસ-સો નોકરોની બટાલિયન પોતાના ખર્ચે કોઈ કોઈ ઇન્ડસ્ટ્રિયલીસ્ટને પણ ન પોસાય. મહારાજોને પોસાય છે એનું કારણ શું? કેમકે પેલો ઇંચાર્જ ઓફિસર બહુ પાવરફુલ છે. બધું મેનેજ કરી આપે છે. એ અમારો પબ્લિક રિલેશન ઓફિસર છે. પિ.આર્.ઓ. છે. "પ્રભુ મોહે બહુત પિયારો લાગે"

વિદ્યાર્થી: પુષ્ટિમાર્ગમાં આવી ઉલટી વૃત્તિ કેમ પનપી ગઈ હશે?

ગો.શ્રીશ્યામમનોહરજી : "પુષ્ટિં કાયેન નિશ્ચય:" ની સિસ્ટમમાં તો નથી આવી. "મૂલેચ્છાત: ફલં લોકે" થી આવી ગઈ લાગે છે. "કાયેનતુ ફલં પુષ્ટૌ" માંથી તો એ નહિ જ આવી હોય. કેમકે એક વાત સમજો કે તપેલીના ઠાકોરજીને મોટાભાગના ગોસ્વામી બાળકો નમસ્કાર પણ કરતા નથી હોતા. એમને નમસ્કાર કરવાનો પ્રસંગ જ્યારે એમને પરદેશ લઈ જવામાં આવે છે ત્યારે આવતો હોય છે. કેમકે ત્યાં પેલા પી.આર્.ઓ. ઠાકોરજી તો હોતા નથી! પછી પરદેશમાં મનોરથો કેમ કરવા? બ્રહ્મસમ્બન્ધ કોની સામે આપવું? એટલે પરદેશમાં જઈએ ત્યારે ત્યાં જાહેરાત થાય કે આજે મહારજના તપેલીના ઠાકોરજીનો હીંડોળાનો મનોરથ છે. પછી તપેલીના ઠાકોરજી હીંડોળે ઝૂલે. ત્યારે અમે એમને બધાની સામે નમસ્કાર કરીએ. ત્યારે તપેલીના ઠાકોરજીએ ખુશ થતા હશે કે ચાલો આજે તો મને વન્દન કર્યા! બાકી તો બિચારા ઠાકોરજી રસોઈના એક ખૂણામાં ક્યાંક બેઠા હોય. અમે એમને જોતા પણ ન હોઈએ કે કોઈક ત્યાં બેઠું છે. એ ઠાકોરજીની જવાબદારી અમારા રસોઈયાને સોંપી દેવાતી હોય છે કે રસોઈ બનાવતો હોયને એને ઈ જીમેદારી સોંપવામાં આવતો હોય છે કે એમને ભોગ ધરી દેવાનો. કેમકે અમે અનપ્રસાદી નથી ખાતા હોં!.

વિદ્યાર્થી: કાલે વાત થઈ તે અનુસાર ખરેખર તો પ્રભુ આપણાદ્વારા પોતાની સેવા કરાવે છે. તો ભાવની દૃષ્ટિએ જોઈએ તો આમાં પ્રભુના સેવક તરીકેનો પ્રકટ ભાવ રહેલો છે એમ કહી શકાય?

ગો.શ્રીશ્યામમનોહરજી : એક વાત સમજ કે દ્રષ્ટા પ્રભુ છે. તે પ્રભુએ આપણને દૃશ્ય બનાવ્યા. હવે આપણી ભીતર જે ગૂઢ દ્રષ્ટૃ ભાવ છે તે એ અર્થમાં કે મને પ્રભુ જુએ તેનો હું આનન્દ માણું. બીજા શબ્દોમાં કહીએ તો એવું ક્યારે થાય કે પ્રભુ મને જુવે. મને જોતા પ્રભુને હું ક્યારે જોઉં. આ સ્થિતિમાં હું દ્રષ્ટા થયો કે નહિ! મને પ્રભુ જોતા હોય એવા પ્રભુના હું ક્યારે દર્શન કરું. તો હું દૃશ્ય હોવા છતાં પણ એક પ્રકારનો ગૂઢ દ્રષ્ટૃભાવને પ્રકટ કરી રહ્યો છું. પ્રભુએ મને પ્રકટ કર્યો પણ ક્યારે જન્માષ્ટમી આવે અને હું પ્રભુને પ્રકટ કરી દઉં. આ કર્તાપણનો ભાવ છે. પ્રભુની સેવા હું કરી રહ્યો છું પણ મારી સેવાને પ્રભુ એવી રીતે સ્વીકારે ... જેમ શ્રીગિરિધરજીના પ્રસઙ્ગમાં આવે છે કે એક દિવસ ધોંધી (એક વૈષ્ણવ) કીર્તન કરતા હતા તે સાંભળતા-સાંભળતા શ્રીનવનીતપ્રિયજીએ ઠેકો (તાલ) આપ્યો. આ દર્શન કરીને શ્રીગિરિધરજીએ પોતાના કડાં ઉતારીને શ્રીઠાકોરજી ઊપર ન્યોછાવર કરીને ધોંધીને આપી દીધા. કોઈકે વાત જાણ્યા વિના શ્રીગુસાંઈજીને ફરીયાદ કરી. શ્રીગુસાંઈજીએ શ્રીગિરિધરજીને પૂછ્યું કે તમે કડો ઉતારીને ધોંધીને કેમ આપી દીધો? શ્રીગિરિધરજીએ કહ્યું કે મને એવા દર્શન થયા કે શ્રીનવનીતપ્રિયજીએ ધોંધી ગાતા હતા ત્યારે ઠેકો આપ્યો. આ સાંભળીને શ્રીગુસાઈજીએ કહ્યું કે તો પછી સર્વસ્વ કેમ ન્યોછાવર ન કરી દીધું, ખાલી કડો જ કેમ ન્યોછાવર કર્યો! જો ઠાકોરજીના આવા દર્શન થાય તો સર્વસ્વ ન્યોછાવર કરવાનું હોય, ખાલી કડા ન્યોછાવર કરવાના હોય કાંઈ! જેમ શ્રીયશોદાજી કહે છે ને "સર્વસ્વ વારિ દેહોં

તિહિં તતછન, ‘મૈયા’ કહી મોહિ બોલે” એક વખતે જો તું મને ‘મૈયા’ કહી દે તો હું સર્વસ્વ તારા ઊપર વારી દઉં. ધ્યાન આપો કે અહીં શ્રીયશોદાજીનો ગૂઢ ભોક્તૃભાવ પ્રકટ થઈ રહ્યો છે કે એવો દિવસ ક્યારે આવશે કે જ્યારે ઠાકુરજી મારી પાછળ ‘મૈયા’ કહીને દોડે.

વિદ્યાર્થી: ઠાકુરજીને ભોગ ધરાવીએ તે વખતે આપણા માર્ગમાં વ્રજભક્તો અને શ્રીમહાપ્રભુજીની કાની આપવાનો નિયમ છે. એનો અર્થ એ થયો કે પ્રભુને સમર્પણ કરનારા ખરા તો એ બધા છે. તો આપણું સમર્પણ થયું કેમ ગણાય?

ગો.શ્રીશ્યામમનોહરજી : આપણે આપણી જાતને શ્રીમહાપ્રભુજીને સમર્પિત કરી દેતા હોઈએ છીએ જો એમ કરવાથી પણ શ્રીઠાકુરજી આપણું કંઈ આરોગતા હોય. જો વ્રજભક્તોની કાનીથી શ્રીઠાકોરજી આરોગતા હોય તો આપણે આપણી જાતને વ્રજભક્તોને સમર્પિત કરી દઈએ છીએ. એ ધ્યાનમાં રાખો કે આપણો હેતુ શ્રીમહાપ્રભુજી કે વ્રજભક્તો નથી. આપણો હેતુ એ છે કે આપણું સમર્પણ શ્રીઠાકોરજી કેમ સ્વીકારે. પુષ્ટિભક્ત એમ વિચારે છે કે મારા કહેવાથી સ્વીકારતા હોય તો તેમ સ્વીકારી લો પણ એ જો માફક ન અવતું હોય તો અન્તે આમના કહેવાથી તો સ્વીકારશો કે નહિ! તો હેતુ એ છે. કાનિ કરીને આપણા સમર્પણને આપણે કેંસલ્ નથી કરતા.

એક વાત સમજો કે શ્રીમહાપ્રભુજીના નામે ભેંટ-સામગ્રી ભેગી કરવી અને પછી શ્રીઠાકોરજીને સમર્પણ કરવું એવો પુષ્ટિમાર્ગીનો હેતુ હોઈ ન શકે. હાલમાં એક ભાગવત કથાકારે ઇન્ટર્વ્યુમાં કહ્યું કે ભંડોળ ભેગું કરવામાટે ભાગવતકથાનું આયોજન નથી કરવામા આવતું પરન્તુ ભાગવતકથા કરું છું તેમાં આપોઆપ ભંડોળ ભેગું થઈ જાય છે! વિચારો કે ભંડોળ કેવું સમજદાર છે કે ભાગવતમાં આપોઆપ ભેગું થઈ જાય છે!! બહું જ કેરેક્ટરિસ્ટિક સ્ટેટમેન્ટ આપ્યું છે. આમાં એ નક્કી નથી થતું કે કરનારનો હેતુ ભક્તિ છે કે ભવગતિ છે. કથાકારની તટસ્થતા ક્યારે જાણી શકાય કે જ્યારે કથા થતી હોય ત્યારે જેમ ભંડોળ ભેગું થઈ જાય તેમ કોઈ બાટલીઓનું ભંડોળ ભેગું કરવા માંડે. અને ત્યારે તેઓ તટસ્થ બનીને જેમ પૈસાની ના નથી પાડતા અને એને કોઈ બીજા કર્યોમાં વાપરી નાખે છે તેમ ભેગી થયેલી બાટલીઓને જે પીતા હોય તેને દાન કરી દે તો માનવું જોઈએ કે કથાકાર ખરેખર તટસ્થ છે. અને જો બાટલીની બાબતમાં વાંધો લે તો પછી ભાગવતમાં આપોઆપ ભંડોળ ભેગું થઈ જાય છે તેમાં કંઈક લફડો છે તેમ સમજવું.

હાલમાં એક જાહેરાત કરવામાં આવી હતી કે હવે મુમ્બઈના વૈષ્ણવોએ બાળકોનું મુંડન કરાવવામાટે શ્રીનાથદ્વારા સુધી જવાની જરૂર નથી. એ સગવડ હવે મુમ્બઈને આંગણે જ ઉપલબ્ધ કરાવવામાં આવે છે. અમારે ત્યાં આવો અને માત્ર એકાવન રૂપિયામાં મુંડન કરાવો. તે જાહેરાત વાંચીને મેં એક સરસ પેકિંગમાં હજામત કરવાનો બધો સામાન, ઉસ્ત્રો-કાતર-દાંતીયો, પેક કરીને એક માણસ સાથે ફૂલ નહિ ને ફૂલની પાંખડીની ભાવનાથી ભેટ તરીકે જાહેરાત આપનારને મોકલાવ્યો. ભેટ મૂકીને પેલો માણસ તો ભાગી આવ્યો. એમણે જ્યારે

ભેટનું આકર્ષક પેકિંગ ખોલ્યું પછી તો તેઓ મારા ઊપર ગુસ્સે થઈ ગયા. અને કહેવા લાગ્યા કે હું બધું જાણું છું કે આ મને કોણે મોકલ્યું છે. આ તો મારી શરાફત છે કે હું હજામતનો સામાન એમને પાછું નથી મોકલતો. જો તેઓ મને હજામતનો સામાન પાછો મોકલાવત તો હું એમને ઇલેક્ટ્રિક્ શેવીંગ મશીન મોકલાવત. પેલું ન ગમ્યું તો આ રાખો. ફૂલ નહિ તો ફૂલની પાંખડી! એટલે કહેવાનો મુદ્દો એ છે કે આવા બધા કથા-મનોરથો પછળ કરનારનો હેતુ લોકોને મૂંડવાનો છે કે ભક્તિનો છે તે સમજી નથી શકાતું.

વિદ્યાર્થી: શ્રીકૃષ્ણે જે પુષ્ટિસૃષ્ટિ રચી છે તેમાં હેતુ પુષ્ટિજીવો ભગવત્સેવા કરે તે જ છે એવું કયા આધારે કહી શકાય? એના માટે શાસ્ત્રમાં કોઈ વચન આપી શકાય?

ગો.શ્રીશ્યામમનોહરજી : આપણે જોઈ ગયા ને "યદા યસ્યાનુગૃહ્ણાતિ ભગવાન્ આત્મભાવિત:, સ જહાતિ મતિં લોકે વેદે ચ પરિનિષ્ઠિતામ્" ગીતામાં પણ ભગવાન્ કહે છે "યત્ કરોષિ યદશ્નાસિ યજ્જુહોસિ દદાસિ યત્, યત્ તપસ્યસિ કૌન્તેય તત્ કુરુષ્વ મદર્પણમ્" અહીં તો ભગવાન કહેતા નથી, સ્પષ્ટ આજ્ઞા જ આપે છે. આપણે પુષ્ટિભક્તિના સેંટ્રલ્ ભાવ તરીકે જેની વાત કહીએ છીએ તેની પ્રભુએ પોતે ગીતામાં ખુલ્લી આજ્ઞા આપી છે કે તું જે કંઈ કરે છે, જે ભોગવે છે, જે કંઈ ધર્મ કરે છે, જે કંઈ આપે છે, જે કાંઈ તપ કરે છે તે બધું તું તારામાટે નહિ, મારામાટે કર. એનો ભોક્તા મને ગણ. તેથી જ ભગવાન્ ગીતામાં એમ પણ કહે છે કે "ભોક્તારં યજ્ઞ-તપસાં સર્વલોકમહેશ્વરમ્" યજ્ઞ-તપ તું કરે પણ યજ્ઞ-તપનો ભોક્તા મને ગણ. સામાન્ય રીતે શું થાય યજ્ઞ અને તપ મેં કર્યું હોય તો એના ફળનો ભોક્તા મારે થવાનું હોય. ધારો કે હું ભગવાનને મારા યજ્ઞ-તપનો ભોક્તા ન બનાઉં તો શું પ્રભુ ભૂખ્યા રહી જશે? કે પ્રભુના આનન્દમાં કંઈ ઉણપ આવશે? ના. એ તો નથી આવવાની. પણ મારા જે કંઈ યજ્ઞ-તપ હોય એનું ફળ હું નહીં ભોગવું, એને હું સૌથી પહેલા પ્રભુને ચખાડીશ. મેં આ યજ્ઞ કર્યું છે. પ્રભુ! તેનું આ ફળ મને મળ્યું છે. એનો સ્વાદ આપ માણો, એઠું-પ્રસાદ મને આપો. ભગવાનના વચનમાં ધ્યાન આપો, એક પુષ્ટિભાવ છુપાયેલો છે. "ભોક્તારં યજ્ઞ-તપસાં" કહ્યું છે "ભોક્તારં દુષ્કર્મણાં" નથી કહ્યું. પ્રભુ! મારા દુષ્કર્મોના ફળને હું આપને સમર્પિત નહિ કરું. તે હું જ ભોગવીશ. એવો પ્રભુ સાથે અભિગમ રાખવો જોઈએ. મારા દુષ્કર્મોનું ફળ હું ભોગવીશ પણ સત્કર્મોનું ફલ પહેલાં આપ ભોગવો. તે પછી આપ આજ્ઞા કરશો કે લે તું આ પ્રસાદ લઈ જા તો પ્રસાદરૂપે લઈશ પણ ખરો. એમાં મારો એવો કોઈ ભાવ નથી કે હું સત્કર્મોના ફળને ભોગવવા નથી માગતો. હું તો સત્કર્મને સમર્પિત કરવા માંગુ છું. એટલે જે કાંઈ મારું સુખ, મારા સત્કર્મો, મારી શ્રેષ્ઠતા, મારી પાસે સુન્દર-શુભ-સાચું છે તે બધું આપ ભોગવો. મારી પાસે જે કંઈ હશે તે હશે બહુ ક્ષુદ્ર, શબરીના બોર જેટલું ક્ષુદ્ર, પણ તેને પહેલા આપ ભોગવો. આપ ભોગવી લો પછી મને જે કંઈ મળશે તેને હું પ્રસાદરૂપે ભોગવીશ. અને જે કંઈ મારી તકલીફો, દુ:ખો, દુષ્કર્મો, અનિષ્ટ ફળો છે તેને આપ ન ભોગવો. તે બધું હું ભોગવી લઈશ. એનું નિવારણ કરવાની પ્રાર્થના પણ આપણે પ્રભુને નથી કરતા. સત્કર્મ-દુષ્કર્મ પ્રત્યેનો આવો એક ડિફ્રન્ટ મૂડ છે આપણો. કારણ કે આપણે ત્યાંના સમર્પણના સિદ્ધાન્તમાં એમ નથી કહેવામાં આવ્યું કે સર્વસ્વસમર્પણનો મતલબ એ કે આપણું જે કંઈ ખરાબ છે તેને

પણ પ્રભુને સમર્પિત કરવું. ખરાબને પણ પ્રભુ સ્વીકારે તે પ્રભુની શોભા-મહાનતા છે. પણ આપણે આપણા તરફથી પ્રભુને એમ નથી કહેતા કે મારામાં રહેલી ખરાબીઓને આપ સ્વીકારો. આપણે પ્રભુને એમ કહીએ છીએ કે મારામાં રહેલી જે કંઈ સારી વસ્તુ છે તેને આપ સ્વીકારો, ખરાબીને હું વેઠી લઈશ. પણ પ્રભુ જો સ્વીકારતા હોય તો પછી નુકશાની પણ નથી. કારણ કે જ્યારે આપણે પ્રભુને સમર્પિત થઈએ છીએ ત્યારે આપણી અંદર કંઈક ખરાબીઓ પણ હશેજ. એને પણ પ્રભુ સ્વીકારી લેતા હોય તો તેની સામે આપણો કંઈ વાંધો નથી. પણ આપણે પ્રભુને એમ નથી કહેતા કે ખરાબીને પણ સ્વીકારો જ. આપણો ભાવ હૃદયમાં સ્પષ્ટ એમ જ હોવો જોઈએ કે મારી જે ખરાબીઓ છે તેને હું વેઠીશ. પણ જે કંઈ મારી અચ્છાઈ, સુન્દરતા કે શ્રેષ્ઠતા હોય તે બધું આપ ભોગવો.

વિદ્યાર્થી: આપણી ખરાબીઓને પ્રભુને સમર્પિત કરવાની આપણી ભાવના ન હોય તો પ્રભુ એને સ્વીકારે ખરા?

ગો.શ્રીશ્યામમનોહરજી : કેમ નહિ? માગીને લે. "યહી હમારો રાજ હૈ વ્રજમંડલ સબ ઠૌર" જ્યારે આપણે પ્રભુના દાસ થયા, જ્યારે આપણે પ્રભુના શરણાગત થયા, પ્રભુ આપણા માલિક થયા તો શા માટે ન સ્વીકારે?

પણ એક વાત સમજ કે પ્રભુ કેમકે આપણી કોઈક વસ્તુ વગર કહે પણ સ્વીકારે છે તેથી આપણે અવો સિદ્ધાન્ત ન સ્થાપી શકીએ કે પ્રભુ! આપને જે કંઈ જોઈતું હોય તે જાતે જ લઈ લેજો. પ્રભુ! અથાણાની બરણી રસોઈમાં છે, વેફર્સની બરણી પણ પડેલી છે ઘરમાં. આપ તો ઘરમાં જ રહો છો તેથી બધું જાણો જ છો. જે જોઈતું હોય તે કાઢીને લઈ લેજો. ગોપીઓને ત્યાં માખણ ચોરીને ક્યાં ન્હોતા ખાતા! પછી અમારી સાથે આવી આભડ-છેટ કેમ રાખો છો! આમ એક દિવસ પ્રભુને ચોખવટ કરી દીધી હોય તો રોજ-રોજ ભોગ ધરવાની ને સેવા કરવાની ઝંઝટ તો નહિ ને! એક દિવસે પ્રભુને દેખાડી દેવું કે જુઓ અથાણું અહીંયાં છે, ગોળ-કેરી અહીં છે, લીંબુ અહીં છે, ફ્રિઝમાં બધા ફળ ધરેલા છે અને દૂધની બાટલી પણ રાખી છે. જે જોઈએ તે લેજો. આપનું જ ઘર માનજો, નોખું માનતા નહિ. બધી સગવડ છે. સ્નાન કરવું હોય તો પાણી પણ છે અને બાથરૂમ પણ છે. સ્નાન કરી લેજો. એક વખત આવું નિવેદન કરી દીધું તો પછી છુટાને! પણ એક વાત સમજો કે પ્રભુ સામે ચાલીને પોતાની રીતે આપણું કંઈક સ્વીકારે એને કારણે આપણે આવો અભિગમ પ્રભુ પ્રત્યે ક્યારે પણ અપનાવી ન શકીએ.

મૂલેચ્છાત: ફલં લોકે વેદોક્તં વૈદિકેપિ ચ॥

કાયેનતુ ફલં પુષ્ટૌ ભિન્નેચ્છાતોપિ નૈકધા॥10॥

લોકે=લોકમાં
મૂલેચ્છાત:=મૂળ ઇચ્છાવડે
ફલં=ફળ
(ભવતિ=પ્રાપ્ત થાય છે)
ચ=અને
વૈદિકે=વૈદિકમાં, અપિ=તો
વેદોક્તં=વેદમાં કહેલ
(ફલં=ફળ પ્રાપ્ત થાય છે) પુષ્ટૌ=પુષ્ટિમાં, તુ=તો
કાયેન=સ્વરૂપવડે, ફલં=ફળ
(એવં=આ પ્રમાણે)
ભિન્નેચ્છાત:=ફળ આપવાની
ઇચ્છા ભિન્ન હોવાને કારણે
અપિ=પણ
એકધા=માર્ગો એક પ્રકારે
ન=નથી

પુષ્ટિ, મર્યાદા અને પ્રવાહી જીવોના સર્ગભેદનું નિરૂપણ કરીને હવે શ્રીમહાપ્રભુજી અહીં તે જીવોને ફલ પણ ભિન્ન-ભિન્ન મળશે તેનું નિરૂપણ કરી રહ્યાં છે.

લોકમાં જીવોને કંઈને કંઈ ફળ મળે છે તે આપણે અનુભવીએ છીએ. તે ફળ ક્યા નિયમના આધારે મળી રહ્યા છે? એનું બંધારણ શું છે? દા.ત. કોઈક દાણચોરે દાણચોરી કરી, ખૂન કરાવ્યું છતાં એ કહે છે કે મારી પાસે ચૌદ પેઢી સુધી ચાલે એટલું ધન છે. તો વિચારો કે એ ધન એને સત્કર્મને કારણે મળ્યું કે દુષ્કર્મ ને કારણે? જો દુષ્કર્મને કારણે મળ્યું એમ આપણે કહીએ તો પછી આપણે બધાએ દુષ્કર્મ જ કરવો જોઈએ. સત્કર્મ શા માટે કરવા જોઈએ? કદાચ આટલા બધા દુષ્કર્મ ન કરી શકાતા હોય તો થોડાક કરવા જોઈએ. બે પેઢી ચાલે તેટલું ન કરો પણ તમારું જીવન સારી રીતે ચાલી શકે એટલું તો દુષ્કર્મ કરો જો દુષ્કર્મ કરવાથી આવું સારું ફળ મળી જતું હોય. પણ દુષ્કર્મથી આટલું સારું ફળ મળ્યું એમ તો આપણે કહી નહિ શકીએ. સત્કર્મથી આવું સારું ફળ મળ્યું એમ કહેવા જોઈએ તો પેલા દાણચોરના એવા કોઈ સત્કર્મ પણ આપણને દેખાતા નથી. તેથી એમ માનવું રહ્યું કે પ્રભુની કોઈક અકળ ઇચ્છાથી આવા ઊટ-પટાંગ કામો જગતમાં થયા કરે છે. આમાં આપણે કોઈ પણ જાતનો સિદ્ધાન્ત તારવી શકતા નથી.

વિદ્યાર્થી: અસત્કર્મ કરનાર પણ જો જગતમાં સુખી દેખાતો હોય તો આપણે એમ ન માની શકીએ કે એણે પૂર્વ જન્મમાં કંઈક સારા કામો કર્યા હશે.

ગો.શ્રીશ્યામમનોહરજી : પૂર્વ જન્મમાં સત્કર્મ કર્યા હોવાને કારણે જો પેલા દાણચોરને આ જન્મમાં સુખ-સમૃદ્ધિ પ્રાપ્ત થયા હોય તો હવે આ સિદ્ધાન્ત ઉપર કાયમ રહો. જુઓ કેવો ભયંકર અર્થ નીકળે છે કે પૂર્વ જન્મના એવા તે સત્કર્મ એણે કર્યા હતા કે એને આ જન્મમાં દુષ્કર્મ કરવામાટે પ્રેરિત કરતા હોય! આ પણ તો વિચારવાનું રહ્યું ને! ધિક્કાર છે એવા સત્કર્મને કે જેને કરવાથી આ જનમમાં એવી દુર્બુદ્ધિ જાગતી હોય. એવા સત્કર્મ કરવાથી લાભ શું?

તો આપણે સમજી શકીએ છીએ કે પ્રવાહી જીવોની બાબતમાં નથી કોઈ શાસ્ત્ર નિયામક કે નથી કોઈ સ્વરૂપ નિયામક.

દુષ્કર્મ કરવાવાળો પણ ક્યારેક એમ કહેતા હોય છે કે મને અલ્લાએ આપ્યું. ખરેખર વિચારો તો અલ્લા નથી આપતો. અલ્લા જો આવા ગુંડાઓને સત્ફળ આપે તો અલ્લા પણ તે અસત્કર્મમાં ભાગીદાર બન્યો ગણાય. હું નથી ધારતો કે અલ્લા આવી ગુંડાગીરીમાં ભાગીદાર બનતો હોય. પોતાને કંઈક સારું મળ્યું હોય તેનો ધન્યવાદ કોઈક ખુદાને આપે તો આપી શકે છે. માણસે પોતાના દરેક કામનો ધન્યવાદ ખુદાને આપવો જોઈએ. એમાં કંઈ દોષ નથી. પણ સમજવાની વાત એ છે કે ખુદા કોઈ ગુંડાને એની ગુંડાગીરીનું સત્ફળ આપતો નથી. આ તો પ્રવાહની જે એક સિસ્ટમ ઉભી થઈ ગઈ છે કે જેનાવડે દરેકને પોતાના ઊંધા-સીધા કર્મોનું કંઈક ફળ મળતું રહે છે. આમાં પણ વિચારવા જેવું છે કે કંઈ બધા ગુંડાઓને સુખ-સમૃદ્ધિ મળતી હોતી નથી. કેટલાય ગુંડાઓ બિચારા એન્કાઉન્ટર્માં અને ગેંગ-વોર્માં ઠાર મરી જતા હોય છે. તેથી એક વાત તો સ્પષ્ટ છે કે જો ગુંડાગીરીથી સમૃદ્ધિ મળતી હોય તો બધા ગુંડાઓને મળવી જોઈએ. દાણચોરીથી જો સમૃદ્ધિ આવતી હોય તો બધા દાણચોરોને કેમ નથી આવતી? કેટલાય દાણચોરો બિચારા ઠાર થઈ ગયા છે. હમણા થોડા દિવસો પહેલાં જ હાજી મસ્તાન એમને એમ મરી ગયો. તો આ એક એવી સિસ્ટમ છે કે જેની બાબતમાં આપણે કંઈ પણ કહી શકીએ તેમ નથી. પ્રવાહ સૃષ્ટિ પ્રભુની કોઈક અકળ ઇચ્છાથી ગવર્ન થઈ રહી છે, મનથી ગવર્ન થઈ રહી છે. મનથી ગવર્ન થઈ રહી છે મતલબ ઈર્-રેગ્યુલરલી રેગ્યુલર છે. એનું કોઈ બંધારણ નથી. અંગ્રેજીમાં આ સ્થિતિને માટે કેવોસ્ શબ્દ છે. કેવોસ્ અને કોસમોસ્ વચ્ચે તફાવત શું? જ્યાં બધું સિસ્ટેમેટીક હોય તેન કોસમોસ્ કહેવાય. અને જ્યાં ચારે બાજુએ અંધાધુંધી ચાલતી હોય તે કેવોસ્.

"વચસા વેદ માર્ગો હિ" વેદ માર્ગમાં એ જાતનો કોઈ કેવોસ્ નથી. મર્યાદા માર્ગમાં ફળ વેદ અનુસાર મળે છે.

"પુષ્ટિં કાયેન નિશ્ચય:" પુષ્ટિની સિસ્ટમને ફળ પ્રભુ સ્વરૂપથી મળે છે.

"ભિન્નેચ્છાતોપિ નૈકતા" જીવોને ફળ આપવાની બાબતમાં પ્રભુની જુદી-જુદી જાતની ઇચ્છાઓ છે. તેથી કેટલાક જીવોના સાધન-ફલ ભાવો મનથી ગવર્ન થાય છે કેટલાક જીવોના સાધન-ફલ ભાવો વેદથી નિરૂપિત હોય છે અને કેટલાક જીવોના સાધન-ફલ ભાવો સ્વરૂપથી નિરૂપિત હોય છે. આવી જુદી-જુદી ઇચ્છાને કારણે પણ પુષ્ટિ, મર્યાદા અને પ્રવાહ માર્ગો એક થઈ શક્તા નથી.

હવે શ્રીમહાપ્રભુજી હવે પરીક્ષા કરી રહ્યા છે :

"તાન્ અહં દ્વિષતો" ભિન્ના: જીવા: પ્રવાહિણ:॥

અત એવેતરૌ ભિન્નૌ સાન્તૌ મોક્ષપ્રવેશત:॥11॥

તાન્=તેઓને
અહં=હું
દ્વિષત:=દ્વેષ કરવાવાળા
(ઇતિ=આ)
વાક્યાત્=વાક્યથી
પ્રવાહિણ:=પ્રવાહી
જીવા:=જીવો
ભિન્ના:=અલગ
(સન્તિ=સાબિત થાય છે)
અત:=આથી
એવ=જ
ઇતૌરૌ=બીજા બે જીવો
મોક્ષપ્રવેશત:=મોક્ષ મેળવવા પાત્ર
સાન્તૌ=અન્તવાળા
ભિન્નૌ=અલગ
(સ્ત:=છે)

ભગવાન્ ગીતામાં કહે છે કે

તાનહં દ્વિષત: ક્રૂરાન્ સંસારેષુ નરાધમાન્।
ક્ષિપામ્યજસ્રમ્ અશુભાન્ આસુરીષ્વેવ યોનિષુ॥

પ્રવાહી જીવોને હું સતત આસુરી યોનિમાં ભટકાવતો રહું છું. મતલબ સાફ થઈ ગયો ને કે કોઈક જીવ જગતમાં એવાય હોવા જોઈએ કે જે સતત સંસાર પ્રવાહમાં ભટકતાં રહે છે,

જેમને પ્રભુ સંસાર પ્રવાહમાં રાખવા માગે છે, સૃષ્ટિમાંથી પોતાની તરફ ખેંચવા નથી માગતા. જેમની શોભા પ્રભુ નીરખવા માંગે છે, પણ પોતાની શોભા નીરખવા દેતા નથી. જેમના પ્રભુ ભોગ્ય બનતા નથી, જેમના પ્રભુ ભોક્તા જ રહેવા માગે છે. એટલે કે જેમના સમ્બન્ધમાં પ્રભુ પોતાનો ગૂઢ ભોગ્ય ભાવ ક્યારે પણ પ્રકટ કરતા નથી, પોતાનો પ્રકટ ભોક્તૃભાવ જ પ્રકટ રાખે છે. તમે તમારે જે કરવું હોય તે કરતા રહો, હું જોતો રહીશ.

પ્રભુના આવા વલણને આપણે જનાવરો પ્રત્યેના આપણા અભિગમથી સમજી શકીએ છીએ. જેમ ઘોડાઓ રેસમાં દોડતા હોય છે. આપણે એ જોઈને આનન્દ ઉઠાવતા હોઈએ છીએ. ગાય-ભેંસનું દૂધ આપણે લઈ લેતા હોઈએ છીએ. પોપટને પાંજરામાં પૂરી દઈએ છીએ. કેમકે જાનવરોના સમ્બન્ધમાં આપણે પોતાની જાતને ભોક્તા માનીએ છીએ.

એટલે એક વાત સ્પષ્ટ સમજો કે જો પ્રવાહી જીવ ભિન્ન હોય તો પ્રવાહી જીવોથી મર્યાદાજીવ અને પુષ્ટિજીવ આપો આપ ભિન્ન થઈ જશે. કેમકે મર્યાદા અને પુષ્ટિ જીવો ભવપ્રવાહમાં અટવાયેલા રહેવામાં પોતાની સિદ્ધિ નથી માનતા તેથી "અતએવ ઇતરૌ ભિન્નૌ" પ્રવાહી જીવોથી પુષ્ટિ અને મર્યાદા જીવો ભિન્ન છે. શા માટે ભિન્ન છે? કારણ કે મર્યાદા અને પુષ્ટિ જીવો સાન્ત (અન્તવાળા) છે. પ્રવાહી જીવનો ક્યાંય અને ક્યારેય અન્ત આવતો નથી. "પડતા પેજારા ખાતા નહિ આવે પાર" જ્યારે કે દૈવી જીવોના પડતા પેજારાનો ક્યારેક અન્ત આવતો હોય છે. તેઓ સાન્ત છે. 'સાન્ત' એટલે ખતમ થઈ જવાના અર્થમાં નહિ. પણ "મોક્ષપ્રવેશત:" દૈવી જીવો જન્મ-મરણથી છૂટકારો પામનારા છે. ભવપ્રવાહમાંથી ક્યારેક-ને-ક્યારેક એ જીવો છૂટકારો પામશે તે અર્થમાં સાન્ત છે. "અતએવેતરૌ ભિનૌ સાન્તૌ મોક્ષપ્રવેશત:" આમ પરીક્ષણ કરીને ત્રણે જીવના સર્ગો નોખા છે તે શ્રીમહાપ્રભુજીએ બતાવ્યું.

તસ્માજ્ જીવા: પુષ્ટિમાર્ગે ભિન્નાએવ ન સંશય:॥

ભગવદ્રૂપસેવાર્થં તત્સૃષ્ટિ: નાન્યથા ભવેત્॥12॥

તસ્માત્=તેથી
પુષ્ટિમાર્ગે=પુષ્ટિમાર્ગમાં
જીવા:=જીવો
ભિન્ના:=અલગ
એવ=જ
(સન્તિ=છે તેમાં)
સંશય:=શઙ્કા
ન અસ્તિ=નથી
તત્સૃષ્ટિ:=તે સૃષ્ટિ
ભગવદ્-રૂપસેવાર્થં=શ્રીકૃષ્ણની રૂપસેવામાટે, (અસ્તિ=છે)
અન્યથા=બીજા કોઈ પ્રયોજનમાટે
ન=ન
ભવેત્=હોઈ શકે

આ શ્લોકોમાં શ્રીમહાપ્રભુજી પુષ્ટિસર્ગનું પૃથક્ નિરૂપણ કરી રહ્યા છે. ઉપર જે વર્ણન કરવામાં આવ્યું તે પૃથક્-પૃથક્ ન હતું, સઙ્કલિત હતું, એ કેવી રીતે તે જુઓ.

પુષ્ટિમાર્ગીજીવો બીજા જીવો કરતાં કંઈક ભિન્ન છે. ભિન્ન શા માટે છે? ક્યા અર્થમાં ભિન્ન છે? શું પુષ્ટિમાર્ગીજીવોના માથે શીંગડાં કે પાછળ પૂંછડું હોય છે! કે બીજાને શીગડાં-પૂછડું હોય છે અને પુષ્ટિજીવને નથી હોતું! એ અર્થમાં નહિ. એ અર્થમાં બધા જીવો સરખા છે. જે અર્થમાં પુષ્ટિજીવ ભિન્ન છે તે શું? "ભગવદ્રૂપસેવાર્થં તત્સૃષ્ટિ:" તે સૃષ્ટિને કોઈ એક ચોક્કસ હેતુથી પ્રકટ કરવામાં આવી છે. જે હેતુથી તે સૃષ્ટિને પ્રકટ કરવામાં આવી છે તે હેતુમાં એ વપરાય તો તે સૃષ્ટિ સાર્થક ગણાય. અને તે હેતુમાં જો એ સૃષ્ટિ ન વપરાય તો તે નિરર્થક. ખ્યાલ માં આવ્યુંને!

એક દાખલો આપું છું તમને. અમે નવો ફ્લેટ લીધો. ફ્લેટની અંદરનું કામ એક જણને સોંપ્યું. થોડા દિવસે હું કામ જોવા માટે ગયો. તે મને બાથરૂમ દેખાડવા લઈ ગયો. બધી ટાઈલ્સો વગાડી-વગાડીને મને દેખાડે કે જુઓ કેવી મજબૂત ફિટિંગ કરી છે. મેં બધું ધ્યાનથી જોયું. પછી મને વિચાર આવ્યો કે બાથરૂમમાં નળ તો ક્યાંય દેખાતો નથી! એ તો સ્ટાઈલ્સની અન્દર જ રહી ગયો!! નળ વિનાનો બાથરૂમ શું કામનો!!! આને કહેવાય કે સૃષ્ટિ વ્યર્થ ગઈ. એ જ પ્રમાણે જે સૃષ્ટિ જે પ્રયોજનથી બની હોય તે પ્રયોજનમાં એ જો એ ખપે ત્યારે તો સાર્થક અને જો તે પ્રયોજનમાં ન ખપે તો તે સૃષ્ટિ નિરર્થક. તેથી જ આપણે ત્યાં કહેવાયું છે :

નાવિર્ભૂયાદ્ ભવાંશ્ચેદ્ અધિધરણિતલં ભૂતનાથોદિતાસન્
માર્ગધ્વાન્તાન્ધતુલ્યા નિગમપથગતૌ દેવસર્ગોડપિ જાતા
ઘોષાધીશં તદેમે કથમપિ મનુજા: પ્રાપ્નુયુર્ નૈવ દૈવી
સૃષ્ટિર્ વ્યર્થા ચ ભૂયાન્ નિજફલરહિતા દેવ! વૈશ્વાનરેષા॥

શ્રીમહાપ્રભુજી માટે શ્રીગુંસાઈજી કહે છે કે આપ જો પ્રકટ ન થાત તો પુષ્ટિજીવો કદિ પુષ્ટિપ્રભુને પામી જ ન શકત. પછી સ્થિતિ પેલા કડીયા જેવી થાત કે સૃષ્ટિ તો પ્રકટ કરી દીધી પણ નળ બહાર કાઢવાનું ભૂલી ગયા. તેથી જેમ પેલું બાથરૂમ વ્યર્થ થઈ ગયું તેમ દૈવી સૃષ્ટિ વ્યર્થ થઈ ગઈ હોત. એટલે દરેક વખતે આપણે એ વાતની કાળજી લેવી પડશે કે સૃષ્ટિ પ્રકટ થઈ તો એનો પ્રભેદ ક્યાંથી થશે.

સૃષ્ટિનો પ્રભેદ બે રીતે થઈ શકે. એક તો કારણનો ભેદ અને બીજું પ્રયોજનનો ભેદ. દા.ત. માટલું બનાવ્યું. શા માટે બનાવ્યું? કેમકે સસ્તું પડે, પાણી ઠંડુ રહે તે માટે બનાવ્યું. બીજો મેટલ્નો ઘડો બનાવ્યો. શા માટે? કેમકે વારેઘડીએ ખરીદવો ન પડે, તુટી ન જાય એટલે. તો વસ્તુને બનાવવા પાછળના ઉદ્દેશ્યો જુદા-જુદા છે. અને તેના ઉપાદાન કારણો પણ ભિન્ન-ભિન્ન છે. એ જ રીતે પુષ્ટિસૃષ્ટિ એના પાછળના કારણના ભેદથી ભિન્ન છે કે પ્રયોજન ભેદથી ભિન્ન છે તે વાતને થોડુંક લક્ષ્યમાં લેવું જોઈએ. મોટે ભાગે લોકાની સમજ એવી છે કે જીવસૃષ્ટિ તેના કારણના ભેદથી ભિન્ન છે. હું જે સિનોપ્સિસ્ તમને સમજાવી રહ્યો છું તેના પ્રમાણે પુષ્ટિજીવો કારણભેદથી ભિન્ન હોય કે ન હોય પણ પ્રયોજનના ભેદથી તો બીજી જીવસૃષ્ટિથી ભિન્ન છે જ.

એક વાત મને હમણા જ સ્ફુરિત થઈ છે તે તમને સિંહાવલોકન ન્યાયે કહી રહ્યો છું.

આપણે કોઈ કામ કરીએ તો તેમાં આપણી તન્મયતા ત્રણ સ્તરે હોઈ શકે છે : કાયિક, વાચિક અને માનસિક. હવે સૃષ્ટિ એ ભગવાનની ક્રીડા છે. તેથી ભગવાન્ પણ આમાં કાયિક, વાચિક અને માનસિક આમ ત્રણેય પ્રકારે તન્મય છે. તદ્નુસાર પ્રભુની માનસિક તન્મયતા પ્રવાહી સૃષ્ટિમાં છે. વાચિક તન્મયતા મર્યાદા સૃષ્ટિમાં છે. અને કાયિક તન્મયતા પુષ્ટિ સૃષ્ટિથી છે.

હવે આનો મતલબ સમજો કે જ્યાં આપણી તન્મયતા કાયિક હોય ત્યાં વાચિક અને માનસિક રીતે આપણાથી તન્મય બની શકાય છે. પણ જ્યાં વાચિક રીતે તન્મય હોઈએ ત્યાં કાયિક રીતે પણ તન્મય થવું આવશ્યક નથી હોતું. અને જ્યાં માનસિક રીતે જ તન્મય હોઈએ ત્યાં વાચિક અને કાયિક રીતે તન્મય થવું આવશ્યક નથી. જેમ આપણે મનમાં કંઈક વિચારતા હોઈએ ત્યારે તેને બોલવું જરૂરી નથી હોતું. એમ પ્રવાહ સૃષ્ટિના નિયમો પ્રભુએ કહ્યા નથી કે કયા નિયમ પ્રમાણે હું પ્રવાહ સૃષ્ટિને ચલાવી રહ્યો છું. મર્યાદા સૃષ્ટિના નિયમો પ્રભુએ કહ્યા છે. પ્રભુએ કહ્યા છે તો પ્રભુનું મન પણ ત્યાં છે. આ પ્રભુની એ બાબતમાં વાચિક અને

માનસિક તન્મયતા છે. પણ તેમાં કાયિક તન્મયતા હોવી જરૂરી નથી. અને પુષ્ટિસૃષ્ટિમાં પ્રભુ કાયિક, વાચિક અને માનસિક આમ ત્રિવિધ તન્મયતા દાખવે છે. આનું કારણ શું? આનું કારણ શ્રીમહાપ્રભુજીએ સુબોધિનીમાં બતાવ્યું છે કે કોઈ ડૂબતો હોય એને બચાવવા માટે આપણે દોરડું ફેંકીએ. પણ આપણો કોઈક પરિચિત વ્યક્તિ ડૂબતો હોય તો આપણે પોતે જ ઝંપલાવી દેતા હોઈએ છીએ. આ કાયિક-વાચિક-માનસિક ત્રિવિધ તન્મયતા છે. આગળ જઈને શ્રીમહાપ્રભુજી કહેશે કે "ભગવાનેવ હિ ફલં સ યથાવિર્ભવેદ્ ભુવિ" પુષ્ટિજીવોને તો પ્રભુએ ભૂતલ ઉપર પ્રકટ કર્યા પણ જો પછી પોતે પ્રકટ ન થાય તો આખી પુષ્ટિસૃષ્ટિનું પ્રયોજન વ્યર્થ થઈ ગયુંને! એટલે "સ યથાવિર્ભવેદ્ ભુવિ" પ્રભુ જે રીતે આપણી સમક્ષ પ્રકટ થાય, સ્વરૂપથી કે ગુણથી, તો એ રીતે પ્રકટ થયેલા પ્રભુની પૂરે પૂરી તન્મયતા આપણી સાથે નભી કહેવાય. નહિ તો તો નભી ન કહેવાય. કેવલ વાચિક તન્મયાથી પુષ્ટિસૃષ્ટિનું કામ ચાલતું નથી. પ્રભુ પ્રકટ થાય તો પુષ્ટિજીવ પ્રભુની રૂપસેવા સમ્ભવે.

તેથી શ્રીમહાપ્રભુજી કહે છે કે "તસ્માજ્ જીવા: પુષ્ટિમાર્ગે ભિન્નાએવ ન સંશય:" પુષ્ટિમાર્ગીજીવો બીજા જીવોથી ભિન્ન જ છે. અને "ભગવદ્રૂપસેવાર્થં તત્સૃષ્ટિ:" આ સૃષ્ટિ ભગવદ્રૂપસેવા માટે છે. 'રૂપ' એટલે, રૂપની સેવા નહિ પણ 'રૂપ' એટલે સ્વરૂપ, કાયા. જે કાયાથી આ સૃષ્ટિ ઉત્પન્ન થઈ છે તે કાયાની સેવા કરવામાટે આ સૃષ્ટિ છે. તેની ફક્ત વાણીની સેવા કરવામાટે નહિ, કે તેના ફક્ત મનનનો લાભ લેવામાટે નહિ. તેથી શ્રીમહાપ્રભુજી કહે છે કે આ સૃષ્ટિ કોઈ પણ દિવસે બીજી રીતે થઈ જ નથી શકતી "નાન્યથા ભવેત્" જો બીજી રીતે થઈ શકે તો તે પુષ્ટિસૃષ્ટિ હોઈ શકતી નથી.

વિદ્યાર્થી: જો એવું હોય તો પુષ્ટિમાર્ગમાં જે શરણસાધન કરતો હોય તે અને જે કથાપક્ષનું અવલમ્બન કરીને રહેતો હોય તે પુષ્ટિસૃષ્ટિનો નહિ કહેવાય?

ગો.શ્રીશ્યામમનોહરજી : કાચબાની માદા દરિયા કાંઠે ઈંડા મૂકીને તેને રેતી નીચે દાટીને પોતે દરિયામાં ચાલી જતી હોય છે. ચીલ-સમડીને એ વાત ખબર હોય છે. તેથી તે ઈંડામાંથી બચ્ચાના બહાર આવવાની વાટ જોતી આકાશમાં ઉડતી રહેતી હોય છે. આશ્ચર્યની વાત એ છે કે ઈંડામાં રહેલા બચ્ચાં ભૂલ કર્યા વિના ઈંડામાંથી બહાર નિકળતાની સાથેજ દરિયા તરફ દોટ મૂકતાં હોય છે. એમને એ ખબર હોય છે કે અમને બહાર નિકળીને દરિયામાં જવાનું છે. તેઓ ભૂલથી પણ દરિયાની વિરુદ્ધ દિશામાં નથી જતાં. હવે વિચારો કે એમને આ જ્ઞાન કોણ આપે છે? એમને એ પણ ખબર હોય છે કે તેઓ હલન-ચલન કરશે તો સમડીની નજરમાં આવી જશે. એટલે જેવી સમડી નજીક આવે તેવા સમડીથી બચવા માટે એ સ્થિર થઈ જતા હોય છે. પછી પાછા દરિ તરફ દોડવા લાગે છે. આનો મતલબ શું થયો? જન્મ્યો જમીનમાં છે પણ દોડીને તો એ ત્યાં દરિયામાં જ જશે કે જ્યાંનો તે જીવ છે. શ્રીમહાપ્રભુજી પણ એ જ વાત કહે છે "પ્રવાહેપિ સમાગત્ય પુષ્ટિસ્થ: તૈ: ન યુજ્યતે" પુષ્ટિજીવ પ્રવાહમાં જન્મ્યો હોય તોય તે પ્રવાહની સાથે જોડાતો નથી. દોડે છે તે એના દરિયા તરફ જ. તે જ રીતે કોઈક વખત પુષ્ટિમાર્ગમાં પ્રવાહી જીવ પણ આવી જાય પરન્તુ એ કોઈ પણ દિવસ પુષ્ટિમાર્ગને પકડી શકે

જ નહિ, કંઠી બંધાવી તેથી શું થયું! "સોડપિ તૈસ્તત્કુલે જાત: કર્મણા જાયતે યત:" કરણ કે જન્મનો નિયમ તો પ્રભુએ કર્મને આધારે ઘડી કાઢ્યો છે. જેવા કર્મ કરશે તેવી રીતે ક્યાંક જનમી જશે. પુષ્ટિ-પ્રવાહ-મર્યાદાનો કર્મની સાથે કોઈ સમ્બન્ધ નથી. આ એક સિગ્નિફિકેંટ વાત છે કે તમે કેવા કર્મ કર્યા છે તેનાથી તમે પુષ્ટિજીવ, પ્રવાહીજીવ કે મર્યાદાજીવ નથી બનતા. પ્રભુએ તમને શા માટે સર્જ્યા છે તેનાથી તમે પુષ્ટિજીવ, પ્રવાહીજીવ કે મર્યાદાજીવ થયા છો. તમે બહુ સારા કર્મ કર્યા હોય તોય તમે પ્રવાહીજીવ હોઈ શકો. તમે બહુ ખોટા કર્મો કર્યા હોય તોય તમે પુષ્ટિજીવ હોઈ શકો. કેમકે પુષ્ટિજીવનું સર્જન ભગવત્સેવાર્થ છે, મર્યાદાજીવનું સર્જન પ્રભુએ દર્શાવેલી વાણીના અનુસાર જીવન જીવવા માટે છે. અને પ્રવાહી જીવનું સર્જન જ એવી જાતનું છે કે એ જન્મ-મરણના પ્રવાહને સરખી રીતે નભાવે એવું જ કામ કરે. સારું કામ કરે તોય એવું જ કરે અને ખોટું કામ કરે તોય એવું જ કરે. તેથી જીવના સ્વરૂપમાં ફેર કર્મથી નથી પડતો. પ્રભુએ જે પ્રયોજનથી એને ઉત્પન્ન કર્યો છે તેનાથી એનું સ્વરૂપ નિશ્ચિત થાય છે.

વિદ્યાર્થી: આ હિસાબે જોઈએ તો પ્રવાહી જીવો પ્રભુની સૌથી વધુ વફાદાર સૃષ્ટિ કહેવાયને!
ગો.શ્રીશ્યામમનોહરજી : એકંદરે તમારી વાત સાચી છે. પણ દરેક વખતે એવું નથી હોતું. પ્રવાહી જીવો પણ પુષ્ટિમાર્ગમાં ઘુસી જઈને નાટક કરતા હોય છે. મારે ત્યાં એક ભાઈ આવતા હતા. એ વખતે અમે અમારે ત્યાં શિબિરમાં જે અભ્યાસ કરવા ઇચ્છે તેની પાસે એક શપથ લેવડાવતા હતા. અમે કોઈ જાહેરાત કરતા ન હતા કે કોઈને ફરજ પણ પાડતા ન હતા. પેલા ભાઈએ આવીને મને કહ્યું કે મારે શપથ લેવી છે, મને એમનું માહાત્મ્ય ખ્યાલમાં હતું. મેં એમને પૂછ્યું કે શા માટે શપથ લેવી છે? શું ઉતાવળ છે? એમણે કહ્યું કે આપે આટલી મોટી જુંબેશ છેડી છે એમાં હું બીજું કંઈ ન કરી શકું તો કંઈ નહિ, શપથ તો લઈ શકું ને! મેં કીધું કે હમણા નહિ, પછી ફૂરસદથી લઈ લેજો. અને જો લેવાનો આગ્રહ જ હોય તો તમે તમારી રીતે લઈ લો. તો એમણે કહ્યું કે ના, મને આપની સમક્ષ જ લેવી છે. તે દિવસે તો મેં એમને ટાળ્યા. પણ એક દિવસે તે પતિ-પત્ની બંને આવ્યા. અને મારી પાસે કાગળ ઉપર શપથ લખીને અને નીચે પોતાની સહી કરીને ગયા કે અમે હવેથી દેવદ્રવ્ય નહિ લઈએ, ધંધાકીય મનોરથ-દર્શનમાં ભાગ નહિ લઈએ, ભંડોળી ભાગવત કથા નહિ સાંભળીએ વગેરે. એના થોડા દિવસ પછી એક ભંડોળી વ્રજયાત્રાની જાહેરાત આવી. જાહારાત સાંભળીને તેઓ મારી પાસે આવ્યા. મને કહેવા લાગ્યા કે મારા ગુરુઘરની વ્રજયાત્રા છે. મેં મારા ગુરુને બહુ સમજાવ્યા કે આવી રીતે ભંડોળ ભેગું કરવામાટે વ્રજયાત્રા ન ઉપાડાય પણ એ માનતા જ નથી. હવે શું કરવું? મેં એમને કીધું કે એમાં તમારે શું કરવાનું હોય! તમને તો જે કરવાનું હતું તે તમે કરી દીધું. તમે એમને સમજાવવાનો પ્રયત્ન કર્યો તે જ ઘણું કહેવાય. તો એ બોલ્યા કે એ તો ઠીક છે પણ તેઓ મને વ્રજયાત્રામાં સામેલ થવાનો આગ્રહ કરે છે તેનું શું? મેં એ ભાઈને કહ્યું કે મારા અને તમારા ગુરુકરતાં પહેલા શ્રીમહાપ્રભુજીએ પણ તો કંઈક આજ્ઞા કરી રાખી છે! આપણે તો એ આજ્ઞાનો વિચાર કરીને આ આજ્ઞાને ભૂલી જવું. તો એ બોલ્યા કે એ તો મારાય ગુરુછે અને મારી પત્નીનાય ગુરુછે તો ના કેમ પડાય! મેં કીધું કે તો પછી તમારી ઇચ્છાની વાત છે. શપથ તમે લીધી છે અને તોડવાની પણ તમારે છે. તો એ બોલ્યા કે ના,

તોડવાનો તો વિચાર નથી. પણ એમ કરું તો કે હું યાત્રામાં જાઉં, યાત્રાનું મેનેજમેન્ટ સંભાળું. પણ ત્યાં જે ધંધાકીય મનોરથ-દર્શનો કે ભાગવત સપ્તાહ થાય તેમાં હું ભાગ ન લઉં, તંબુમાં બેઠો રહું! તો આવા પ્રવાહી જીવો પણ ક્યારેક પુષ્ટિમાર્ગની શપથ લઈ લેતા હોય છે. આપણે એમ સમજતા હોઈએ છીએ કે પુષ્ટિમાર્ગીથઈને પ્રવાહી જેવું આચરણ કરે છે. પણ એવું પણ તો હોઈ શકે કે ખરેખર તે પ્રવાહી હોય અને પુષ્ટિમાર્ગના રવાડે ચઢી ગયો હોય.

સ્વરૂપેણાવતારેણ લિઙ્ગેન ચ ગુણેન ચ॥

તારતમ્યં ન સ્વરૂપે દેહે વા તત્ક્રિયાસુ વા॥13॥
તથાપિ યાવતા કાર્યં તાવત્ તસ્ય કરોતિ હિ॥

સ્વરૂપેણ=સ્વરૂપથી
અવતારેણ=અવતારથી
લિઙ્ગેન=ચિહ્નથી, ચ=અને
ગુણેન=ગુણથી, ચ=પણ
(પુષ્ટિજીવાનાં=પુષ્ટિજીવોના)
સ્વરૂપે=સ્વરૂપમાં વા=અથવા
દેહે=દેહમાં
વા=અથવા
તત્ક્રિયાસુ=તેઓની ક્રિયામાં
તારતમ્યં=ભેદ
ન અસ્તિ=નથી
તથાપિ=તેમ છતાં
યાવતા=જેટલા
કાર્યં=કાર્યને
તાવત્=તેટલો
તસ્ય=તેને
કરોતિ=કરે છે
હિ=જ

પુષ્ટિમાર્ગમાં જે જીવો પ્રગટ્યા, એટલે કે પુષ્ટિમાર્ગમાટે જેઓનું વરણ કરવામાં આવ્યું છે તે જીવ, તેમનું ભૂતલ ઉપર પ્રાક્ટ્ય, તેમના લિઙ્ગો એટલે કે એમની નિશાનીઓ અને ગુણો અને તેની ક્રિયા આ બધામાં કોઈ તારતમ્ય નથી હોતું.

વિદ્યાર્થી: લિઙ્ગ અને ગુણ વચ્ચે શું તફાવત હોય છે?

ગો.શ્રીશ્યામમનોહરજી : દરકે ગુણ લિઙ્ગ નથી હોતો. ‘લિઙ્ગ’ તેને કહેવાય છે કે જે ગુણોવડે આપણે કોઈ વસ્તુ કે વ્યક્તિ ને ઓડખીએ છીએ. દા.ત. તમે બે પાંચ ફુટના છે. પાંચફુટિયા હોવું એ તમારા બન્નેનો ગુણ હોઈ શકે પણ એ તમારો લિઙ્ગ નહિ બની શકે. પણ તમે જે લોકોની વચ્ચે રહેતા હો ત્યાં બધા લોકો તમારા કરતાં નીચા હોય તો પાંચફુટિયા હોવું એ તમારી ઓળખ બની શકે.

શ્રીમહાપ્રભુજી આગળ એમ ઉપક્રમ કરે છે કે "સ્વરૂપાઙ્ગ-ક્રિયાયુતં સર્ગભેદં પ્રવક્ષ્યામિ" એટલે કે એક તરફ તો આપ સ્વરૂપ-અઙ્ગ-ક્રિયા સાથેના સર્ગની ભિન્નતાનું હવે હું નિરૂપણ કરું છું એમ કહે છે અને આગળ જઈને એમ કહે છે કે "તારતમ્યં ન સ્વરૂપે દેહે વા તત્ક્રિયાસુ વા" ભેદ નથી. તો વદતો વ્યાઘાત જેવું થાય ને! પરન્તુ આગળની કડી ઉપર જો ધ્યાન આપશો તો આ શઙ્કાનું સમાધાન થશે કે "તથાપિ યાવતા કાર્યં તાવત્ તસ્ય કરોતિ હિ" જે-તે માર્ગના મુજબ જીવ, દેહ, ક્રિયા, ગુણો, અવતરણ, લિઙ્ગ થી ભગવાનને જેટલું કામ કરાવવાનું હોય તેટલું કામ પ્રભુ (તેટલા તારતમ્યને પ્રકટ કરીને) કરાવતા હોય છે. એ રીતે એનામાં ભેદ આવે છે. એમ ભેદ નથી આવતો. તો સ્વરૂપાંગ-ક્રિયાયુત ભેદ આમ પણ આવી શકે. અને એમ પણ લઈ શકાય કે સ્વરૂપાંગક્રિયાયુત ભેદ મર્યાદાથી તો હોય જ છે. તેથી કેટલાક ટીકાકારોએ એમ અર્થ કર્યો છે. એટલે કે જે-તે માર્ગના જીવો, એમના દેહ-ક્રિયા-લિઙ્ગ વગેરેમાં ભેદ હોય છે.

વિદ્યાર્થી: "સ્વરૂપેણાવતારેણ ..." અન્વય નથી સમજાતો.

ગો.શ્રીશ્યામમનોહરજી : સ્વરૂપેણ અવતારેણ ચ લિઙ્ગેન ગુણેન ચ સ્વરૂપે વા દેહે વા તત્ક્રિયાસુ તારતમ્યં ન અસ્તિ. તથાપિ યાવતા તારતમ્યેન કાર્યં તાવત્ તારતમ્યં તસ્ય કરોતિ હિ ક્રએમ અન્વય સમજવો. સ્વરૂપથી કોઈ તારતમ્ય નથી. ભૂતલ ઉપર જે રીતે એનો દેહ પ્રકટ થાય છે ... એટલે પેલો પ્રવાહી જીવ પ્રવાહમાં તણાતો પ્રકટ થતો હોય કે મર્યાદા જીવ વેદોનાં ઘોષ સાથે પ્રકટ થતો હોય કે પુષ્ટિજીવ, જેમ વાર્તાઓમાં આવે છે એક વૈષ્ણવ પ્રભુનું નામ લેતા-લેતા જન્મ્યા એમ, ભગવાનના નામ લેતા જન્મતાં હોય એવું નથી હોતું. સામાન્યરીતે તો પુષ્ટિજીવો પણ ઉંઆ...ઉંઆ... કરતા જ જન્મતા હોય છે. તેથી એકંદરે જીવોના જન્મ, લિઙ્ગ, ગુણ કે દેહ માં એમ કોઈ ભેદ નથી દેખાતો.

એક રસપ્રદ ઘટના સંભળાવું છું. આ ઉપરોક્ત નિયમનો અપવાદછે.

સન્તરામપુરના રાજાને કોઈ છોકરો ન હતો. એક વખતે દ્વારકાધીશ કિશનગઢમાં પધાર્યા. સન્તરામપુરના રાણી અમારા કિશનગઢના રાજકુંવરી છે. એમણે રાણાને પણ એ પ્રસંગે કિશનગઢ બોલાવ્યા. એ જો કે પુષ્ટિમાર્ગીન હતાં પણ રાણાએ મહારાજશ્રીને દ્વારકાધીશનો સુખપાલ પધરાવવા આજ્ઞા આપવા વિનન્તી કરી. મહારાજશ્રીએ આજ્ઞા આપી. તે પ્રસઙ્ગ પછી એમને કુંવર જન્મ્યો. તમે માનશો નહિ પણ જ્યારે બાળક જનમ્યું ત્યારે એના કપાળ ઉપર વ્યવસ્થિત આપણા જેવું તિલક હતું, એકદમ નેચરલ . અને એ લગભગ ચાર મહિનાનો થયો ત્યાં સુધી તેનું તિલક મેં મારી આંખે જોયું હતું. આ તો એક અપવાદની વાત થઈ. બધાને કંઈ એ પ્રમાણે હોતું નથી.

વિદ્યાર્થી: શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે "તારતમ્યં ન સ્વરૂપે દેહે વા તત્ક્રિયાસુ વા, તથાપિ યાવતા કાર્યં તાવત્ તસ્ય કરોતિ હિ" એકંદરે તારતમ્ય નથી છતાં ભગવાન્ કાર્ય લેવા પુરતું

તારતમ્ય પ્રકટ કરે છે. પરન્તુ એવું તારતમ્ય પ્રત્યક્ષથી તો બાધિત જણાય છે. તો શું આને આધિદૈવિક અર્થમાં સમજવું કે શુદ્ધ પુષ્ટિજીવ પરક લેવું?

ગો.શ્રીશ્યામમનોહરજી : એવું જરૂરી નથી. કોઈક ટીકાકાર એવો અર્થ લેતા હોય તો લઈ શકે છે પરન્તુ કમ્પલસરી નથી. કેમકે અહીં તો સમગ્રની વાત આવી રહી છે. જનરલ વાત છે. આના જ રેફરન્સમાં આગળ જઈને એમ કહેવામાં આવશે કે "યેષાં તારતમ્યં નાસ્તિ તે હિ દ્વિધા" "સ હિ દ્વિધા" તો નથી.

વિદ્યાર્થી: "તારતમ્યં ન" ... તારતમ્ય નથી તો બધા જીવોમાં તારતમ્ય નથી એવો અર્થ નહિ થાય?

ગો.શ્રીશ્યામમનોહરજી : એક વાત સમજો કે સ્વરૂપાઙ્ગ-ક્રિયાયુત સર્ગ ભિન્ન-ભિન્ન છે ક્કઆ એક પ્રતિજ્ઞા છે. અને તે ભિન્ન-ભિન્ન કયા અર્થમાં છે તે અર્થ શ્રીમહાપ્રભુજી અહીં સમજાવી રહ્યા છે કે "તથાપિ યાવતા કાર્યં તાવત્ તસ્ય કરોતિહિ" ભેદ એ અર્થમાં નથી કે ટોટલી અલગ હોયે. પરન્તુ જેનાથી જેટલું ભિન્ન કાર્ય લેવું છે તેટલો તે ભિન્ન હશે. આ વાત ફલબલાનુમેય છે, સ્વરૂપાવગતિબોધ્ય નથી.

વિદ્યાર્થી: વિદ્વન્મણ્ડનમાં શ્રીપ્રભુચરણ એવું નિરૂપણ કરે છે કે પ્રભુ જ્યારે આત્મરમણ કરે છે ત્યારે બધા જીવોનો વિલય થઈ જાય છે. લયાવસ્થામાં પણ જીવોનો ભેદ તો રહે જ છે. એટલે કે પુષ્ટિજીવ પુષ્ટિજીવ તરીકે જ રહે છે, મર્યાદાજીવ મર્યાદા તરીકે જ રહે છે અને પ્રવાહી જીવ પ્રવાહી જીવ તરીકે જ રહે છે. તો આ વાત કેમ ઉપપન્ન થશે?

ગો.શ્રીશ્યામમનોહરજી : આ વાત વરણની નિત્યતાના પ્રમાણમાં કહેવામાં આવી છે. ત્યાં શ્રીગુસાંઈજી આજ્ઞા કરે છે કે "અઙ્ગીકૃતિશ્ચ નિત્યા" અઙ્ગીકૃતિ નિત્ય છે એનો અર્થ એમ નથી થતો કે તેને કારણે જીવમાં કોઈ જાતનું તારતમ્ય આવી જાય છે. એ તારતમ્ય અઙ્ગીકૃતિના અર્થમાં છે. ગઈ કાલે આપણી ચર્ચામાં આપણે જોયું હતું કે ભેદ આકૃતિવ્યઙ્ગ્ય શક્તિસઙ્કોચ છે. બાકી સ્વરૂપમાં કોઈ તારતમ્ય નથી.

એક દાખલો આપુ છું. નિબન્ધમાં શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે "આનન્દમાત્ર-કર-પાદ-મુખોદરાદિ, સર્વત્ર ચ ત્રિવિધ-ભેદ-વિર્વાર્જિતાત્મા" પ્રભુના શ્રીમુખ, શ્રીહસ્ત કે ચરણો બધા જ આનન્દ માત્ર છે. એમાં આપણે કોઈ પણ પ્રકારનું તારતમ્ય નથી માનતા. એમાં પ્રમાણ જુઓ કે ઠાકોરજીની બંસીની આપણે કોઈક સંજોગોમાં સેવા કરી શકીએ છીએ. કોઈક સંજોગોમાં ઠાકોરજીના મોજાજીને પણ આપણે ભોગ ધરીએ છીએ. ઠાકોરજીના પ્રસાદી અઙ્ગરાગની પણ સેવા થઈ શકે છે. શા માટે થઈ શકે? કેમકે પ્રભુમાં એવો ભેદ નથી કે પ્રભુનું ચરણ મુખનું કાર્ય ન કરી ... તેથી જ આપણે શ્રીમહાપ્રભુજીને જ્યારે ઠાકોરજીના મુખનો અવતાર કહેતા હોઈએ છીએ ત્યારે ત્યાં ખાલી મુખ જ છે અને શ્રીમહાપ્રભુજીનું ધડ નથી

એવું આપણે નથી કહેવા માગતા. કારણ કે પ્રભુ "આનન્દમાત્ર-કરપાદમુખોદરાદિ, સર્વત્ર ચ ત્રિવિધભેદવિવર્જિતાત્મા" છે. હવે આ વાત જો પાકી છે તો પછી ઠાકોરજીના ચરણસ્પર્શ ચરણોમાં જ શા માટે કરવા જોઈએ? મસ્તક ઉપર આપણે કેમ નથી કરતા? મુદ્દો ખ્યાલમાં આવ્યો ને! કેમકે ઠાકોરજીના મોજાજીની સેવા આપણે પધરાવી હોય તો મોજાજીને આપણે કંઠાભરણ ધરાવી શકીએ, ટોપી ધરાવી શકીએ, મોજાજીના ચરણમાં તુલસી સમર્પીશકીએ. જેમ ગિરીરાજજી જેમને ત્યાં સેવામાં બિરાજતા હોય છે તેમાનાં ઘણા લોકો ગિરિરાજજીને શણગાર ધરાવતા હોય છે. ગિરિરાજજીના સ્વરૂપમાં મસ્તકના દર્શન તો થતા નથી. પરન્તુ જ્યાં તમે મુકુટ ધરાવો તે ગિરિરાજજીનું મસ્તક થઈ ગયું. જ્યાં નૂપુર ધરાવો તે ચરણ. જ્યાં કંઠસરી ધરાવી તે ગિરિરાજજીનો કંઠ. શૃંગાર વડા કરી લ્યો તે પછી કશું દર્શન થાય છે? નથી થતા. આમ છતાં આપણે સેવા કરતી વખતે પ્રભુના ગમે તે અઙ્ગમાં ગમે તે અઙ્ગનો વ્યવહાર નથી કરતા. તો પ્રભુ આનન્દમાત્રકરપાદમુખોદરાદિ હોવા છતાં આપણો અભિગમ શું છે? "તારતમ્યં ન સ્વરૂપે દેહે વા તત્ક્રિયાસુ વા, તથાપિ યાવતા કાર્યં તાવત્ તસ્ય કરોતિ હિ" જે વખતે આપણને મુકુટ ધરાવવું હોય તો ગિરિરાજજીને શ્રીમસ્તક પણ છે, નૂપુર ધરાવવા હોય તો ગિરિરાજજીને ચરણ પણ છે, ભોગ ધરાવવો હોય તો કોઈને એમ થાય કે આરોગશે કેવી રીતે, મુખતો છે જ નહિ! પણ એ પ્રશ્ન આપણને કેમ નથી થતો? કારણ કે "યાવતા કાર્યં તાવત્ તસ્ય કરોતિ હિ" તેથી જ ઉપનિષદ્માં કહ્યું છે કે "અપાણિપાદો જવનો ગ્રહીતા, પશ્યત્યચક્ષુ: સ શૃણોત્યકર્ણ:" બ્રહ્મ પગ વિના ચાલે છે, હાથ વિના પકડે છે, આંખ વિના જોઈ શકે છે, કાન વિના સંભળી શકે છે. પરમાત્મા એવો સમર્થ છે. આનું તાત્પર્ય એ છે કે પરમાત્માને કાન નથી તેથી સાંભળી નથી શકતો એવું નથી. સાંભળવામાટે એને આપણા જેવા કાનની આવશ્યકતા નથી. એ સાંભળી રહ્યો છે તે જ એના કાન છે. જોવામાટે એને આંખ નથી હોતી, એ જુએ છે તે જ તેની આંખો છે. ચાલાવામાટે પગ નથી હોતા, ચાલી શકે છે તે જ તેના પગ છે. તેથી પરમાત્માને જ્યારે દર્શન આપવા હોય ત્યારે આપે, દર્શન ન આપવા હોય ત્યારે ન આપે. આ સિદ્ધાન્ત છે. દા.ત. અમીબા નામના પ્રાણીમાં એ સામર્થ્ય રહેલી છે કે એને મુખ નથી હોતું છતાં એ ખાઈ શકે છે, પગ નથી હોતા તોય ચાલી શકે છે. લીલ-શેવાળ પાણીમાં તરી શકે છે, પણ એને હાથ-પગ વગેરે કશું હોતું નથી. એને આંખ નથી હોતી છતાંય શેવાળ જોઈ શકે છે. વૃક્ષોને ક્યાં આંખો હોય છે? પણ પ્રકાશ કઈ તરફથી આવે છે તે વૃક્ષ જોઈ શકે છે. આપણને જોવા માટે ડોળા જેવી આંખો છે. પણ આ બધા પ્રાણીઓને તો દેખાય છે તે જ એમની આંખો છે. તો નાના જીવોમાં પણ "અપાણિપાદો જવનો ગ્રહીતા" સામર્થ્ય રહેલું છે.

વિદ્યાર્થી: તે સ્થિતિમાં અહીં જે તારતમ્યની વાત કરવામાં આવી રહી છે તે કેવલ વરણભેદના તાત્પર્યથી જ છે કે કોઈક જાતનું કોંક્રીટ વિભાજન છે?

ગો.શ્રીશ્યામમનોહરજી : વરણભેદના તાત્પર્યમાં જ છે, કોંક્રીટ વિભાજન નથી. કેમકે "આનન્દમાત્રકરપાદમુખોદરાદિ, સર્વત્ર ચ ત્રિવિધભેદવિવર્જિતાત્મા" એ જેમ સ્વરૂપમાં કહેવામાં આવેલી વાત છે તેમ "સચ્ચિદાન્દમાત્ર-કરપાદ-મુખોદરાદિ સર્વત્ર ચ

ત્રિવિધભેદવિવર્જિતાત્મા. ‘સર્વત્ર’ નામ પુષ્ટિ-પ્રવાહ-મર્યાદાસુ ત્રિવિધભેદવિવર્જિતાત્મા” એવો અર્થ આપણને સમજવો પડશે.

વિદ્યાર્થી: આમાં નિત્યતાનો સિદ્ધાન્ત ખણ્ડિત નહિ થાય?

ગો.શ્રીશ્યામમનોહરજી : નહિ થાય. કેમ ખણ્ડિત થશે? પ્રભુનું શ્રીઅઙ્ગ નિત્ય છે કે નહિ? નિત્ય હોવા છતાં ક્યાંક તે જ શ્રીઅઙ્ગ કર તરીકે ક્યાંક મુખ તરીકે ક્યાંક કર્ણ તરીકે કાર્ય કરે જ છે ને! જેમ ગોપીજનોને આપણે શ્રુતિરૂપા માનીએ છીએ. શ્રુતિ તો વચન છે. તેથી સમજવાનું એ છે કે "તથાપિ યાવતા કાર્યં તાવત્ તસ્ય કરોતિ હિ” આ પ્રકારની ઈયત્તાનું વિભાજન કે આ કામ આ જ કરી શકે, એ ન કરી શકે આવા વિભાજનો સામાન્ય રીતે સ્થૂળ અવસ્થામાં પ્રકટ થતા હોય છે. આને બાયોલોજીમાં એનાબોલિક્ અને કેટાબોલિક્ કહેવામાં આવે છે. આવા વિભાજનો સૂક્ષ્મ અવસ્થામાં હોતા નથી. તે અવસ્થામાં બધા કામો તે પોતે જ કરતો હોય છે. પણ જ્યારે તે સ્થૂળ થવા લાગે છે ત્યારે કાર્યો-અઙ્ગોનું વિભાજન થતું જતું હોય છે. તે પછી એક સ્થિતિ એવી આવતી હોય છે કે ... જેમ એક સામાન્ય દાખલો સમજો કે આપણા હાથની ચામડી પગ કરતાં પાતળી હોય છે. હાથની ચામડીમાં જેટલું સારું સેન્સેશન્ હોય છે તેટલું પગના તળીયાની ચામડીમાં નથી હોતું. અને આંખની ચામડી હાથ કરતાં ટેન ટાઈમ સેંસિટિવ હોય છે. આંખમાં બારીક કાંકરી પણ પડી જાય તોય પીડા થાય. પણ તમે જો ધ્યાન આપ્યું હોય તો આટલી બધી સેંસિટિવ્ હોવા છતાં આંખોને કદિ ઠંડી નથી લાગતી હોતી. તેથી જે અઙ્ગથી આપણે જેવું કામ લઈએ તેના અનુસાર તેમાં જરૂરી તારતમ્ય પ્રકટ થઈ જતું હોય છે: "તથાપિ યાવતા કાર્યં તાવત્ તસ્ય કરોતિ હિ”

આપણા શરીરમાં વાળ લગભગ જડ જેવું અઙ્ગ છે. વાળને કાતરથી કાપો તો પણ પીડા થતી નથી. આમ છતાં શરીરના ચયાપચયના મુખ્ય સિદ્ધાન્ત ને વાળ પણ પાળતા હોય છે. એનું પ્રમાણ થડા સમય પહેલા વૈજ્ઞાનિકોએ નેપોલિયનના વાળના કરેલા પરીક્ષણ ઉપરથી મળે છે. વૈજ્ઞાનિકોએ તેના વાળનું પરીક્ષણ કરીને સાબિત કરી બતાવ્યું કે નેપોલિયનને જેલમાં અંડ્ગ્રેજો સંખિયાનું ઝેર આપતા હતા. તેને કારણે તેનું મૃત્યુ થયું. સંખિયાના અંશો તેના વાળમાંથી મળી આવ્યા હતા. તો વિચારો કે આપળા વાળ પણ કેટલા કેરફુલ હોય છે કે શરીરમાં જે પદાર્થ આવે છે તેને તેઓ પોતાનામાં સ્ટોર કરતા હોય છે. આમ જુઓ તો વાળ જડ જેવા હોય છે. કેમકે વાળથી શરીરને એવુંજ કામ લેવું છે. તેથી "તથાપિ યાવતા કાર્યં તાવત્ તસ્ય કરોતિ હિ”

પગની ચામડીમાં કાંકરા-પથ્થર વાગે તો પીડા ન થાય. તેને નખની માફક કેટલીક હદ સુધી કાપી પણ શકો છો. આમ છતાં તે ચામડી તો છે જ. એવું નથી કે એ સાવ જડ જ હોય.

તેથી શરીરમાં જડતા અને ચેતનતા નો પ્રભેદ દરેક સ્થળે એવો જ છે કે "યાવતા કાર્યં તાવત્ તસ્ય કરોતિ હિ” જે અઙ્ગથી જેટલું કામ લેવાનું છે એટલું કામ કરવાની યોગ્યતા એ અઙ્ગ

કેળવી લે છે. તેથી તેટલું કામ તે અઙ્ગથી આપણે લઈ શકીએ છીએ.

આ બાબતમાં એક રસપ્રદ દાખલો તમને આપુ છું. ગાયના મોઢા ઉપર માખી બેસે તો તે પોતાના કાનથી ઉડાવી શકે છે. ગાયના હાથ કેમકે ઉપર સુધી પહોંચતા નથી હતો. આપણે કાનથી માખીને ઉડાડી શકીએ? કાનથી આપણે એવું કામ લેતા નથી તેથી આપણા કાન તે કામ કરવા સમર્થ નથી. "યાવતા કાર્યં તાવત્ તસ્ય કરોતિ હિ" પણ ધારોકે આપણે આપણા કાન પાસેથી એ કામ લેવાનું શરુકરીએ તો કેટલીક પેઢીઓ આપણું શરીર આપણા કાનને એવા બનાવી દઈ શકે છે. મુંબઈમાં મારા એક ઓળખીતા ભાઈ છે એ રીતસર ગાયની માફક પોતાના કાનને હલાવીને દેખાડી શકે છે. તો જે કામ આપણે જે અઙ્ગથી લેવા માગતા હોઈએ તેટલું કામ તે અઙ્ગ કરી શકે છે, બાકી કામ નથી કરી શકતું.

વિદ્યાર્થી: તારતમ્યને જો આપણે વરણપ્રયુક્ત માનતા હોઈએ તો ભગવાન્ વરણ તો જીવનું કરતા હોય છે. તો પછી દેહ-ક્રિયા વગેરેમાં તારતમ્ય કેમ આવશે?

ગો.શ્રીશ્યામમનોહરજી : જીવની માફક દેહનું પણ ભગવત્સેવાર્થ વરણ હોય છે. પુષ્ટિજીવ હોવા છતાં ક્યારેક ભગવાનને તેના પાસેથી પોતાની સેવા કરાવવાની ઇચ્છા ન હોય તો તે સમયે પ્રભુ તેના દેહનું તેવું વરણ નથી કરતા હોતા (વૃત્રાસુરની માફક). ક્યારેક તેના દેહથી સેવા લેવી છે પરન્તુ ક્રિયાઓ સેવા જેવી નથી હોવા દેવી. તો વરણ દરેક બાબતમાં છે જ.

વિદ્યાર્થી: એવું સમ્ભવી શકે કે એક જ વ્યક્તિના જીવ-દેહ-ક્રિયામાં જીવ પુષ્ટિમાર્ગીય હોય, દેહ અન્યમાર્ગીય હોય અને ક્રિયા પણ અન્યમાર્ગીય હોય?

ગો.શ્રીશ્યામમનોહરજી : મૂલ સિદ્ધાન્ત સમજો કે "તથાપિ યાવતા કાર્યં તાવત્ તસ્ય કરોતિ હિ" કોઈકનો દેહ પુષ્ટિમાર્ગીપણ હોય તો પણ તેનાથી કામ પ્રવાહમાર્ગનું લઈ શકાય છે. જીવ પુષ્ટિમાર્ગીપણ હોય છતાં તેનાથી કામ પ્રવાહમાર્ગનું લઈ શકાય છે. એટલે જ તો કૃષ્ણદાસ કહે છે "કૃષ્ણદાસ સુરતેં અસુર ભયે, અસુરતેં સુર ભયે" એકદમ એ જ પ્રમાણે. તેમનો જીવ પુષ્ટિમાર્ગીછે પણ કામ તેમણે આસુરી કર્યું હતું. પાછું ઠાકોરજી તેમને દર્શન આપતા. કેમકે પુષ્ટિજીવ તરીકે એમનો અઙ્ગીકાર કર્યો છે. તો વાત એ જ છે : "યાવતા કાર્યં ..." જેનાથી જે કામ લેવું હોય તેનાથી તે કામ પ્રભુ લઈ શકે છે. એટલે કાર્યની કોઈ નિયતિ નથી કે કોનાથી કયું કામ પ્રભુ લેશે.

એક વાત સમજો કે રાવણ-કંસ-શિશુપાલ એ બધા અન્તે કોણ હતા? શું રાક્ષશો હતા? ના. નિત્યલીલામાં વ્યાપિવૈકુંઠમાં પ્રભુના પાર્ષદો હતા. પરન્તુ એમનાથી એવું કાર્ય લેવું હતું તો પ્રભુએ લીધું. એવું કાર્ય ન લઈ શકાય એવું નથી. તેથી "યાવતા કાર્યં તાવત્ તસ્ય કરોતિ હિ" એ અર્થમાં ભેદ છે.

હવે બહુ ડેલિકેટ્ ઈશ્યુ આવી રહ્યો છે. આપણી સિનોપ્સિસ પ્રમાણે જોઈએ તો પુષ્ટિસર્ગના અન્તર્ગત રહેલા પાર્થક્યને વર્ણવી રહ્યા છે. એટલે સર્ગમાં પણ સર્ગ અને તેમાં રહેલો જે અવાન્તર સર્ગ તેનું હવે વર્ણન કરી રહ્યા છે.

તે હિ દ્વિધા શુદ્ધમિશ્ર-ભેદાન્ મિશ્રાસ્ત્રિધા પુન:॥14॥

પ્રવાહાદિ-વિભેદેન ભગવત્કાર્ય-સિદ્ધયે॥
તે=તેઓ, હિ=ચોક્કસ
શુદ્ધ-મિશ્રભેદાત્=શુદ્ધ અને
મિશ્ર ના ભેદથી
દ્વિધા=બે પ્રકારના
પુન:=અને ફરી
ભગવત્કાર્યસિદ્ધયે=ભગવત્કાર્યની સિદ્ધિમાટે
પ્રવાહાદિવિભેદેન=પ્રવાહ વગેરેના
ભેદવડે, મિશ્રા:=મિશ્ર
ત્રિધા=ત્રણ પ્રકારના,(સન્તિ=છે)

પુષ્ટિસર્ગના મુખ્ય રીતે બે પ્રભેદ હોય છે : શુદ્ધપુષ્ટિ અને મિશ્રપુષ્ટિ. મિશ્રપુષ્ટિના ફરી ત્રણ પ્રકાર હોય છે : પુષ્ટિપુષ્ટિ, મર્યાદાપુષ્ટિ અને પ્રવાહપુષ્ટિ. આવા પ્રભેદ કેમ કરવામાં આવ્યા છે? સમાધાન કહે છે કે "ભગવત્કાર્યસિદ્ધયે પુષ્ટ્યા વિમિશ્રા:" પ્રભુનું કાર્ય કરવામાટે.

આનો અન્વય કરતી વખતે 'ભગવત્કાર્યસિદ્ધયે' બધામાં જોડવું. એટલે કે ભગવત્કાર્યસિદ્ધયે પુષ્ટ્યા વિમિશ્રા: સર્વજ્ઞા:, ભગવત્કાર્યસિદ્ધયે પ્રવાહેણ વિમિશ્રા: ક્રિયારતા:, ભગવત્કાર્યસિદ્ધયે મર્યાદયા વિમિશ્રા: ગુણજ્ઞા:. પ્રેમ્ણા શુદ્ધા: તે અતિદુર્લભા:. એવં તેષાં સર્ગસ્તુ નિરૂપિત:. આ પ્રમાણે અન્વય કરવો.

કોઈક પુષ્ટિજીવનો પુષ્ટિ ભાવથી ગુણાકાર થાય છે. કોઈક પુષ્ટિજીવનો મર્યાદા ભાવથી ગુણાકાર થાય છે. અને કોઈકનો પ્રવાહ ભાવથી ગુણાકાર થાય છે. શુદ્ધ પુષ્ટિ જીવની વાત

હાલ પુરતી બાજુપર રાખો. જે પુષ્ટિજીવનો પુષ્ટિના ભાવથી ગુણાકાર થાય છે તે કાયિક, વાચિક અને માનસિક ત્રણે રૂપે પ્રભુમાં ઈન્વોલ્વ થઈ જાય છે. જે પુષ્ટિજીવ મર્યાદા ભાવથી મિશ્રિત થાય છે તે માનસિક અને વાચિક રૂપે પ્રભુમાં ઇન્વોલ્વ થઈ શકે છે પણ કાયિક રૂપે નથી થઈ શકતો. જે પુષ્ટિજીવ પ્રવાહ ભાવથી મિશ્રિત થાય છે તે કાયિક રૂપે પ્રભુમાં ઇન્વોલ્વ થઈ શકે છે પણ માનસિક અને વાચિક રૂપે નથી થઈ શકતો.

પુષ્ટ્યા વિમિશ્રા: સર્વજ્ઞા: પ્રવાહેણ ક્રિયારતા:॥15॥

મર્યાદયા ગુણજ્ઞાસ્તે શુદ્ધા: પ્રેમ્ણાતિદુર્લભા:॥
એવં સર્ગસ્તુ તેષાં હિ ... ...॥

પુષ્ટ્યા=પુષ્ટિવડે
વિમિશ્રા:=વિમિશ્ર
સર્વજ્ઞા:=બધું જાણનારા
(ભવન્તિ=હોય છે)
પ્રવાહેણ=પ્રવાહથી
વિમિશ્રા:=વિમિશ્ર
ક્રિયારતા:=ક્રિયા પરાયણ
(ભવન્તિ=હોય છે) મર્યાદયા=મર્યાદાથી
(વિમિશ્રા:=વિમિશ્ર)
ગુણજ્ઞા:=ગુણોને જાણવાવાળા
(ભવન્તિ=હોય છે)
(કિઞ્ચ=અને),પ્રેમ્ણા=પ્રેમથી
શુદ્ધા:=શુદ્ધ, તે=તેઓ
અતિદુર્લભા:=અત્યન્ત દુર્લભ
(ભવન્તિ=હોય છે)

આ જ વાતને શ્રીમહાપ્રભુજી સમજાવી રહ્યા છે કે "પુષ્ટ્યા વિમિશ્રા: સર્વજ્ઞા:" પુષ્ટિભાવથી મિશ્રિત પુષ્ટિજીવો સર્વજ્ઞ હોય છે. 'સર્વજ્ઞ' એટલે કાયિક, વાચિક અને માનસિક ત્રણે રીતે; બીજા શબ્દોમાં કહીએ તો કૃતિ, મતિ અને રતિ આમ ત્રણેય પક્ષો જેમના ભગવત્પરાયણ થઈ ગયા હોય તે.

મર્યાદા ભાવથી મિશ્રિત પુષ્ટિજીવની કૃતિને ભગવત્પરાયણ કરવાનું કહીએ તો એ એને ન ફાવે. એની મતિ અને રતિ ભગવત્પરાયણ થઈ જાય. તે ગુણજ્ઞ હોય છે એટલે બધું જાણી શકે છે કે ભગવાનનું માહાત્મ્ય શું છે, ભગવન્નામ શું છે.

પ્રવાહી ભાવથી મિશ્રિત પુષ્ટિજીવને પ્રભુસમ્બન્ધિ કોઈ પણ કામ કરવાનું કહો તો બધું કરી દે પણ એને કહો કે તું થોડુંક ધ્યાન ધર તો એને એમાં મજા ન આવે. આવો જીવ કામ પણ પાછું એ જ કરે કે જે પુષ્ટિજીવે કરવું જોઈએ. પણ એને એમ કહો કે પ્રભુમાં તુ પ્રેમ પ્રકટ કર. તે એ ન કરી શકે. પ્રેમ પ્રકટ થતાં પ્રભુ સાથે જે રીતે વરતવામાં આવે તે રીતે વરતી શકે. તે રીતે પ્રભુને તું જાણ એમ કહીએ તો જાણવાની મથામણમાં એમને મજા ન આવે. એ કેવળ ક્રિયારત રહી શકે.

"શુદ્ધા: પ્રેમ્ણાતિદુર્લભા:" હવે રહી વાત શુદ્ધની. શુદ્ધ એટલે કે જેમને પ્રભુને જાણીને અથવા પ્રભુ સમ્બન્ધિ કોઈ કાર્ય કરીને પ્રભુમાં તત્પરતા કે તન્મયતા કેળવાઈ હોય એવા નહિ. પણ આવું કંઈ પણ કર્યા વિના જ જેઓ પ્રભુમાં તન્મય થઈ ગયા હોય તે શુદ્ધ.

જો આપણી કૃતિ-રતિ-મતિને પ્રેરીએ અને પછી આપણામાં પ્રભુ તન્મયતા આવે તો આપણો ભાવ પુષ્ટિપુષ્ટિનો સમજી શકાય.

આપણે આપણી બુદ્ધિને પ્રભુની બાબતમાં વાપરીએ અને પછી બુદ્ધિમાં એવો વિચાર અને વિશ્વાસ જાગે કે પ્રભુ સિવાય મારું કોઈ નથી અને તેમ છતાંય આપણામાં પ્રભુપ્રત્યે રતિ અને કૃતિ નો સરખો પ્રાદુર્ભાવ ન થતો હોય તો આપણે મર્યાદાપુષ્ટિ.

પ્રભુ સમ્બન્ધિ બહુ સમજી ન શકાતું હોય, પ્રભુને ખુબ ચાહી પણ ન શક્તા હોઈએ તેમ છતાં પ્રભુ સમ્બન્ધિ બધી ક્રિયાઓ કરવાનું ફાવે તો આપણે પ્રવાહપુષ્ટિ.

તેથી ફરીથી સમજો કે ઉપરોક્ત વિવિધ ઉપાયો કરવાથી પ્રભુમાં પ્રેમ-આસક્તિ-વ્યસનના સોપાનો રૂપે જો તત્પરતા કેળવાય તો મિશ્રપુષ્ટિ જીવ અને કોઈ પણ ઉપાય, માધ્યમ કે સાધન વિના કેળવાય તો એકદમ શુદ્ધ પુષ્ટિ થઈ ગઈ. કેમ? એને શુદ્ધ શા માટે કહેવાય છે? કેમકે શુદ્ધપુષ્ટિના કેસમાં પ્રભુ તમારા તરફ દોડીને આવી રહ્યા છે. તમે પ્રભુની તરફ દોડો તેવો અવકાશ જ પ્રભુએ તમને નથી આપ્યો. તમે દોડીને પુષ્ટિમાર્ગ ઉપર પ્રભુ તરફ જાઓ એના પહેલા જ એ તમારા તરફ દોડીને આવી ગયા તેથી તમે શુદ્ધ થઈ ગયા. પ્રભુ તમારા તરફ દોડીને આવ્યા, હવે એ તમને કૃતિથી પકડે છે, મતિથી પકડે છે કે રતિથી પકડે છે પણ જે રીતે પકડીને તમને ... તમે કાંઈ પણ શરૂ કરો, એક પગલું મૂકો એના પહેલા જ એ તમારી તરફ દોડીને આવે તો એ શુદ્ધપુષ્ટિનું ઉદાહરણ છે. અને જો તમે એના તરફ પગલું મૂકીને આગળ વધો અને મળો તો મિશ્રપુષ્ટિનું ઉદાહરણ.

વિદ્યાર્થી: ભક્તિના લક્ષણમાં એમ બતાવ્યું છે કે "માહાત્મ્યજ્ઞાનપૂર્વસ્તુ સુદૃઢ: સર્વતોઽધિક: સ્નેહો ભક્તિ:" પ્રભુના માહાત્મ્યજ્ઞાન પૂર્વક સુદૃઢ અને સર્વતોધિક સ્નેહ પ્રભુમાં હોય ત્યારે ભક્તિ થઈ કહેવાય. તો પછી ભક્તિનું આ લક્ષણ શુદ્ધપુષ્ટિભક્ત ઉપર કેમ લાગુ થશે?

ગો.શ્રીશ્યામમનોહરજી : આમાં એક વાત સમજ કે સુદૃઢ સ્નેહ પ્રકટ થઈ ગયા પછી જો માહાત્મ્યજ્ઞાન આવે તો એ પ્રમેયબલ કહેવાશે. અને માહાત્મ્યજ્ઞાન પૂર્વક સુદૃઢ સ્નેહ થયો તો પ્રમાણબલ કહેવાશે. તેથી જે શુદ્ધ છે તે ઓલ્વેઝ પ્રમેયબલનું ઉદાહરણ છે. એટલે કે પોતાના તરફ તમને આગળ વધવાનો પ્રભુએ સ્કોપ જ ન આપ્યો. તેમને તે પહેલા પકડી લીધા. એટલે સંતાકુકડીની આ કોઈક એવી રમત છે કે જેમાં તમે સંતાયા છો અને પ્રભુ તમને શોધીને પકડી પાડે છે. દા.ત. સૂરદાસજી, રસખાનજી વગેરે. વાર્તા વાંચશો તો તમને એમ જ લાગશે કે જાણે શ્રીમહાપ્રભુજી-શ્રીગુસાંઈજી એમને શોધતા હોય. વાર્તા વાંચશો તો એમાં આવે છે કે

કોઈક વૈષ્ણવ શ્રીમહાપ્રભુજી પાસે આવે છે અને શ્રીમહાપ્રભુજી જાણે એમની ક્યારથી વાટ જ જોતા હોય તેમ એમને કહે છે કે "કેમ તમે આવી ગયા?" શ્રીમહાપ્રભુજીએ ત્યાં એવું પ્રકટ નથી કર્યું કે હું તમને શોધી રહ્યો છું પણ વાટ જોઈને તો બેઠા હતાજ ને! અને વિષ્ણુદાસ છીપાની વાર્તા યાદ કરો. એમને તો શ્રીમહાપ્રભુજીએ જાણે પરાણે ખેંચી લીધા હોય તેવું જણાય છે. રસખાનજીની સાથે પણ એમ જ થયું હતું. એ કંઈ શ્રીકૃષ્ણના ભક્ત ન હતા. એને પણ પરાણે ખેંચી લીધો હતો. તો જ્યારે પ્રભુ તરફથી ખેંચતાણ થાય છે તો શુદ્ધ સમજવું. એ ભક્તને પછીથી ક્યારેક પ્રભુના માહાત્મ્યનું જ્ઞાન પણ થઈ જશે. ભક્ત તો પ્રભુ બનાવી દેશે. પણ જ્ઞાન પૂર્વક જ બનાવવો એવો અભિગમ શુદ્ધ પુષ્ટિજીવની બાબતમાં પ્રભુનો નહિ હોય. આ પ્રમેયબલના ઉદાહરણો છે.

મિશ્રપુષ્ટિ જીવો પ્રમાણબલના ઉદાહરણો હોય છે. તેથી આપણે જ્યારે કંઈ પણ કરીશું ત્યારે શ્રીમહાપ્રભુજી કાળજી લેતાં આજ્ઞા કરશે કે તમે ખોટી ધાંધલ ન કરો. તમને જો ભક્તિની બાબત સમજમાં ન આવતી હોય તો પહેલા ક્રિયા કરો, બરાબર સમજો. સમજ્યા પછી તેને ચાહો. એટલે, ચાહવાની ક્રિયા કરો. ચાહવાની ક્રિયા કરીને એને સમજો. અને સમજ્યા પછી એને ચાહો.
વિદ્યાર્થી: તો પછી ભક્તિની પરિભાષા "માહાત્મ્યજ્ઞાનપૂર્વસ્તુ ..." એમ શા માટે આપી?

ગો.શ્રીશ્યામમનોહરજી : એ ભક્તિની પરિભાષા છે, ભક્તની પરિભાષા નથી. હવે એક વાત સમજ જો આમાંથી જ તને ખબર પડી જશે. તે સારી વાત મેન્શન કરી કે સુદૃઢ સર્વતોધિક પ્રેમ હોય તો ભક્તિ કહેવાય. તને-મને પ્રભુ પ્રત્યે સુદૃઢ સર્વતોધિક સ્નેહ છે? સ્નેહ તો હશે પણ સુદૃઢ સર્વતોધિક સ્નેહ છે? તો શું આપણે પ્રભુના ભક્ત નહિ? ભક્તતો ખરાને! આપણે જાણીએ છીએ કે પ્રભુ આપણા ભજનીય છે અને આપણે પ્રભુને ચાહીએ છીએ. તો બસ થઈ ગયું, ભક્ત તો છીએ જ. પણ આપણી ભક્તિની સુદૃઢતા કોઈક થર્મોમીટરથી માપવા જશે તો કદાચ આપણો ફજેતો થઈ જશે. આપણી ભક્તિની સર્વતોધિકતા કોઈક માપવા જશે તો પણ આપણો ફજેતો થઈ જશે. પણ પ્રભુ બાબતની આપણી સમજ અને પ્રભુ બાબતની આપણી ચાહનાને કોઈ માપે તો એમાં કંઈ આપણે નાપાસ થઈએ એવું મને નથી દેખાતું. પાસ તો થશું. એટલે એક વાત સમજ કે એવરેસ્ટની છવીસ હજાર ફીટ ઊંચો કહેવાય છે. પણ એની એ ઊંચાઈ એની ટોચની છે. એની તળેટી કાંઈ છવીસ હજાર ફુટ ઊંચેથી શરુનથી થતી. એ કદાચ સમુદ્રની સપાટીથી ચાર-પાંચ હજાર ફીટથી જ શરુથઈ જતી હશે. તો સમજો કે આપણે ભક્તિની પરિભાષા પ્રમાણે કદાચ સુદૃઢ અને સર્વતોધિક સ્નેહ વાળા નહિ હોઈએ, તળેટીની કક્ષા ઉપર હોઈશું, પણ છીએ તો ભક્તિના માર્ગ ઊપર જ. આ વાત કદિ ભૂલતા નહિ. કોઈ આપણને એમ કહે કે તમે ટોચ ઊપર નથી તો એવરેસ્ટ ઉપર નથી. એમ કેમ કહી શકે? એવરેસ્ટની પણ કંઈ તળેટી તો હોય ને? એમ સમજી લો કે આપણે બધા (મિશ્રપુષ્ટિજીવો) એવરેસ્ટની તળેટી છીએ. પેલા બધા (શુદ્ધપુષ્ટિજીવો) શિખરો છે. શિખરની સરખામણીમાં તળેટી મોટી જ હોય છે. સૈનિકો કેટલા બધા હોય ત્યારે એક કમાન્ડર થાય. એમ આપણે બધા પુષ્ટિની સેનાના સૈનિકો છીએ એવું સમજો. કમાન્ડરો

ભલે જુદા છે. કમાન્ડરોના વસ્ત્રો ઊપર લાગેલા સર્વજ્ઞતા કે શુદ્ધતાના ચંદ્રકો આપણા ઊપર નહિ હોય કે આમની પ્રભુમાં કૃતિ પણ ઉત્કૃષ્ટ છે. એમની મતિ પણ પ્રભુમાં સુદૃઢ-સર્વતોધિક છે. અને એમની રતિ પણ પ્રભુમાં સુદૃઢ-સર્વતોધિક છે. એવા ચંદ્રક અત્યારે ક્યાંથી મળે? પણ કંઈક કૃતિ છે, કંઈક રતિ છે, કાંઈક મતિ છે. તો બસ, કામ ચાલુ થઈ ગયો. આપણે એવરેસ્ટની ખીણમાં પહોંચી ગયા. હાઈટ નથી મળી. એ તો દરેક ઠેકાણે એવું જ હોય છે.

એક વાત સમજો કે જે પ્રવાહી જીવ હશે એ શું રાક્ષસ જ હશે? એવું કંઈ જરૂરી નથી. પ્રવાહીજીવ પણ બિચારો સારો હોઈ શકે છે. પણ પ્રવાહની સપાટી ઉપર જે હશે એ સારો હશે. પણ પ્રવાહના સાવ ખાડામાં પડેલો હશે તો તે ચોક્કસ ગિલિન્ડર બદમાશ હશે. તેમ મર્યાદાની ટોચ ઊપર પહોંચેલો જીવ તળેટીમાં રહેલા પુષ્ટિજીવ કરતાં સારો હોઈ શકે છે. પણ તેથી શું થયું? જો આપણે પુષ્ટિને એવરેસ્ટ માનીએ તો મર્યાદાજીવ જે પર્વતની ટોચ ઉપર હશે એ પર્વત એવરેસ્ટ નહિ હોય, એ કદાચ કાંચનજંઘા, મચ્છપુચ્છ કે બીજો કોઈ હોઈ શકે. એવરેસ્ટ નથી. ઊંચાઈની દૃષ્ટિથી કદાચ કોઈક મર્યાદા જીવ પુષ્ટિજીવ કરતાં ભલે વધુ ઊંચો હોય. પુષ્ટિજીવ એની સરખામણીમાં એના પર્વતની બિલકુલ તળેટીમાં હોય. પરન્તુ પુષ્ટિજીવ જ્યારે પણ પોતાના લક્ષ્યને પામશે ત્યારે તેની ઊંચાઈ 26,000 ફીટ હશે.

વિદ્યાર્થી: પુષ્ટિજીવે એવરેસ્ટ ઊપર પોતે ચઢવું પડશે કે તેને પ્રભુ ઊપરથી ખેંચશે?

ગો.શ્રીશ્યામમનોહરજી : પોતે જ ચઢવાનું ને. પ્રભુએ તો જીવોને સૃષ્ટિમાં મોકલી દીધા. હવે તો જે કરવાનું છે તે પોતે જ કરવાનું છે. દા.ત. ડાયરેક્ટર કલાકારને શિવાજી બનાવીને, બધું સમજાવીને સ્ટેજ ઊપર મોકલી દે. નાટક શરુથઈ ગયા પછી વચ્ચે જ અચાનક શિવાજી ડારેક્ટરને પૂછે કે મારે ઓરંગઝેબ સાથે બાઝવાનું છે કે સન્ધિ કરવાની છે તો શું થાય? ફજોતો થઈ જાય ને! પછી તો ડાયરેક્ટર પણ કપાળ કૂટે ને! આપણે હવે સ્ટેજ ઊપર છીએ. હવે પૂછી શકાય?
વિદ્યાર્થી: જે કંઈ પણ થાય તે ઠાકોરજીની ઇચ્છા મુજબ જ થાય.

ગો.શ્રીશ્યામમનોહરજી : તમને શિવાજી કોણે બનાવ્યા? ડાયરેક્ટરે બનાવ્યા કે તમે પોતે બની ગયા! આપણી બાએ તો આપણને શિવાજી ન્હોતા બનાવ્યાને! ડાયરેક્ટરે બનાવ્યા. એણે બનાવીને આપણને સ્ટેજ ઉપર મોકલી દીધા. હવે આપણે કહીએ કે ડાયરેક્ટરની ઇચ્છા મુજબ જ જે કંઈ થઈ રહ્યું છે તે થઈ રહ્યું છે. અમે અધ વચ્ચે આવીને ભૂલી ગયા કે મારે ઓરંગઝેબ સાથે બાઝવાનું હતું કે સન્ધિ કરવાની હતી! ચાલો ડાયરેક્ટરન્ પૂછી લઈએ.

વિદ્યાર્થી: ઠાકોરજી જીવને સૃષ્ટિમાં મોકલતા પહેલાં જ જે કહેવું હોય તે કહી દે, પછી કંઈ ન કહે એવું હોય?

ગો.શ્રીશ્યામમનોહરજી : ડાયરેક્ટર જોતો બધું જ હોય પણ મુદ્દો એ છે કે તમારે શું કરવું જોઈએ. એક વાત સમજ કે પ્રભુએ આપણને ધબકતું હૃદય આપ્યું છે, શ્વાસ લેતા-છોડતા ફેફસા આપ્યા છે. હવે ઓચિંતા આપણે ભગવાનને પૂછીએ કે મારે શ્વાસ લેવો કે રોકી દેવો? કેમકે આ તો પોતાની મેળે ચાલે છે! એ બાબતમાં આપની ઇચ્છા શું છે તે તો અમને ખબર નથી!! પ્રભુને આનો જવાબ આપવો ભારે પડી જાયને. પ્રભુએ જેમ હૃદય અને ફેફસા આપ્યા છે તેમ પ્રભુએ આપણને અક્કલ પણ તો આપી છે. આપણને શું કરવું શું ન કરવું આવી બધી બાબતોમાં પ્રશ્નો કેમ થાય છે? કેમકે પ્રભુએ આપણને અક્કલ આપી છે. બિચારી ભેંસ કે ગધેડા ને કોઈ દિવસ પ્રશ્નો થાય? દુર્ગન્ધ આવે તો આપણે શ્વાસ રોકી લઈએ. ગધેડો બિચારો એવું કરવાનું વિચારી પણ શકે? એને એવી અક્કલ જ નથી હોતી. ઘડિયાળમાં ચાવી ભરી દીધી. પછી તે ચાલતી રહે છે. તે કોઈ દિવસ આપણને પૂછે છે કે હું ચાલું કે ન ચાલું! એનામાં અક્કલ નથી. પણ કોમ્પ્યુટરમાં થોડી અક્કલ હોય છે. કોમ્પ્યુટરમાંથી આપણે કોઈ ફાઈલ્ ડિલિટ્ કરીએ તો એ સામેથી આપણને પૂછતો હોય છે કે ખરેખર ડિલિટ્ કરવાની છે? પછી આપણે એને કહેવું પડે કે હા, ડિલિટ્ કરવી છે. હા કહીએ પછી કોમ્પ્યુટર ડિલિટ્ કરે. તો એને એટલી અક્કલ છે. તો સમજવાનો મુખ્ય મુદ્દો એ છે કે પ્રભુએ આપણને પુષ્ટિજીવ તરીકે પ્રકટાવ્યા છે. પ્રભુએ આપણું કોઈક માર્ગમાટે વરણ કયુર્ છે. પ્રકટાવ્યા પછી પ્રભુએ આપણને કોમ્પ્યુટરની માફક અક્કલ પણ આપી છે. ઘડીયાળની માફક ફક્ત ચાવી ભરીને તો નથી મોકલી દીધા. તેથી આપણે બન્ને રીતે વરતી શકીએ છીએ.

તો આ રીતે શ્રીમહાપ્રભુજીએ સર્ગનું નિરૂપણ કર્યું. હવે ફલનું નિરૂપણ કરી રહ્યા છે. અહીં એક જંક્શન આવ્યો. ખ્યાલમાં આવ્યુંને! અત્યાર સુધી નાના-માટાં સ્ટેશનો આવી રહ્યા હતા. આ ખાસ જોવાની વાત છે.

ફલનું વર્ણન કરતાં શ્રીમહાપ્રભુજી કહે છે :

ફલન્ત્વત્ર નિરૂપ્યતે॥16॥

ભગવાનેવ હિ ફલં સ યથાવિર્ભવેદ્ ભુવિ॥
ગુણ-સ્વરૂપ-ભેદેન તથા તેષાં ફલં ભવેત્॥17॥

એવં=આ પ્રકારે
તેષાં=તેઓની
સર્ગ:=સૃષ્ટિનું, તુ=તો
(નિરૂપિતં=નિરૂપણ કર્યું)
અત્ર=અહીં હવે
તુ=તો, ફલં=ફળનું

નિરૂપ્યતે=નિરૂપણ કરવામાં
આવે છે, હિ=નિશ્ચિત
ભગવાન્ એવ=ભગવાન જ
ફલં=ફળ, સ=તે
ભુવિ=પૃથ્વી ઉપર
ગુણસ્વરૂપભેદેન=ગુણ અને સ્વરૂપના
ભેદવડે, યથા=જે રીતે
આવિર્ભવેત્=પ્રકટ થાય
તથા=તે પ્રકારે, તેષાં=તેઓને
ફલં=ફળ, ભવેત્=થાય છે

આનો અન્વય આવી રીતે છે : ગુણસ્વરૂપભેદેન યથા ભુવિ આવિર્ભવેત્ તથા સ ભગવનેવ હિ તેષાં ફલં ભવેત્.

કોઈકમાં ગુણાસક્તિરૂપે તો કોઈકમાં સ્વરૂપાસક્તિરૂપે ભૂલપર જે પણ રૂપે ભગવાન્ જે જીવની સામે પ્રકટ થવા માગે છે તે રીતનો પ્રકટ થયેલો ભગવાન્ દરેક પુષ્ટિજીવોમાટે ફલ છે.

હવે એક વાત સમજો કે સ્વરૂપસેવાર્થ એ સૃષ્ટિ છે. પણ એવું નથી કે સેવા કેવલ સ્વરૂપથીજ કરી શકીશું, ભગવદ્ ગુણથી પણ સ્વરૂપસેવા કરી શકાય છે. આ વાત શ્રીમહાપ્રભુજીએ "સેવાયાં વા કથાયાં વા" કહી છે કે ભગવત્કથામાં આપણી તન્મયતા એવી થાય કે આપણને ભગવદ્ વ્યસન સિદ્ધ થાય. અને ભગવદ્ વ્યસન એવું સિદ્ધ થાય કે જેને કારણે આપણું મન ભગવાનનાં એવું તલ્લીન થઈ જાય કે સેવા કર્યા વિના પણ આપણે ભગવત્સેવા ... કથાના માધ્યમથી આપણો પ્રભુ સાથે જે સઙ્ગ થયો છે એ પ્રભુ સાથે ગુણોનો સઙ્ગ કહેવાય. અને સેવ્યસ્વરૂપના માધ્યમથી પ્રભુ સાથે આપણો સઙ્ગ થાય તેને રૂપસઙ્ગ કહેવાય, ભગવદ્ રૂપસેવા કહેવાય. રૂપ અથવા ગુણ કોઈ પણ માધ્યમથી આપણું ચિત્ત જ્યારે ભગવાનમાં તલ્લીન થશે તો તે રીતે ટોચની-માનસીની-વ્યસનદશાની સેવા તો થઈ જ શકશે. કોઈક વખતે તમે રૂપસેવાથી ભગવાન સાથે જોડાઈ શકો છો, કોઈક વખતે ગુણસેવાથી પણ જોડાઈ શકો છે. તમે રૂપસેવાથી પ્રભુની સાથે નથી જોડાયા તેથી તમારામાં કોઈ ઉણપ છે એવું નહિ ધારી લેતા. ઉણપ જો છે તો તે જોડાણની છે, તમારામાં કોઈ ઉણપ નથી. અને જોડાઈ ગયા પછી કોઈ ઉણપ રહી જવાની નથી. કેમકે જોડાઈ ગયા પછી તો એની એ જ વાત સિદ્ધ થશે.

જેમ, એક વાત સમજો કે પાવાગઢ (પર્વત) જવાનો એક રસ્તો આ બાજુએથી હોય અને બીજો રસ્તો બીજી બાજુથી પણ હોય. અલગ-અલગ રસ્તાથી પર્વત પર પહોંચવામાં અન્તર હોઈ શકે છે પણ પાવાગઢ પર પહોંચ્યા પછી કંઈ અન્તર પડવાનો નથી. એમ "ભગવાનેવ હિ ફલમ્" એ બાબતમાં અન્તર નથી પડવાનો. ભગવત્સ્વરૂપની સેવા જ તમને મળશે. એ

બાબતમાં કોઈ અન્તર નથી પડવાનો. પણ તે તમને ગુણાસક્તિથી મળી કે રૂપાસક્તિથી મળી એના રસ્તાઓ કદાચ જુદા-જુદા હોઈ શકે છે.

પણ સાથે-સાથે એક વાત સમજો કે શ્રીમહાપ્રભુજી એમ ચોખ્ખું વર્ણન કરે છે કે ભગવાનની સમગ્રતા રૂપ અને ગુણ બન્નેમાં છે. જે સમગ્રતાથી પ્રભુને માણી શકે છે એના ઊપર પ્રભુની કૃપા પણ સમગ્રતાથી વરસી છે. જે રૂપથી માણી શકે છે ગુણથી નથી માણી શકતો તે કદાચ ક્રિયારત હશે. અને જે ગુણાથી માણે છે પણ રૂપથી નથી માણતો ગુણાસક્તિવાળો જીવ છે. જે રૂપ અને ગુણ બન્નેને પકડીને ભગવાન્ સુધી પહોંચી શકે છે તે પુષ્ટિપુષ્ટિ જીવ થઈ ગયો. કેમકે એનું કશું છૂટતું નથી.

હવે એ અહિંયાં જે વાત આવીને કે, અવતાર લિઙ્ગેન, ગુણેન, એ બધી વાતોને હવે અહિંયાં ટીકામાં લઈ રહ્યા છે. કે

આસક્તૌ ભગવાનેવ શાપં દાપયતિ ક્વચિત્॥

અહઙ્કારેડથવા લોકે તન્માર્ગસ્થાપનાય હિ॥18॥
આસક્તૌ=આસક્તિ થવાપર
અથવા=અથવા
અહઙ્કારે=અભિમાન થવાપર
લોકે=ભૂતલ ઉપર
તન્માર્ગસ્થાપનાય=તે માર્ગની સ્થાપનામાટે
ક્વચિત=ક્યારેક
ભગવાન્=ભગવાન્
એવ=જ
શાપં=શાપ
દાપયતિ=અપાવે છે

ભગવાન ક્યારેક પોતાના જીવને શપ પણ અપાવી દે છે. એક વાત સમજો કે પુષ્ટિજીવને પ્રભુ જો શાપ અપાવે છે તો એની અધોગતિ કરવા નહિ પણ એને પોતાનો ગણે છે તેથી શાપ અપાવે છે. જેમ આપણા માથા ઉપર પથરો પડવા જતો હોય તો આપણે તરત હાથ આડો મૂકી દેતા હોઈએ છીએ. એવું આપણે હાથ માટે દ્વેશ ભાવથી નથી કરતા પણ માથામાં ઇજા થશે તો હાથ સહિત આખું શરીર બેકાર થઈ જશે. એના કરતાં કોઈ પણ રીતે માથાને બચાવી લેવું એ ગણતરીથી આપણે હાથ આડો મૂકતા હાઈએ છીએ. આમ પોતાના અઙ્ગને પણ આપણે ક્યારેક તકલીફ આપતા હોઈએ છીએ.

જેમ શરીર બહુ મોટું થઈ ગયું હોય તો જોગિંગ્ એક્સરસાઇઝ કરી-કરીને પગને આપણે કેટલી તકલીફ આપીએ છીએ. ફાંદ વધી ગઈ એમાં પગનો કોઈ ગુન્હો ખરો! લાડવા-પૂરી પગે ખાધા કે પેટે ખાધા! પણ કેમકે પગ જો દોડશે નહિ તો પેટે ખાધેલી કેલૉરી ખર્ચાશે નહિ. ખર્ચાશે નહિ તો સરવાળે પગ પણ ક્યારેક ચાલતા બંધ થઈ જશે. તો આ શાપ આપવાની પ્રક્રિયા છે તેને સમજો.

ભગવાન્ પણ શાપ અપાવે છે તો તે કંઈ અધોગતિ માટે નથી હોતું. પણ સમગ્રતાથી વિચાર કરવામાં આવે તો એ શાપનો પણ કંઈક પોઝિટિવ્ રોલ છે.

જેમ બા પોતાના બાળકમાટે રાતો જાગી-જાગી તેને ઉછેરતી હોય છે. તો બાએ કંઈ ગુન્હો કર્યો છે બાળકનો? ગુન્હો નથી કર્યો. પણ જે બા બાળકને ઉછેરવામાટે ઉજાગરા કરી શકે છે તે બાળકને ચાહી શકે છે. તેવી બાને બાળક ચાહી શકે છે. આવો સમ્બન્ધ જે બા અને બાળક વચ્ચે નથી તેવી બા અને બાળક, જોઈ લેજો કે, એક-બીજાને ચાહી નહિ શકે. કેમકે

સ્નેહ બંધાવાની પ્રક્રિયા જ એ છે. આ પ્રક્રિયામાં જેનો વારો કષ્ટ ભોગવવાનો છે તે ક્ષ્ટ ભોગવે છે, જેનો સુખ ભોગવવાનો વારો છે તે સુખ ભોગવે છે. સ્નેહ થયા પછી સરવાળે કોઈ કષ્ટ નથી ભોગવતું, બધા સુખ જ ભોગવે છે. તો એ સ્નેહની એક પ્રક્રિયા છે કે જેના અન્તર્ગત આપણે કષ્ટ ભોગવતા હોઈએ છીએ. એ કષ્ટ ભોગવવાની પ્રક્રિયા નથી. જેમ શરીર પ્રત્યે સ્નેહ છે તેથી આપણે જોગિંગ્ગું કષ્ટ ભોગવીએ છીએ, શરીર પ્રત્યે દ્વેશને કારણે કષ્ટ નથી ભોગવતા. ઇંજેક્શન્ લઈએ છીએ શરીર પ્રત્યે આપણો સ્નેહને કારણે. એક ઠેકાણે સોઈ ભોંકાતી હોય તો ભલે ભોંકાઈ જાય, આખું શરીર તો સ્વસ્થ થશે!

"અહઙ્કારેડથવા લોકે તન્માર્ગસ્થાપનાય હિ" કોઈક પુષ્ટિજીવને અહઙ્કાર થઈ જાય તો પણ પ્રભુ એના અહઙ્કારને દૂર કરવા શાપ અપાવતા હોય છે. જેમ પેટને અહઙ્કાર થઈ ગયો કે મારે ખાવું છે. પછી આગળ-પાછળનો વિચાર ન કરે કે આટલું બધું ખાવાથી ઝાળા થશે, હાર્ટ ઉપર પ્રેશર આવશે, ચરબી વધશે ... જીભને અહઙ્કાર થઈ જાય કે મારે તમતમતું ખાવું જ છે. પછી પેટની કેવી દુર્ગતિ થશે, એસીડિટિ વધશે તો શું થશે એનો વિચાર જીભ ન કરે. આ બધા આપણી ઇન્દ્રિયોના અહઙ્કાર છે. આવું થાય તો કોઈક વખતે ઇન્દ્રિયોને શાપ આપવો પડે છે.

વિદ્યાર્થી: "શાપં દાપયતિ" એમ શા માટે કહ્યું? 'દીયતે' કે 'દદાતિ' કેમ ન કહ્યું?

ગો.શ્રીશ્યામમનોહરજી : 'દાપયતિ' એટલે અપાવે છે. આપતા નથી. પ્રભુ એવા સંજોગો ઉભા કરી દે છે કે જેમાં પોતાની માળે શાપ લાગી જાય. વાર્તાઓ વાંચશો તો આના અનેક દૃષ્ટાન્તો ત્યાં તમને જોવા મળશે. એ બધી વાર્તાઓ આ જ સિદ્ધાન્તને ઇલસ્ટ્રેટ્ કરે છે.

"અથવા લોકે તન્માર્ગસ્થાપનાય હિ" ભૂતલ ઉપર ભગવાનને કેવી રીતે ભજ્વા તેનો માર્ગ દેખાડવામાટે પણ કોઈક વખતે પુષ્ટિજીવનો અવતાર ભગવાન્ કરાવતા હોય છે.

ન તે પાષણ્ડતાં યાન્તિ ન ચ રોગાદ્યુપદ્રવ:॥

મહાનુભાવા: પ્રાયેણ શાસ્ત્રં શુદ્ધત્વહેતવે॥19॥
તે=તેઓ
પાષણ્ડતાં=પાખણ્ડીપણાને
ન યાન્તિ=પ્રાપ્ત નથી થતા
ચ=અને
(તેષાં=તેઓને)
રોગાદ્યુપદ્રવા:=રોગ આદિ ઉપદ્રવો
ન=નથી,(ભવન્તિ=થતા)
પ્રાયેણ=ઘણું કરીને
(તે=તેઓ)
મહાનુભાવા:=મહાનુભાવ
(ભવન્તિ=હોય છે)
શાસ્ત્રં=શાસ્ત્રની
શુદ્ધત્વહેતવે=શુદ્ધિના કારણ
(ભવન્તિ=હોય છે)

આવા જીવો કોઈ દિવસ પાખંડી થઈ શકતા નથી. ભગવાત્સેવા કરવામાટે એમને કોઈ રોગ વગેરે ક્યારેય એમને આડે આવી શકતા નથી. "મહાનુભાવા:" એમનો અનુભાવ, એટલે કે ભગવાન પ્રત્યેનો એમનો એપ્રોચ્, ભગવાનને કઈ રીતે એપ્રોચ કરવા તે ઉત્તમ જ હોય છે, મહાન જ હોય છે. "પ્રાયેણ મહાનુભાવા:" એટલે કે મોટે ભાગે તે લોકો મહાનુભાવ જ હોય છે. બીજા કામોમાં એ લોકો કદાચ લાયક ન ઠરે પણ ભગવાનને કેમ રીઝાવવા તે બાબતની એમને પૂરેપૂરી સમજ હોય છે. અને "શાસ્ત્રં શુદ્ધત્વહેતવે" શાસ્ત્રો જે છે એ તો બધા એમને શુધ્ધત્વ હેતુના હોય છે. કેમકે એ લોકો અશુદ્ધ નથી એટલે એમને શાસ્ત્રનો આદર હોય છે. શાસ્ત્ર પ્રત્યે એમની વફાદારી નથી હોતી. વફાદારી એમની પ્રભુ પ્રત્યે હોય છે. પણ પ્રભુ પ્રત્યેની વફાદારીમાં એ વ્યર્થમાં અશુદ્ધ થવા નથી માગતા.

વિદ્યાર્થી: આ બધી વાતો સર્વસામાન્ય પુષ્ટિજીવોની બાબતમાં
કહેવામાં આવી રહી છે?

ગો.શ્રીશ્યામમનોહરજી : નહિ. એવરેસ્ટની વાત ચાલી રહી છે. મહાનુભાવ બધા ક્યાંથી થઈ શકે! એક વાત સમજો કે વલ્લભકુળની પરમ્પરામાં અનેક આચાર્યવંશજ બાળકો થઈ ગયા. તેમાંથી ફક્ત શ્રીહરિરાયજીને 'મહાનુભાવ' કહેવામાં આવ્યા છે. બધાને ક્યાં કહેવામાં આવ્યા છે! આજ-કાલ પાછા કેટલાક લોકો મહાનુભાવો થવા લાગ્યા છે.

ભગવત્ તારતમ્યેન તારતમ્યં ભજન્તિ હિ॥
ભગવત્તારતમ્યેન=પ્રભુસ્વરૂપના તારતમ્યના અનુસાર
(તે=તેઓ), હિ=પણ
તારતમ્યં=તર-તમ ભાવને
ભજન્તિ=પ્રાપ્ત થાય છે

એમનામાં તમને ક્યારેક તારતમ્ય પણ જણાશે કે આ આના કરતા ચઢિયાતો, આ આના કરતા ચઢિયાતો. આ તારતમ્ય એમના અંદર નથી પણ ભગવાન્ તેવા તારતમ્યથી તેઓની સામે પેશ આવી રહ્યા છે. એ તો બધા બિચારા એક જેવા જ છે.

લૌકિકત્વં વૈદિકત્વં કાપટ્યાત્ તેષુ નાન્યથા॥20॥

તેષુ=તેઓમાં
વૈદિકત્વં=વૈદિકપણું
(ચ=અને)
લૌકિકત્વં=લૌકિકપણું કાપટ્યાત્=કપટથી
(અસ્તિ=હોય છે)
અન્યથા=બીજી રીતે (સ્વાભાવિક)
ન=નથી,(અસ્તિ=હોતું)

શ્રીમહાપ્રભુજી કહે છે કે ભગવાનના મોકલેલા પુષ્ટિજીવો ભૂતલ ઉપર આવ્યા છે તો કાંઈ લૌકિકતા કે વૈદિકતા માં ફસાવામાટે નથી આવ્યા. છતાં તેમના જીવનમાં જો તમને લૌકિકતા અને વૈદિકતા દેખાતી હોય તો તે કાપટ્યથી છે તેમ સમજવું. કેમકે ભૂતલ ઉપર આવ્યા છે તો તેઓ ભૂતલની મર્યાદાને છોડીને નથી રહેતા, તે મર્યાદાને જાળવીને રહેતા હોય છે. એક વાત હું અવાર-નવાર કહેતો હોઉં છું કે આપણે પુષ્ટિમાર્ગીયા તેથી ગાડીને આપણે જમણી બાજુએ તો ન ચલાવી શકીએને! પોલીસવાળો પકડે, કેમ જમણા હાથ ઉપર ચલાવો છો? તમે કહો કે અમે પુષ્ટિમાર્ગીય છીએ. અમને દુનિયા સાથે શું લેવા-દેવા! અરે ભાઈ! દુનિયા સાથે લેવા-દેવા નથી તો ગાડી શું કામ ચલાવો છો? ઘરમાં બેસોને! ગાડીએ ચલાવવી, પાછી ડાબી બાજુએ ન ચલાવીને જમણી બાજુએ ચલાવવી. અને પકડ ત્યારે કહેવું કે અમે પુષ્ટિમાર્ગીછીએ, લોક-વેદથી અતીત છીએ અમે. તમારા નિયમો અમને બન્ધનકારી નથી હોતા. એમ કાંઈ થોડું ચાલે! જ્યાં આવ્યા છો ત્યાં તો એ જ રીતે રહેવું પડશેને! તો આ કાપટ્ય છે. "કાપટ્યાત્ તેષુ નાન્યથા"

વૈષ્ણવત્વં હિ સહજં ततोऽन्यत्र विपर्यय:॥

વૈષ્ણવત્વં=વૈષ્ણવપણું
હિ=ચોક્કસપણે
સહજં=સહજ હોય છે
અન્યત્ર=બીજે ઠેકાણે
તત:=તેનાથી
વિપર્યય:=વિરુદ્ધ,(અસ્તિ=છે)

વૈષ્ણવતા એમનામાં સહજ હોય છે, એટલે ઓઢેલી નથી હોતી. પણ લૌકિક્તા અને વૈદિકતા એમણે ઓઢેલી હોય છે. કાપટ્ય અને સહજતા માં આટલું જ અન્તર છે. પ્રવાહી જીવમાં લૌકિક્તા સહજ હશે, વૈદિક્તા અને વૈષ્ણવતા ઓઢેલી હશે. મર્યાદી જીવમાં વૈદિક્તા સહજ હશે જ્યારે કે પ્રવાહિતા-લૌકિક્તા અને વૈષ્ણવતા કદાચ ઓઢેલી હોઈ શકે. ‘કાપટ્યાત્’નો ઘણા લોકો એવો અર્થ કરે છે કે લૌકિક્તા-વૈદિક્તા ન જાળવવી. પણ એક વાત સમજો કે અહીં વિધાન નથી, વર્ણન છે. વિધાન નથી એટલે કે "લૌકિક્તા અને વૈદિક્તા નો કપટ કરવો” એવો ઉપદેશ નથી, કૃત્યોપદેશ નથી. અહીં તત્ત્વોપદેશ છે કે આવી રીતે પ્રભુની લીલામાટે જન્મેલા જીવોમાં લૌકિક્તા અને વૈદિક્તા સહજપણે નથી હોતી, કપટથી હોય છે. ‘કપટ’ એટલે કોઈને છેતરવા માટે નહિ પણ, ઓઢેલી હોય છે. પોતાનો ધર્મ ન હોવા છતાં તે ધર્મને નભાવતા હોય છે, તોડતા નથી હોતા. આજે આનો જસ્ટ રિવર્સમાં મીનીંગ લેવાતો હોય છે. પણ સાચો અર્થ એમ નથી એ વાત સમજી જાઓ.

સમ્બન્ધિનસ્તુ યે જીવા: પ્રવાહસ્થાસ્તથાઽપરે॥21॥

'ચર્ષણી'શબ્દવાચ્યા: તે તે સર્વે સર્વવર્ત્મસુ॥
ક્ષણાત્ સર્વત્વમ્ આયાન્તિ રુચિસ્તેષાં ન કુત્રચિત્॥22॥
તેષાં ક્રિયાનુસારેણ સર્વત્ર સકલં ફલમ્॥

યે=જે
સમ્બન્ધિન:=સમ્બન્ધવાળા
જીવા:=જીવો, તથા=અને
(યે=જે)
પ્રવાહસ્થા:=પ્રવાહમાર્ગમાં રહેલા
અપરા=બીજા,(જીવા:=જીવો)
તે=તે, તુ=તો
સર્વે=બધા 'ચર્ષણી'શબ્દવાચ્યા:='ચર્ષણી'
નામે ઓડખાતા
તે=તેઓ, સર્વે=બધે ઠેકાણે
સર્વવર્ત્મસુ=બધે પ્રકારે અનુસરવા-
વાળા, ક્ષણાત્=ક્ષણવારમાં
સર્વત્વં=જેવા-સાથે-તેવા
આયાન્તિ=બની જાય છે
તેષાં=તેઓની
રુચિ:=રુચિ
કુત્રચિત્=ક્યાંય
ન=નથી,(ભવતિ=હોતી)
સર્વત્ર=બધે જ
તેષાં=તેઓને
ક્રિયાનુસારેણ=ક્રિયાના અનુસાર
સકલં=બધું, ફલં=ફળ
(ભવતિ=પ્રાપ્ત થાય છે)

હવે અહીં થોડો વિવાદાસ્પદ ક્લાસિફિકેશન્ છે. 'ચર્ષણી'નો એક મતલબ રખડપટ્ટી કરનાર. હવે રખડપટ્ટી કોણ કરે છે? એ વિચારવાનો વિષય છે.

આ બાબતમાં સમજવાનો મુદ્દો એ છે કે જો શ્રીમહાપ્રભુજી પુષ્ટિ, પ્રવાહ અને મર્યાદા આમ ત્રણ ભેદને વર્ણવવામાટે આ ગ્રન્થ કહેતા હોય તો ચર્ષણી જે કોઈ પણ હશે તે પુષ્ટિ, પ્રવાહ કે મર્યાદા માંથી જ કોઈ હશે. તેથી પુષ્ટિજીવની ચાર વેરાયટી એટલે કે 1.શુદ્ધપુષ્ટિલ

2.પુષ્ટિપુષ્ટિ 3.મર્યાદાપુષ્ટિ અને 4.પ્રવાહપુષ્ટિ જો હોય તો ચર્ષણીને પાંચમી ચર્ષણીપુષ્ટિ સમજવી પડે. તેમ મર્યાદામાં પણ 1.શુદ્ધમર્યાદા 2.મર્યાદામર્યાદા 3.પુષ્ટિમર્યાદા અને 4.પ્રવાહમર્યાદા એમ ચાર ભેદ સમજીએ તો ચર્ષણીમર્યાદાને મર્યાદાનો પાંચમો ભેદ માનવો. તે જ પ્રમાણે પ્રવાહમાં પણ 1.શુદ્ધપ્રવાહ 2.પ્રવાહપ્રવાહ 3.પુષ્ટિપ્રવાહ 4.મર્યાદાપ્રવાહ અને પાંચમો 5.ચર્ષણીપ્રવાહ એમ સમજવું.

એક સમ્ભાવના એવી પણ વિચારી શકાય કે દૈવી અને આસુરી માં દૈવીચર્ષણી અને આસુરીચર્ષણી એમ માનવા. કેમકે શ્રીમહાપ્રભુજી એક વચન એવું આપે છે કે "સમ્બન્ધિનસ્તુ યે જીવા:" એટલે દૈવીસમ્બન્ધિન: અને આસુરીસમ્બન્ધિન: યે જીવ:. હવે દૈવી જીવોમાં જો પાછા મર્યાદા અને પુષ્ટિ નો ભેદ થતો હોય તો દૈવીષુ યે પુષ્ટિસમ્બન્ધિનો યે ચર્ષણી જીવા: અને દૈવીષુ યે મર્યાદાસમ્બન્ધિનો ચર્ષણીજીવા: એવા ભેદ થઈ શકે છે.

"સમ્બન્ધિનસ્તુ યે જીવા: પ્રવાહસ્થા: તથાડપરે" એ પરથી એવું પણ લાગે છે કે દૈવીથી સમ્બન્ધિ અને પ્રવાહથી સમ્બન્ધિ એવા કંઈક ચામાચીડીયા જેવા જીવો છે.

વિદ્યાર્થી: એવું સમ્ભવી શકે કે દૈવીથી સમ્બન્ધિત એટલે કે દૈવી આવેશ સંસર્ગ વાળા પરન્તુ પ્રવાહમાં રહેલા પ્રવાહી જીવો.

ગો.શ્રીશ્યામમનોહરજી : એવોય અર્થ થઈ શકે. પણ તેમાં ફરી અજ્ઞ અને દુર્જ્ઞ માં લફડો થશે કે અજ્ઞને ચર્ષણી કહેવા કે દુર્જ્ઞને?

ચર્ષણી જીવોની બાબતમાં વર્ગીકરણ કઈ રીતે કરવું તે ગ્રન્થ અધુરો મળતો હોવાથી બરાબર ખ્યાલમાં આવતું નથી. સમ્ભવિત જેટલી વેરાયટી હોઈ શકે છે તેને મેં ગ્રન્થની ભૂમિકામાં રજુ કરી છે.

સમ્બન્ધિ જે જીવો તેમજ પ્રવાહસ્થ જે જીવો છે તે 'ચર્ષણી'શબ્દવાચ્યા:. "તે સર્વે સર્વવર્ત્મસુ" તે જીવો બધા જ માર્ગોમાં આનન્દથી ફરતા હોય છે. "ક્ષણાત્ સર્વત્વમ્ આયાન્તિ" એક ક્ષણમાં એમને કોઈ પણ માર્ગનો રઙ્ગ લાગી જાય છે. પુષ્ટિમાર્ગમાં આવતાની સાથે જ કંઈ પણ કર્યા-ધર્યા વિના પ.ભ. થઈ જાય. સેવાય ન કરે, સ્મરણેય ન કરે. મર્યાદામાર્ગમાં જતાં જ અને વૈરાગી-જ્ઞાની થઈ જાય. અને પ્રવાહમાર્ગમાં જતાં જ છેલ્લામાં છેલ્લી કક્ષાના ગુંડા-ડાકુ જેવા બની જાય. "ક્ષણાત્ સર્વત્વમ્ આયાન્તિ" એક ક્ષણમાં તેમને સિદ્ધિ જ મળી જાય પરબારી. કોઈ પણ માર્ગમાં એમને ક્યાંય કનડગત થતી જ નથી હોતી. પરન્તુ કોઈ પણ માર્ગમાં તેઓ ટકી શકતા પણ નથી. એમને કહીએ કે ડાકુગિરિ કરો છો તો તેમાંય દસ-પંદર વર્ષ ટકી જાઓ. તો પાછા જયપ્રકાશ નારાયણની સામે શપથ લઈલે કે હવે ડાકુગિરિ નહિ કરીએ, હવે ખાલી પાકીટ મારી જ કરીશું. એટલે ખબરે જ ન પડે કે એ ચર્ષણી બલા શું છે.

"તેષાં ક્રિયાનુસારેણ સર્વત્ર સકલં ફલમ્" એ જીવો જે ક્રિયા કરે તે મુજબ તેમને કંઈક-કંઈક ફલ પણ પાછું મળી જતું હોય છે. પણ એ ફળનેય પાછા તેઓ ભોગવી શકતા નથી હોતા. જેમ કોઈક લોટરી લાગી ગઈ તો એ પૈસાથી બીજી લોટરી ખરીદી લે. ઈનામના બધા પૈસા બીજી લોટરીમાં ખર્ચાઈ જાય. જુગારીઓનું એવું જ હોય છે ને! દસ રૂપીયા લગાવીને હજાર કમાઈ જાય. પાછા એ હજાર લગાડીને બધું ખોઈ દે.

આગળ શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે "જીવાસ્તે હ્યાસુરા: સર્વે "પ્રવૃત્તિશ્ચે" વર્ણિતા:" પ્રવાહસ્થ જીવો બધા આસુરી હોય છે. આ પરથી સન્દેહ થાય છે કે ચર્ષણી જીવો આસુરી હોય છે કે નથી હોતા. કેમકે એ ઘડિકમાં આસુરી જેવા હોય, ઘડિકમાં દૈવી જેવા હોય. એ પાણી જેવા રઙ્ગહીન હોય છે. એમાં જે રઙ્ગ ભેળવો તેવું પાણી થઈ જાય. એમ ચર્ષણીનો પોતાનો કોઈ રઙ્ગ ન હોય.

મને એક ભાઈ કહેતા હતા કે તમને કામ કરવાની મેથડ નથી આવડતી. મેં પૂછ્યું કે મેથડ કેવી હોય? તો એ બોલ્યા કે મુંબઈની જેટલી હોટલો હોય એમાં બધામાં તમારા કાર્ડ મૂકવા જોઈએ કે તમે ફિલોસોફીના અભ્યાસુ છો. કોઈને પણ ફિલોસોફી ભણવી હોય તો શ્યામમનોહરજીને મળે. મેં એમને કહ્યું કે હોટલમાં કોઈ દારૂ પીધેલો માણસ મારું કાર્ડ જોઈને મને રાતના ફોન કરે કે મને ફિલોસોફી ભણવી છે તો મારે શું કરવું? તો એમણે કહ્યું કે એ જ તો તમારી સીમા છે. મને તમે કહો તો હું મિન્દરમાંય ચાલ્યો જાઉં અને કહો તો હોટલમાંય ચાલ્યો જાઉં અને કહો તો બારમાં જઈને બાટલી પણ ચઢાવી આવું. મેં કહ્યું કે ભાઈ સાહેબ! એટલી તો સામર્થ્ય મારી નથી. તો એ બોલ્યા કે તમે તમારી સીમા બાંધી લીધી છે, આમ સીમા ન હોવી જોઈએ. તો સમજો કે કોઈક લોકોની સીમાવાળા હોય છે તો કોઈક લોકો સીમા હીન હોય છે. ચર્ષણી જીવોને કોઈ સીમા નથી હોતી.

એક ભાઈએ મારા પ્રવચનનું આયોજન કર્યું. પ્રવચનમાં જ્યારે બધા તાળી પાડતા ત્યારે તે પણ ઉત્સાહમાં આવીને તાળીઓ વગાડતો. પ્રવચન પુરું થયું પછી મને આવીને કહે કે તમારે તો ભગવાનના ગુણગાન કરવા. સારી-સારી ભગવાનની વાતો કરવી. દેવદ્રવ્ય-દેવલક મન્દિરસેવા-ઘરસેવા આવી બધી ઝઘડાની વાતો પ્રવચનમાં શા માટે કરવી જોઈએ? આવા તે કંઈ પ્રવચન હોય. આમ મને જ ઉપદેશ આપવા લાગ્યા. મે એમને પૂછ્યું કે તમને ગમ્યું નહિ તો પછી તમે તાળીઓ કેમ પાડતા હતા. તો મને કહે કે પ્રવચન મેં ગોઠવ્યું હોય તો બધાની સામે તાળીઓ તો પાડવીજ પડેને! હું જ જો તાળી ન પાડું તો પ્રોગ્રામ બગડે નહિ! તો જુઓ આવા ચર્ષણી જીવોની કોઈ સીમા જ હોતી નથી. "ક્ષણાત્ સર્વત્વમાયાન્તિ" તાળીએ વગાડી દે અને ઉપદેશ પણ આપી દે કે આવું પ્રવચન નહિ કરવું.

એક ભાઈ સાથે દેવદ્રવ્યની ચર્ચા ચાલતી હતી. એણે મને બહુ ગજબની વાત કહી. એણે કહ્યું કે મને એક વાત કહો કે દેવદ્રવ્ય બધાએ ખાધું છે કે નહિ? મેં કહ્યું કે ખાધું. તો બોલ્યા કે

પછી તો આપણે બધા ચાંડાલ જેવા અપવિત્ર બની જ ગયા, હવે શેની ચિન્તા કરવાની! ન ખાધું હોય તો ન ખાવું જોઈએ. ખાઈ જ લીધું છે પછી ચિન્તા શાની! આવા વ્યક્તિઓનો પાર જ ન આવે. મુસલમાનને ત્યાં જાય તો નમાજ પઢવા બેસી જાય. આપણી સાથે કીર્તન કરવા બેસી જાય. બારમાં જાય તો બાટલી ચડાવી લે. નાથદ્વારા જાય તો મઠડી ખરીદી લે!! આવા લોકોને કોઈ સીમા જ નથી હોતી.

અહીં ચર્ષણી જીવોનું પ્રકરણ પૂરું થયું, થયું કે ન થયું તે કહી શકાતું નથી. હવે પ્રવાહી જીવોનું નિરૂપણ કરે છે.

પ્રવાહસ્થાન્ પ્રવક્ષ્યામિ સ્વરૂપાઙ્ગક્રિયાયુતાન્॥23॥

જીવાસ્તે હ્યાસુરા: સર્વે "પ્રવૃત્તિઞ્ચે" વર્ણિતા:॥
સ્વરૂપાઙ્ગ-ક્રિયા-યુતાન્=
સ્વરૂપ, અઙ્ગ અને ક્રિયા સહિત
પ્રવાહસ્થાન્=પ્રવાહમાર્ગીઓ વિષે
પ્રવક્ષ્યામિ=કહું છું
તે=તેઓ, સર્વે=બધા
જીવા:=જીવો હિ=નિશ્ચિતપણે
આસુરા:=આસુર,(સન્તિ=છે)
પ્રવૃત્તિં ચ=પ્રવૃત્તિ અને
ઇતિ=આ પ્રકારે
વર્ણિતા:=વર્ણવાયેલા
(સન્તિ=છે)

સ્વરૂપ, અઙ્ગ અને ક્રિયા સહિત પ્રવાહી જીવોની બાબતમાં કહેવામાં આવે છે. પ્રવાહસ્થ જીવો બધા આસુરી હોય છે. આવા આસુરી જીવોના સ્વભાવ વગેરેનું વર્ણન ભગવાને ગીતાના 16મા અધ્યાયમાં "પ્રવૃત્તિઞ્ચ નિવૃત્તિઞ્ચ જના ન વિદુરાસુરા: ... ततो यान्त्यधमां गतिम्" (ભગ.ગીતા.16।20) માં કર્યું છે. ભગવાન્ કહે છે કે ક્યાં પ્રવૃત્ત થવું અને કયાંથી નિવૃત્ત થવું એ બાબતનો વિવેક રાખે એ કોઈ દિવસ આસુરી જીવ નથી હોઈ શકતો. જ્યાં સ્વાર્થ સિદ્ધ થાય ત્યાં પ્રવૃત્ત થઈ જાય, જ્યાં સ્વાર્થ ન સધાતો હોય ત્યાંથી નિવૃત્ત થઈ જાય, પ્રવૃત્તિ-નિવૃત્તિનો વિવેક ન કરે તે આસુરી.

તે ચ દ્વિધા પ્રકીર્ત્યન્તે હ્યજ્ઞ-દુર્જ્ઞ-વિભેદત:॥24॥

દુર્જ્ઞાસ્તે ભગવત્પ્રોક્તા: હ્યજ્ઞાસ્તાન્ અનુ યે પુન:॥

ચ=અને
અજ્ઞ-દુર્જ્ઞ-વિભેદત:=અજ્ઞ
અને દુર્જ્ઞ એવા ભેદથી
દ્વિધા=બે પ્રકારના
પ્રકીર્ત્યન્તે=કહેવાય છે
(યે=જેઓ)
ભગવત્પ્રોક્તા:=ભગવાન્દ્વારા
ગીતામાં વર્ણવાયેલા છે
તે=તેઓ
દુર્જ્ઞા:=દુર્જ્ઞ છે
યે=જેઓ
પુન:=વળી
તાન્=તે દુર્જ્ઞ આસુરી જીવોને
અનુ=અનુસરે છે
તે=તેઓ
અજ્ઞા:=અજ્ઞ છે

આવા આસુરી જીવો પાછા બે જાતના હોય છે : એક તો અજ્ઞ આસુરી હોય છે અને બીજા દુર્જ્ઞ આસુરી હોય છે. 'દુર્જ્ઞ' એટલે કોણ કે જેમનું ભગવાને ગીતામાં વર્ણન કર્યું છે તે. અને અજ્ઞ એટલે એ જીવો કે જેઓ દુર્જ્ઞ આસુરી જીવોની છેતરામણીમાં આવીને છેતરાઈ જતા હોય. આવા અજ્ઞ આસુરી જીવોને દુર્જ્ઞની જ વાતો સમજમાં આવે. એ જીવોને આપણે કંઈ સમજાવવા જઈએ તો આપણી વાત એમના ગળે ન ઉતરે. ચોરનો ભાઈ ઘંટી ચોર. "તાન્ અનુ" એટલે એમની પાછળ ચાલનારા.

વિદ્યાર્થી: દુર્જ્ઞ અને અજ્ઞ નો ભેદ ફરીથી સમજાવશો?

ગો.શ્રીશ્યામમનોહરજી : અજ્ઞ એટલે જે ન જાણતો હોય તે. અને દુર્જ્ઞ એટલે જે નથી જાણતો તે નહિ પણ જે બધી બાબતને ખોટી રીતે જ જાણતો હાય છે તે. દુર્જ્ઞ મોટો ભાઈ અને નાનો ભાઈ અજ્ઞ. સુભાષિતમાં એક સુન્દર વાત કહેવામાં આવી છે:

અજ્ઞ: સુખમારાધ્ય: સુખતરમારાધ્યતે વિશેષજ્ઞ:।
જ્ઞાનલવદુર્વિદગ્ધં બહ્માપિતં નરં ન રઞ્જયતિ॥

કોઈક મૂર્ખને બે સમજદારીની વાતો સમજાવીને ખુશ કરી શકાય છે. સમજદારને પણ આપણે સાચી વાત કરીને ખુશ કરી શકીએ છીએ. કેમકે એ સમજદાર છે. પણ જે ખરેખર

જાણતો હોય બહુ ઓછું પણ એનો અભિગમ એવો હોય કે હું બધું જ જાણું છું એવાને તો સાક્ષાત્ બ્રહ્માજી આવે તોય ખુશ કરી શકતા નથી. દુર્જ્ઞ બધા આવા હોય છે.

प्रवाहेपि समागत्य पुष्टिस्थस्तैर् न युज्यते॥25॥

सोऽपि तैस्तत्कुले जातः कर्मणा जायते यतः॥
॥ इति श्रीवल्लाभाचार्यविरचितः पुष्टिप्रवाहमर्यादाभेदः सम्पूर्णः ॥
पुष्टिस्थः=પુષ્ટિમાર્ગમેંરહેલો
प्रवाहे=પ્રવાહમાર્ગમાં
समागत्य=આવીને
अपि=પણ
तैः=તેઓની
(सह=સાથે)
न=નથી
युज्यते=ભળતો
सः=તે, अपि=પણ
तैः=તેઓની સાથે
(न=નથી, युज्यते=ભળતા)
यतः=કેમકે
कर्मणाः=કર્મના વશ
तत्कुले=તેવા કુળમાં
जातः=જનમ્યો
(अस्ति=હોય છે)

આવા પ્રવાહી જીવોની વચ્ચે જો કોઈ પુષ્ટિ જીવ જન્મે તો તે પોતાને પ્રવાહીઓ સાથે જોડી શકતો નથી. લાંબા ગાળા સુધી સમ્પર્કમાં રહે તોય જોડાઈ સક્તો નથી, અલગ જ પડી